ભાગ્યોદયનો વધારો.



જેઠાલાલ દેવશંકર દવે વૈદ્ય કૃત પુસ્તકો

કાયદાનો શિક્ષક-ફોજદારી રેવન્યુ અને દીવાની કાયદાઓનું જુથ રૂ ૧૫)
ભવિષ્યવેત્તા-ભુત ભવિષ્ય અને વર્તમાનકાળનું જ્ઞાન પ્રાપ્ત કરાવનાર રૂ.૫)
ધનવાન-(વોલ્યુમ ૧ લું) ધન આપનાર હજારો પ્રયોગો કીં. રૂ. ૧૦)
ધન પ્રાપ્તિના માર્ગો (ધનવાન ૨ જું) હુન્નર ઉદ્યોગ શિક્ષણ રૂ. ૮)
માસ્તરઓફનોલેજ-અંગ્રેજી,બંગાળી,મરાઠી,હિંદીસંસ્કૃત,શિક્ષકરૂ. ૭)
હિંદુસ્તાનની તીર્થયાત્રા-આખાહિંદનાધામોની સંપૂર્ણહકીકત રૂ૭)
સ્વધર્મનિષ્ઠ દેવીજીવન-ધર્મનિષ્ઠ૨૫૦ મહાપુરૂષોનાં જીવન રૂ [illegible])
ત્રિકાળદર્શક દર્પણ-(વો. ૧ લું) કિંવા પ્રેતવાહનવિદ્યા રૂ. ૫)
મનઃકૃતિજ્ઞાન દર્શકદર્પણ-થોટરીડીંગ,યોગવિદ્યા,મેસ્મેરીઝમ રૂ. [illegible])
સ્ત્રીહિત શિક્ષક ચંદ્રકાંતાની આત્મકથારૂપે ૧[illegible]૦ સતીઓનાં જીવન રૂ ૪)
શ્રીમદ્‌શંકરાચાર્ય-ચરીત્રકિંવાશંકરદિગ્વિજય-સંપૂર્ણજીવનચરી[illegible] રૂ૩)
શ્રી ચરકસંહિતા-વો.૧લું. મૂળસહિત ભાષાંતર વૈદકનોપુરાતનીગ્રં[illegible] રૂ૫)
મહાત્મા ગાંધી-અને હિંદના નવ નરરત્નોનાં જીવનચરીત્રો. રૂ ૧-૮
વહુ ઠકુરાણી-ટાગોરકૃત નવલકથા રૂ. ૧ાા
[illegible]જર્ષિ-ટાગોરકૃત નવલકથા રૂ. ૧ાા
[illegible]હિણી **રત્નમાળા**-ભાગ૧લોઅને બીજો-કૌમુદિનીની આત્મકથા રૂ ૨)
[illegible]**શિઅનનાઈટસ**-અરેબીયનનાઇટસજેવીજરસીલીવાતોનોસંગ્રહ રૂ૧ાા
[illegible]**કામતા અને દિવ્ય શકિત**-અધ્યાત્મ જ્ઞાન પ્રાપ્ત કરાવનાર રૂ. ૧)
[illegible]**ાત્મજયોતિ**-કિંવા બ્રહ્મદર્શન-સંબંધી ઉત્તમ પુસ્તક રૂ. ૧)
[illegible]**વેનોદચંદ્ર**-રસીક અને ઉપયોગી નવલકથા રૂ ૧

દવે ફાર્મસી અને ભાગ્યોદય ઑફીસ-અમદાવાદ.

સૌરાષ્ટ્રનાં વીર શ્રી
યાને
સોરઠી ખડગ

: લેખક :

હિરાલાલ લલ્લુરામ દવે

: પ્રકાશક :

ડૉ. રમણીકરાય જેઠાલાલ દવે વૈદ્ય

એલ. એચ. એમ. એસ. (કલકત્તા હોમીયો)

વ્યવસ્થાપક : 'ભાગ્યોદય' ઓફીસ : અમદાવાદ

શ્રી ભાગ્યોદય ઈ. પ્રેસ ઠે. ખાડીઆ અમદાવાદ

સને ૧૯૩૧ પ્રથમ આવૃત્તિ સંવત ૧૯૮૭

મુલ્ય રૂ. ૨-૦-૦

૧૫૮૩૪

પ્રસ્તાવના

ભાગ્યોદયના ગ્રાહકોને દર વર્ષે ઉપયોગી ભેટ આપવાનું ચાલુ રાખેલ છે તે મુજબ આ વર્ષે ભાગ્યોદયના ૧૯ મા વર્ષની ભેટ **"સૌરાષ્ટ્રનાં વીર શ્રી યાને સોરઠી ખડગ"** નામનું ઉત્તમ નવલ કથાનું પુસ્તક આપતાં અમને હર્ષ થાય છે. આ પુસ્તકમાં હાસ્ય રસ કરૂણરસ વિગેરે જાતના રસનો સ્વાદ મળે છે. વળી સૌરાષ્ટ્રનો છસો વર્ષ પહેલાંનો ઇતિહાસ રજુ કરે છે. આ પુસ્તક અમારા સ્નેહી હિરાલાલ લલ્લુરામ દવેનું લખેલું છે. તેમણે આ નવલીકાને રસમય બનાવવા ઘણો પ્રયત્ન કર્યો છે. વળી કોઈ કોઇ ઠેકાણે મીઠી કાઠીયાવાડી ભાષા હોવાથી વાંચકોને ઘણો આનંદ આપશે.

આ ભેટનું પુસ્તક દર વર્ષ કરતાં ઘણું મોટું છે તેમ છતાં પણ ઉપયોગી જણાવાથી અમે આ પુસ્તક ગ્રાહકોને ભેટ તરીકે આપવાનો નિશ્ચય કરેલો હોવાથી પ્રસિદ્ધ કર્યું છે ગ્રાહકોને ઘણી ઉપયોગી અને જાણવા જેવી ઇતીહાસીક બાબતો આ પુસ્તકમાંથી મળશે. અને તેનો સારો લાભ ગ્રાહકો મેળવશે એવી આશાથી પ્રગટ કર્યું છે. આશા છે કે આ પુસ્તક દરેક વાંચકોને રૂચીકર થશે.

તા. ૧-૪-૩૧
ભાગ્યોદય ઓફીસ
બાટીઆ અમદાવાદ

પ્રકાશક
ડૉ. રમણીકરાય જેઠાલાલ દવે વૈદ્ય
વ્યવસ્થાપક

આમુખ

આ નોવેલમાં મુખ્ય ત્રણ બાબતની વિશેષતા છે તે આપણે જોઇએ (૧) સોરાષ્ટ્રનો ઇતિહાસ, (૨) સૌરાષ્ટ્રનું બલિદાન અને (૩) લેખકની કલા.

સોરાષ્ટ્રનો ઇતિહાસ ગુજરાતના ઇતિહાસમાં પ્રધાનસ્થાન ભોગવે છે. ગુજરાતને પહેલાં "આનર્ત" "સૌરાષ્ટ્ર" અને "ગુર્જરભૂમિ" કે ગુજરાત એવાં નામો અનુક્રમે આપવામાં આવેલાં ગુજરાતનો વ્યવસ્થિત ઇતિહાસ છે જ ક્યાં ? તે હોય તો સૌરાષ્ટ્રનો ઇતિહાસ મળે. તેમ છતાં યાદવોથી માંડીને વાઘેલા સુધીની સાંકળના આંકડા એક પછી એક પરોવાયલા છે.

સોરાષ્ટ્ર એટલે બલિદાનની ભૂમિ એ બલિદાનોનો ખ્યાલ આપણને "જુની વાર્તાઓ" રસધાર, સોરઠી બ્હારવટીઆ વગેરેમાંથી મળે છે. એ વીર ભૂમિમાં પાકેલા નરોનાં વૃત્તાંત સાંભળી રૂંવાં ઉભાં થાય તેમ છે.

આ પુસ્તકમાં લેખકે પોતાના બહોળા અનુભવથી પુસ્તક સુંદર ભાવનાવાળું લખ્યું છે. વળી રૂણ અને હાસ્ય, રૌદ્ર, વીર વીગેરે રસોથી ભરપુર લખેલું હોવાથી વાંચકોને કંટાળો આવે તેમ નથી. ખરેખર પુસ્તક ઉપયોગી છે.

૧૫–૧૨–૨૮
ખાડીયા અમદાવાદ

ગૌરિશંકર મોતીરામ ભટ્ટ
બી. એ.

નિવેદન

ભૂતકાળના ઇતિહાસથીજ ભાવિ પ્રજાનાં જીવન ઘડાય છે. આ નવલકથાનો જન્મ ઇતિહાસમાંથીજ થાય છે. સૌરાષ્ટ્રના પ્રાચીન ઇતિહાસની મૂળ વસ્તુ છે.

સૌરાષ્ટ્રનાં દેશી રાજ્યોનું પ્રમાણ વધારે છે, એટલે ત્યાં ઇતિહાસના સાહિત્યનું ક્ષેત્ર વિશાળજ હોય, શ્રીમાન ભાઇ શ્રી. મેઘાણીના શબ્દોમાં કહીએ તો સૌરાષ્ટ્ર જેટલો જીવતો દેખાય છે. તેથી અનેક ઘણો તે દટાયેલો પડ્યો છે " સૌરાષ્ટ્રનો કેટલોક સાચો ઇતિહાસ હજી અપ્રસિદ્ધજ છે. પરન્તુ ગુર્જરી વાડીના આંગણે પ્રવૃત્તિનો અરુણોદય થયો છે. તેના પ્રકાશમાં ગુર્જર ભૂમિના પવિત્ર પડમાં દટાયેલાં વીર વીરાંગનાઓની વીરતા ભરી કીર્તિરૂપી જવાહીરનું શોધન તેના સુપુત્રો કરી રહ્યા છે. તેમાંથી મળેલાં અમુલ્ય જવાહીરોના નમુના રજુ થયા છે. અને થશે.

ઐતિહાસિક નવલકથામાં સત્ય ઘટના સિવાયની હકીકત વાંચકોના મનપર સારી છાપ પાડી શકતી નથી. અને તેથી સત્ય ઘટના વાટેજ ઐતિહાસિક નવલકથાઓ સારૂં માન મેળવે છે.

આ નવલકથા પણ એક સાચો ઇતિહાસજ છે. આજથી સાડા છસો વર્ષપર સૌરાષ્ટ્રમાં બનેલી સત્ય ઘટનાનું વર્ણન આ કથામાં છે તે સમયનાં મનુષ્યોના શરીરનું બંધારણ તેમનાં શરીર બળ અને મનોબળ, આચાર, વિચાર, દયા નીતિ ઉદારતા, અને આત્મભોગ સહન શીલતાનું ભાન આ નવલકથામાંથી મળશે રાજ ખટપટ કેવા પ્રકારની હોય છે. તેનું સુંદર દૃશ્ય ખડું થાય છે. તેમજ દૈવીપ્રેમ એટલે શું ? એ પ્રેમમાં કેવું બળ રહેલું છે વગેરે બાબતોનું સત્ય ઘટનાને આધારે વર્ણન કરેલું છે.

આ નવલકથા લખવામાં ગુજરાત સર્વ સંગ્રહ ગુજરાતનો પ્રાચીન ઇતિહાસ, સૌરાષ્ટ્રનો ઇતિહાસ, કચ્છ કાઠીઆવાડની ઐતિહાસિક વાતો, રસધાર. વગેરે પુસ્તકોનો આધાર લીધો છે, એટલે તે પુસ્તક કર્તા વિદ્વાનોનો ઉપકાર માનું છું.

ઘીકાંટા નાની હમામ
અમદાવાદ
વિજયા દશમી ૧૯૮૪

લેખક.
હરિલાલ લલ્લુરામ દવે
નાંદોલકર

અનુક્રમણિકા

સૌરાષ્ટ્રના વીરશ્રી

પ્રકરણ ૧ લું.

વસમી વિદાય.

માળામાં પંખેરૂએ જાગ્યાં નથી. મનખાદેંનું ચલનવલન થવાને પણ ઘડી એકની વાર છે. માત્ર સવિતા નારાયણનો ચોપદાર, માથે કલગીરૂપ લાલ માંજર ધારણ કરી, સોહામણી ડોક ફુલાવી કૂ...ક ...ડે...કુ...કના કર્ણપ્રિય મધુર સૂરથી સુતેલી દુનિયાને ખબર આપી રહ્યો છે, કે સૂર્યદેવ પધારે તે પધારે તે પહેલાં જાગો, ઉઠો, અને કર્તવ્યના પંથે વળો !

આ સમયે થાનકંડોરણાની ઉગમણી ભાગોળે એક નવજુવાન ઘોડેસ્વાર ઉભો છે, અમરાપુરનો ગંધર્વ ઇંદ્રમહારાજના શાપથી મૃત્યુ લોકમાં આવી પડયો હોય, એવો જાતવાન ઘોડો—હંસલો, ધરતીમાતાના ખોળામાં ચારે પગે થનથન નાચી રહ્યો છે. ઉપર બેઠેલા સ્વારના બળવાન હાથમાં લગામ ઝુલી રહી છે. એક હાથમાં આભને ટેકો દે, તેવું ભાલું છે. કયાં જવું ! કોને ઘેર જવું ! એવા વિચાર ગોઠવતો ઉભો છે. પોતાના પર ગુજરેલી આફતથી મનની સ્થિરતા થતી નથી.

"હે પશુરત્ન હંસલા આ દુઃખની વેળામાં સાચો મદદગાર તું જ છે. તારા જેવા નિમકહલાલ પ્રાણીથી હું અત્યારે નિર્ભય છું. ઘણાંએ સંકટોમાંથી તેં મને તાર્યો છે. કયાં જઇ રહેવું એ નક્કી થતું નથી. તારી ગરદનપર ચોકડું છોડી દઉં છું. તને સૂઝે ત્યાં લઇ જજે"

પોતાના પ્રાણથી વહાલા હંસલાની ગરદન થાબડીને તે સ્વાર વીર રાખાયત બોલ્યો.

પોતાના પાલનહારની વિટંબનાનાં વચનો ઘોડો-હંસલો જાણે સમજતો હોય, તેમ પોતાના નાના અણીદાર કાન ઉંચા નીચા કરી માલીકના શબ્દો ઝીલી રહ્યો છે, આ મુગું પ્રાણી પોતાની પાણીદાર ચપળ આંખોના ઇસારામાં અંતરના અવાજ જણાવી રહ્યો છે. કે, બાપ! રાખાયત મરણના કાંઠે પણ તારો સાથ નહિ છોડું. મારા ધણી! આ હંસલો તારા પહેલાં મરશે. તને દગો નહિ દે.

પ્રાણીમાત્રમાં એકજ રૂપે પ્રભુ રમી રહ્યો છે. એકના મનમાં બીજાને માટે વેર કે પ્રેમની લાગણીના અંકુર જેટલા જોરમાં પ્રગટે છે તેટલાજ વેગથી તેવાજ વિચાર સામાના મનમાં ઉત્પન્ન થાય છે. ભાષા અને જ્ઞાનરહિત એક બાળક પણ પ્યાર કે ખારને પારખી શકે છે. પશુ પંખી તો શું પરન્તુ વનસ્પતિ પણ લાગણી પારખી શકે છે. આવા પ્રયોગો હાલના સમર્થ વિજ્ઞાનશાસ્ત્રીઓએ કર્યા છે, અને જગતને જણાવ્યું છે કે અણુ અને પરમાણુમાં પણ એકસરખો જ આત્મા રમી રહ્યો છે.

હંસલો પશુ હતો, તે પણ પોતાના ધણીની મુશ્કેલીને સમજી ગયો વિધાત્રી જાણે હંસલાની લગામ ઝાલી આગળ ચાલતી હોય તેમ પાણી પંથો ઘોડો માલીકને પીઠપર લઈ ચાલ્યો જાય છે.

સૂરજ મહારાજે ધરતીપર સોનેરી ચાદર પાથરી દીધી છે. તેમાં અસંખ્ય પ્રાણીઓ કલ્લોલ કરી રહ્યાં છે. વીર રાખાયતનાં નેત્રો દશે દીશાનાં દર્શન કરી રહ્યાં છે. થાન કંડોરણાની હદને છેલ્લા પ્રણામ કરી રહ્યાં છે. જન્મ ભૂમિને છેલ્લા વંદન કરી રહ્યાં છે. જન્મભૂમિનો ત્યાગ આ સમયે વીર રાખાયતને કારી ઘા જેવો વસમો થઈ પડયો. " જે

ભૂમિનાં અન્નજળ વડે આ કાયા બંધાણી તેનો સદાને માટે ત્યાગ કરવો પડશે. જેના પવિત્ર ખોળામાં નાચ્યો, કુદ્યો તેને હંમેશને માટે ત્યાગ કરવો પડશે." એ વિચારે મન ભરાઈ આવ્યું. "**जननी जन्मभूमिश्च स्वर्गादपि गरियसी**" એ મહાન સૂત્ર આંખ આગળ ખડું થયું. અને તે તરૂણથી બોલી જવાયું. "જન્મભૂમિની પવિત્ર સેવામાં તેના ચરણાંગણે આ કાયા પડી હોત, તો ફરી જન્મ-મરણના ફેરા આ રાખાયત માટે ન રહેત." વાક્ય પુરૂં થયું. જન્મ-ભૂમિના ચરણોમાં આંખમાંથી અણમોલ મોતી ટપકયાં; વહાલું વતન, અને તેનાં ઝાડવાં દૂર સુધી નજરે પડયાં ત્યાંસુધી પાછું વાળી વાળીને રાખાયતે જોયું. પરન્તુ મન ન ધરાયું. !! એવાં કેવાં હૈયાં હોય કે જેને જન્મભૂમિનો મોહ ન હોય ? રાખાયત અને હંસલો દૂર દૂર ઝાડીમાં અદૃશ્ય થયા.

વિશ્રામ કરવાના ઠેકાણે વિશ્રામ કરતો. નદી નાળાં વટાવતો, સુખ દુઃખના અનુભવ લેતો. રાખાયત હંસલા સાથે કેટલાક દિવસે સૌરાષ્ટ્રના પ્રસિદ્ધ ગિરિનારાયણ—ગીરનારની તળેટીમાં આવી પહોંચ્યો. ગિરીનારાયણની છાયામાં વસેલા જુનાગઢમાં આ સમયે ચુડચંદના વંશજો ચુડાસમાઓની ધ્વજા ફરકી રહી હતી. તેઓ રા' કહેવાતા. રા' ત્રીજો મહિપાળદેવ ગાદીપતિ હતો. પોતાને લાયક ચાકરી મળે તો અહીં જ રહેવું એ ઈચ્છાથી તરૂણ રાખાયત જુનાગઢમાં દાખલ થયો, દરબારગઢે જઈ પહોંચ્યો.

દરબારીઓથી દરબાર ઠઠ ભરાયો છે. રા' મહિપાળદેવ પણ રાજ્યસિંહાસને બેઠો છે. ત્યાં રાખાયત આવ્યો. રાજરીત પ્રમાણે મુજરો ભર્યો, અને પોતાને યોગ્ય જગાએ આસન લીધું.

અજાણ્યા તરૂણ વીરને રાજસભામાં આવેલો જોઈ રા' મહિપાળ-

દેવની નજર તેના તરફ વળી, પહેરવેશપરથી અનુમાન કરી ખોંખારો ખાઈ રા' મહિપાળે પૂછ્યું.

"ઠાકોર ક્યાં ગામ ?"

"ગામ તો દૂર રહ્યાં મહારાજ" રાખાયતે જવાબ આપ્યો.

"કેમ આવવું થયું ?"

"ચાકરીની ઉમેદે. આવ્યો છું. શેર બાજરીની આશાએ આવ્યો છું મહારાજ. ?"

"શું કામ કરશો." રા' મહિપાળે જરાક કરડાકીમાં પૂછ્યું.

"કોઈથી નહિ થાય તે કામ હું કરીશ. અને કસુર થયે માથું દઈશ." રાખાયતે પોતાની ફરજનો સાચો જવાબ વાળ્યો.

રાખાયતનાં છેલ્લાં વચનો સાંભળી દરબારીઓ અને રાજા ખડખડ હસી પડયા. "માથાં દેનારા તો ગયા; અને એવા વીરપુરૂષોને ચાકરી માટે અથડાવાનાં ન હોય. માટે ઠાકોર અહીં તમારો જોગ નહિ થાય." રા' મહિપાળે પોતાને મનગમતો ઉત્તર આપ્યો. આ સાંભળી વીર રાખાયતને જરાક માઠું લાગ્યું. તે બોલ્યો. "રા' મહિપાળદેવ ! બોલવાથી બહાદુરી જણાતી નથી પણ સમય આવે ત્યારે સમજાય, હીરાની પરીક્ષા તો ઝવેરી હોય તે જ જાણે. અજાણ્યા તેની કીંમત આંકવામાં ગોથાં ખાય છે." એમ કહી પોતે દરબારગઢથી પાછો ફર્યો.

ગિરીનારાયણ–ગીરનારની તળેટીમાં ધર્મશાળા હતી ત્યાં આવ્યો. ધર્મશાળાના રખવાળને પોતાનો ઘોડો સોંપ્યો. ઘોડાને માટે ઘાસ–દાણાનો બંદોબસ્ત કરી પોતે ગીરનાર ચઢવા લાગ્યો. વસમા અને વકટ ચઢાવ ચઢી દામોદર કુંડમાં સ્થાન કર્યું, દત્તાત્રય મહારાજ અંબિકા જૈન દેવળો વગેરે સ્થળોએ દર્શન કર્યાં. સંત પુરૂષોને વંદન કર્યાં.

પોતાની પાસે કંઈ ધન હતું તેમાંથી થોડુંક સુપાત્રે દાન કર્યું. નીચેથી ખાવાનું લીધું હતું તે ખાધું. જળપાન કરી સ્વસ્થ થઇ નીચે ઉતરી ધર્મશાળામાં આરામ લઇ બીજે દિવસે ત્યાંથી હંસલાપર સ્વાર થઈ આગળ ચાલવા માંડયું.

હવે ક્યાં જવું ! પહેલી વખત ના થઈ. અપમાન જેવું થયું એવા વિચાર કરતો, ભાન ભૂલેલા માણસ જેવો, શૂન્ય હૃદયે હંસલાની પીઠપર રાખાયત માર્ગ કાપી રહ્યો છે. વિચારમાં પોતાને ભાન નથી કે હંસલો ક્યાં જાય છે ? હંસલો ગીરના જંગલ તરફ વળ્યો. જંગલમાં કેટલોક સમય ચાલ્યો અને આગળ રસ્તો નહિ હોવાથી તે અટક્યો–ઉભો રહ્યો. હંસલો ઉભો રહ્યો ત્યારેજ વીર રાખાયતની વિચારમાળા તૂટી તે જાગ્રત થયો. ચારે તરફ આંખ ફેરવી. મોઢા આગળ દશેક હાથ ઊંડો ખાડો ચારે બાજુ જંગલનાં ઝાડ અને પહાડના મોટા મોટા પત્થરોની કરાડો ઉનાળાના બપોરનો સમય થયો છે. માથે સૂર્યદેવનાં ભાલાં વરસી રહ્યાં છે, પાણીનાં ઝરણાં પણ સુકાઇ ગયાં છે, પંખીનો પણ અવાજ નથી, જનસૂન્ય દિશાઓ ખાવા ધાતી હોય તેવો દેખાવ જોઇ રાખાયતને થયું કે હંસલો રસ્તો ભૂલ્યો લાગે છે. તેણે શરીરપર ધારણ કરેલાં શસ્ત્રો તપાસ્યાં, અને ઘોડાપરથી નીચે ઉતર્યો. રસ્તો શોધવા જમીન તરફ ઝીણી નજરે જોવા માંડયું. પોતાની સામે દશ હાથ ઊંડી ખીણ જેવું હતું તેમાં ઉતરવાનો રસ્તો જણાયો. એ રસ્તો એટલે સાંકડી કેડી ઘોડો કે બીજું કોઇ પશુ ઉતરી શકે તેવું નહોતું. તેથી હંસલાને એક ઝાડ સાથે બાંધી પોતે તે કેડીએ ચાલ્યો. થોડેક ગયો કે પત્થરની એક બેખડમાં કોઈ પુરૂષના જોડા પડેલા તેના જોવામાં આવ્યા. રાખાયતે અનુમાન કર્યું કે આટલામાં કોઈ માણસ હોવું જોઈએ.

તેથી આગળ વધ્યો તો એક ખાડા જેવું જણાયું અને માણસનો અવાજ સાંભળ્યો. જોડા પડેલા હતા ત્યાં પહોંચ્યો તો તેને સમજાયું કે આતો ભોંયરૂં છે. અંદર ઉતરવાનાં પગથીઆં છે. અંદર શું હશે ? અહીં કોણ રહેતું હશે ? એવા વિચાર કરે છે એટલામાં તો અંદરથી "મને કોઇ બચાવો, મારૂં રક્ષણ કરો." એવી કરૂણ આર્ત ચીસ સંભળાઇ. તે ચીસના ભેદ રાખાયત પારખી ગયો. કે અહીં કોઈ બહારવટીઓ રહેતો હોવો જોઈએ. ભોંયરામાં તે કોઈના પર જુલમ ગુજારી રહ્યો છે. આથી આ વીર પુરૂષનાં રૂંવાડાં ખડાં થઈ ગયાં. તે એકદમ પગથીઆં ઉતરવા લાગ્યો, ત્યાં તો બીજો અવાજ આવ્યો. "પ્રભુ મને બચાવો. ઉગારો અરે કોઈ આવો." એવા શબ્દો રાખાયતના કાને અથડાયા. 'બચાવો, ઉગારો, દોડો,' એ તો વીરનાં આમંત્રણ. રાખાયતનું લોહી ઉછળ્યું અને તે ઝડપથી ભોંયરાનાં પગથીઆં ઉતરવા લાગ્યો.

પ્રકરણ ૨ જું.

ઓળખાણ

ગયા પ્રકરણમાં જે તરૂણનું નામ વીર રાખાયત છે. તે કોણ છે ? કોનો પુત્ર છે ? શા કારણે વિદેશ વિચર્યો છે તેનાપર શી આફત આવી છે ? એ જાણવા જીજ્ઞાસુઓનાં મન ઉતાવળાં થાય એ સ્વાભાવિક છે.

ઝાલાવાડની ભૂમિપર એ સમયે થાનકંડોરણા નામે શહેર હયાતી ધરાવતું. પોતાને અવિચળ માનતું ઊભું હતું ! આજે થાન નામે ગામ છે. તેની પાસેજ ઉત્તરમાં એ શહેર હતું. એ થાન કંડો-

રણાના બ્રાહ્મણના શાપથી નષ્ટ થયું છે. તે સ્થળે હાલ ઘાડું વન છે. વનચર પ્રાણીઓનું નિવાસસ્થાન થઇ પડયું છે. જગતના ઇતિહાસમાં કોઇપણ વસ્તુ સ્થિર નથી. આખા વિશ્વપર કાળચક્રના ફેરા ફર્યાં કરે છે. અને ફરે છે. થાનકંડારણા આ ફેરામાંથી કેમ બચે ! થાનકંડારણાનીથી થોડે દૂર કચ્છનો અખાત ઘુઘવાટા કરી રહ્યો હતો. સામુદ્રી નામે માતા તે જગામાં હાલ બીરાજી રહ્યાં છે. કંડોળીઆ બ્રાહ્મણ, અને કપોળ તથા સોરઠીયા વાણીઆની તે કુળદેવી છે. અને નવવિવાહીત દંપતીના છેડાછેડી હજી ત્યાંજ છૂટે છે.

આ સમયે રાજ્યનો ધણી મિયાત બાબરીઓ હતો. વીર રાખાયત તેનો પુત્ર હતો. રાખાયતની જનેતાનું નામ કલાબાઇ હતું. ગોહીલવાડના સીમાડાપર આવેલા નાનકડા ગામ લુંધીઆમાં કલાબાઈનું પીયર હતું, કલાબાઇના પિતાનું નામ જસાજી આયર હતું. જસાજી આયર લુંધીઆનો મુખી ગામમાં એ પ્રભુનું માણસ ગણાય. રાતદિવસ હાથની આંગળીઓમાંથી માળા હેઠી ન પડે. મોઢામાં 'રામનામ' શબ્દ ગાજી રહ્યો હોય, એવો પ્રભુનો પરમ ભક્ત જસાજી આયર તેની ભક્તિ એટલે ખાંડાની ધાર, એના નાડાના ધોવણે કષ્ટાતી બાઇઓનાં આડાં ભાગે (પ્રસવ વખતે બાઈ કષ્ટ પામતી હોય તેને સુખે પ્રસવ થાય તે.)

જસાજીને એકની એક પુત્રી કલાબાઇ માતાપિતાના લાડકોડમાં ઉછરી મોટી થઈ. સજ્જન માવતરના સુસંસ્કારો કલાબાઇના બાલ્યજીવનમાં રેડાયા હતા. અત્યારે એ સંસ્કારો કલાબાઈના અણુંએ અણુંમાં પ્રકાશી રહ્યા હતા.

થાનકંડારણાના મિયાત બાબરીઆ સાથે કલાબાઈનો લગ્ન સંબંધ થયો, માવતરની શિળી છાંયા તજી કલાબાઈ થાનકંડારણાના રાણીપદે બીરાજ્યા.

વૃદ્ધ આયર જસાજી અને તેમનાં પત્નિ બીજે જ વર્ષે કાળનો ભોગ થઇ પડયાં. કલાબાઇને માટે પીયરની વાટ કાયમની બંધ થઇ ગઇ, સુખ દુઃખનાં હૈયાં ઠાલવવાનો વિસામો કાળે તોડી પાડયો કલાબાઇ ઉપર દૈવની કરડી નજર પડી.

વખત જતાં કલાબાઈ પુત્રની માતા થઇ. રાજા મિયાત બાબરીયાની પ્રિતી વધી. કલાબાઇનાં રાજ્યમાં માન વધ્યાં. પરન્તુ આ સ્થિતિ ઝાઝા દિવસ ટકી નહિ. પુત્ર રાખાયત બે ત્રણ વર્ષનો થયો. રાણી કલાબાઇપર દુઃખનું બીજું વાદળ ઘેરાયું. પતિદેવની પ્રિતી ઓછી થવા માંડી. જુવાનીના મદમાં હીલોળે ચઢેલો રાજા મિયાત બાબરીઓ બીજી સ્ત્રી પરણ્યો. કલાબાઈ તરફ વહેતાં પ્રેમનાં ઝરણો સૂકાયાં. સતિ સાધ્વી કલાબાઈને આ અસહ્ય થઇ પડયું.! અબળા જાતિ, રાજાના ઝનાનારૂપ બંદીખાનામાં પુરાયેલી સ્ત્રી, સતી, શું કરે?

શાસ્ત્રો અને પુરાણોમાં પવિવ્રતની જેટલી મહત્તા ગાઇ છે... તેટલી મહત્તા પત્નિવ્રતની વધારી હોત, તો કલાબાઈ જેવી કેટલીએ અબળાઓનાં જીવન સુધરત !! અને એવી સતીઓના આશિર્વાદથી આજે પતિત થયેલો હિન્દુસમાજ જુદાજ રંગમાં મહાલતો હોત.

સ્ત્રીનું શું ગજું ? પતિ પ્રેમથી બોલાવે તો ભલે, નહિ તો મનમાં ને મનમાં શોચ કરી કષ્ટ સહન કરે. દેહ દમન કરે. માટેજ અબળા કહેવાય છે. તેમાં પણ સુશિલ, કુલિન, અને ધર્મપરાયણ સતી સ્ત્રી, તો જેવો સમય જગકર્તા આપે તે સહન કરી સંતોષ માને છે. આર્ય–બાળાઓ! તમારા ગુણ, તમારી સહનશિલતા, તમારી નમ્રતા માટે તમને ધન્ય છે. આર્ય દેવીઓ !

નવી રાણી અમરાબાઇ સ્ત્રી ચરિત્રથી ભરપુર હતી, તેણે રાજાને વશ કરવામાં કૃત્રિમ પ્રેમજાળ બીછાવી, સસલું પારધીની જાળમાં

ફસાય તેમ જુવાનીના કેફમાં ડોલતો મિયાત બાબરીઓ અમરાબાઇની મોહજાળમાં ફસાયો અને ભાન ભૂલ્યો. માણુસને એકજ સ્વભાવની વસ્તુપર નિરંતર એક સરખો અનુરાગ કદી હોઇ શકતો નથી. ન્યુનાધિકની જરૂર પડે છે, અને એ સમવિષમ સ્થિતિ દુઃખનું મૂળ થઇ પડે છે.

માનીતી અમરાબાઈની ભંભેરણીથી કલાબાઇના જીવનને ધૂળ કરવા રાજા તૈયાર થયો, અમરાબાઇનાં વચનોએ રાજાના કાનમાં ઝેર રેડયું વાત્સલ્ય પ્રેમ હણાયો. એકનાએક રત્ન જેવા વ્હાલા પુત્ર રાખાયતની પણ દરકાર ન કરી પુત્રપ્રેમ વિષયવાંચ્છના આગળ તુચ્છ ગણાયો.

સતી સાધ્વી કલાબાઇને અને રાખાયતને રાજ્ય વૈભવોથી શણગારેલા રાજમહેલમાંથી દૂર કર્યાં. દરબારગઢથી દૂર રાજના એક જીર્ણ મકાનમાં રાખ્યાં ગુજરાન માટે નજીવી રકમ આપવામાં આવતી હતી તે પણ નિયમીત નહિ, એક વખતની રાણી તે એક ભીખારણુ જેવી હાલતમાં પોતાના દિવસો ગાળવા લાગી એના કોમળ હૃદયપર આઘાત નહિ થયો હોય ?

સુખ અને દુઃખની અસર જ્ઞાનીઓના મનપર થતી નથી. કલાબાઇના સંસ્કારી હૃદયપર આ અસર થઈ નહિ. તે આવી કંગાલ દશામાં પણ સંતોષ માનતી હતી, એ એમ સમજતી હતી કે હું એક વીર બાળકની માતા છું." "મેં એક વીર નરને જન્મ આપ્યો છે અને ભવિષ્યની રાજમાતા છું મારો બાળક મોટો થશે રાજગાદીનો ધણી થશે, દુઃખનાં વાદળ વિખેરાઇ જશે." આવી અમર આશાઓમાં કલાબાઇ આનંદથી દિવસો ગાળતી.

રાખાયત ત્રણ વર્ષનો થયો હતો, પણ તેનો બાળક દેહ પાંચ વર્ષનો હોય એવો ભાસ થતો હતો. રાખાયત રૂપાળો હતો. સૃષ્ટિ

સરજનહારે તેનું રૂપ નવરાશની વેળાયે ઘડી હાથ ધોઈ નાખ્યા હતા. ધનુષાકૃતિને પણ લજાવે તેવી, નાની ભમરની નીચે નાચી રહેલાં તેનાં ચપળ નેત્રો અને બીજે બચુકડો ચંદ્ર હોય તેવું તેજસ્વી ગોળ મુખ એ હરકોઈ જોનારને મોહપાશમાં નાંખે તેવાં હતાં તેનો હસમુખ ચહેરો. દુશ્મનના દીલમાં પણ પેટના દીકરા જેવું વ્હાલ પ્રગટાવતો, આવા પુત્રથી પોતાનો ખોળો ધૂળવાળો થવામાં "થાએ મલીન વળી અંગધૂળે, ધન્ય તેને લેખીએ" હરકોઈ પિતા મગરૂર થાય, પરન્તુ ભાગ્યના દોષે રાજા મિયાત બાબરીઓ અજબ વાત્સલ્ય પ્રેમનો આનંદ ન મેળવી શક્યો.

અમરાબાઈના મોહપાશમાં અંધ બનેલો રાજા બાબરિયો કલાબાઈને છેક વીસરી ગયો, દેવો અને હજારો મનુષ્યોની સાક્ષીમાં પત્નિ તરીકે સ્વીકારેલી કલાબાઈને કઠોર હૃદયનો રાજા તદ્દન ભૂલીજ ગયો 'સ્ત્રીઓ કહે છે કે પુરૂષો નિષ્ઠૂર હૃદયના હોય છે' એ વાકય અહીં સાચુ ઠર્યુ. પોતાના કુળદીપક નિર્દોષ બાળકને પણ વિસારી દીધો. તેઓ ખાય છે કે ભૂખ્યાં રહે છે સુખી છે કે દુઃખી માંદાં છે કે સાજાં તે જાણવું કે સાંભળવું પણ મૂકી દીધું. મિયાત બાબરીઓ નિર્દય થયો કઠોરતાથી એનું હૃદય જડાઇ ગયું.

કલાબાઈ સતી હતી તે સંતોષ માનતી અને કહેતી કે "પૂર્વ જન્મના સંસ્કાર પ્રમાણે ફળ ભોગવવાનાં છે. અમારા ઋણાનુબંધ આવા હશે. મનુષ્ય જન્મ એકજ ભવની સગાઇ છે" એમ કહી મન મનાવતી હતી.

કુન્તા માતા પોતાના પાંચ પુત્રોને જોઈ વનનાં વસમાં દુઃખો ભૂલી જતાં, તેમ કલાબાઇ રાખાયતને જોઈ પોતાનાં દુઃખો ભૂલી જતી. નિદ્રાધીન થયેલા રાખાયતના શરીરને ઘણીવાર સુધી નિહાળી રહેતી. 'યુવરાજને સુવા આવી સાદી પથારી હોય' ? એવા ભાવ

મનમાં ઉભરાતાં આંખમાં આંસુ વહેતાં, કમળ પાંખડીનાં રંગને લજાવે એવા રખાયતના ગાલ ઉપર વ્હાલ ભર્યા હેતાળ ચુંબન કરી પોતાની સર્વ વિપત્તિઓને માતા કલાબાઈ ભૂલી જતી 'માતાનો પ્રેમ એ તો જગત્પરનું અમૃત છે' કહેવત છે કે "(છોકરાંનાં) ઘોડે ચઢનાર બાપ મરજો પણ રેંટીઓ કાંતનાર મા ન મરશો"

રાણી કલાબાઈએ નિશ્ચય કર્યો હતો કે "પતિ બોલાવે કે ન બોલાવે, માન આપે કે ન આપે પણ હું મારો ધર્મ નહિ ચૂકું ગમે તેવો તોપણ એ મારો પતિદેવ છે હું દૂરથી તેનાં દર્શન કરીશ. તેનું ધ્યાન ધરીશ, આ જન્મે એજ મારો ઇશ્વર છે. એ ભલે દયા-હિન થાય પણ ફરજના પગથી એથી હું પાછી નહિ ફરૂં પશુ ધર્મને ધારણ કરી પાપકુંડમાં નહિં પડું."

આર્ય મહિલાઓ એટલે સુધી દઢ હતી કે પોતાના પતિનું અપમાન સહન કરી શકતી નહોતી. દક્ષ પ્રજાપતિની કન્યા, યજ્ઞકુંડ-માં આહુતીરૂપ થઈ પડી. અગ્નિની જ્વાળાઓમાં દેહને હોમી દીધો. આ અને આવાં બીજાં અનેક દષ્ટાંતો મહાભારત, રામાયણ ભાગવત વગેરેમાં મોજુદ છે. ભારતનું ગૌરવ ભારતવર્ષની સતીઓને આભારી છે.

કલાબાઈ સદ્ભાવનાઓને પોતાના પવિત્ર હૃદયમાં સ્થાન આપતી અને પ્રભુને પ્રાર્થના કરતી કે "હે વિશ્વંભર! મને બળ આપો કે હું મારા ધર્મથી ભ્રષ્ટ ન થાઉં"

'એક સુશિક્ષિત માતા ૧૦૦ શિક્ષકની ગરજ સારે છે' રાખા-યતની ઉંમર વધતી ગઈ તેમ તેમ તેનામાં જ્ઞાનનો વિકાશ થવા લાગ્યો" મારો બાળક વીરનર થવાનો છે." એ ભાવના હંમેશ શ્વાસો-ચ્છવાસ સાથે કલાબાઇના મનપર ઘુંટાતી હતી. વીરને લાયકનું

શિક્ષણ કાળજીથી માતા કલાબાઇ ખુબી સાથે પુત્ર રાખાયતના જીવનમાં રેડતી. પાંડવોની કૃષ્ણ–બળદેવની લવ–કુશની અભિમન્યુની હનુમાનની વગેરે વગેરે વીર રસથી તરબોળ થયેલી વાતો માતા પુત્રને ભાવ સાથે કહેતી. રાખાયતને આવી વીરરસની વાતો સાંભળવામાં મઝા પડતી હતી. તે એકાગ્રચીત્તથી શ્રવણ કરતો માતાને પ્રશ્નો પૂછતો શાન્તીથી કલાબાઇ તેને સમજાવતી, તેની જીજ્ઞાસા તૃપ્ત કરતી. પુત્ર રાખાયતના ભાવી સુખ માટે માતા ઘણી કાળજી રાખતી પુત્રના જીવનમાં સુસંસ્કાર અને સદ્ગુણ ભરવા પળેપળે કલાબાઈ કાળજી રાખતી. થોડુંક અક્ષરજ્ઞાન પણ રાખાયતને થયું હતું. રાખાયતની ઉંમર છ–સાત વર્ષની થઇ એ નાનાં ચીર અને કામઠું લઇ રમત રમતો. નાનું ભાલુ અને લાકડીનો ઘોડો કરી ખેલતો. એ અરસામાં માનીતી રાણી અમરબાઇ પણ બે પુત્રની માતા થવાને ભાગ્યશાળી થઈ હતી. અમરાબાઇના મોટા પુત્રનું નામ ઓઢોરાજ અને નાનાનું નામ જખરોરાજ ઓઢો અને જખરો મિયાત બાબરીઆને આંખોની કીકી સમાન વહાલા હતા.

"હલકું પાત્ર ને અધીકું ભણ્યો, વઢકણી સ્ત્રીએ દીકરો જણ્યો" એ કહેવત અમરાબાઈ માટે સત્ય ઠરી. ઓઢો જખરો મોટા થયા, રાજવૈભવોનો સંપૂર્ણ લાભ ઓઢા અને જખરાને મળે ઉમદાવસ્ત્રો પોશાકો ઉત્તમ પ્રકારનાં ખાનપાન માનીતી રાણી અમરાબાઇના પુત્રોને મળે, અણમાનીતીના પુત્ર રાખાયતને એ ક્યાંથી હોય. ?

પોતાના પુત્ર ઓઢા જખરાને મૂલ્યવાન વસ્ત્રાભૂષણો પહેરાવી કલાબાઈના મકાન તરફ પોતાના બાળકોને ફરવા મોકલતી કલાબાઈની નજર આવા મૂલ્યવાન પોષાક ઉપર પડે અને તેથી કલાબાઇને દુઃખ થાય કલાબાઇને દુઃખી જોઈ પોતે ખૂશી થાય એવા નિષ્ઠુર હૃદયની

ભાગતી થઈ જાત. એવા વિચારથી હૃદય ભરાઇ આવ્યું. " રંકના અને હલકા આચાર–વિચારની અમરાબાઈ હતી બળેલાને બાળવામાં મરેલાને મારવામાં એનો દયાહીન સ્વભાવ વધારે આનંદ માનતો. શોકય તરફ સ્ત્રીનું હૃદય વધારે ઈર્ષાળુ હોય છે. શોકયને દુઃખ દેવામાં તેને મારી નાખવામાં કે તેનો સર્વસ્વ નાશ કરવામાં પાપી હૃદયની કેટલીક સ્ત્રીઓ પાછી પાની નથી કરતી. એના દાખલા વર્તમાન સમયમાં પણ ઘણાએ સાંભળ્યા હશે વાંચ્યા હશે!

એકથી વધારે સ્ત્રીઓ પરણવાનો ચાલ રાજા રજવાડાઓમાં ઘણો હોય છે એકથી વધારે સ્ત્રીઓ પરણવી એટલે પોતાના સુખનો સદૈવ નાશ કરવો. પોતે મૃત્યુની વધારે નજીક જવું પોતાના ઘરમાંથી સંપને સદાને માટે વિદાય કરવો, અને કલેશ કજીયાનાં બી વાવવાં એમ સમજવું.

'લોભ એ ખરાબ છે' રાજ્ય લોભ એથીએ ખરાબ છે. રાજ્ય લોભે તો કેટલાંએ વીર રત્નોનાં ખૂન કરાવ્યાં છે લોહીની નદીઓ વહેવરાવી છે. યુવરાજને માથે ૩૬૦ દિવસ કાળની પાંખો ફડફડતી રહેલી હોય છે. કાવતરાંનાં ચક્કરો ફરતાંજ હોય છે, રામચંદ્ર યુવરાજ હતા યુવરાજની જીંદગી જોખમમાં હોય છે. તેમાં એ ઓરમાયાં હોય તો તેની અવધી હોય છે. રાખાયત યુવરાજ હતો. તેની પાછળ તેના ઓરમાન ભાઇની ચાર આંખો રાજગાદી માટે ટમટમી રહી હતી. અમરાબાઈની આંખોમાં એ યુવરાજ રાખાયત રજકણ રૂપે ખટકયા કરતો હતો. તે કાંટાને રાજગાદીએ પહોંચવાના માર્ગમાંથી દૂર કરવા અમરાબાઇએ અનેક ઉપાયોના પાયા નાખી દીધા હતા. અનેક પાપી રસ્તાઓના વિચાર ગોઠવી મૂકયા હતા.

પ્રકરણ ત્રીજું

પાપના પંથે.

મનુષ્યમાં એક દુર્ગુણે વાસ કર્યો એટલે એકના અનેક થવાના જ દુર્ગુણ ઉધઈ રૂપે છે. ઉધઇ જેને વળગે છે તેનો નાશ કરે છે. મોટાં મોટાં ખેતરોનો લીલો પાક ઉજ્જડ વેરાન જેવો કરી મૂકે છે જબરાં ઝાડ સુકવી નાખે છે તેમ એક દુર્ગુણ બીજા અનેકને લાવે છે. અંતે સત્યના પંથેથી મનુષ્યનું અધઃપતન કરાવે છે, મનુષ્ય મટી પશુ થાય છે. દુર્ગુણી મનુષ્યને સારાસારનો વિચાર રહેતો નથી. જગતની નજરે તે હલકો ઠરે છે. અને છેવટે દુર્દશામાં મૃત્યુના મુખમાં પ્રવેશ કરી યમરાજના દરબારમાં પોતાનાં કુકર્મોનો જવાબ દેવા પહોંચી જાય છે.

માનીતી રાણી અમરાબાઈમાં ઈર્ષારૂપી મહાન દુર્ગુણ હતો. અને તેની સાથે જુઠ, ચોરી, વિશ્વાસઘાત, ધર્મભ્રષ્ટ, વગેરે વગેરે દુર્ગુણો આવી વસ્યા હતા. તે માણસ મટી રાક્ષસ થઇ હતી.

પોતાના પુત્રોને રાજગાદી અપાવી, પોતે રાજમાતા થવાના વિચારોમાં મશગુલ હતી. વચ્ચે નડતરરૂપ રાખાયતને મારી નાખવા તે ઘણાં ફાંફાં મારતી. કોઇપણ ઉપાયે રાખાયતનો જીવ લેવા કટીબદ્ધ થઇ રહી હતી.

પોતાની એક વડારણ (દાસી) કીશોરી હતી. તેને ધન લાલચથી પોતાની કરી લીધી હતી. અને તેની મદદથી પોતાનું ધાર્યું કરતી. ઓઢો યુવરાજ થાય. યુવરાજની માતા થવાનું ભાગ્ય પોતાને પ્રાપ્ત થાય એવી મહેચ્છાઓના મોજાંમાં ઘસડાતી અમરાબાઈ અનિતિના પંથે વળી ચૂકી હતી.

પ્રભાતનો પહોર, કલાબાઇ પોતાના મકાનમાં પ્રભુની પૂજાકરી

રહી છે. પ્રભુનું સ્મરણ કરી રહી છે. પુત્ર રાખાયત પાસે જ રમી રહ્યો છે. તીરકામઠું લઇ દૂર મૂકેલા પત્થર પર નિશાન તાકે છે. લક્ષબિંદુએ તીર વાગતાં રાખાયત ખૂશ થાય છે. ઉપરા ઉપરી તીર ફેંકે છે, અને નિશાન તાકે છે.

એવામાં કલાબાઇના ઓરડે આવી કીશોરીએ મિઠાઈ ભરેલો એક થાળ મૂકયો. થાળ ઉપર ઢાંકેલું વસ્ત્ર લઈને તે બોલી, "બા સાહેબ આજે ઓઢારાજનો જન્મ દિવસ હોવાથી નાનાં બાએ યુવરાજ માટે મિઠાઈનો થાળ મોકલ્યો છે." એમ કહી થાળ મૂકી ચાલતી થઈ.

રમત પુરી કરી રાખાયત માતા પાસે આવ્યો. પડેલા થાળ પાસે આવી બેઠો. બાળ સ્વભાવે ખાવા ઈચ્છા થઈ. પરન્તુ આજ્ઞાધારી બાળકે માતાની આજ્ઞા માગી. "બા ! આ શું છે ? હું ખાઉં. ?"

અમરાબાઈને ત્યાંથી આવેલી કોઈ પણ ચીજની પરિક્ષા કર્યા વગર કલાબાઈ કુંવરને ખવડાવતી નહિ. અને સૂચના કરી હતી કે, મને પૂછ્યા સિવાય કોઇની આપેલી વસ્તુ ખાવી નહિ.

"કુંવર એ ખાશો માં, એમાં જીવનાં જોખમ છે." કલાબાઇના પવિત્ર હૃદયમાં પ્રભુએ પ્રેરણા કરી. માતાએ પુત્રને રોકયો. રાખાયત થાળ પાસેથી ઉઠી ઉભો થઈ ગયો. માતાએ ગરમ કરી રાખેલું દૂધ રાખાયતને આપ્યું. રાખાયત દૂધ પી ગયો.

કલાબાઇએ મિઠાઈમાંથી એક નાનો કકડો લીધો. કુરકુરીઆને થોડોક ખવાડયો. થોડા સમયમાં કુરકુરીઆને ઝેર ચઢતું હોય તેવાં ચિન્હ જણાયાં. કુરકુરીઆપર ઠંડુ પાણી રેડયું. થોડીવારે તે શુદ્ધિમાં આવ્યું. જરાક મિઠાઇ ખવડાવી તેમાં આમ થયું. તો વધારે ખવડાવી હોત તો કુરકુરીઆના પ્રાણ નીકળી જાત. અને તેવીજ દશા પોતાના વહાલા બાળકની પણ થાત. એવા ભયથી માતાનું હેતાળ હૃદય કંપી ઊઠયું. મારા રાંકના રતનનું શું થાત ! આજે હું ભીખ

બેલી દીનદયાળ તેં મારી લાજ રાખી. મારા બાળકને તેં જ બચાવ્યું." એમ બોલતાં કલાબાઈની આંખોમાંથી આંસુ પડયાં.

આ પ્રસંગથી કલાબાઇ વધારે સાવધ રહેતી પુત્રને જરાપણ નજરથી અળગો કરતી નહિ. રાખાયતે પણ હવે દશ વર્ષનો થયો હતો તેથી તે પણ સમજતો કે મારે માથે ભય છે.

રાજ્યમાંથી મળતા ખર્ચમાંથી કરકસર કરી. દુઃખ વેઠી થોડી રકમ કલાબાઇએ બચાવી હતી. શસ્ત્ર-શાસ્ત્રમાં પ્રવિણ અને ઠરેલ એક પુખ્ત વયના સુદેવ નામના બ્રાહ્મણને અમુક દ્રવ્ય આપી રાખાયતના શિક્ષણનો બંદોબસ્ત તેની સાથે કર્યો.

ઘોડે બેસવું, પાણીમાં તરવું, તરવાર, ભાલો, લાઠી વગેરે કેવી રીતે વાપરવાં, શત્રુને મારી પોતાનો બચાવ કેવી રીતે કરવો, વગેરે શસ્ત્ર વિદ્યામાં સુદેવગુરૂએ શિષ્ય રાખાયતને તૈયાર કર્યો, ધનુર્વિદ્યાના પ્રયોગો પ્રાતઃકાળમાં ગામ બહાર વિશાળ મેદાનમાં રાખાયતને લઇ જઈ શિખવતા. સારા બાણાવળીને ટક્કર મારે એવો પ્રવિણ કર્યો.

રાખાયત પોતાના હાથમાં ધનુષ્ય બાણ લઈ નિશાન તાકવા ઉભો રહેતો, અને ગુરૂની સુચના મુજબ લક્ષ સ્થાનને તીરથી વિંધતો જાણે અર્જુન દ્રોણ ગુરુ સમક્ષ વડ વિંધન ન કરતો હોય. શિષ્યની હોંશિયારી અને બુદ્ધિ ચાતુર્ય જોઈ ગુરૂ સુદેવનું હૃદય હર્ષથી ગજ, ગજ, જેટલું ફુલાતું, ગુરૂ શિષ્યને ઘણા હર્ષથી નવા નવા પ્રયોગો શિખવતા. અને તે સાથે તેના જીવનને ઉન્નત ભાવનાઓથી પોષતા કે મારો શિષ્ય બીજો અર્જુન થાય, રાખાયતને ગુરૂ સુદેવે અક્ષર-જ્ઞાન પણ ઘણું સારૂં કરાવ્યું ગુરૂ, શિષ્ય વચ્ચે પિતા પુત્ર જેવો સ્નેહ બંધાયો હતો. રાખાયત બાળક મટી ૧૬ વર્ષનો કુમાર બન્યો હતો.

થાનકંડોરણામાં રાજ્ય તરફથી તરુણો માટે કસરત કરવાનો અખાડો હતો. રાખાયત દરરોજ અખાડામાં જતો. મલ્લકુસ્તી કરી શરીરને કસતો, કુસ્તીના દાવો ખેલી તેનું શરીર સુદૃઢ અને બળવાન થયું હતું. રાખાયતના શરીરબળે અને બુદ્ધિબળે. થાણુ કંડોરણા યુવકોપર સારી છાપ પાડી હતી. યુવકો તેના તરફ માનભરી રીતે વર્તતા રાખાયતની આજુબાજુ સહમિત્રોનું જુથ ઠીક જામ્યું હતું.

સુદેવ ગુરૂએ રાજાને સમજાવી રાજ ખર્ચે એક જાતવાન યુવાન વછેરો ઘોડો રાખાયતને અપાવ્યો હતો. રાખાયતે તેનું નામ હંસલો રાખ્યું હતું. હંસલાને રાખાયતે ખૂબ કેળવ્યો હતો. રાખાયત અને હંસલાની જોડીની સ્પર્ધા કરે તેવી બીજી જોડ થાનકંડોરણામાં નહોતી. હંસલા માથે જ્યારે રાખાયત ચઢી નીકળે, ત્યારેજાણે ઇંદ્ર અરાવત માથે ડોલતો હોય.

ઓઢો અને જખરો પણ મોટા થયા. લાડમાં ઉછરેલા રાજ-કુમારોએ પણ રાજગુરૂ જયદેવ શર્મા પાસે વિદ્યારંભ કર્યો હતો, અતિલાડમાં–ખોટાં લાડમાં પુત્રોને ઉછેરી, અજ્ઞાન માતા અમરા-બાઇએ કુંવરોના જીવનમાં દુર્ગુણનાં બી વાવ્યાં હતાં. અજ્ઞાન માતાને શી ખબર કે આ ખોટાં લાડ તેમના જીવનમાં સોમલની ગરજ સારશે. ને વિપના કકડા થઇ પડશે? માતા પિતાની મહાન ફરજમાં પડતા પહેલાં માતાપિતાના શા ધર્મ છે. તે જાણવાની ખાસ જરૂર છે, આવા ધર્મ કેટલાંક માવતરે સમજીને પ્રજોત્પત્તિના પંથે પગલાં માંડયાં હશે ? વાંચકો તેનો વિચાર કરશે. વિષયવાસનાથી પ્રેરાઈ પશુવૃત્તિથી પ્રજોત્પત્તિ કરી દેશની કેટલીક નિર્માલ્ય પ્રજાની વૃદ્ધિમાં પોતાનો હીસ્સો આપી રહ્યાં છે. એવાં ભારત દંપતિને કોણ સમજાવશે કે તમે આ ઘોર પાપને પંથે જતાં અટકો. દેશને નિર્માલ્ય, આળસુ અને અલ્પાયુ-

વાળી પ્રજાના બોજામાંથી બચાવો! તમારી વિષયવાસનાને રોકો!! માતાપિતાના સંપૂર્ણ ધર્મ અંતરમાં આલેખ્યા બાદ ગૃહસ્થાશ્રમના ઉજળા પંથે ધીમાં પગલાં માંડો!

વેર, ઝેર, ઇર્ષા અને અભિમાન જેના જીવનમાં ઓતપ્રોત થયાં છે. એવી રાણી અમરાબાઇના રૂધીરથી ઘડાયેલાં, પોષાયેલાં રાજકુંવર ઓઢારાજ અને જખરાનાં શરીરો દુર્ગુણની ત્યાં શી ખામી હોય. ડુંગળીમાં કસ્તુરીની સુવાસ કયાંથી હોય? તેમનામાં સદ્‌ગુણનો છાંટોએ ન મળે. અતિ લાડમાં ઉછરેલા તેમજ હલકા નોકરોના સહવાસમાં ઘણો વખત રહેવાથી નોકરોની રહેણી કરણીની છાપ, રાજકુંવર ઓઢા અને નખરાના કુમળા મનપર પડી તે પડીજ.

" ઉડે ન તોય ડેકવા, શિખે વસી વિહંગમાં
કુસંગીનો પ્રસંગ દે કુસંગ રંગ અંગમાં "

બન્ને ભાઇઓમાં સરખાજ ગુણો હતા. રાજગુરૂ જયદેવ શર્મા પણ આવા વિદ્યાર્થીઓથી કંટાળ્યા. રાજકુમારો કંઇપણ શિખ્યા નહિ. રાજામિયાત બાબરીઓ રાણી અમરાબાઇ આગળ પુતળા જેવો હતો. કુંવરોને તે કંઇપણ કરી શકતો નહોતો. રાણીએ કુંવરોને જ્ઞાન આપવાની કાળજી ઓછી રાખી હતી. પરન્તુ ઓઢો યુવરાજ ક્યારે થાય તેની ચિંતા તેણે વધારે રાખી હતી. મિયાત બાબરિયો દારૂના નીસામાં ઘણો વખત ગાળતો આ વ્યસન અમરાબાઇએ પાડયું હતું. અને તેમાં તેનો ઇરાદો એવો હતો કે રાજા ઘણો વખત બેભાન સ્થિતિમાં પડયો રહેશે તોજ મારાથી ધાર્યું કાર્ય કરી શકાશે. છેલ્લા કેટલા દિવસોથી રાણી અમરાબાઇ પોતેજ મારા સમ લ્યો, લ્યો, એક પ્યાલી લ્યો. એમ આગ્રહ કરી હદથી વધારે દારૂ રાજાને આપતી અક્કલનો અધૂરો રાજા પ્રેમની પ્યાલી ગણી તે ગટગટાવી

જતો. આખી રાત બેભાન પડી રહેતો આ ટાણે રાણી પોતાને મન-ગમતા ખેલ ખેલી લેતી.

રાજના અખાડામાં ઓઢોરાજ અને જખરો પણ કસરત કરવા જતા. મોટાભાઈ રાખાયતની બહાદુરી જોઈ સ્પર્ધા ન કરતાં ઈર્ષા કરતા, ઘેર આવી રાખાયતની વીરતાની વાતો પોતાની મા અમરા-બાઈને કહી સંભળાવતા આથી અમરાબાઈના ઈર્ષારૂપ અગ્નિમાં ઘી હોમાતું અને તે અગ્નિ બમણા જોરથી ભભુકી ઉઠતો એના મનને થતું કે "ગમે તે ભોગે પણ રાખાયતનો વધ કરાવવોજ. જો રાખા-યત ગાદીપર બેસશે તો મારી અને મારા કુંવરોની દુર્દશા થશે. તેની માતાને અપાયેલા દુ:ખનો બદલો લેશે ને અમને રીબાવી રીબાવીને મારશે." પોતાના જેવો રાખાયતને સમજતી હતી. "જેની આંખમાં કમળો તે બધે પીળુંજ દેખે."

પ્રકરણ ૪ થું.

વીરની વરસગાંઠ.

રૂડો દશેરાનો દિવસ વિજયાદશમી, આજે વીરની વરસગાંઠ રાખાયતને માથેથી આવા ઓગણીશ દશેરા ગયા. આજે વીસમો દશેરાનો દિવસ.

દુ:ખના પહાડ સામે ટક્કર ઝીલવાથી ઘસાઇ ગયેલા શરીરવાળી કલાબાઇના આંગણે આજે સોનાનો સુરજ ઊગ્યો.

ન્હાઈ-ધોઇ રાખાયત તૈયાર થયો, સાદાં પણ સ્વચ્છ વસ્ત્રો ધારણ કર્યાં હમેલપટો પહેર્યો. પહેલાં સૃષ્ટિ સરજનહારને શીશ

નમાવ્યાં, સૂર્યનારાયણને વંદન કર્યાં, પછી પોતાની જમીનના ચરણે માથું મૂકી સાષ્ટાંગ પ્રણામ કર્યા. "દીકરા ક્રોડ વર્ષ જીવો. જુગેજુગ રાજ કરો. બેટા તારૂં રાજ અમર તપો." માતાએ અંતરના વ્હાલ ભર્યા રૂડા આશિષ દીધા. દીકરાના શરીરપર સાદાં વસ્ત્રો જોઇ માતાના મનને ઓછું આવ્યું ! 'રાજ્યનો ધણી આજે આવા પોષાકમાં' ગયા ગુજર્યા દુઃખના સાગર આંખો આગળ ખડા થયા. કલાબાઇના હૃદયે ધીમો નિઃસાસો મૂક્યો.

માતાની રજા લઇ રાખાયત ગુરૂ સુદેવને મુકામે ગયો. ગુરૂને પગે લાગ્યો. "ભાઇ દીર્ઘાયુ થા તારી વિદ્યા અવિચળ રહો ને સફળ થાઓ." સુદેવ ગુરૂએ હેતભર્યા હૈયે અમુલ્ય આશિર્વાદ આપ્યા.

થાનકંડારણામાં દરેક વિજયા દશમી–દશેરાને દિવસે રાજ્યના તરફથી ઘોડાની હરિફાઇ થતી હતી. હરિફાઇમાં જીતનારને રાજ તરફથી સોનાં ને શિરપાવ મળતો યુવરાજ અને રાજકુંવરો આ વખતે હરિફાઇમાં ઉતરવાના છે.

થાનકંડારણાની ભાગોળે આજે મનુષ્યોની મેદની જામી છે. રાજ્યમાંથી કેટલાએ વીરકુમારો હરિફાઇમાં ભાગ લેવા ભાગોળે આવી ઉભા છે. તેમાં રાખાયત, અને ઓદ્દારાજ, તથા જખરો પણ આવી ઉભા હતા. કોણ જીતશે ? કોને ઇનામ મળશે ! એવા મનોરથો હરિફાઇમાં ભાગ લેનારા કરતાં જોનારાના મનમાં વધારે થયા કરતા હતા. ભાગોળના વિશાળ મેદાનમાં એક તરફ રાજખર્ચે મંડપો ઉભા કર્યા હતા, તેમાં ગાદી તકીયા બીછાવી દીધા હતા. રાજા તેના ભાયાતો રાજના અમલદારો અને બીજા રાજમાનવાળા ગામના લોકથી મંડપ ભરાઇ ગયો હતો.. જોડેના બીજા મંડપ આડાચક તાણ્યા હતા. તેમાં રાજાનો ઝનાનો અને બીજી આબરૂદાર સ્ત્રીઓ બેઠી હતી. હરિ-

કાર્યની શરૂઆત પહેલાં રાજગુરૂ જયદેવ શર્માએ હરિફાઇની શરત કહી સંભળાવી કેઃ–“ મેદાનમાં જમીનપર નાખેલાં લીંબુને દોડતે ઘોડે ભાલાની અણીએ વિંધી લઇ લેવું. તે લઇને સૌથી પહેલાં આવનારને ઈનામ મળશે” હરિફાઇની શરત જાહેર થઈ, સર્વે યુવકો પોતપોતાના ઘોડાપર તૈયાર થઇ હાથમાં ભાલાં લઈ આજ્ઞાની રાહ જોતા ઉભા, આજ્ઞાનો ઘંટ થયો. પવનવેગે ઘોડાં દોડયાં. કોઇ પડયા, કોઇ પછડાયા, કેટલાકના દાવ ખાલી ગયા, કોઇનાં ઘોડાં ભડકયાં ને જુદીજ દીશા તરફ દોડયાં ઘોડાપરથી સ્વાર પડે. જોવા આવનાર ખુશી થાય તાળીઓ પડે આખી મેદની ખડખડાટ હસી પડે.

ઓઢોરાજ તો અધવચ્ચ પડયા. અને જખરાનું ભાલું અણીને વખતે હાથમાંથી સરીને ભોંયપર પડયું.

યુવરાજ રાખાયતને લઈ હંસલો ઊડયો. પેટ જમીન સાથે ઘસડાય એવી ફાળો ભરતો હંસલો રાખાયતને લઈ મેદાનના મધ્યમાં આવી પહોંચ્યો. મધ્યમાં આવતાંજ અણીદાર ભાલું ફાવતાદાવે લીંબુ પર ઝીકયું, ઝડપ ભાલું ઉપડયું. સોનાની ચકલી ભાલાને માથે બેઠી હોય તેમ લીંબુ શોભવા માંડયું. તાળીઓના અવાજ સાથે ચારે તરફની મેદનીમાંથી શાબાશ, શાબાશના પોકારો થવા લાગ્યા. પોતાના માલીકને વિજયમાળા પહેરાવી હંસલો પાછો ફર્યો. રાખાયતે હંસલાની ડોક વહાલભર્યા હાથે થાબડી વીરત્વ એ દૈવી શક્તિ છે તેના પ્રત્યે દુશ્મનને પણ માન હોય છે. વીરને સૌ કોઇ ચાહે છે. જોવા મળેલાં સર્વેના મુખપર આનંદની ઝલક છવાઇ ગઈ......ચકવાળા મંડપમાંથી કેટલીક કુંવારી પ્રેમભરી આંખો રાખાયતને ધારી ધારીને નીરખી રહી હતી. ત્યારે રાણી અમરાબાઈની આથી જુદીજ સ્થિતિ હતી. રાખાયતનો વિજય થયેલો જોઈ અંતરમાં સળગી ઉઠી મોઢું

દીવેલ પીધા જેવું કટાણું કર્યું. રાખાયતનો વિજય ઓરમાન મા સાંખી શકી નહિ. નિરૂપાયે બેસી રહી. રાખાયતને રાજ તરફથી શેલા શિરપાવ મળ્યાં. રાજા મિયાત બાબરીઆએ પોતાની પાછળ ગાદીના વારસને આજેજ જોયો. અને જાણ્યું કે બાબરીઆના વંશમાં પણ આવા સિંહ પાકે છે. બીજા સર્વે હરિફો રખાયતને શાબાશી આપતા પોતપોતાને સ્થળે ગયા. રાણી અમરાબાઇને તે રાત્રે ખાવું ન ભાવ્યું. નિંદ્રા ન આવી.

રાખાયતની માતા કલાબાઇને કેટલો આનંદ થયો હશે !

× × ×

" બાનડી ધેંમો હજી કેમ જણાયો નહિ. " પોતાની મદદગાર દાસી કીશોરીને રાણી અમરાબાઇએ પ્રશ્ન કર્યો.

" બા સાહેબ ધેંમો હમણાં આવશે આજનો દાવ એ નહિ, ભૂલે " બાનડીએ ખુલાસો કર્યો.

ધેંમો કીશોરી બાનડીનો નાનો ભાઈ થાય. રાણી અમરાબાઇના કાળા કરતુકનો મદદગાર મિયાત બાબરીઆનો હજુરીઓ રાજકારસ્થાનનો કીડો.

કીશોરીની સલાહથી અમરાબાઈએ ધેંમાને પોતાનો મદદગાર બનાવ્યો હતો. ધેંમો અમરાબાઈના રૂપમાં આંધળો થયો હતો. અમરાબાઇ યુવરાજને મારી નાખવા ધેંમાની મદદ માગતી હતી. ત્યારે ધેંમાનું મનોરાજ જુદાજ રંગમાં હતું. રાખાયતને મારી અમરાબાઇને વશ કરી મિયાત બાબરીયાને ઠેકાણે કરી રાજા થવાના તરંગમાં ધેંમો રમતો હતો.

" ધેંમા ગઈ કાલે કેમ ન આવ્યો મેં તારી ઘણી રાહ જોઈ " રાણીએ ધેંમાને પૂછ્યું.

" બા સાહેબ કાલે બાપુની તહેનાતમાંથી નવરાશ મળીજ નહિ " ઘેંમાએ ટુંકો ખુલાસો કર્યો.

" ઘેંમા ! ! તું એક વિશ્વાસુ અને ભરોસાદાર નોકર છે. તેથી તારા આગળ અંતર ઉઘાડું છું. જોજે હોં મોં બહાર વરાળ ન જાય ! " અમરાબાઇએ ઘેંમાને હાથ કરવા પ્રથમ સોગટી ફેંકી.

" અરે બા ! સાહેબ, આ ઘેંમાને આપ શું સમજો છો ! માણસ મારીને અહીં દટાય તોએ ઘેંમાના મોં બહાર વાત તો શું પણ વરાળ પણ ન જાય. ઘેંમાની ચામડી ઉતરે પણ ઘેંમો મગનું નામ મરીજ કહે. મગન કહે. " ઘેંમાએ વિશ્વાસ બેસાડવા દાવ ખેલ્યો.

" તો તું એક કામ ન કરે ? " રાણીએ કહ્યું.

" આપના વચને આ કાયાના કકડા થઈ જાય તોપણ આ ઘેંમો પાછો ન પડે. " ઘેંમાએ કહ્યું.

" પેલી રાંડનો છોકરો રાખાયત ગાદીનો વારસ છે. રાજા ન હોય તો એનેજ ગાદી મળે, ત્યારે આપણી બુરી દશા થાય ! અને મારા સુખમાં એ કાંટો ખટકયા કરે છે. એનો નાશ કરવા તારી મદદની જરૂર છે એ ઠેકાણે થાય તો મને નિરાંત મળે બોલ એ કામ તારાથી થશે ? રાખાયતના બળની તો તને ખબર હશેજ ? હિંમત હોય તો હામ ભીડજે. " રાણી અમરાબાઇ એ પોતાના અંતરની વાત કહી.

" આપ બે ફિકર રહો, હું મારા સાથીદારોને લઈને આજ રાત્રેજ એને ઠેકાણે કરીશું એ બળવાન હશે તો એકનું ઓસડ બે. " ઘેંમાએ પોતાની હિંમત જણાવી.

" તો તને આ કામમાં રૂ૦ બે હજાર આપીશ. " રાણીએ લાલચ બતાવી.

" આ ઘેંમો રૂપિયાનો ભૂખ્યો નથી. પણ " ..... એમ આગળ

બોલવા જાય છે ત્યાં ગભરાતી દોડતી બાનડી કીશોરી આવી. " બા સાહેબ, ગજબ થયો. બાપુ પધારે છે."

રાણી ઝડપથી ઉભી થઇ દીવાનખાનામાં જઈ બેઠી.

ઘેંમો ગભરાયો. " જો રાજાની નજરે ચઢયો તો આજે સોએ વર્ષ પુરાં થયાં " પરન્તુ રાજકાજમાં રીઢો થયેલો ઘેંમો. બીજે દરવાજેથી લપાતો છુપાતો અમરાબાઈના મહેલની બહાર-પસાર થઈ ગયો.

રાજા આવ્યો. ગાદીપર બેઠો રાણી ઉઠી ઉભી થઇ તેમના સામે જઈ બેઠી.

" રાણી એક વાતમાં તમારી સલાહ લેવાની છે. સોનગઢનો આયર લખમણ પોતાની દીકરી રખાયતને આપવા ઇચ્છે છે. તેનાં માણસો શ્રીફળ રૂપિયો લઇને આવ્યાં છે. તો તે લેવો કે કેમ ? " રાજાએ રાખાયતના હીતેચ્છુને વિચારણા જણાવી મત માગ્યો.

આ શુભ સમાચાર સાંભળી રાણી બોલી " હે શું રાખાયતને-પરણાવવો છે. અને મારા ઓઢા—જખરાને મંદિરમાં બેસાડવા છે ? પહેલાં શ્રીફળ ઝાલે ઓઢો ને ઝખરો. પછી બીજી વાત, પ્રથમ રખાયતની વાત કરતાં શરમાતા નથી ? શા હેતના ઉમળકા આવે છે ? તેનાજ હાથે કોઈ દિવસ ગરદન કપાવશો ! ગાદીનો લોભી તમને મારશે અને અમને રઝળતાં કરશે. હું બોળી તમને ખરૂં કહું છું તે તમને નહિ ગમે, પણ પાછળથી પસ્તાવો થશે ત્યારે સમજાશે—" એમ કહી ગળગળી થઈ ગઇ.

આંખોપર મોહનાં પડ ચઢી ગયેલા. રાજાને ખરી વાત ન સમજાઇ. પારકી આંખે જોનારને કયાંથી સમજાય ! ! સોનગઢથી આવેલાં માણસોને ના કહેવી એવો નિશ્ચય કરી રાજા ઉઠયો.

બીજે દિવસે સંધ્યાકાળ થવાનો વખત–આભમાં–રંઝયું કુંઝયું વળી ગઇ છે. દેવમંદિરની ઝાલર પર ડંકા પડુ પડુ થઈ રહ્યા છે, તે વખતે થાનકંડોરણાના રણવાસમાંના એક એકાંત ઓરડામાં બે વ્યક્તિઓ ચૂપકીથી વાતો કરી રહી છે. વાંચકોએ આ વ્યક્તિઓને ઓળખી હશે ? તે આપણાં પરિચિત અમરાબાઇ અને ઘેંમો હતાં.

"ઘેંમા, તું રૂપિયાની લાલચ નથી રાખતો તો પછી બીજી શી ઈચ્છા છે ?" અમરાબાઈએ પ્રશ્ન કર્યો.

"હું પૈસાનો ભૂખ્યો નથી પણ તમારી રૂપાળી કાયાનો ભૂખ્યો છું." ઘેંમાએ હિમંતથી પોતાની પાપી વાસના જાહેર કરી.

"ઘેંમા મોં સંભાળ ! ! હું રાજરાણી છું. તું હલકો–નોકર છે. બોલતાં સંભાળજે ધડથી ડોકું જુદું થશે" રાણીએ ભય બતાવ્યો.

"તો આ છુપો ભેદ ખુલ્લો થશે. તમારી ધારણા ધૂળમાં મળશે તમારા બુરા હાલ થશે." ઘેંમાએ ભયનું ભવિષ્ય જણાવ્યું

રાણી મુઝાઈ "બાનડી અને ઘેંમો ફુટી જશે તો પોતાને વગર મોતે મરવું પડશે." સાપે છછુંદર ગળ્યા જેવી, દશા રાણીની થઈ. ખોટી મનેચ્છાઓ પાર પાડવા પાપના ભાગીદાર થવું પડે છે પાપ કરવું પડે છે, એનું ભાન રાણીને થયું પરન્તુ હવે ઉપાય રહ્યો નથી તેથી ભવિષ્યનો વિચાર કરી સ્મિત થઈ જરા નખરાવી રાણી બોલી "ઘેંમા હું તો તારૂં પાણી જોતી હતી કે તું કેટલામાં છે !"

ઘેંમો સમજી ગયો કે દાવ સફળ થયો છે.

એક પાપને છુપાવવા અનેક પાપો કરવાં પડે છે. એક–પાપી વાસના કેટલી અધોગતિ કરાવે છે. એક દુર્ગુણ અનેકને લાવે છે. ખોટી મહેચ્છાઓ મનુષ્યત્વને હણે છે.

અમૂલ્ય શિયળથી રાણી અમરાબાઈ ભ્રષ્ટ થઈ—રાજાનાં પગ-રખાં ઉપાડનાર, એક ગોલાના બાહુપાશમાં અમરાબાઈની પવિત્ર કાયા જઈ પડી. અમરાબાઇ નીતિના પગથીએથી ઉતરી અનીતિના ખાડામાં પડી—કાળાં હૃદયનાં કાળાં કૃત્યો પર કાળરાત્રીનો શ્યામ પડદો ફરી વળ્યો.

રાખાયતના સદ્દગુણોની સુવાસ થાનકંડોરણામાં ફેલાઈ ગઈ. રાજના કેટલાક ભાયાતોની ઇચ્છા થઈ કે. રાજામિયાત બાબરીઓ પોતાની હયાતીમાંજ રાખાયતને ગાદીએ બેસાડે તો ઘણું સારૂં. એક બે જણે વાતમાં ને વાતમાં રાજાને કાને આ વાત નાખી જોઇ પણ પોતાની હયાતીમાં રાખાયત રાજા થાય એ મિયાત બાબરીઆને રૂચ્યું નહિ. રાખાયત ઘણો વખત પોતાના ગુરૂદેવને ત્યાંજ ગાળતો. ત્યાં તેના બીજા મિત્રો આવતા. બધા ભેગા મળીને બેસતા ગુરૂ તેમને કંઈ નવું નવું કહી સંભળાવતા. આ પ્રમાણે આનંદમાં કેટલાક દિવસ રાખાયતે ગાળ્યા.

તે સવારમાં વહેલો ઉઠતો ? કસરત કરી તેલ ચોળી સ્નાન ધ્યાન કરી, હંસલાને લઈ ફરવા જતો. બપોરે જમી થોડીવાર આરામ લેતો અને સાંજના ફરવા જતો. દરરોજ સાંજે રાખાયત ગામ બહાર ફરવા જતો ત્યાંથી દેવદર્શન કરી ગુરૂને ત્યાં થઈ રાત્રે ઘેર આવતો પુત્રની આ રીતભાતથી કલાબાઈ વાકેફ હતાં.

કારતક મહીનાના અંધારીઆનો એક દિવસ રાખાયત નિયમ પ્રમાણે દેવદર્શન કરી ગુરૂને ત્યાં ગયો. બે ચાર મિત્રો પણ ગુરૂને ઘેર આવી બેઠા હતા. એકલવ્યની કથા વિષે ચર્ચા થતી હતી. તેથી દરરોજના કરતાં આજે ઘેર જતાં સહેજ વિલંબ થયો. શિયાળાની રાત્રી લોકો ઘરમાં પેસી. વહેલાં બારણાં બંધકરી દે. તેથી રાત વધારે

ગઈ છે એમ સમજાય છે. ગુરુનું નિવાસસ્થાન ગામના છેવટના ભાગમાં હતું રાખાયતનું મકાન ગુરુના નિવાસસ્થાનથી જરા દૂર હતું. અને ઘેર જતાં રસ્તામાં એક સાંકડી ગલી આવતી હતી, અંધારી રાત્રે સાધારણ માણસને તેમાં થઇને એકલાને જવું હોય તો ભય જેવું ખરૂં. રાખાયત એવા ભયને ગણે તેવો નહોતો.

ઘેંમાએ અને તેના ત્રણ સાથીદારોએ ઘણા દિવસથી રાખાયતનો પીછો લીધો હતો. પરન્તુ આજસુધી તેમના દાવ પાંસરા પડયા નહોતા. આજે લાગ સાધી, ઘેંમો પોતાના સાથીદારો સાથે ગલીમાં સંતાઈ રહ્યો હતો.

ગુરુને ઘેરથી સર્વે ઘેર જવા ઉઠયા. સૌ સૌને રસ્તે પડયા. રખાયત પોતાના ઘર તરફ જવા સાંકડીગલીમાં પેઠો, નિડરપણે રાખાયત પસાર કરી રહ્યો છે કે જેને ભયનું લેશપણ ભાન નથી.

અર્ધીગલી પસાર કરી એટલામાં બે જણ ઓચિંતા પાછળથી આવ્યા અને બે આગળથી આવ્યા. ચારે જણાએ સાથે હુમલો કર્યો. પાછળથી આવનારે રાખાયતના મોઢાપર લુગડાનો ડુચો દબાવી દીધો બે જણે હાથ પકડી રાખ્યા. એક જણે પગ પકડી લીધા રાખાયતે ઘણું બળ કર્યું. પણ આ ચાર જણના ઓચિંતા–હુમલા આગળ એક જણનું બળ શું કામ કરે ?

ગલીની બહાર એક ખંડીએર હતું તેમાં રાખાયતને તે દુષ્ટો ઉંચકી ગયા ત્યાં લાવી તેના હાથપગ સજ્જડ બાંધ્યા. પછી એક મોટી પછેડીમાં રખાયતની ગાંસડી બાંધી. ઉંચકી લઇ ચાલ્યા.

ઘડી બે ઘડી થઈ, ઘણો વખત થયો. હંમેશના કરતાં ઘણું મોડું થયું પણ રાખાયત ઘેર આવ્યો નહિ. માતા કલાબાઇને ફિકર થવા માંડી. મનમાં વહેમ પડયો કે કોઇએ દગો તો નહિ કર્યો

હોય પોતાની ઘરડી દાસી હતી તેને મોકલી નજીકમાં રહેતા રાખા-યતના મિત્ર દેસળજીને બોલાવ્યો.

" માતાજી, મને કેમ બોલાવ્યો ? શું કંઈ કામ પડયું છે? ભાઈ ! રાખાયત હજી સુધી ગુરૂજીને ઘેરથી નથી આવ્યા ?" આમ ઉપરાઉપરી. દેસળજીએ માતા કલાબાઈને પ્રશ્નો પૂછ્યા " બાપ દેસળ આજે હજી મારો રાખાયત ઘેર નથી આવ્યો, ગુરૂને ઘેર જઇ તપાસ કરી આવ દીકરા ! ! " કલાબાઇએ–દેસળને સૂચના કરી.

" ગુરૂજી, ગુરૂજી રાખાયતભાઈ હોયતો જલદી મોકલો. માતા ઘેર રાહ જુએ છે." દેસળે ગુરૂના આંગણામાં ઉભા ઉભા કહ્યું.

ગુરૂજી સુદેવ શયન કરવાની તૈયારીમાં હતા. દેસળના સાદે ઉઠીને બહાર આવ્યા અને બોલ્યા.

" રાખાયત અહીંતો નથી. તેને ઘેર ગયે ઘણીવાર થઈ હજી રાખાયત ઘેર નથી આવ્યો ! તે છોકરો બીજે કયાંયે જાય તેવો નથી" ગુરૂને ચીંતા થઇ. વસ્ત્ર પહેરી દેસળ સાથે રાખાયતના મકાને આવ્યા.

ગુરૂને એકલા આવેલા જોતાં કલાબાઈનું હૈયું હાથ ન રહ્યું. તેમનાથી રડી જવાયું. તેના આત્માએ સાક્ષી પુરી કે રાખાયત અમરાબાઇના દગામાં ફસાયો છે. " ગુરૂદેવ મારૂં રાંકનું એકનું એક રત્ન રાખમાં રોળાયું. ઓ ભાઈ રાખાયત તું કયાં હશે ? દીકરા તું ગયો ! " કૃષ્ણ માટે માતા જસોદાનો વિલાપ તેવો રખાયત માટે માતા કલાબાઈનો વિલાપ.

વિલાપ સાંભળી–વૃદ્ધ શરીરે કલાબાઈને રડતાં જોઈ ધીરવીર ગુરૂ પણ નરમ થઈ ગયા. ગુરૂએ ઘણું સમજાવ્યું પણી કલાબાઈનું

પુત્ર વાત્સલ્ય હૃદય કેમ માને ? સુદેવજીએ જાણ્યું કે સવાર થતા થતામાં કલાબાઈનું હૃદય ફાટી જશે. તેથી તેમણે કહ્યું. "માતા તમારા રાખાયતને લીધા સિવાય હું થાનાકંડોરણાની ભૂમિમાં પગ નહી ધરૂં. સૂર્યોદય થતા સુધી આપ ડરશો નહિ. પ્રભુ સ્મરણ કરો. તમારા પુત્રને ઊની આંચ પણ નહિ આવે ! "

ગુરૂ સુદેવજી વૃધ્ધ છે. શિષ્ય તરફના અનહદ પ્રેમે અંધારી રાત્રે ઠંડીના સમયે, રાખાયતને શોધવા જવા તૈયાર થયા. પોતાના બે ત્રણ શિષ્યો જે રાખાયતના મિત્રો હતા તેમને પોતાની સાથે લીધા હતા. ધનુષ્યબાણ, તરવાર, ભાલો વગેરે હથિયાર ગુરૂએ ધારણ કર્યાં. શિષ્યોએ હથિયાર બાંધ્યાં, પોતાને ઘેરથી ગુમ થયેલો રાખાયતને પૃથ્વીના પડમાંથી શોધી લાવવા ગુરૂ નીકળ્યા.

નદીને નાળાં જોઇ વળ્યા. મશાલો સળગાવી કુવા—વાવ તપાસ્યાં. ખાડા ટેકરા શોધી વળ્યા, પણ કોઇ ઠેકાણે રાખાયત ન મળ્યો. શોધતાં શોધતાં આખી રાત્રી વ્યતીત થઈ ગઇ, પરોઢ થવા આવ્યું શોધનારા ફરી ફરીને થાકયા પણ રખાયતનો પત્તો ન મળ્યો ગુરૂની હીંમત ઘટવા માંડી

સૂર્યમહારાજ પૂર્વ દીશામાં ક્ષિતિજમાં ડોકીઆં કરી રહ્યા છે તે સમયે થાનાકંડોરણાથી ચાર ગાઉ દૂર આવેલા—પીલુડીના વનમાં ઘેંમો અને તેના સાથીદારોએ રખાયતને એક ઝાડના થડે બાંધ્યો છે. હાથ પગના બંધ બાંધેલાજ છે, મોં પર લુગડાનો ડુચો પણ છે, તે દૂર કર્યો નથી. ફક્ત નાકવડે શ્વાસ લેવાય એટલી–સગવડ રાખી છે. પાસે ઉઘાડી તરવાર હાથમાં લઇ ઘેંમો ઉભો રાખાયતને સંબોધી કહે છે.

" રાખાયત, તારા જીવનની આ છેલ્લી ઘડી છે. હવે યમરાજના દરબારમાં જવા તૈયાર થા. તારા પ્રભુને યાદ કરી લે અત્યારે અહીં તને બચાવે એવો કોઈ છે ? હોય તો મદદ માગી લે."

રાખાયતનાં ક્રોધથી રક્ત થયેલાં અંગાર વરસાવતાં ભવ્ય નેત્રો જવાબ આપી રહ્યાં છે કે; " મને એક વખત છુટો કર્યા પછી જો કે મરણની છેલ્લી ઘડી કોની છે ? ઈશ્વરે મને બચાવવા ધાર્યો હશે તો તારા જેવા તુચ્છ મનુષ્યથી શું થવાનું છે "

ઘેંમાના ત્રણ સાથીદારો જરા દૂર બેઠા છે. ઘેંમો તરવાર ઉગામી જેવો રાખાયત પર ઘા કરવા જાય છે તેવુંજ સનનન કરતું એક તીર આવ્યું ઘેંમાના ઊંચા થયેલા હાથના કાંડામાં પેસી ગયું. તરવાર દૂર જઇ પડી. બીજું તીર આવ્યું. ઘેંમાની ડાબી પાંસળી વીંધી જમણી તરફ નીકળ્યું. ઘેંમો વિંધાઈ ગયો. " ઓ બાપરે " કરતો ધરણીપર ઢળી પડયો. દૂર રહેલા ઘેંમાના સાથીદારોએ ઘેંમાની " ઓ બાપરે " એવી બૂમ સાંભળી ઘેંમા તરફ વળ્યા. ત્રીજું એક તીર આવ્યું અને એક જણના મર્મસ્થાનને છેદી પાર નીકળી ગયું. તે પણ યમરાજના દરબારમાં પોતાના દુષ્કૃત્યોનો જવાબ આપવા ઘેંમાની સાથેજ ગયો. રહ્યા હવે બે જણા તે ગભરાયા તેમણે જાણ્યું કે રાખાયત માટે મદદ આવી પહોંચી તેથી નાસવા લાગ્યા, પરન્તુ બે કાલજ્વર તીર આવ્યાં. તે વડે તે બન્ને પણ હણાયા. તે પણ કાલને શરણ થયા. " જેવું કરે તેવું પામે ને વાવે તેવું લણે" પાપીઓને તેમના કૃત્યોનો બદલો મળ્યો. આ અણધારી મદદ માટે રાખાયતે પ્રભુનો પાડ માન્યો તેનું ધ્યાન ધરતો આંખો બંધ કરી ઝાડ સાથે બંધાયેલો ઉભો છે.

ગુરૂ સુદેવજી દોડતા ત્યાં આવી પહોંચ્યા. શ્વાસ તો માતો નથી. વૃદ્ધ શરીરે આખી રાત જંગલમાં ભમ્યા કાંટાથી શરીરે ઉઝરડા થયા છે. ગુરૂ આવ્યા, રાખાયતે આંખ ઉઘાડી તેમને જોયા બનતી ઉતાવળે પાસે પડેલી તરવાર વડે રાખાયતના બંધ કાપી નાખ્યા. રાખાયતને છૂટો કર્યો. પુત્ર પિતાને ભેટે તેથી અધિક સ્નેહ વડે રાખાયત ગુરૂને ભેટી પડયો. ગુરૂના હર્ષનો પાર ન રહ્યો. રાખાયતના બીજા મિત્રો આવ્યા ભેટયા. આવા વૃદ્ધ શરીરે અથાગ શ્રમ મારા માટે લીધો. આવે અણીને વખતે જીવતદાન લીધું. રાખાયત ગુરૂને ભેટતાં ભેટતાં રડી પડયો. તેનું મન લાગણીથી ભરાઇ ગયું. રાખાયત આજેજ પહેલ વહેલો રડયો. ગુરૂની આંખોમાં પણ હર્ષાશ્રુ ભરાયાં સર્વે જણા થોડીવાર ત્યાં બેઠા. રાખાયતના હાથ પગે બંધ બાંધ્યા હતા. તેના કાપા પડયા તે ભાગ ઉપર લોહી ફરવા માંડયું. બધા શહેર તરફ વળ્યા.

ઘેંમો અને તેના સાથીદારોનાં મડદાં પડયાં રહ્યાં. તેમનાં મડદાંને શિયાળવાં અને ગીધોએ ફોલી ખાધાં ઘેંમાને વીંધી નાખનાર કોણ હશે ? તે સમજાય તેવુંજ છે. દૂરથી ગુરૂએ રાખાયતપર પડતું ખડગ જોયું અને તે સાથે શરસંધાન થયું. ગુરૂદ્રોણનું બાણ પાછુ ફરે તો ગુરૂ સુદેવનું તીર પાછું ફરે. સાઠ વર્ષની ઉંમરના કાંઠે ઉભેલા ધોળા વાળવાલા ગુરૂની પ્રચંડ કાયા, લોઢાના થંભા જેવી ભૂજાઓ એક એક ભૂજામાં બબ્બે મલ્લોનું બળ હતું. બાણ છુટયું, ઘેંમો ડાબા જમણી વિંધાઇ ભોંયપર પડયો. બીજા શિષ્યોએ બીજા ત્રણને માર્યા ઘેંમાના વિચારો હવામાં ઉડી ગયા ને ઘેંમોએ ઉડી ગયો.

પાણી વિના માછલું તરફડે તેમ પુત્ર વિયોગે ઝુરતી કલાબાઈ આખીરાત તરફડી, ઝુરીઝુરીને રાત વિતાડી,

સવાર થયું. રાખાયતને દૂરથી આવતો જોઇ માતા—શક્તિહીન શરીરે સામી દોડીને લેવા ગઈ. પુત્રને હૃદય સાથે ચાંપ્યો હર્ષનાં આંસુ આવ્યા. "મારા બાપ તને ઘણી ખમા. મારી આંધળીની આંખરૂપ દીકરા તારો પ્રભુ બેલી. બેટા આવ તારાં ઓવારણાં લઉ" ઓવારણાં લઈ હેતાળ હાથ રાખાયત પર ફેરવ્યો. માના જીવમાં જીવ આવ્યો. રાખાયતે વીતક વાત ટુંકામાં કહી સંભળાવી.

"આ ગુરૂદેવે આજે જીવતદાન દીધું. એમ માને જણાવ્યું." ગુરૂ નહોત તો માતા તમે મારૂં મોં દેખવા ન પામત" કલાબાઇ ગુરૂના પગે પડી ઉપકાર માનવા લાગી. મારા બાળકને જીવતદાન આપનાર ગુરૂદેવઃ ! ! પ્રભુ તમારૂં ભલું કરશે. હું ગરીબ આપને શું આપી બદલો વાળું. ! હૈયાની આશિષ સિવાય મારી પાસે અત્યારે કંઈ નથી." ગુરૂદેવજી કહે "માતા ઈશ્વરનો ઉપકાર માનો તેણે અણીને વખતે પહોંચી અમારી લાજ રાખી. રાખાયત ન મળ્યો હોત તો આ બોંય મને ભારે થઇ પડત. પ્રભુની ઇચ્છા પ્રમાણે બધું બને છે. તેના હુકમ સિવાય કોઇથી કોઇનો વાંકો વાળ થઈ શકતો નથી. દરિયામાં ડુબેલાં. કુવામાં પડેલાં, નદીમાં તણાઈ ગયેલાં ઝેર ખાધેલાં, ઘરમાં દટાઈ ગયેલાં. સર્પદંશ થયેલાં, બળી ગયેલાં વગેરે પણ જે પ્રભુની કૃપા હોય છે તો સજીવન થાય છે. આથી સૃષ્ટિનો કર્તા હર્તા તેજ છે. તેની મરજી સિવાય એક પાંદડું પણ હાલી શકતું નથી મેં કર્યું એ અજ્ઞાનતાનું કારણ છે. માટે પ્રભુ ભજન કરો" એમ શાન્તવન આપી ગુરૂ પોતાના નિવાસસ્થાને ગયા. અને આ બીના જાહેર નહિ કરવી એવી સૂચના આપતા ગયા. તો પણ આ બાબતની ઝીણી ચીણગારીઓ ઠેઠ રાણી અમરાબાઈ સુધી ઊડીને પહોંચી.

'ચોરની મા કોઠીમાં મોં ઘાલીને રડે' તેમ કીશોરી મન, માંજ રડતી. રાણીની દીલગીરીનો પાર ન રહ્યો.

મોંઘા શિયળનો નાશ થયો. પોતે નીતિભ્રષ્ટ થઈ મદદગાર હણાયો. અને રાખાયત બચ્યો. આ બધી મુંઝવણ તેને અકળાવી મૂકી અંતરની પીડા કોઇને કહેવાય એમ નહિ હોવાથી મનના ઉભરા મનમાંજ સમાવી દીધા.

પોતાના કાર્યમાં નિષ્ફળ થયેલી રાણી અમરાબાઈ થંભી જાય કે ગભરાઇ જાય તેવી ન હતી, તેની ઈર્ષાનો તંતુ આથી વધારે બળમાં આવ્યો.

હવે આ કામમાં કોની મદદ લેવી! કોણ મદદ કરશે! આજુ-બાજુ નજર ફેરવી જોઇ, કોઇ મદદ કરે તેમ છે! એક ઠેકાણે નજર કરી અને તે પોતાનો, માનો જણ્યો ભાઈ વિક્રમસી.

પોતાના પીયર અહીંથી વિક્રમસીભાઇને બોલાવવો અને તેની સહાય વડે રાખાયતનો ઘાટ ઘડવા રાણી અમરાબાઇએ પાછી હીંમત બીડી.

પ્રકરણ ૫ મું

દુષ્ટ વિક્રમસીનાં કાવત્રાં

જમવાનો વખત થયો છે. પાટલા ઢળાયા, થાળી પીરસાણી. રાજા મિયાત બાબરીઓ જમે છે. કેળના ગર્ભ જેવા અમરાબાઇના હાથમાં રૂપાની ડાંડલીવાળો વીંઝણો હવામાં ડોલી રહ્યો છે. રાજા મિયાત બાબરીઓના મન ઉપર પતિ ભક્તિની ઊંડી છાપ પાડવા રાણી વા ઢોળી રહી છે. પ્રસંગ સાધી રાણીએ વાત છોડી.

"તમે તો રાજકાજમાંથી નિવૃત્ત થવાના નહિ અને મારા કુંવરોની દેખરેખ રાખવાનાએ નહિ." રાણીએ કહ્યું.

"ઓઢોરાજ અને જખ્ખોરાજ હવે મોટા થયા છે. તેમની હવે શી દેખરેખ રાખવી છે?" રાજાએ કહ્યું.

"તમને એમ સમજાય. હજી તો એ બાળક કહેવાય. રાજમાં તેમના માથે દિવસે દિવસે નવા દુશ્મન ઉભા થતા જાય છે મને કોઇ નોકર ચાકર ઉપર વિશ્વાસ આવતો નથી—કદાપિ દગો થાય તો મારે માથે દુઃખના ડુંગરા ડોલે મારા ભાઈ વિક્રમસીને અહીં તેડાવી કુંવરોના રક્ષણનો ભાર એમના માથે મૂકાય તો મારી ફિકર ટળે! મારી ચિંતા ઓછી થાય!" ચાણકયની નીતિનો પૂર્ણ પાઠ ભણેલી રાણીએ સમય સાધી પોતાને મનગમતા ઘુંટડા રાજાને ગળે ઉતરાવ્યા.

"એવો ભય રાખી નકામી ચિંતા કરી દુઃખી થવાની જરૂર નથી તમારી ઇચ્છા છે તો અર્ડીસેથી વિક્રમસીને બોલાવવાનો બંદોબસ્ત કર્યો છે" રાણીના ભેદને ન સમજનાર રાજાએ સીધો જવાબ દીધો.

× × ×

અર્ડીસેથી વિક્રમસી આવ્યા. સાળો બનેવી મળ્યા, ભેટયા. એક બીજાને ખુશીના સમાચાર પૂછાયા.

મામો ભાણેજ મળ્યા બાદ ભાઈ બ્હેનને મહેલ મળવા ગયા. ભાઇને દેખી બેનની આંખ ઠરી. બ્હેને ભાઈની ખબર અંતર પૂછી, પિયરીઆંના સમાચાર પૂછ્યા. ભોજાઇઓની ખબરો પૂછી.

છેવટે બ્હેનના અંતરના કાળા પડદા ઉઘડ્યા. ભાઇ, બ્હેનના કાળા કૃત્યોમાં ભાગીદાર થયો, કાવતરાની ધુંસરી વિક્રમસીને ગળે

સુકાઇ. એકજ માતાના ઉદરમાં આળોટેલાં ભાઇ બ્હેનના વિચારો પણ એક થયા.

બ્હેને ગુંથી આપેલી કપટની જાળ બિછાવી. નિર્દોષ રાખાયતને ફસાવવા વિક્રમસીએ બીડું ઝડપ્યું તે તૈયાર થયો. અને આજથી રાખાયત પર છુપી દેખરેખ રાખવાની ફરજ વિક્રમસીને ગળે વળગી.

થોડા સમયમાં વિક્રમસી રાજકાજની કેટલીક બાબતોથી માહિતગાર થયો. બહારથી મામો–ભાણેજનો રક્ષક ગણાતો અને અંદરખાનેથી રાજની તિજોરીમાંથી નાણાં ઉઠાવતો. અમરાબાઈ રાણી, ભાઇને મોં માગ્યા પૈસા આપતી. તે નાણાં છુપી રીતે અહીંથી પહોંચી જતાં.

બ્હેનનાં ભેદ ભર્યા કરતુકોમાં ભાગ લેવા અવનાર ભાઇ વિક્રમસીના જીવનની જરાક ઝાંખી કરીએ ! !

વિક્રમસીના પિતાનું નામ દેવો આયર, દેવો આયર કુકાવાવમાં પોતાના કુટુંબ સાથે રહેતો, દેવાને વસ્તારમાં વિક્રમસી દીકરો અને અમરાબાઈ દીકરી હતાં. દેવો માલધારી હતો. જમીન પણ ઠીક હતી. ગામની વસ્તીમાં દેવો સુખી ગણાતો. નોકર ચાકર રાખી દેવો ખેતી કરાવતો.

દેવાને આંગણે રોજ ડાયરો જામે નિત્ય પાશેર અફીણ ઘોળાય. ભાટ ચારણોનો દેવા આયરને ત્યાં સત્કાર થતો. તેની કિર્તિ આજુ બાજુના ગામોમાં સારી ગણાતી.

રાણપુરના હાલોજી પરમાર ફાગણ સુદ પૂનમના ગ્રહણ પર સોમનાથ પાટણની જાત્રાએ જતા હતા. સાથે પચીસેક ઘોડાં ચાલીસ પચાસ માણસના કાફલા સાથે ગ્રહણ નહાવા સોમનાથની જાત્રાએ નીકળેલા કુકાવાવના પાદરે વિસામો કર્યો.

કુકાવાવના ચારણ હરદાનજીએ દેવા આયરને સમાચાર દીધા કે "દેવા આયર ઉતાવળો થા ! કુકુવાવના પાદરે રાણપુરનો ધણી વિસામો લે ને આપણી મેમાની ન પામે તો દેવા આયરની કિર્તિને ઝાંખપ લાગે."

કઢેલાં કેસરીઆં દૂધ તૈયાર થયાં દૂધના ઘડા ભરાવ્યા. સાકર બદામોના થાળ લીધા. દેવા આયરે પોતાના મિત્રોનો ડાયરો ભેળા કરી હાલાજીને આમંત્રણ દેવા પાદરે જઈ ઉભો.

"રાણપુરનો માલીક કુકાવાવના પાદરે ઝાડની છાયામાં વિસામો કરે ! આ આયરનાં ઝુંપડાં શા કામનાં છે ! આપ રસાલા સાથે મારે ઝુંપડે પધારો, મળશે તે મુઠી મઠ બાજરો દઈ આપની ખાતર કરીશ"

અતિ આગ્રહને લીધે હાલાજીથી દેવા આયરનાં આમંત્રણ પાછાં ન ઠેલાયાં !

હાલાજીને કુકાવવામાં ત્રણ ત્રણ દીવસના સુરજ ઉગ્યા અને આથમ્યા, દેવા આયરે અચ્છી મહેમાની કરી, મન ગમતાં ભોજનો આપ્યાં. તેમજ ઘોડાંને ઘાસ દાણામાં નાંખ્યાં. વધારે રોકાવાય તો ગ્રહણ ઉપર સોમનાથ પહોંચાય નહિ. તેથી હાલાજીએ ચોથે દિવસે રજા લીધી. રસાલો સોમનાથ પાટણના પંથે વળ્યો.

"દેવા આયર તમે અમારી બરદાસ ઘણી કરી છે. કોઈક દિવસ રાણપુર પધારજો જરૂર રાણપુર આવજો" એમ કહી હાલાજીએ પોતાની ઘોડી દોડાવી રસાલા ભેગી કરી દીધી.

× × × ×

કુકાવાવને માથે મેઘરાજા કોપ્યો ચોમાસાના અશાડ, શ્રાવણ ભાદરવો માસ ચાલ્યા. પણ આકાશમાંથી એક ટીપું પાણી ન પડ્યું. આખું ચોમાસું ગયું પરન્તું મેઉલો વરસ્યો નહિ. કુકાવાવને માથે

એ નમેરો થયો, અને લીલી વાડીયો સૂકાઇ ગઇ. નદી, તળાવનાં પાણી ખૂટી ગયાં જન જનાવર પાણી સિવાય તલખવા લાગ્યાં, ગાયો, ભેંસો, વગેરે ઘાસ વિના મરવા લાગ્યાં, ધાન વિના માણસો મરવા લાગ્યાં.

દેવા—આયર જેવા માલધારીનો આધાર તો કેવળ મે' ઉપર જ હોય, દુકાળે એના પશુ ધનનો કચ્ચરઘાણ વાળી નાખ્યો. જેટલું ધન હતું તેટલું ઢોરને ખવડાવી દીધું, કુકાવાવ ઉજ્જડ થવા લાગ્યું. જેને જ્યાં ફાવે ત્યાં જઈ રહેતું. દેવા આયરને ઉંબરે ભૂખમરો આવી ઉભો. "પોતાનું ચાર માણસનું કુટુંબ અન્નવિના લાંઘણ કરી મરી જશે—એ વિચાર દેવા આયરને થયો." આયર ગભરાયો. !

ગામનો ત્યાગ કરવાનો વિચાર કર્યો, પરન્તુ દેવો આયર કયાં જાય ! આયરરાણીએ સંભારી આપ્યું કે "રાણપુર જઈએ ! હાલાજી પરમાર તમારા મિત્ર છે. જરૂર આશરો દેશે. !"

પારકે ઘેર જઈ પેટ ભરવું. એ દેવા આયરને વસમું લાગ્યું "દુબળી વેળામાં મહેમાનીનો બદલો લેવા મન લલચાયું." દેવો આયર તેની સ્ત્રી, તથા દીકરો વિક્રમસી ચારેજણાં ચાલી નીકળ્યાં.

રાણપુરને પાદર પહોંચ્યા. દેવા આયરે આયરાણીને કહ્યું. તમે ત્રણ જણાં આ તળાવને કાંઠે બેસો હું દરબારગઢમાં જાઉં છું. હાલાજીનું મન કેવું છે તે જોઉં. મન ભાળીશ તો તમને તેડી જઇશ, નહિ તો અહીંથી આગળ ચાલી નીકળીશું."

દેવો આયર રાણપુરમાં ગયો. દરબારગઢે પહોંચ્યો. દરબારગઢની ડેલીએ બેઠાં બેઠાં હાલાજીએ મહેમાનને આવતો જોયો. દેવા આયરનો અણસાર આવ્યો. મનમાં થયું "દેવા આયરની આવી દશા ? વળી વિચાર આવ્યો. સઘળા દિવસો સરખા જતા નથી. એ માલધારી છે, દુકાળના વરસમાં એને પાયમાલ થતાં શી વાર? ત્યાં તો દેવો આયર નજીક આવ્યો. બરાબર ઓળખ્યો.

ડેલીમાંથી સામી દોટ કાઢીને દેવા આયરને હાલાજીએ બાથમાં

લીધો. મળ્યા, ભેટયા, પાસે બેઠેલાઓને હાલાજીએ દેવા આયરની ઓળખાણ પાડી.

હાલાજીએ પૂછયું, "એકલા કેમ ?"

"બધા પાદરે તળાવને કાંઠે બેઠાં છે" દેવા આયરે ખુલાસો કર્યો "અરરર ત્યાં બેસાડી રાખ્યાં. અરે કોઇ છે કે ?" કેમ બાપુ શો હુકમ છે ? દીતતા ભર્યા અવાજે પુછતો ખોડાજી હજુરી હાજર થયો. હાલાજીએ ખોડાને હુકમ કર્યો, "જાઓ વેલડું જોડાવી દેવા આયરના કુટુંબને ગામના તળાવપરથી તેડી લાવો."

દેવા આયરના કટુંબને માન સાથે ગામમાં તેડી લાવ્યા. તેમને રહેવા ઇલાયદા ઓરડા કાઢી આપ્યા. હાલાજી પરમારના આશરે દેવો આયર પોતાના કુટુંબ સાથે સુખમાં દિવસો ગાળવા લાગ્યો.

હાલાજીએ દેવાયતને પોતાના ભાઇની પેઠે રાખ્યો તેને કંઈ પણ ઓછું આવવા દીધું નહિ.

બીજું ચોમાસું આવ્યું. મે'–પાણી સારાં થયાં. ઘાસ–ચારો પુષ્કળ થયો. દેવા આયરે બે હાથ જોડી રજા માગી.

હાલાજી પરમારે ગાયો–ભેંસો આપી. રોકડા રૂપીયા આપ્યા ને ગાડું જોડાવી દેવા આયરને વિદાય આપી–કુકાવા પહોંચાડયો.

રાણુપુરમાં દેવો આયર જેટલો સમય રહ્યો તેટલા દિવસ બન્ને જણ બાપ–દિકરો રાણુપુરના દરબારમાં જઈ બેસતા. હાલાજીનો પ્રેમ વિક્રમસી ઉપર વધારે હતો. તેથી જતી વખતે હાલાજીએ દેવાયતને કહ્યું કે, "વિક્રમસીને અહીં રહેવા દો. રાજસભામાં તેની હોંશિઆરી વધશે. તેને અહીં ગમે છે" વિક્રમસી રહેવા ખુશી હતો.

વિક્રમસીને હાલાજી પાસે રાખી દેવાયત વગેરે–કુકાવાવ આવ્યાં.

દિવસના આઠે પહોર વિક્રમસી હાલાજી પાસે રહેતો વિક્રમસી રાજકાજમાં હોંશિયાર થયો. વિક્રમસી હાલાજીનો વિશ્વાસપાત્ર થઈ

પડયો. હાલાજીએ વિક્રમસીને ભણાવ્યો. રાજનું લખાણકામ વિક્રમસી કરતો.

હાલાજી વિક્રમસીને પેટના પુત્ર પ્રમાણે રાખતા. પોતાની પાસે બેસી જમાડતા. પોતે ખાય તે વિક્રમસીને ખવડાવતા. પોતાના જેવો પોષાક વિક્રમસીને પહેરવા આપતા. વિક્રમસીને એમ થતું નહિ કે હું પારકે ઘેર છું.

હાલાજીના ઓરમાન ભાઈ લખધીરજીએ રાજલોભથી લલચાઈ રૂપીયાની લાલચ આપી વિક્રમસીને ફોડયો. વિક્રમસીને અવળી મતિ સુઝી.

હાલાજીને લોહીની બે ઉલટી થઇ. તેમણે જાણ્યું કે—"દગો થયો છે. દગો કરનાર વિક્રમસીજ છે. હવે બચવાની આશા જ નથી. ઝેર રગેરગમાં પસર્યું છે."

હાલાજીની નાડીઓ તુટુતુટુ થઇ રહી છે—છેલ્લી ઘડીઓ ગણાય છે, તોપણ તેમના હૈયામાંથી વિક્રમસી માટેનાં હેત ઓછાં થયાં નહોતાં. અંતવેળાએ વિક્રમસીને મળવાની તેમણે ઈચ્છા જણાવી.

વિક્રમસીના અંતરમાં તો ભય હતો. પાપ તેને ડંખતું હતું. માણસ દુષ્કૃત્ય કરે છે પછી તેના મોં પરનું તેજ નષ્ટ પામે છે. તે બારીક અવલોકનથી જણાય છે.

કંપતા હૃદયે વિક્રમસી દીલનાડંખ છુપાવતો હાજર થયો. હાલાજીએ વિક્રમસી સામે જોયું, તેમની આંખોમાં સ્નેહ અને ઠપકાના રંગ જણાતા હતા. વિક્રમસીને ઉદ્દેશી લથડતા અવાજે તે બોલ્યા.

"વિક્રમસી ! તને મેં પેટના દીકરાની પેટે રાખ્યો છતાં તને કઈ બાબતનું ઓછું આવ્યું કે જેથી તેં આ પાપ કર્યું ? પૈસાની લાલચે તેં આ કામ કર્યું ? તને લલચાવનાર બસો પાંચસો આપશે. મને કહ્યું હોત તો એક બે ગામ આપત. તને દૂધ પાઇ ઉછેર્યો ને

છેવટે તું જ કાળો નાગ થઈ ડસ્યો ! મારા લોહીનો તરસ્યો થયો ! પૈસાની લાલચે વિશ્વાસઘાત કર્યો, આયરનો દીકરો થઈ ધર્મ વેચ્યો. આયરાણીની કુખ વગોવી. ગરીબાઇએ તને આ કામ કરવા પ્રેર્યો ? (પોતાની કમ્મરે હોઢશેર સોને મઢેલો કમ્મર પટો હતો. જેની કીંમત દોઢ હજાર રૂપિયા હતી તે કાઢી ને) લે, વિક્રમસી લે, મારા મરણ પછી તને કોણ આપશે. લે આ પટો વેચી પૈસાદાર થજે. અને હવે આવી બુરી લાલચના ભોગે કોઈનો જીવ લઈશ માં." એમ કહી લાલાજીએ મરણ માટે છેલ્લો શ્વાસ ભર્યો. રણુવાસમાં હાહાકાર થઇ રહ્યો–દુશ્મનો રાજી થયા.

વિક્રમસીના મોઢે મેંશ ઢળી. પોતાનું કાળું મુખ બતાવવા તે રાણપુરમાં ઉભો ન રહ્યો. કુકાવાવ ગયો અને ત્યાંથી દેવા આયરના મરણ પછી અડીંલામાં જઇ રહ્યો.

એ વિક્રમસીભાઈ હવે થાનકંડોરણામાં આવ્યા છે ત્યાં એ શો ઉત્પાત્ કરશે તે હવે પછી જણાશે.

પ્રકરણ ૬ ઠું.

દુઃખની પરાકાષ્ટા.

સહનશીલતાને પણ હદ હોય છે, હદ ઉપરાંતની કોઈ પણ બાબત પ્રાણઘાતક થઈ પડે છે. કલાબાઈને પોતાથી બને તેટલું દુઃખ દેવામાં અમરાબાઇએ જરા પણ ભૂલ ખાધી નહોતી. એક વીર માતાને અપાય તેટલું દુઃખ આપ્યું. એક સતી સાધ્વીને સંતાપી હતી.

સ્ત્રીનું કોમળ શરીર કેટલું કષ્ટ સહન કરે ? કેળનો છોડ કુહાડાના કેટલા ઘા સહન કરે ?

'દરરોજનું દુઃખ લાંબેકાળે ઘણી મોટી અસર કરે છે, અને તે છેવટે વિષની ગરજ સારે છે.'

કલાબાઇનું કોમળ શરીર દુઃખના ભારથી દિવસે દિવસે ઘસાવા લાગ્યું હતું. ક્ષીણ થતું હતું. ક્ષયરૂપી રાક્ષસી રોગ કલાબાઇની કાયામાં ત્રણ ત્રણ વરસથી ઘર કરી બેઠો હતો. આજે ક્ષયરોગના દર્દીના એક હજાર દિવસ પુરા થતા હતા. એક માસથી કલાબાઈ પથારી વશ હતાં. તે વખતે રાખાયતે તનમનથી માની સેવા કરી. તેનાં મળ મૂત્રો ઉપાડયાં. તેનાં વસ્ત્રો સાફ કર્યાં માતાના બોલેબોલે પ્રાણ પાથર્યા.

બચપણમાં મળમૂત્ર ઉઠાવી મહત્ ઉપકાર કરેલી માતાના અગણિત ઉપકારોના બદલામાં યત્કિંચિત ફાળો આપી માતૃઋણ-માંથી મુકત થવા રખાયતે આંખ ન મીંચી. કેટલીએ રાત્રીના ઉજા-ગરા વેઠી માતાની પથારી આગળ રાખાયતે ખડા પગે સેવાના પહેરા ભર્યાં. રાખાયત જાણતો હતો કે આ અમૂલ્ય ધન ફરી નહિ મળે.

મરણના કાંઠે ઉભેલી માતા કલાબાઈની અમીભરી છેલ્લી નજર પુત્ર રાખાયત પર પડી. પથારી પાસે બેઠેલા પુત્રના શરીર પર માતાનો વહાલભર્યો હાથ ફર્યો. રૂધીર વિનાના ફીકા પડી ગયેલા હોઠ હાલ્યા. તેમાંથી ઝીણા શબ્દો ઝર્યા. શકિત વિનાના શરીરમાંથી નીકળતા શબ્દોની ગતિ ઘણી ધીમી હતી. "ઓ...પ્રભુ હું રાજરાણી થવા કરતાં...,સુકો રોટલો ને મરચું ખાનાર મજુરણ થઈ હોત તો સારૂં, દિકરા તમારી સંભાળ હવે દીનોનાથ...કરશે.

મારા...રામ...મારો રાખાયત...હવે...તારે...ખોળે છે. ભાઈ...દુઃખ-માંએ ધ...ર્મ ચૂકીશ...નહિ."

આટલા શબ્દો બોલ્યા પછી એક બે શ્વાસ ભર્યા. છેલ્લા શ્વાસ સાથે કલાબાઈનો પવિત્ર આત્મા, અવિનાશીના અમર ધામમાં જઈ વસ્યો, બાબરિયા રાજા સાથેનાં ભવઋણ પૂરાં થયાં આ જન્મના સંબંધ પૂરા થયા, લેણા દેણીના હિસાબ ચૂકવાઈ ગયા.

મરણ પથારી આગળ આ સમયે ફક્ત ત્રણજ વ્યક્તિઓ હતી રાખાયત, ઘરડી દાસી અને ગુરૂસુદેવજી ત્રણેનાં નેત્રોમાંથી આંસુ સરી પડ્યાં.

નાનાં વાછરડાની મા વગડે ચરવા જાય છે, ત્યારે એ મા વિહોણું–વાછરડું આખો દિવસ બાં...બાં...કરી નિરાંતે જંપતુ નથી કે ઘાસનું તરણું સરખુંએ ખાતું નથી, એમ રાખાયત અત્યારે આ દશા અનુભવતો હતો, એવો માતા ઉપરનો પ્રેમ હોય છે.

માનું મરણ રાખાયતને માથે વજ્ર જેવું થઈ પડયું ધીરવીર પુરૂષોનાં હૃદય સમજ પૂર્વક સખત હોય તે પણ આ વખતે રાખાય બાળકની માફક છૂટે મોઢે રડી પડયો. મરણ તો સર્વને માથે છેજ, પણ સ્વજનના મરણઘા, તેમાં વળી આવી વિષમ દશામાં માનો મરણ ઘા, રાખાયતને માટે છવબાળે એવું કે તેને પોતાનો કહે એવું કોઇ ન રહ્યું, રાખાયત ઘણું રડયો. ગુરૂએ તેને ધીરજ આપી શાન્ત કર્યો દરબાર ગઢમાં કલાબાઇના મરણની ખબર પડતાં, રાજા, તેના ભાયાતો વિક્રમસી રાણી અને રાખાયતના મિત્રો વગેરે સૌ આવ્યાં.

મૃત દેહ સાથે દુશ્મને દુશ્મનાવટ રહેતી નથી. મર્ણ વેર ઝેરને ભૂલાવે છે રાણી અમરાબાઇને આજે બોતેર કોઠે દીવા થયા હતા.

કલાબાઈનું મરણ તેને આનંદદાયક થઇ પડયું પરન્તુ લોક લાજથી મોં ઉપર આડો સાડીનો છેડો નાખી લાંબા રાગથી ખૂબ વિલાપ કરવા લાગી.

ખરાકે ખોટા પણ સ્ત્રીના વિલાપ! એના વિલાપે તો વજ્રની છાતીઓ પણ વિંધાઈ જાય! જમવા બેઠાં હોય તે ટાણે જો સ્ત્રીના વિલાપના સુર કાનને અથડાય તો મોંમાં મૂકેલો કોળીઓ ગળે ન ઉતરે.

મિયાત બાબરીઆના કઠણ હૃદયપર પણ અસર થઇ તેની આંખમાંથી પાપના પશ્ચાતાપ રૂપે બે આંસુ પોતાની પત્નિ કલાબાઇની પાછળ પડયાં.

માતાના મૃત દેહને અગ્નિ સંસ્કાર કર્યાં બાદ ઉત્તર ક્રિયા શ્રાદ્ધ વગેરે રાખાયતે કર્યું. સમય જતાં શોકની છાયા ઓછી થવા માંડી

વિક્રમસીને થાનકંડોરણામાં સૌ મામા સાહેબ કહેતા રાખાયત પણ વિક્રમસીને મામા કહી માન આપતો રાખાયતને ત્યાં મામાનાં પગલાં દિવસમાં એકાદ વખત તો થતાંજ. મુખેથી મધ જેવાં મીઠાં વચનો કાઢી સ્વાર્થ સાધવા, છુપી હીલચાલ જોવા વિક્રમસી દિવસમાં એક બે વખત રાખાયતની મુલાકાતે આવતો.

થાનકંડોરણાની સર્વ પ્રજા મિયાત બાબરીયાના રાજ્ય કારભારથી કંટાળી હતી. રાજ સામે બહારવટે નીકળેલા બહારવટીઆઓનો ત્રાસ દિવસે દિવસે વધતો જતો હતો. પરન્તુ તેનો કોઈ પણ જાતનો બંદોબસ્ત થતો નહિ. રાજ્યના અમલદારો પ્રજાને દુઃખ દેવામાં બાકી રાખતા નહિ. પ્રજાની દાદ ફરિયાદને ન્યાય મળતો નહોતો. રાજા હવે જુવાની ઉતરી રહ્યો હતો. એટલે તેમનામાં રાજ્ય કારભાર ચલાવવાની કે તેના પર દેખરેખ રાખવાની શક્તિ ઘટી ગઇ હતી થાનકંડોરણાની પ્રજા ઇચ્છતી હતી કે યુવરાજ વીર રાખાયત હવે રાજા થાય

તો સારૂં. બાબરિયાની પ્રજા વીરની વીરતાને પૂજતી હતી. દુશ્મનો પણ રાખાયતની વીરતાને લીધે તેના મિત્ર થઈ આવતા.

એક દિવસ રાખાયતના મકાનમાં તેના મિત્રો આવી બેઠા છે અને બહારવટીઆની વાતો કરી રહ્યા છે. કોઈ કહે છે "ભીમાકાઠીનો ત્રાસ વધારે છે." તો કોઈ કહે છે "રાજાએ ભીમાકાઠીને અન્યાય કર્યો છે તેથી ત્રાસ આપી રહ્યો છે." એમ સર્વ જણ પોતાને મન ગમતી વાત કહે છે તેમાં રવાજી નામનો રાખાયતનો મિત્ર હતો તે બોલ્યો.

"રાખાયત તમારી વિરતાની વાતો ઘણી થાય છે. તમે વીર પુરૂષ છો તે પણ ખરૂં પરન્તુ તમારી પ્રજાને ભીમો બહારવટીઓ ત્રાસ આપી રહ્યો છે એ તમારે માટે ઠીક ન કહેવાય ?"

"રવા!! તારૂં કહેવું કંઈક ખરૂં છે. હું અત્યારે રાજા નથી; તમારા જેવો અત્યારે તો છું. વળી બાપુએ ભીમાનો ગરાસ અન્યાયથી લઈ લીધો છે. ભીમાનાં છોકરાં બટકું રોટલા માટે ટળવળે એ ભીમો બેઠો બેઠો જોઇ રહે ?" રાખાયતે ન્યાય બુદ્ધિએ કહી સંભળાવ્યું.

"તો શું પખાલીના દુઃખે પાડાને ડામ દેવો ? ભીમાને રાજા સાથે વેર, તેમાં રૈયતનાં ઘર ભાંગવાં ?" રવાએ કહ્યું.

"તારી સમજફેર થાય છે. પ્રજાને ખાસ દુઃખ દેવું એવો ઇરાદો એમાં નથી, પરન્તુ પ્રજાના ત્રાસથી અકળાઈ રાજા બહારવટીઆ સાથે સુલેહ કરે એવી યુક્તિ તેમાં રહેલી છે. તેમ છતાં તમારો આગ્રહ છે તો આજે ભીમા કાઠીનાં પારખાં લઇશ." રાખાયતે વાતનો ઉકેલ કર્યો. આ સમયે વિક્રમસીની પણ હાજરી હતી.

ચોટીલાની તળેટીમાં વસેલું ભીમોરૂં નામે નાનું ગામ છે. ગામની પરવાડે આવેલા એક ઘરમાં મધ્ય રાતે માટીના કોડીઆમાં ઝીણો

ઝીણો દીવો બળી રહ્યો છે. ભીમો કાઠી–બહારવટીઓ પોતાના ઘરમાં પોતાની અર્ધી હકદાર કાયાના ખોળામાં માથું રાખી સુતો છે. બાજુ પર ફાટી તુટી ગોદડીના ગાભાપર એક બાળકી કમળપાંખડી જેવાં આંખોનાં પોપચાં બીડી નિંદ્રાદેવીના અભેદ્ય ખોળામાં ઘસ-ઘસાટ ઉંઘી રહી રહી છે. ભીમો ઘડી ઘડીમાં ઝબકી જાગે છે.

સુખે ન સુએ મણિધર સાપ;
સુખે ન સુએ જેને માથે નહિ બાપ.
સુખે ન સુએ ઘન ધાજંતો મોર;
સુખે ન સુએ **જાણીતો ચોર.**

"થોડી ઘડીતો નિરાંતે ઉંઘો ! તમારી કાયાને થાક નથી લાગતો" કાઠીયાણી બોલી.

"કાઠીઆણી ! તારા રેશમ જેવા ખોળામાં માથું મેલતાંની સાથે તરવારના ઘા પણ રૂઝાઇ જાય ! ત્યાં થાક કેવા હોય ! આજે કેટલાયે દિવસે તને મળવા આવ્યો, ત્યાં આંખ કેમ મળે ? આજે ઊંઘવા બેસાય ?" ભીમા કાઠીએ જવાબ વાળ્યો.

સુતેલા સ્વામીના હૈયા પર હાથ મૂકી કાઠીઆણી ચમકે છે. "આટલા બધા ધબકારા શા ? એવાં કયાં ઘોર પાપ કર્યાં છે કાઠી ?"

"પાપ પુણ્યના સ્નાન આ જીવનમાં હવે ન હોય કાઠીઆણી ! શાન્ત અને સુખી જીવનમાં પાપ પુણ્યના વિચારો થાય છે. બહાર-વટીઆના જીવનમાં કંઈ સુખ છે ? પાછળ દુશ્મનોનાં ઘોડાં દોડે છે. પોતાના ઘરમાં પોતાનીજ સ્રીને મળવા પણ ચોરની માફક આવવું પડે છે. ભીમા કાઠીના દહાડા આજે વાંકા છે. સાંભળ્યું છે કે મિયાત બાબરીઆનો યુવરાજ આજ ભીમાને પગલે ચઢયો છે ?" ભીમા કાઠીએ ખુલાસો કર્યો.

"તો આમ ફડકમાં ને ફડકમાં ક્યાં સુધી જીવાશે ? ચોમાસાની મેઘલી અંધારી રાત હોય છે, મેઘ સાથે તાડુકી રહ્યો હોય છે, વીજળીના ચમકારા થઈ રહ્યા હોય છે, તે ટાણે પથારીમાં હું ધ્રૂજી ઉઠું છું. પરણેતર જીંદગી આવી હોય કાઠી ! ! આજે પાંચ વર્ષનાં ચોમાસાં વીત્યાં. તારી સાથે આવાં જીવતર ગાળવાની આશાયે મીંઢળ બાંધ્યા હતાં કાઠી ! આટલાં શબ્દો બોલતાં બોલતાં કાળી ભમર આંખોમાં સાચાં મોતી બંધાયાં—આંસુ ઉભરાયાં. ગાલે લીલાં છુંદણાં હતાં. તેની પર આંસુ વહ્યાં. દીવાના પ્રતિબિંબે આંસુનાં નીર ચળકી ઉઠયાં જાણે ગાલ વચ્ચે હીરાની કણીઓ જડાઈ ગઈ.

ભીમા કાઠીનો હેતભર્યો હાથ કાઠીઆણીના ગળે વીંટળાતા પ્રેમભર્યા શબ્દે ભીમો બહારવટીઓ બોલ્યો "એમ અકળાઈ જવાય ? પહાડની શિલાઓ સાથે કાયા પછાડી પછાડી વેરાન જંગલોમાં અને ભયાનક કોતરોમાં અથડાતો ફરૂં છું. અને પહાડોનાં કોતરોમાં પત્થરો પર બેઠો બેઠો ઊંઘતો હોઉં છું. ત્યારે તારા ખોળાનાં સોણલાં આવે છે. એ દુઃખ કોને જઇને કહું. પણ જો તારી ધીરજ ખૂટી હોય તો મારે આજથી બહારવટું નથી કરવું. મિયાત બાબરીઓ જે ટુકડો નાખશે તે વીંણી ખાઇશ."

ના ! ના ! મારા ભીમ ! ના ! શુરાતનના તેજે નાહી રહેલી કાઠીયાણીએ પોતાના ભરથારને ભેટી લીધો. ચંપાને જાણે નાગરવેલ વીંટળાઇ ફાટયા તુટયા પહેરલા વસ્ત્રના પાલવવડે કાઠીઆણીએ પોતાની આંખો લુછી નાંખી.

ભીમો બોલ્યો. "હું બહારવટું ખેડું છું તે મારે માટે નહિ, પણ આ ત્રણ જીવોને માટે તારી ના હોય તો મારીએ ના."

કાઠીઆણી કહે "કાઠી ! કાયાના ટુકડા થાય ત્યાં સુધી બહારવટું કર. તારા મરણ પછી હું બહારવટું ખેડીશ, ગરાસ પાછો મેળવીશ. હું તો તારા વીરત્વને પૂજનારી છું. તું માથું નમાવી શરણે થાય, તે દિવસે તારાં વીરતાનાં ગીતગાવાને બદલે, ભીમાને મરેલો જાણી મારે તેના મરશીયા ગાવા પડે ?"

પાછલી રાતની કાઠીની આંખ મળી ગઇ. જોગમાયા જેવી કાઠીઆણી જાગતી બેઠી છે. દીવાના મંદમંદ પ્રકાશમાં વીરપતિના વીરતાભર્યા મુખને મીટ માંડીને જોઈ રહી છે. અંતરમાં પ્રભુને પ્રાર્થી રહી છે, કે "હે પ્રરમેશ્વર મારો ચુડલો અમર રાખજે."

પરોઢ થવા આવ્યું છે, મરઘો બોલી રહ્યો છે. ચોટીલાની તળેટીમાં રાખાયતના ઘોડા—હંસલાના ડાબલા ગાજી રહ્યા છે.

ભીમા કાઠીનો રાખેલો ચોકીદાર ઘોડાના પગલાં સાંભળી સાવધ થયો. દોડતો દોડતો ભીમા બહારવટીઆના કોટડે ગયો બારણાના કમાડ ઉપર ત્રણ ટકોરા કર્યા.

ભીમા ! ભીમા ?! ભીમા કાઠી ! નાસજે.

કાઠીઆણીએ કાઠીને સાવધ કર્યા, ભીમો જાગ્યો. કાઠીઆણીને બાથ ભરીને નાઠો. આંગણામાં સાજ માંડેલી ઘોડી ઉભી ઉભી ધાસ ખાઈ રહી છે, ભીમો કાઠી ઘોડીએ ચડીને ચાલી નીકળ્યો. પોતાના ધણીને નિર્ભય સ્થળે પહોંચાડવા ઉતાવળી થયેલી ઘોડી મોટી મોટી ફાળો ભરી ચોટીલાની કરાડો ઠેકી રહી છે.

"ભીમા કાઠી ઉભો રહે ! કાઠીનો દીકરો નાસે તો ધરતી લાજે ! મરદ થા ! કાળની જીભ જેવી શમશેર પકડી સામો થા" યુવરાજ વીર રાખાયતે ભીમા બહારવટીઆને પડકારો કર્યો અને સાથે સાથે હંસલાએ હાવળ દઈ ભીમાની ઘોડીને સમજાવ્યું કે મારી હઠીઓ આગળ તારી ફાળો નકામી છે.

ચોટીલાની એક ધાર પર હંસલાની પીઠે રાખાયત અને સામી ધારે ઘોડી તાજણને માથે ભીમો બહારવટીઓ બન્ને હાથમાં પાણીદાર ભાલાં છે. સામસામા ઉભા છે. વચ્ચે દશેક હાથ પહોળાઈની પાણી વિના વહેકળાનો પટ પડયો છે.

"કોણ! યુવરાજ રાખાયત!" ભીમાએ પ્રશ્ન કર્યો.

"હા હું રાખાયત! ભીમા કાઠી તારૂં ભાલું ફેંક."

"ભીમો બહારવટીઓ રાખાયત પર ભાલું ફેંકે તે દિવસે ધર્મના થંભા તુટી પડે!! સુરજ મહારાજ વાદળાંમાં ઢંકાઈ જાય! બાપ!! રાખાયત!!! તારે ને મારે આજે વેર ન હોય!! વેર તો બંધાણું છે મિયાત બાબરીઆની કાયા સાથે! રંગ મહેલની રમણીઓના ખોળા તજીને મિયાત બાબરીઓ આજે ચોટીલાની ધારે હોત તો સમજાત કે ભીમા બહારવટીઆની ભુજાઓ પણ ખડગ ઝાલી જાણે છે. વીર પાછા વળો જે દિવસે થાણુકડોરણાની ગાદીને માથે પગ ધરો તે દિવસે ભીમાની ઘરવાળીના રાતા ચુડલાના કકડા કરવા વહેલા પધારજો તેદિ આપણા બળનાં ત્રાજવાં તોળાશે, બાકી અધર્મ યુદ્ધ આદરવાં હોય તો ભીમાનાં ના નથી."

"ભીમા કાઠી તમારો ગરાસ અન્યાયથી ઝુટવાયો છે. તમે નિર્દોષ છો. તમારા કુટુંબની દુર્દશા થાય છે, એ મારી જાણ બહાર નથી સમય આવે તમને ન્યાય મળશે. રાખાયતે ભવિષ્યના કોલ દીધા."

ભીમો બહારવટીઓ તાજણ ઉપરથી ઉતરી નજદીક જઈ રાખાયતના પગે પડયો. જાણે પોતાના બાંધવને ભેટતો હોય તેટલા ભાવભર્યા હૈયે ભીમો કાઠી પોતાના ભાવી રાજાને ભેટયો 'क्षमा वीरस्य भुषणम्' એ સુત્રને રાખાયતે જીવનમાં ઉતાર્યું હતું. ભીમા કાઠીને રાખાયતે કહ્યું. "કાઠી! વસ્તીને રંજાડનો ના. જરૂર પડે તો મને મળજે." એમ કહી રાખાયતે ઘોડો મરડયો.

દૂર દૂર ઝાડીમાં સંતાઇ રહેલી એક વ્યક્તિએ ભીમા બહાર-વટીઆની અને યુવરાજની મુલાકાત નજરોનજર ભાળી. તેના અંતરના ઊંડાણુમાંથી અવાજના રણકા થયા કે "રાખાયત તારી આ ઉદારતા ઝેરના ઘુંટડા થઈ પડશે." વાંચકો એ વ્યક્તિથી અજાણુ નહિજ હોય. બીજું કોઈ નહિ પણુ મામો વિક્રમસી હતો.

મિયાત બાબરીઆના ઝનાનામાં એક ઓરડામાં વિક્રમસી પોતાની બહેનને રાખાયત અને બહારવટીઆ ભીમા કાઠીની મુલાકાતનાં વર્ણન કરી રહ્યો છે.

"બ્હેન ચોટલીની ધારે બહારવટીઓ અને રાખાયત મળ્યા મિયાત બાબરીયાનો વધ કરી રખાયતને રાજ આપવવામાં બહાર-વટીઆએ મદદ કરવી, અને તેના બદલમાં રાખાયત બહારવટીઆનાં ગામ ગરાસ પાછાં સોંપે." સત્યવાતને છુપાવી રાખાયતની વિરૂદ્ધનાં વચનો કહેવામાં પોતાની બુદ્ધિનો ઉપયોગ વિક્રમસીએ કર્યો.

ભાઈ તારી સવેળાની મદદ થઈ અને તેથીજ ઓઢારાજને માથે ડગમગતો થાનકંડોરણાનો રાજમુગટ, સ્થિર થવાનાં હવે ચિન્હ જણાય છે. ઓઢો તારો ઉપકાર નહિ ભૂલે ! બ્હેને ભાઈનાં વખાણુ કરી આનંદ જાહેર કર્યો.

અમરાબાઈના ઓરડે રાજા પધાર્યા. રાણીએ વાત કાઢી "કંઈ જાણો છો ? તમારા બહાદુર પુત્રે પોતાની માતાનું વેર લેવાનું કાવતરૂં રચ્યું છે.

રાજ્યના દુશ્મન ભીમા બહારવટીઆ સાથે રાખાયત મળી ગયો. રાજાને (તમને) મારી નાંખી રાખાયતને રાજ્ય અપાવવામાં બહા-રવટીઆએ મદદ કરવી તેના બદલામાં રાખાયત ભીમાનો ગરાસ પાછો સોંપે."

“ આ ગુપ્ત ભેદ તમે શી રીતે જાણ્યો.” રાજાએ પ્રશ્ન કર્યો.

“ મારો ભાઇ વિક્રમસી પોતાની આંખે નજરો નજર જોયું. બીજાની વાત હોય તો હું ન માનું ” રાણીએ જવાબ વાળ્યો.

“ બોલાવો વિક્રમસીને ” રાજ હુકમ થયો.

વિક્રમસી હાજર થયો. પોતાની વાતને રાજાના મનપર ઠસાવવા બનેલો જોયેલો બનાવ અથ ઇતિ કહી સંભળાવ્યો. રાજાના મનપર જોઇએ તેવી અસર આ વખતે ન થઇ. એ શકરાબાજ જેવા વિક્રમસીએ જાણી લીધું.

રાખાયતના સદ્‌ગુણોના પડઘા રાજાના કાનપર ઝાંખા ઝાંખા રૂપે પણ અથડાયા હતા. તેથી નજરે જોયા સિવાય આ ઘટના સત્ય માનવાને રાજાના મનોદેવતાએ ના કહી.

પોતાનો દાવ નિષ્ફળ નિવડેલો સમજી તેને સત્ય ઠરાવવા વિક્રમસી અથાગ પ્રયત્ન આદરી રહ્યો હતો. રાખાયતને ભીમો બહારવટીઓ મળે છે કે નહિ ? ક્યાં અને ક્યારે મળે છે ? તે તમામ હકીકત વિક્રમસી પોતાના જાસુસોદ્વારાએ જાણી લેતો.

રાણી અમરાબાઇના પ્રભાવથી વિક્રમસીને માટે રાજની તીજોરી ખુલ્લી હતી. વિક્રમસી પોતાના જાસુસોને પુષ્કળ પૈસા આપતો.

વિક્રમસીના જાસુસો રાખાયતના મિત્ર બની તેની સાથે મળી જતા અને છુપી બાતમી મેળવી વિક્રમસીને કહી જતા દ્રવ્ય લોભી મનુષ્યો શું નથી કરતાં ? “ વિશ્વાસઘાતી મહાપાપી ” એ મહાવાક્યને પગ તળે છુંદી નાંખી પાપના પંથે જનાર જીવાત્માઓનો જગતપિતાના દરબારમાં તેમનો શો ન્યાય થતો હશે ?

ખરાનું ખોટું, ખોટાનું ખરૂં, ખુશામત અને ખબરદારી એ ચાર ખખ્ખાનું શિક્ષણ વિક્રમસીની રગેરગમાં પ્રસરી ગયું હતું.

એક મધ્યરાત્રીએ વિક્રમસી મિયાત બાબરીઆ પાસે આવ્યો અને બોલ્યો "બાબરીઆ રાજ આપ મારી વાત સાચી માનતા ન હો તો અત્યારે કાળો કામળો ઓઢી આપ મારી સાથે શહેર બહાર કાળ ભૈરવના મંદિરે પધારો. ત્યાં જઇ જોવાથી આપના મનને ખાત્રી થશે કે વિક્રમસીનાં વચનોમાં કાનો માત્ર પણ વધારે પડતો નથી." રાજા કાળો કામળો ઓઢી ભૈરવના મંદિર તરફ જવા તૈયાર થયો. વિક્રમસી અને રાજા ભૈરવના મંદિર તરફ રવાના થયા.

ભૈરવનું મંદિર ગામની આથમણી દીશાએ શહેરથી જરા દૂર આવેલું હતું. કાળ ભૈરવનું દેવળ બહુ મોટું તો નહોતું પણ તેની આજુબાજુએ ફરતો છોબંધ ચાર ચાર ફુટનો ઓટલો કમરપુર ઊંચો ચણાવેલો હતો. ઓટલાની આસપાસ ખુલ્લો ચોક વીશ વીશ હાથ રાખી ઉતર તરફ એક પડાળી બાંધેલી હતી. જેમાં સંત સાધુ વગેરે આવતા જતા ભગત લોકો વિસામો લેતા. મંદિરને ફરતો ઇંટોનો પાતળો માથોડા જેટલો ઊંચો કોટ કરાવેલો હતો. મંદિરમાં દાખલ થવા કોટને એક ઝાંપો રાખ્યો હતો. ભૈરવનો પુજારી ગામમાં જ રહેતો. તેથી આવા નિર્જન સ્થળે કોઇ કોઇવાર સંકેત પ્રમાણે ભીમો બહારવટીઓ આવી રાખાયતને મળી જતો, પોતાની મુંઝવણો ઠાલવી જતો. વચને બંધાયેલો રાખાયત બહારવટીઆને અનાજ લુગડાંની થોડી મદદ કરતો.

તાજણને દેવળના ચોગાનમાં છુટી મૂકી, દેવળના ઓટલા પર કોટના ઝાંપા તરફ મુખ રાખી. ભીમો બહારવટીઓ બેઠો છે. જોડે રાખાયત બેઠો છે. રાખાયત પોતાના મિત્રને પોતાના પર વિતેલી દુઃખની પળો ગણાવી રહ્યો છે. તે સાંભળી કાઠીનું લોહી તપી આવે છે. દુઃખ દેનાર રાણીને અને રાજાને મારી નાખવાનું ઝનુન ચડે છે.

તે વખતે ભૈરવના કોટની દીવાલે વિક્રમસી અને રાજા કાન માંડી સાંભળી રહ્યા છે.

ઝનુની ભીમા બહારવટીઆના મોમાંથી શબ્દો બહાર પડયા "અત્યારે જ રાજા અને રાણીનાં ડોકાં લાવી તારી આગળ રજુ કરૂં તો" ઉપલું વાક્ય રાજાના કાને અથડાયું. વિક્રમસીની છાતી હાથ હાથ હર્ષમાં ફૂલી–રાજાએ પોતાના દુશ્મનને નજરો નજર જોયો અને પોતાને મારી નાંખવાના શબ્દો તેના મોઢેથી સાંભળ્યા. રાજાનો હાથ તલવારની મૂઠ પર પડયો. "હમણાં બધું ઊંધું વેતરાંઈ જશે" એમ સમજી વિક્રમસીએ રાજાનો હાથ દબાવ્યો. અને આંગળી વડે ઈશારત કરી કે હાલ ચૂપ રહેવાનો સમય છે. ઉતાવળે ઉતાવળે વિક્રમસી રાજાને લઈ છૂપી રીતે શહેર તરફ વળ્યો.

બહારવટીઆનું ચતુર પ્રાણી ઘોડી તાજણ પોતાની નાસિકા દ્વારાએ પરાયા માણસની ગંધ પારખી ગઇ ને પોતાનો પગ ઠેલી માલીક ને જાણ કરી કે તારો ગુપ્ત ભેદ બે અજાણ્યાં માણસો પારખી ગયાં.

"તો...પણ મારી દાઝ ન ઓલાય. ભીમાએ પોતાનું વાક્ય પુરૂં કર્યું" ભાઇ ભીમા એવાં પાપ માથે ન લેવાય! ધીરજનાં ફળ મીઠાં છે એ ગમે તેવો પણ મારો પિતા છે. તેમના પછી ગાદીનો વારસ હૂં જ છું. સુખ કે દુઃખ કાયમ ટકતાં નથી એ તારૂં કયાં અજાણ્યું છે. એમ કહી રાખાયત શહેર તરફ પડયો. અને ભીમો કાઠી તાજણ પર બેસી ચોટીલાને માર્ગે પડયો.

પ્રાતઃકાળ થયો. નિત્ય નિયમથી પરવારી રાખાયત પ્રભુ પ્રાર્થના કરે છે ત્યાં એક રાજદૂત ઉતાવળો ઉતાવળો આવ્યો. હાથ જોડી નમન કરી રાજાનો હુકમ કહી સંભળાવ્યો.

બાપુ! રાજાજી આપને બોલાવે છે. કૃપા કરી જલદી પધારો!! કોણ મારા બાપુ બોલાવે છે! કોઇ દિવસ નહિ, ને આજ અચાનક તેડું આવેલું જોઈ રાખાયતે નોકરને પ્રશ્ન કર્યો. રાજદૂતે માથું હલાવી હા કહી. "શું કંઈ જરૂરનું કામ છે?" કંઈ આફત છે? રાજદૂતે જવાબમાં કાન આડા હાથ ધર્યા. "હું કંઈ જાણતો નથી સરકાર" રાખાયતે વસ્ત્ર પહેર્યા શસ્ત્રમાં ફક્ત હમેલપટામાં તરવાર હતી કેડે લટકાવી. પિતાના આમંત્રણને માન આપી. રાજમહેલ તરફ ડગ ભરવા માંડયાં.

જીંદગીના વનમાં પ્રવેશ કરેલા મિયાત બાબરીઆની ઉંમર અડધા સૈકા ઉપરની થઈ છે. બાવન અખાત્રિજના સૂર્ય તેને માથે તપી ગયા છે. માથાના વાળે પણ પોતાનો શ્યામરંગ બદલી સ્વેત રંગ ધારણ કર્યો હતો. પણ મિયાત બાબરીઆના હૃદય રંગ બદલાયા નહોતા.

બાબરીઆ રાજાના શરીરનો બાંધો મજબૂત છે. મૂછોના વાળ લાંબા હવામાં ધ્રૂજી રહ્યા છે. દાઢીના દ્વિરંગીવાળ આમળીને કાન સાથે વિંટાળેલા છે. વાળના જથ્થાથી ઘટ થયેલી ભમરોની નીચે મોટી તાંબાના રંગ જેવી આંખોમાંથી અંગાર વરસાવતો મિયાત બાબરીઓ રાજમહેલના મોટા ઓરડામાં રાખાયતની રાહ જોતો ગાદી તકીએ પડયો છે.

રાણી અમરાબાઇ પોતાના કુંવરો તથા બાનડી કીશોરી અને ભાઇ વિક્રમસી સાથે આ સમયે હાજરી આપવા તૈયાર ઉભી હતી. તેણે દારૂગોળો તૈયાર કરી અગ્નિની ચિણગારી મૂકી દીધી હતી. હવે કેવો અવાજ થાય છે, તે સાંભળવા તેના કાન અધિરા થઇ રહ્યા હતા.

રાખાયત આવ્યો. તેણે જોયું કે રાજા પોતાના મંડળ સાથે બેઠા છે. રાખાયતને નજર આગળ જોઇ, રાજાની આંખ આગળ

રાતની બીના ખડી થઇ. રાજાનો ચહેરો વધારે ગંભીર થયો. આંખોની વિકાળતામાં વધારો થયો. ક્રોધના જુસ્સામાં તેના હોઠ ફફડયા. આંખની ભમરો ઉંચી થઈ ગઇ. રાખાયત આ દૃશ્યથી પારખી ગયો કે આજનો રંગ કંઇ જુદોજ જણાય છે.

મનુષ્યનો ચહેરો એ એના અંતરની આરસી છે. હૃદયના વિચારોનાં સાચાં પ્રતિબિંબ તેના પર પડે છે. ચતુર માણસ તેને ઝટ કળી જાય છે. પિતાનો ચહેરો જોઈ રાખાયત સમજી ગયો કે મારા પર નવી આપત્તિ ધુધવાટા કરી રહી છે.

રાખાયત નજીક આવ્યો. પિતાજીને બે હાથે વંદન કર્યા. અને બોલ્યો "બાપુ મને કેમ યાદ કર્યો ?"

"રાખાયત!!! ભૈરવના મંદિરમાં ગઈ રાત્રે કોની સાથે વાતો થતી હતી ?" રાજાના કંઠમાંથી પ્રશ્ન થયો.

"એક સમયનો ગરાસદાર અને અત્યારનો બહારવટીઓ ભામો કાઠી મારી વાતો સાંભળતો હતો. તેની સાથે હું વાતો કરતો બાપુ"!! વીર રાખાયતે નિડરપણાથી જવાબ આપ્યો.

ભામા કાઠીનું નામ યુવરાજને પોતાની સમક્ષ બોલતો જોઇ રાજાનો ક્રોધ વધ્યો. અને બોલ્યો.

"ત્યાં શી વાતો થતી હતી ?" કરાડી ભયો બીજો પ્રશ્ન કર્યો.

"પિતાજી!!! ભામા સાથે બીજી શી હોય. પ્રજાને રંજાડવી નહિ એવો મેં તેને બોધ આપ્યો છે. તેના છોકરાં ભૂખે મરે નહિ માટે અન્ન વસ્ત્રની કંઇક મદદ હું તેને કરું છું. ભામો હવે રૈયતને રંજાડતો નથી. રાજ સાથેની તેની શત્રુતા ઓછી કરવાની જ વાતો

હું કરતો હતો " સત્ય વાત રાખાયતે કહી સંભળાવી.

ખરી હકીકત સમજવાની ધીરજ ખોઇ બેઠેલો રાજા ક્રોધની જવાળાઓમાં બળવા લાગ્યો. તે સક્રોધ બોલ્યો.

" રાજ્યની દુશ્મનાવટ ઓછી કરવાની કે રાજાના ખૂનની વાતો થતી હતી!!! કુલાંગાર છોકરા તને ખબર નથી કે ભીમો કાઠી રાજ્યનો કટ્ટો શત્રુ છે. દુશ્મનને પક્ષમાં લઈ તેની મદદથી મારૂં અને રાણીનું ખૂન પીવા તૈયાર થએલા ઓ નીચ પુત્ર! તું મારો પૂર્વ જન્મનો દુશ્મન જાગ્યો છે."

રાજાનો ક્રોધ હદ ઓળંગી ગયો. તેના દાંત ગુસ્સામાં કકડવા લાગ્યા. ગાદી પરથી ઉભો થઇ મિયાત બાબરીયો પુત્ર રાખાયત પર ધસ્યો.

આ બધો બનાવ જોતી અત્યાર સુધી રાણી ચૂપ ઉભી હતી તે એકદમ વચમાં પડી. રાજાને રોકયો. વિક્રમસીએ રાજાને રોકી રાખી ગાદી પર બેસાડવા પ્રયત્ન કર્યો.

બાજી રંગપર આવેલી જોઇ રાણી અને વિક્રમસીએ વચમાં ગરબડ કરવા માંડી, કે જેથી નિર્દોષ રાખાયતને સત્ય વાતનો સ્ફોટ કરી, રાજાના મનપરનો સંસયરૂપી કાળો પડદો દૂર કરી હૃદયપટ પર અજવાળુ પાડવાનો તેમજ રાજાને ખરો ભેદ સમજવાનો અવકાશ ન મળે.

"હવે શાન્ત થાવ જે થવાનું હતું તે થયું. એ તમારા આગળ બાળક છે. કાચી બુદ્ધિનો છે. છોકરાં તો એવાંજ હોય! એનામાં સમજણ હોય તો એ ભીમા બહારવટીઆને મળે જ ખરો! તમે કોના પર ક્રોધ કરે છો. છોરૂં કછોરૂં થાય પણ કંઇ માવતરથી દુશ્મન થવાય છે?" રાણી અમરાબાઇએ રાજાને બોધ આપવા ડહાપણનો ચોપડો ઉકેલ્યો.

"રાજાજી શાન્ત થાવ; અને એજ મોટા અને સમજણા થશે એટલે એની મેળે ઠેકાણે આવશે! પિતા પુત્રની સગાઇ કાંઇ છૂટવાની છે! એના વડેજ આપ ઉજળા છો. આપની પછી ભવિષ્યનો એ રાજા છે. હોય, બાળક છે. ભૂલ પણ થાય. વિક્રમસીએ શિખામણના શબ્દોની હારમાળા રજુ કરી."

"રાખાયત અત્યાર સુધી એક પણ શબ્દ બોલ્યા સિવાય ચૂપ ઉભો હતો. તે હવે નમ્રતાથી બોલ્યો. બાપુ!! આપ શાન્ત રીતે મારી હકીકત સાંભળો ખરા ખોટાની તુલના કરો. આપની નજરમાં જો હું દોષિત ઠરૂં તો પછી આપ ફરમાવો તે શિક્ષા સહન કરવા તૈયાર છું" રાખાયતે કહ્યું.

પરન્તુ આવા શબ્દોથી કંઈ રાજા શાન્ત થાય? 'છીંડે ચડયો એ ચોર' એ ન્યાયે તેની નજરમાં રાખાયત દોષિત ઠરી ચૂક્યો હતો. સત્ય ઘટનાને સમજવા જેટલી ધીરજ તેનામાં રહી નહોતી. સત્યને સમજતાં વાર લાગે છે. રાખાયત જો હશે તો મારૂં ખૂન થશે એમ તે રાજા ને લાગ્યું હતું. મરણ કોને વહાલું હોય! રાખાયતને રાજા પોતાની આંખે જોવા માગતો નહોતો તેથી બોલ્યો.

"ઓ નિમકહરામ કુતરા, મારે તારો એક પણ શબ્દ સાંભળવો નથી. તારાં કામ કેવાં છે. તે મેં નજરોનજર ભાળ્યાં છે. પુરાવાની હવે જરૂર નથી. તું તારી માનું વેર વાળવા ઇચ્છે છે. ઓ પાપી પુત્ર તારૂં મોં કાળું કર! મારી નજર આગળથી દૂર થા!! મારા રાજ્યની હદપાર થા"!!! દયાહીન પિતાએ યુવરાજ સદ્‌ગુણી પુત્રનો કાયમને માટે ત્યાગ કર્યો દેશવટાનો હુકમ સંભળાવ્યો.

પિતાનાં છેવટનાં વચનોથી રાખાયતપર આભ તુટી પડયું. તેને ઘણો આઘાત પહોંચ્યો. પોતાની સર્વ આશા ઉપર પિતાના

હુકમનાં મોજાં ફરી વળ્યાં તેને અત્યારે સમજાયું કે, માણસને માથે પણ દુઃખના ડુંગરા ડોલે છે ખરા! થાનકંડોરણાના રાજા થવાની અભિલાષાઓએ જળસમાધિ લીધી. રાખાયત હતાશ થઇ ગયો હવે બોલવું એ વ્યર્થ છે. 'બહેરા આગળ ભાગવત શા કામનું ?

"પિતાજી! આપનો હુકમ માથે ચઢાવું છું. આજથી આ થાનકંડોરણાનાં અન્ન જળ મારે માટે ગૌમેટ છે–હરામ છે. મરતાં સુધી આપનો પુત્ર આપને મોં નહિ બતાવે!" એમ કહી પિતાને વંદન કરી રાખાયત રાજમહેલ છોડી ચાલતો થયો.

પોતે ગુંથેલી સોનેરી જાળમાં રાજા સંપૂર્ણ ફસાયો છે–ઠગાયો છે–મૂર્ખો બન્યો છે, અને પોતાની સંપૂર્ણ ફતેહ થઈ છે. એ પ્રત્યક્ષ જોઈ રાણીના આનંદનો પાર રહ્યો નહિ. આ ફતેહમંદ કાવતરાની ખુશાલીમાં વિક્રમસીના અંગરખાની કસો તુટવા લાગી.

અજ્ઞાન પામર જીવો વૃદ્ધાવસ્થાને ઢાળે ઢળે છે. ત્યારે તેમની વિષય વાસના વૃદ્ધિ પામતી જાય છે 'દુકાળમાં ક્ષુધા વધારે જાગૃત થાય છે' સંસારના સુખ અને વૈભવપર મોહને લાલસાનાં મમત્વ વધે છે. ઘટપણમાં શરીરબળ ઘટતું જાય છે. તેમ તેમ વ્હેમ અને ક્રોધ વધતાં જાય છે. પોતાનો અધિકાર જ્યાં ચાલતો હોય છે. ત્યાંજ બીજાનું આધિપત્ય ચાલશે, એવી હલકી વાસના વૃદ્ધાવસ્થામાં પ્રગટે છે, એ વાસનાએ પિતા–પુત્ર, સાસુવહુ, નણંદ ભોજાઇ, વગેરેનાં સંસારી જીવનો ખારાં ઝેર કર્યાં છે.

રાજા મિયાત બાબરીઓ વૃદ્ધ થયો હતો પણ તેની વિષય વાસનાઓ મોરને કાંઠેથી ઉતરી નહોતી. બાબરીઆ રાજની બુદ્ધિ મોતીનાં મૂલ આંકી શકી નહિ! કુળદીપક દીકરાને જાકારો દીધો. વીરનું હડહડતું અપમાન કર્યું પાપીને ઘેર ગંગા પધાર્યાં, ગંગાના

પવિત્ર જળનું પાન કરી સ્વર્ગ સુખ જોવાનું ભાગ્ય મતિહીન રાજાને પ્રાપ્ત ન થયું.

રાખાયત ગુરૂને ત્યાં ગયો, અંતરના ભાર ગુરૂ આગળ હલકા કર્યા. રાજકારસ્થાનથી મુંઝાયેલો રાખાયત દુઃખના ઘાથી ઘવાયો. ગુરૂનું હૃદય પણ રડી પડયું પરન્તુ રાજાહુકમ આગળ ગુરૂ સુદેવજીનું શું વળે ? ગુરૂએ રાખાયતને શાન્ત કર્યો. ગુરૂને પણ ઘણું દુઃખ થયું. પુત્રવત રાખેલા શિષ્ય ને દેશવટો મળ્યો ! રાખાયત રાજા થાત. પોતે આપેલી વિદ્યા વડે કેવાં રૂડાં રાજરક્ષત એવી આશાના મહેલ તુટી પડયા. ગુરૂએ છેલ્લી કેટલીક શિખામણો દીધી. રાખાયતે ગુરૂદેવને છેલ્લા સાષ્ટાંગ કર્યા અને પોતાને મુકામે ગયો.

આખી રાત પથારીમાં આળોટયો, નિદ્રાદેવી પણ આજ રિસાયાં, ભવ્ય રાત્રી વિતી ગઇ. રાખાયતની આંખ સહેજ મિચાઇ ત્યાં એક શ્વેત વસ્ત્ર ધારી તેજસ્વી આકૃતિ રાખાયતની નજર આગળ ખડી થઈ, રાખાયત ફાટી આંખે તે આકૃતિ તરફ જોઈ રહ્યો.

આકૃતિ રાખાયતથી થોડે દૂર હવામાં અધર ઉભી તેના મુખમાંથી શબ્દો ખર્યા. "વ્હાલા પુત્ર ! આ સ્થાન તારા માટે લાયક નથી ધર્મને પંથે ચાલનાર વીર આ ભૂમિનો જલદી ત્યાગ કર ! !તારી સોરઠી સમશેરના બળે જગતના પટપર ઘુમી જીવન પુરાં કર ! ! તારા ભાગ્યમાં રાજસુખ આલેખાયાં નથી. ઇશ્વર તારૂં રક્ષણ કરશે ! તારૂં સદા કલ્યાણ હો" વિજળીના ચમકારા માફક શ્વેત આકૃતિ હવામાં અદૃશ્ય થઇ. કલાબાઈનો દીવ્ય દેહ હવામાં અલોપ થઈ ગયો.

રાખાયત સ્વસ્થ થયો. માતાનાં વચનો પર વિશ્વાસ રાખી દેશવટે જવા તૈયારી કરી હંસલાને તૈયાર કર્યો. પોતાનાં હથિઆર

લીધાં. રોકડ રકમ કંઇક હતી તે લીધી. અને મોટ પરોઢીએ ઘર બહાર નીકળ્યો. પરન્તુ હવે જવું કયાં ?

ઉનાં માના પિયરમાં મામો કે કોઇ નહોતું દુઃખની દોહ્યલી વેળામાં આંસુ લુછનાર બ્હેન પણ નહોતી ફકત મીઠી નજરવાળી હેતાળ એક ફોઇ હતી. પિતાના અને ફોઈના સ્વભાવમાં ઘણું અંતર હતું કાગ અને કોયલનાં અંતર એ ભાઈ બ્હેનમાં હતાં ફોઇ એટલે રણુવગડાની છાંયડી ને મૃત્યુ મરત લોકમાં દયાની દેવી ફોઈનાં હેત રાખાયતને ઘણાં હતાં. તેમાં વળી કલાબાઈના મરણુબાદ ફોઈ રાખાયતને ઘણું ચહાતાં રાખાયતને પોતાને ત્યાં આવી રહેવા ફોઈ વહાલ ભર્યાં અવાર નવાર સંદેશા પાઠવતાં. ફોઈને ત્યાં જવાનું મન તો રાખાયતને થયું પણ આવી દશામાં કંગાલ હાલતમાં ફોઇને ઘેર જવું તેને ઠીક ન લાગ્યું. રાખાયત થાનકંડોરણાને તજીને કયાં ગયો તે આગલા પ્રકરણોમાં આવી ગયું છે.

પુત્રને દેશવટા માટે શ્યામ ઘોડો અને શ્યામ વસ્ત્રો સવારમાં રાજાએ નોકર મારફત મોકલાવ્યાં આ સર્વે વસ્તુઓ લઇ રાજદૂત રાખાયતને મકાને આવ્યો તે પહેલાં તો તે વીર રાખાયત કયારનોએ થાનકંડોરણાના સીમાડા વટાવી ગયો હતો.

પ્રકરણ ૭ મું.

ગિરીનારાયણના જંગલમાં.

ગિરીનારાયણ—ગીરનારના જંગલમાં જેમ જેમ પગથીઆં રાખાયત ઉતરતો ગયો તેમ તેમ ભોંયરાની અંદરથી આવતો અવાજ

નજીક નજીક સંભળાવા લાગ્યો. તરૂણવીરની અટકળમાં આવ્યું કે એ બૂમ સ્ત્રીની છે. ઉતાવળે પગથીઆં ઉતરી રાખાયત આગળ વધ્યો હો. એક વિશાળ ઓરડો જણાયો તેમાં બાજુપરથી પ્રકાશ આવતો હતો. રાખાયત ઓરડામાં ગયો. એક બાજુ પલંગ બીછાવેલો હતો. તેના પર મર્દાનગી પોષાક અને હથિયારો પડયાં હતાં. એક તરફ ખૂણામાં દીવાબત્તીનું સાધન અને ખાનપાનની કેટલીક વસ્તુઓ પડી છે. તે ઓરડાની દક્ષિણ બાજુએ એક બારણું હતું તે તરફથી મદદ માટે બૂમો પડી રહી હતી રાખાયત ધીમી ફલંગો ભરતો તે બારણા તરફ ગયો. જઈને ઓરડામાં ડોકીયું કર્યું.

એક નવયૌવનના બે હાથ જોડી એક નરપીશાચની દયા માગી રહી છે. તે દુષ્ટ રાક્ષસે બાઈના માથાના વાળ પકડયા છે, અને પોતાને અધીન થવા લક્ષ્મીના અવતાર સમી બાઈને ત્રાસ આપી રહ્યો છે. પ્રાણથી વહાલા શિયળને સાચવવા તે સ્ત્રી કાલાવાલા કરી રહી છે. બાઈ જેમ જેમ દયાની યાચના કરે છે, તેમ તેમ પાશવ-વૃત્તિનો પુરૂષ બાઈના અંગપર હુમલો કરવા ધસે છે. પ્રાણના ભોગે શિયળ સાચવવું એવા નિશ્ચયપર આવેલી તે સ્ત્રી મદદ માટે બૂમો પાડે છે. ત્રીજી વખત બાઈએ બૂમ પાડી "આ અબળાની વારે કોઇ આવો, ઓ પ્રભુ બચાવો."

તરૂણ કસરતબાજ રાખાયતે એક છલંગ મારી અને એ દુષ્ટની ગળચી પકડી બાજુપર ફેંકી દીધો. અણીને વખતે સહાય માટે આવી પહોંચનાર વીરને બાઇએ ક્રોડક્રોડ અંતરના આશિષ દીધા. દુષ્ટના હાથમાંથી છૂટી થયેલી બાઇએ પોતાની દૂર પડેલ ચુંદડી લઇને કંકુવરણી કાયાને ઢાંકી દીધી.

પોતાના કાર્યમાં વિઘ્ન નાખનાર તરફ ક્રોધ કરી તે દુષ્ટ છલંગભરી કુદ્યો. રખાયત આ તરફ તૈયારજ હતો. દુષ્ટની છલંગ ચૂકાવી તેને કમરમાંથી પકડી જમીન ઉપર પટક્યો. બન્ને જણ મલ્લયુદ્ધ કેટલોક વખત લડયા. એક બીજાપર દાવ આવતાં ચઢી બેસે છે. ગદડાપાટુ, મૂઠીના પ્રહારો થાય છે. એક તરફ આ દૃશ્ય જોતી તે સ્ત્રી ઉભી છે. પોતાના મદદગારના વિજય માટે મનમાં પ્રભુની પ્રાર્થના કરી રહી છે.

દાવ આવતાં રાખાયતે પાપીને ચત્તોપાટ પાડી દીધો. તેની છાતી ઉપર ચઢી બેઠો. પોતાની વજ્ર જેવી મુઠી હૃદયપર જોસથી લગાવી દીધી. ઉપરાઉપરી બે પાંચ મુક્કીઓ ચોઢી કાઢી. છાતીની પાંસળીઓનાં હાડકાંનો લોચો થઇ ગયો. ફેફસાં ફાટી ગયાં અને લોહીના કોગળા મોઢામાંથી નીકળી પડયા. તે નરપિશાચ રાક્ષસ ટાઢોઢમ થઇ ગયો. યમ દેવની હજુરમાં તેનો આત્મા જઇ પહોંચ્યો. પોતાના દુશ્મનને મરણ પામેલો જોઇ રાખાયત તેની છાતીપરથી ઊઠયો. દૂર ઉભેલી બાઈ પાસે ગયો અને બોલ્યો.

"બાઇ તમે મારા ધર્મની બ્હેન છો.' તમે હવે નિર્ભય છો. ગભરાશો નહિ. તમારૂં નામ ઠામ જણાવશો તો હું તમને તમારે ઘેર પહોંચાડીશ."

"ભરી સભામાં દ્રૌપદીની લાજ જેમ શ્રીકૃષ્ણે રાખી તેમ લાજ રાખનાર મારા શિયળના રક્ષક વીર! તારી વીરતા અમર રહેજો. પ્રભુ તારી જુવાની અમર રાખશે. ભાઈ તમે મારાપર અને મારા કુટુંબપર મોટો ઉપકાર કર્યો છે. આપ મારી સાથે મારા માવતરને ત્યાં પધારો ને અમને અતિથિ સેવાનો લાભ આપો!!"

"મારા બાપનું નામ વિક્રમસી આયર, મારૂં પિયર અડીંલામાં છે. મારૂં નામ જાસલ, વેલડું જોડાવી હું સાસરે જતી હતી. માર્ગમાં ભોજા બહારવટીઆએ વેલડું રોકયું. ચોરટાઓ વેલડાને ઘેરી વળ્યા. આ કાયાના રૂપમાં ભોજો ભાન ભૂલ્યો. તેની મતિ બગડી. ધીંગાણું થયું. વેલડું હાંકનાર ખેડુત અને બે, ખેપીઆને ઠાર કર્યા. ભોજો મને ઉંચકી દૂરદૂર ગીરના જંગલમાં લઇ ચાલ્યો. ભોજો ભયાનક લૂંટારો હતો. તે મને આ ભોંયરામાં લાવ્યો. મને તેના પંજામાંથી આપે ઉગારી." જાસલે પોતાનો વૃત્તાંત ટુંકામાં કહી સંભળાવ્યો.

"પોતાના સર્વસ્વનો નાશ કરાવનાર, રાણી અમરાબાઇના બાપ વિક્રમસીની દીકરી જાસલને બચાવવાનો પ્રભુએ યોગ આપ્યો તે માટે રાખાયતે ઇશ્વરનો ઉપકાર માન્યો." અવગુણ ઉપર ગુણ કરે એ સજ્જનનો અભ્યાસ, સુખડ પોતાના નાશ કરનારને પણ મીઠી સુગંધ આપે છે.

આગળ રાખાયત અને પાછળ જાસલ એમ ભોંયરામાંથી બહાર નીકળ્યાં. પાપી ભોજાના દેહને ભોંયરામાંજ સડવા દીધો.

ભોંયરામાંથી બહાર આવ્યા પછી, હંસલાપર બ્હેન જાસલને બેસાડી પોતે હંસલાને દોરી આગળ ચાલ્યો. રસ્તો શોધી કાઢી અડીંલાને માર્ગે ઘોડાને હાંકયો.

થાનકંડોરણાના ભાવિ રાજા વીર રાખાયતને રઝળતો રખડતો કરી એક નિર્દોષ સાચો ગુન્હેગાર ઠરાવી પોતાના ભાણેજ ઓઢારાજને માટે ગાદીનો માર્ગ નિર્ભય કરી બ્હેનની પાસેથી ઇનામમાં સોનાના હાર તથા રોકડ લઇ વિક્રમશી વતન અડીંલે આવવા નીકળ્યો.

વિક્રમસી ઘેર આવ્યો. શોક જેવું દીઠું. બધાનાં મોઢાં પડી ગયેલાં જોઇ વિક્રમસીએ પૂછયું "શું છે ? આમ શોકવાન કેમ જણાઓ છો ?"

વિક્રમસીનાં ઘરવાળાંએ ઘુંઘટમાંથી જવાબ દીધો: "દીકરીને સાસરેથી તેડું આવ્યું. વેલડું જોડાવી દીકરીને મોકલી. રસ્તામાં ભોજો મળ્યો રખેવાળીયાને મારી નાખી, દીકરી જાસલને એ કાળ-મુખો ઉઠાવી ગયો. આજે આઠ દીવસ થયા કોણ જાણે દીકરીનું શું થયું હશે ? અને એક ભવમાં બે ભવ કરવા પડયા હશે ? કે દીક-રીએ પેટે કટારી નાંખી હશે !"

વિક્રમસી પોતાનાં માણસો લઇ જાસલની વ્હારે ચઢયો.

અહીંસેથી બે ગાઉ દૂર એક ઝરણાંને કાંઠે જાસલે ઘોડો થોભાવ્યો છે. જાસલને તરસ લાગવાથી હંસલાપરથી ઉતરી ઝરણાનાં સ્વચ્છ કાચ જેવાં નીર હાથના ખોબાથી પીએ છે. જરાક દુર વહેણની નીચે હંસલો પાણી પીએ છે, રાખાયત હંસલાની લગામ ઝાલી ઉભો છે. એવામાં દૂર રજ ઉડતી જણાઇ. રાખાયત સાવધાન થયો, જાસલને તૈયાર થવા રાખાયતે સૂચના કરી. "બ્હેન ઘોડા આવે છે, માટે તમે હંસલાપર ઝટ બેસી જાઓ." જાસલ ઘોડા તરફ જોઇ રહી. ઘોડા નજીક આવી પહોંચ્યાં.

દીકરીએ બાપને ઓળખ્યો. દોડીને તેની પાસે જઇ ઉભી વિક્રમસીની નજર રાખાયતપર પડી. જાસલે થોડા શબ્દોમાં વિતક કહ્યાં, ધરતીમાતા માર્ગ દે તો અંદર સમાઇ જાઉં એમ વિક્રમ-સીને થયું, પોતાની દીકરી જાસલના શિયળનું રક્ષણ કરી પોતાના ઉપર મહાન ઉપકાર કરનાર રાખાયત સામું ઉપકારના ભારતળે દબાયેલો વિક્રમસી જોઇ શકયો નહિ. વિક્રમસીએ સ્વમામાં પણ

જેના ભલાના વિચારો કર્યા નથી, જેને કાયમનો દેશવટો અપાવ્યો છે. પોતાના હાથેજ જેના સુખના દરવાજા સદાને માટે બંધ કર્યા છે, તેના સામું વિક્રમસી શું મોઢું બતાવે. શરીરમાં હતું તેટલું બળ એકત્ર કરી વિક્રમસી બોલ્યો.

રાજકુમાર રાખાયત તમારો ઉપકાર ભૂલાય તેવો નથી, મારા કુળની લુંટાતી લાજ તમે અટકાવી છે. અહીંલામાં પધારો ને સુખેથી અહીં રહો."

"મામા વિક્રમસી તમારી કૃપાથી હવે હું રાજકુમાર મટી રસ્તાનો રઝળતોભીખારી થયો છું. આ રાખાયતના ભાગ્યમાં સુખના આંકો માંડવાનું વિધાત્રી ભૂલી ગઇ છે. મામા તમારે ને મારે શું વેર હતું કે તમે મને દેશવટો અપાવ્યો. ? તમેજ મને દગો કર્યો છે. માથું કાપી પાઘડી બંધાવો છો તે પાઘડી ક્યાં રહે ? તમે તમારો ધર્મ ભૂલ્યા પણ હું મારી ફરજ ભૂલ્યો નથી. મેં કંઈ કર્યું નથી, કર્તા નારાયણ છે. એકવાર કહો કે રાખાયત તું નિર્દોષ છે." એમ કહી હંસલા ઉપર સ્વાર થયો.

ઉપરનાં વચનો સાંભળી વિક્રમસીની એક ગજ ભોંય નીચી થઇ. જાસલ તો આ સાંભળી નવાઇ પામી, બીજા સાથીદારો વિક્રમસી તરફ ધિક્કારની નજરે જોઇ રહ્યા.

"ભાઈ રાખાયત ગઇ ગુજરી ભૂલી જા. તું નિર્દોષ છે. એક વખત અહીંલામાં પધાર" વિક્રમસીએ પોતાના પસ્તાવારૂપે વાક્યો કહ્યાં–તે સાંભળી રાખાયત બોલ્યો. "મામા હવે પેલે ભવ અહીંલે પધારીશું." એમ કહી હંસલાના પેટ એડી મારી. હવામાં ફાળો ભરતો હંસલો સ્વારને લઈ દષ્ટિમર્યાદિની બહાર જતો રહ્યો.

વિક્રમસી રાખાયત તરફ જોઇજ રહ્યો. તેના પાપી હૃદયપર રાખાયતના શબ્દોથી કંઇક અસર થઇ. તે સમજ્યો કે મેં ઘણું ખોટું કર્યું છે—પરન્તુ હવે શું વળે ? ઘડો ફૂટયો ને નીર વહી ગયાં. ખોટું કામ કરવું સહેલ છે, પણ સારૂં કામ કરવું મૂશ્કેલ છે. ઇમારત ચણવી મૂશ્કેલ છે. તેને બનાવતાં મુદ્દત લાગે છે, પણ તેને તોડી પાડવી સહેલ છે, થોડા વખતે તેનો નાશ કરાય છે. કોઇપણ કાર્ય વિચાર અને સમજ પૂર્વક કરવામાં આવતું હોય તો પાછળથી પસ્તાવાનો સમય આવતો નથી.

સૂર્યદેવના રથના ઘોડાં છૂટયા, સવિતાનારાયણ—પોતાની બાર કલાકની મુસાફરી પુરી કરી અસ્તાચલમાં સંતાયા, દેવના દરબારમાં નોબતે ઘાવ થયા. સાયંકાળની આરતીની ઝાલરો વાગી, તેના મધુર રણકારા સીમાડામાં દૂર દૂર ગુંજી રહ્યા. જતા આવતા વટેમાર્ગુઓને વરદી આપી રહ્યા કે અસુર થયું. વિશ્રાંતિ કરો, હવે થોભો.

આંબરડી ગામના પાદરે આ વખતે એક અજાણ્યો ઘોડે સ્વાર આવી ઉભો રહ્યો. બસો ત્રણસો ઘરની વસ્તીવાળું આ નાનું ગામ—ત્યાં ધર્મશાળાએ કયાંથી હોય. ગામની પૂર્વ દીશાએ તળાવ અને તળાવને કાંઠે શંકરનું નાનું દેવળ.

અજાણ્યા ગામમાં કોને ઘેર જઇ રાતવાસો કરવો ? એનો વિચાર ઘોડેસ્વાર કરતો હતો. મન સાથે વિચાર કરી તેણે ઘોડો દેવળ તરફ વાળ્યો.

મહાદેવના દેવળે આવી સ્વાર ઘોડા ઉપરથી ઉતર્યો....ઘોડાની પીઠપરથી સાજ ઉતાર્યો. દેવળના ઓટલે એક કડું હતું તેની સાથે ઘોડાને બાંધ્યો. પોતે તળાવમાં ગયો. તેણે હાથ પગ મોં ધોયું અને શંકરના દેવળમાં દર્શન કરવા ગયો. માટીના એક જુના કોડીઆમાં

ઘીનો દીવો ઓછા ઓછા તેજે બળી રહ્યો હતો તેના ઝાંખા પ્રકાશમાં ભક્તિભાવે શંકરના દર્શન કર્યાઃ

દેવળમાંથી બહાર આવી ઘોડાનો ઘાસીઓ પાથરી મહાદેવના ઓટલાપર બેઠો. થાનાકંડોરણાનો ગાદી વારસ રાજકુંવર ભૂખ્યો તરસ્યો પોતાના આશરે રાતવાસો ગાળે, એ દયાળુ દેવ ભોળાશંભુને કેમ ગમે ?

આંબરડી ગામનો વૃદ્ધ આયર અભો. એને સાંજ સવાર દર્શન કરી જમવાની નેમ, અભો, ગામ ગામેતરે જાય ત્યાં પણ શંકરના દર્શન કર્યા સિવાય પાણીનો ઘુંટ સરખોએ ગળે ન ઉતારે.

અભાજીને એભલ નામે દીકરો હતો. તે વીસ વર્ષની ઉમરે પાછો થયો હતો. ગઇ દિવાળીએ આંબરડી માથે ચોરટા પડયા. ધીંગાણું થયું અને તેમાં લોહી ભર્યો જુવાન એભલ કામ આવી ગયો. એભલની ખાંભી–આંબરડીના પાદરે ઉભી છે. વાર તહેવારે અભો આયર એ પાળીઆને તેલ સીંદૂર ચઢાવી, પોતાના મનનાં દુઃખ ઓછાં કરે છે. એકનો એક દિકરો મરાયો. તે દિવસથી અભા આયરનો મોહ સંસારપરથી ઉતરી ગયો.'' તેનો જીવ સંસારી માયાથી ખાટો થયો. જીવનના બાકીના દિવસો અભો આયખું પુરૂં કરતો હતો.

એક હાથમાં તુલસીના મણકાની માળા અને બીજા હાથમાં લાકડી ઝાલી અભોઆયર દેવને ઘેર આવ્યો. પગરખાં ઉતારી દેવળમાં ગયો. મહાદેવને સાષ્ટાંગ પ્રણામ કર્યા. તેની ઘરડી કાયા ભોળા દેવના દરબારમાં લાંબી થઇ. જમીન સાથે ઘસાયાથી ભક્તિભાવે મોઢામાંથી વેણ ખર્યા. " હે ! શંકર મહારાજ, પરમેશર ઈજત અને આબરૂ સાથે મોત દેજે–જન્મોજન્મ તમારી ભક્તિ

હજો મારાપ્રભુ" દેવળમાંથી બહાર નીકળી પાંચ આંટા દેવળ ફરતા ફરીને ઘોડેસ્વાર બેઠો હતો તેનાથી થોડેક દૂર તે આયર બેઠો. પંચાક્ષરમંત્રથી એક માળાના એકસો આઠ મણકા પૂરા કર્યાં. અને ઘેર જવા ઉઠયો. ઓટલાપર બેઠેલો કોઇ અજાણ્યો મુસાફર છે એમ ધારી વૃદ્ધ આયરે પૂછ્યું! "જુવાન કયાંથી આવો છો ? શી ન્યાતે છો ?"

"હું ગીરનાર તરફથી આવું છું. જાતનો બાબરીઓ છું." તે સ્વારે નમ્રતાથી જવાબ દીધો. વારૂ ! વારૂ !! ત્યારે વા થાણકંડોરણાના બાબરીઆ હશો ? તમારૂં નામ ? વૃદ્ધે પૂછ્યું. "મારૂં નામ, રાખાયત. થાનકંડોરણાના રાજા મિયાત બાબરીઆનો હું પુત્ર છું." રાખાયતે ખુલ્લાદીલથી જવાબ આપ્યો.

"રાજકુમાર! તમે અહીં શંકરનો ઓટલે રાતવાસો કરો એ ઠીક ન કહેવાય, ચાલો ઉઠો. ઘોડાને લઇ મારી સાથે ગામમાં પધારો. મારાં સદ્ભાગ્ય કે તમારા જેવા મહેમાન આજ મારાં આંગણાં પાવન કરે!" એંશી વર્ષના વૃદ્ધ આયરે અતિ આગ્રહ કર્યો. ઘોડાને લઇ વૃદ્ધની પાછળ પાછળ રાખાયત આંબરડીમાં ગયો.

અભા આયરને ઘેર વૃદ્ધ આયરાણી અને નથુડો નોકર—આયરની રાહ જોતાં ઓશરીમાં બેઠાં હતાં. આયરાણીએ વાળુ માટે તૈયારી કરી રાખી હતી. આયરની ડેલી આવી. આયરે સાદ કર્યો. નાથુડા! આ મેમાનના ઘોડાને ડેલામાં બાંધી ઘાસ, દાણો નીર !!

આયરની મોટી ડેલી તેમાં વિશાળ ઘર લીંપ્યા ગુંપ્યાની, ઘરના ઓરડાની સ્વચ્છતા રાજમહેલને પણ ભૂલાવે તેવી હતી.

હાથણીઓ જેવી ઘરની ભેંસોનાં ખડી જેવાં દૂધે મેમાનને વાળુ કરાવ્યાં. ચોગાનમાં ખાટલા ઢળાયા. મેમાન આવેલા જાણી

આજુબાજુના પાડોશીઓ અભાજીને ઘેર આવી બેઠા: નથુડો રૂપેરી હુક્કો ભરી લાવ્યો. રખાયતને વ્યસન નહોતું, એટલે બીજાઓએ હુક્કો તાણવા માંડયો. ગડુડડ ગડુડડડ હુક્કાના અવાજ વચ્ચે હુક્કાની ધુંટયો ગળાવા માંડી. અભાજીએ મેમાનની ઓળખ કરાવી.

મિયાણી તરફ રખાયતને નોકરી માટે જવાનો વિચાર હોવાથી મિઆણી વાતો ચર્ચાવા માંડી. "મિઆણીનો રાજા ચાવડાવંશનો રજપૂત છે. શહેર મોટું છે. મિઆણી સારૂં બંદર છે. વેપાર રોજગાર ઠીક ચાલે છે, પણ રાજા નિતિનો જરાક લથડેલો છે, એનો કારભારી મુળુભા પ્રજાપર ત્રાસ વર્તાવે છે." વગેરે વગેરે અનુભવો મેમાનને સંભળાવ્યા. વાતોની લ્હેં ચાલી રહી છે એટલામાં ગામની પછવાડે શિયાળવા બોલ્યાં. ગામની વસ્તીએ જાણ્યું કે પહોરીઆં બોલ્યાં, રાતનો પહેલો પહોર પુરો થયો. આયરની ડેલી બંધ થઈ સર્વે ઉઠી પોતપોતાને ઘેર ગયા.

બીજે દિવસે સવારમાં સૂર્યદેવનો સારથી અરૂણ રથને સાતમુખો અશ્વ જોડે તે પહેલાં તો તરૂણ વીર રાખાયત વૃદ્ધ અભા આયરની રજા લઇ, હંસલાની પીઠે સ્વાર થઇ આંબરડીનાં પાદર વટાવી રહ્યો હતો. મિયાણી બંદરના માર્ગે તેના ઘોડાના ડાબલા ગાજી રહ્યા હતા.

પ્રકરણ ૮ મું.

મીઆણી.

સોહામણા સોરઠ દેશની પશ્ચિમ દીશાએ દરિયાકાંઠે વિક્રમ સંવત ૧૩૫૨ માં મિઆણી પ્રસિદ્ધ બંદર હતું. તેનો સઘળો વેપાર

સ્વેઝ, એડન, જંગબાર, બસરા, અને સુરત, ભરૂચ સાથે ચાલતો હતો. હાલ જુજ મુંબઈ સાથે વેપાર છે, મીઆણીનું ખરૂં નામ મૈનલપુર હતું. હાલ તે વખતના મિઆણી ઉપર ચાવડા વંશના રાજા પ્રતાપસિંહનાં નેજાં ફરકી રહ્યાં હતાં. મીઆણી પ્રભાતસિંહ ચાવડાનું રાજનગર હતું. પરન્તુ વખતના વહેણમાં તણાતી દુનિયા પરનું કોઇપણ સ્થળ અમરપણાની સાબીતી આપવા ભાગ્યશાળી થયું કોઇએ જાણ્યું છે ? કાળચક્રના દાવા–મૈનલપુર–મિઆણી સાથે અથડાવા લાગ્યા. તેનો વિનાશ થયો.

મૈનલપુરનો પુનર્જન્મ થયો હોય તેમ તેજ સ્થળપર આજે નાનકડું મીઆણી બંદર–પોરબંદરના તાબામાં હયાત છે. તેની આજુબાજુનાં ખંડીયરો–અસલના મીઆણી શહેરની વિશાળતા અને વૈભવની સાક્ષી પુરવા છસો છસો ચોમાસાની ઝીકો ઝીલતાં હજી પણ અડગપણે ઉભાં છે. આ નવલકથા આ પુરાણા મીઆણી બંદર સાથે સંબંધ ધરાવે છે.

મીઆણી શહેરની પશ્ચિમ અને દક્ષિણ દીશાએ અરબી સમુદ્ર પોતાનાં પહાડ જેવાં પ્રચંડ મોજાં ઉછાળી કેસરી સિંહની માફક ઘુઘવાટા કરી રહ્યો છે. ઉત્તર દીશા તરફથી વહેતી વરતુ નામે નદી મીઆણીની પશ્ચિમે વહી સાગર સાથે સંગમ પામતી હતી, જેથી વરતુ નદીનું મુખ દરિયાની ખાડી તરીકે ઓળખાતું હતું. ખાડીમાં કેટલાંક વહાણો લંગર કરી પડી રહેતાં કેટલાંએ વહાણો આવતાં અને જતાં.

ખાડીના મુખ આગળ ઉંચો એક ટેકરો હતો. તે પર માતાનું સ્થાનક હતું. વારતહેવારે મીઆણીના લોક હોડીઓમાં બેસી માતાજીના દર્શને જતા. આ હર્ષેશ્વરી માતાના સંબંધમાં એક દંતકથા

છે, કે, માતાજીનું મુખ દરિયા તરફ હતું, કોઈ વહાણવટીએ માતાજીની મશ્કરી કરી તે દિવસથી દેવી કોપાયમાન થયાં. દેવીનો કોપ તે કંઈ જેવો તેવો ! દેવીની મશ્કરી ન હોય ! !

મીઆણી આગળ દરિયામાં મોટાં જીવલેણ વમળો ઉત્પન્ન થયાં. ગાઉગાઉ દૂરથી વહાણો વમળના પ્રવાહમાં તણાઈ આવતાં, અને જળ સમાધ લેતાં. વહાણના ખલાસીઓનું કંઈ ચાલતું નહિ. કેટલાંએ અજાણ મુસાફરો દેવીની નજરે વમળમાં ગુમ થયાં. પણ કોપેલાં દેવી શાન્ત ન થયાં. એક વાણીઆની આખી જાન આ વમળમાં ડુબી ગઇ, આશાભર્યો વરરાજા અને તેનાં સગાં વહાલાં, એ જળમાં ડુબી ગયાં મીઆણીમાં હાહાકાર થયો. પરન્તુ આનો ઉપાય શો ?

જગડુશા' નામે વાણીઓ મીઆણીનો નગરશેઠ, એના રોમેરોમમાં દયાનાં ઝરણાં ફૂટયાં. દેવીને મનાવવા જગડુશા ચાલ્યા. દેવીને આંગણે જગડુશા'એ લાંઘણો કરવા માંડી. અન્નજળનો ત્યાગ કરી હાથમાં માળા લઇ આઠે પહોર દેવીના નામના જાપ જપવા માંડયા. દેવીની આરાધના કરવા માંડી. એક લાંઘણ, બે લાંઘણ, એમ સાતસાત લાંઘણો દેવીને બારણે થઈ. માતાની નાનકડી દેરીમાંથી ગેબી નાદ થયો.

"જગડુશા'!! મારે એકજ માના જણ્યા સાત પુત્રોનાં બલીદાન જોઇએ. અને તે તારાજ હાથે બોલ આપીશ" ? જગડુશા' દેવીનાં વેણ સાંભળી ગભરાયો પણ વણિકનો દીકરો એમ હીંમત હારે તેવો નહોતો. પળમાં વિચાર કરી બોલ્યો. "હા, દેવી આપીશ" દેવીને કોલ દઇ જગડુશા' ઘેર આવ્યા. બોલતો દેવાઈ ગયા પણ એકજ માના સાત પુત્રો કયાંથી મળે ? મળે તોએ મરવા કોણ તૈયાર થાય ? વિચાર કરતાં કેલૈયા કુંવર જેવા પોતાનાજ સાત પુત્રોપર જગડુ'શાની નજર ઠરી.

સાતે દીકરા ઘરબારવાળા, સાતે દીકરાને બોલાવ્યા. દેવીનાં વચનો કહી સંભળાવ્યાં. પરગજુ પિતાની ઇચ્છા જાણી લોકકલ્યાણને માટે સાતે દીકરા મરવા તૈયાર થયા. અને બોલ્યાં, "પિતાજી આવાં રૂડાં મરણ પુણ્યશાળીને પ્રાપ્ત થાય છે. અમારા રૂધીરથી દેવીનાં ખપ્પર ભરી દો." તે સાથે ઓરડાના કમાડ પાછળથી સાતે કોયલો સાથે ટહુકી! "સસરાજી અમે સાતે સજોડાં દેવીનાં ખપ્પરમાં અમારા ઉના લોહીથી ભરી દઈશું અને માતાને રીઝવશું."

હર્ષેશ્વરીના ટેકરે રાંમસીતાની સાતસાત જોડીઓ ઉભી છે. ગળામાં ફૂલના હાર, કપાળે કંકુની આડ, હસતા વદને માથાં નમાવી ચૌદ ચૌદ જીવ દેવીના બારણે ઉભા છે. જગડુશા' હાથમાં ચળકતી તીક્ષણ ધારવાળી કાળની જીભ જેવી "સોરઠી તરવાર" લઇ ઉભા છે.

"હર્ષેશ્વરી મા તૈયાર થાઓ !! તમારાં વેણ યાદ કરો ! સાતને બદલે ચૌદ જીવોનાં બલીદાન લઈ રૂધીરનાં ખપ્પર ભરો."

એમ કહી જગડુશાએ તરવાર ઝીકી. સૌથી મોટો દીકરો અને અને વહુ વધેર્યાં, વાણીઆનું હૈયું સાચા રજપૂતને લજાવે તેવું કઠણ થયું. પેટના દીકરાપર ઘા કરતાં એનું રૂંવાડુંએ ચોરાયું નહિ. એક જોડનો ભોગ લીધો. દેવીની મૂર્તિ એક ડગલું નીચે ઉતરી.

આવી રીતે સાત જોડલાંના ભોગ અપાયા. દેવી સાત ડગલાં નીચે આવ્યાં. હર્ષેશ્વરી માતાનો રોષ દૂર થયો. શેઠ પગે પડયા.

મરણ પામેલાં બલીદાન પર દેવીએ અમીની નજર કરી સાતે દંપતિ સજીવન થયાં, હસતાં હસતાં બેઠાં થયાં, દેવીને વંદન કર્યાં. જગડુશા ખુશ થયા, અને હર્ષેશ્વરી મા, દરિયા સામે પીઠ કરી બેઠાં. દેવી ત્યાં સ્થીર થયાં, જગડુશાએ ત્યાં દેવળ બંધાવ્યું, દરિયાનાં જીવ-

લેણુ વમળે શાન્ત થયાં, અને તે, સાથે જગડુશા'નું નામ ધરતી પર અમર થયું, આજે પણ એ ટેકરાપર હર્ષદમાતાના દેવળ પાસે જગડુશા' અને તેના સાતે દીકરાને વહુઓની પાષાણની મૂર્તિઓ ઉપરની દંત-કથાને ટેકો આપતી ઉભી છે.

મીઆણીમા ભાણો શેઠ નામે એક મોટો વેપારી હતો. જેનાં વહાણો પરદેશ સાથે સારો વેપાર ખેડતાં. ભાણાશેઠ પર લક્ષ્મીદેવીની પૂર્ણકૃપા હતી. ભાણાશેઠ જાતનો કંસારો હતો, પરન્તુ પૈસાપાત્ર હોવાથી મીઆણીમાં અને બહાર દેશાવરમાં તેને સૌ ભાણા શેઠના નામથી ઓળખતું હતું. ભાણો શેઠ સ્વભાવે ઉદાર અને દયાળુ હતો. તેની સ્ત્રી દિવાળી કંસારણ, બહુ ભલી બાઈ હતી. ધનનો ગર્વ તેનામાં ન હતો. ભાણા શેઠનો પૈસો દાનપુણ્યમાં ઠીક વપરાતો હતો.

ભાણાશેઠને ત્યાં લક્ષ્મીનો વાસ હતો, પણ એક શેર માટીની ખોટ હતી. આવાં દયાળુ માણસોને પેટે સંતતી નહોતી. દિવાળી બાઇને આથી કોઇ કોઈ વખત લાગી આવતું. ઓછું આવતું ભાણા-શેઠ તેને સમજાવતા, કે, "પ્રભુપર શ્રદ્ધા રાખો. તે સૌ સારૂંજ કરશે. જગતનો પિતા કોઈનું ખોટું કરવામાં રાજી નથી."

મીઆણી શહેરની બહાર-વસ્તુ નદી અને દરિયાના સંગમ આ-ગળ સંતપુરૂષની એક મઢી—એક નાનું મકાન મઢીમાં રામચંદ્રજીની મૂર્તિ હતી ત્યાં સાઠ સીત્તેર વર્ષની વયનો એક સાધુ રહેતો હતો. રામજીની મૂર્તિની સેવા કરી.—પ્રભુ ભકિતમાં પોતાનો સમય ગાળતો સવાર સાંજ આ મઢીમાં તે રામાયણ વાંચતો બે પાંચ ભાવિકભકતો આવતા ને રામાયણ સાંભળતા.

ઉદર પોષણ અને લંગોટીનું ખર્ચ ભાણા કંસારા તરફથી મળતું. એટલે પછી આ સંત પુરૂષને બીજી ફિકર નહોતી. ધન સંગ્રહ

કરવાની લાલચ રાખતા નહિ. સાધુને ધન સંગ્રહની શી જરૂર !

શેઠ ભાણો કંસારો અને તેની સ્ત્રી દિવાળી દરરોજ સવારમાં આ સંતની મઢીએ રામાયણ સાંભળવા આવતાં હતાં. દિવાળીબાઈનું હૃદય કોઇ કોઈવાર આ સંત પુરુષ આગળ બાળકની યાચના કરતું ત્યારે તે સંત કહેતા કે " રામજી તમારા મનની મુરાદ પૂર્ણ કરશે દિવાળી માઈ રામજીને યાદ કરો તે સારૂંજ કરશે. "

સંતપુરુષનાં વચનોએ દિવાળીબાઈની આશા સજીવન રહેતી

આનંદકારી વર્ષાઋતુ !! ચોમાસાનો ધોરી શ્રાવણ માસ મોતીના દાણે સરવડાં વરસી રહ્યાં છે. નદી નાળાં વગેરે જળાશયો– પાણીથી ભરપુર થઇ ગયાં છે. ધરતીમાતાના પટપર લીલુડી ચુંદડી પથરાઇ ગઇ છે. યૌવનમદમાં ઘેલી થયેલી નદીઓ ઉતાવળે ચાલતી પતિદેવ સાગરને ભેટવા દોડી રહી છે, જાણે કોઇ નવોઢા લાડલી પ્રિયતમને ભેટવા હર્ષભેર ઉતાવળાં ડગભરી રહી હોય તેમ ઉતાવળે વેગે વહી રહી છે.

આજે કૃષ્ણ જયંતિનો દિવસ ગોકળ આઠમ, જન્માષ્ટમી હોવાથી મઢીના સંત નિયમ પ્રમાણે બ્રાહ્મ મૂહુર્તમાં ઊઠયા, શૌચ, દંતધાવન વગેરે કરી. સંગમપર સ્નાન કરવા ગયા. સંત દરરોજ તારા સ્નાન કરતા. વળી આજે તહેવારને લીધે સંગમપર મીઆણીના લોક સ્નાન માટે આવે તેથી ભીડ પણ વધારે થશે. એમ સમજી સંત મહાત્મા જલ્દી જલ્દી સ્નાન કરવા લાગ્યા. તેવામાં તેમના પગે પાણીમાં કંઇક અથડાયું પરોઢના ઝાંખા ઝાંખા પ્રકાશમાં તેમણે જોયું તો લાકડાની નાની પેટી જેવું જણાયું. પેટીને બહાર કાઢી સ્નાન કરી પેટી લઈ સંત મઢીએ આવ્યા. અને રામજીની સેવા–આરતી કરવામાં જોડાયા પેટી ઊઘાડવાની ભૂલી ગયા પેટીમાં શું હશે ? એ જાણવાની ઉતાવળ

સંસાર ત્યાગી સંતપુરૂષે ન કરી. પ્રભુ ભક્તિમાં લીન થયેલા અને સંસારના વૈભવી જીવનનો ત્યાગ કરેલા સંત્ પુરૂષને એવી ઉતાવળની ઘણી જરૂર પણ ન હોય.

જન્માષ્ટમીનો તહેવાર તેથી દરરોજના નિયમ કરતાં ભાણો કંસારો અને તેની સ્ત્રી દિવાળીબાઇ બન્ને જરાક વહેલાં આવ્યાં. તેમણે પણ સંગમપર સ્નાન કર્યું અને પછી મઢીએ દર્શન કરવા તેમજ કથા સાંભળવા આવ્યાં. આ વખતે મઢીના સંત પ્રભુભક્તિમાં લીન હતા. તેથી તેઓ બન્ને જાણાં રામચંદ્રની મૂર્તિ સામે બેઠા. પૂજામાંથી નિવૃત થઈ સંત તેમની પાસે આવ્યા અને પેલી પેટી યાદ આવી તેથી પેટી બતાવી બોલ્યા. " ભાણા શેઠ આ પેટી આજ સ્નાન કરતી વેળાએ દરિયામાંથી મળી છે. પેટી ઉઘાડો અને તેમાંથી જે નીકળે એ તમારૂં. મારે કંઇ જરૂર નથી." ભાણા શેઠે પેટીને હાથમાં લીધી કારણ તે બહુ મોટી નહોતી. પેટીને ક્યાંથી ઉઘાડવાનું છે, તે જોઇ યુક્તિ સાથે બળ વાપરી ભાણા શેઠે પેટી ઉઘાડી તો અંદર પોતાના જમણા પગનો અંગુઠો ધાવતું નાનું બાળક ! પ્રાગ-વડના પાંદડે અંગુઠો ધાવતા ત્રિલોકનો નાથ પોઢયા હોય તેમ સૌંદર્યના તેજમાં તરબોળ થયેલું એક બાળક—દિવાળીબાઈએ બાળકને ઊંચકી લીધું પોતાના હૃદય સાથે ચાંપી તેમણે આ બાળકીના ગાલપર પેટના બાળક જેવા વહાલે બે ત્રણ આ ચુમ્બીઓ કરી.

અને જોઈ વેરીના કાળજામાં પણ વહાલના ઉભરા આવે એવી આ બાળકીને તજી દેનાર માવતરના હૃદયની કઠોરતાનાં માપ ભાણો શેઠ માપી રહ્યા છે. તે બોલ્યા " મહારાજ આવા રૂપાળા બાળકને કોણે દરિયામાં નાંખી દીધું હશે ? રામજીની કૃપાથી એ કેવું કલોલ કરતું જીવતું છે ? " આ સાંભળી આનંદમાં ઉછળતા હૈયે દિવાળી

બાઈ બોલ્યાં. " તમે સમજ્યા કોઈ વિધવા, કે કુંવારીએ આ બાળકીને જન્મ આપ્યો હશે, એબ ઢાંકવા તેનાં સંબંધીએ આ કૃત્ય કર્યું હશે એમ મને તો સમજાય છે. "

'ગમે તેમ હોય તમને તો જાણે રામજીએ આપી દિવાળીબાઈની ઇચ્છા રામજી એ આજે પૂર્ણ કરી આજે જન્માષ્ટમીને દિવસે તમને પ્રભુ પ્રસન્ન થઇ ગયા. એ બાળકીને તમારે ઘેર લઈ જાઓ. ત્યાં તેનું લાલનપાલન કરી મોટી કરો અને રામચંદ્રજીનું ભજન કરો." સંત મહારાજે ભાણા શેઠ અને દિવાળીબાઇને ઉપદેશ કર્યો.

પોતાના મનના કોડ શ્રીરામજીએ આજે પૂરા કર્યા તેથી દિવાળીબાઈએ પ્રભુને ખરાભાવથી પ્રણામ કર્યા. અને આજ સારો ઉત્સવ દેવમંદિરમાં કરવાનું કહી ભાણા શેઠ અને દિવાળીબાઈ બાળકીને લઈ ઘર તરફ વળ્યાં દિવાળીબાઇનો ખોળો આજે શોભવા લાગ્યો. ભાણા શેઠના હાથમાં પેલી પેટીનું ખાલી ખોખું હતું બન્ને જણાં ઘેર પહોંચ્યાં.

ઘેર આવી બાળાને થોડું દૂધ પાયું ભાણા શેઠના ઘરમાં આનંદ આનંદ થઈ ગયો રંગીત પારણાં મંગાવ્યાં મખમલ મશરૂની નાની તળાઈઓ તેમાં બિછાવી તેમાં બાળાને પોઢાડી માતા દિવાળીબાઇ હાથમાં રેશમની દોરી લઇ મધુર હાલરડાં ગાતી બાળાને હીંચોળવા ઝુલાવવા લાગી, ભાણા શેઠનું સુનું સુનું મકાન આજે બાળકના સ્વર્ગીય નાદથી ગુંજી રહ્યું થોડા સમય પહેલાં જે બાળક દરિયાના પાણીમાં હતું તે અત્યારે નિર્ભયપણે પારણામાં ઝુલે છે પ્રભુની કેવી અજબ લીલા.

ભાણા શેઠે બાળાના નામાભિધાન માટે પોતાના જોશીને તેડાવ્યા જોશી મહારાજે બાળાના હાથપગની રેખાઓ જોઈ કહ્યું " શેઠ આ બાળા કોઈ રાજકન્યા છે. લક્ષ્મીનો અવતાર છે. જગતમાં

તેનું નામ અમર થશે. પણ લગ્નના ગ્રહ મહા ભારે છે. આજે પૂર્વા ભાદ્રપદ નક્ષત્રના બીજા ચરણમાં તમારો પ્રશ્ન થયો માટે આ બાળાનું નામ **સો** ઉપર આવે છે. તો તેનું **સોન** એવું નામ રાખો " !!! જોશી મહારાજે બાળાનું ભવિષ્ય ટુંકામાં કહી સંભળાવ્યું ભાણા શેઠે જોશી મહારાજને દક્ષિણા આપી વિદાય કર્યા. અને બાળાની જન્મોત્રી કરવાનું કહ્યું.

"આ બાળા કોની હશે ? કયા કારણે દરિયામાં ફેંકી દીધી હશે ? તેની માતાએ પોતાના વાત્સલ્ય પ્રેમ ઉભરાતા હૃદયપર પત્થરની કાળી શીલાઓ મૂકી વજ્ર જેવાં હૈયાં કરી દરિયાના ખારા નીરમાં તેને કેમ પધરાવી હશે ? એ કથા જાણવા સ્વાભાવિક રીતે ઉતાવળ થાય. પરન્તુ એ ઘટના જાણતાં પહેલાં તેની સાથે સંબંધ ધરાવતી ઇતિહાસની થોડીક લીટીઓ નજર તળે કાઢવાની જરૂર છે."

પ્રકરણ ૯ મું.

દુદનસિંહ વાઢેલ.

કાઠીઆવાડના છેક પશ્ચિમ છેડે સમુદ્ર સાથે યુદ્ધ કરતો એખો ઓખામંડળ પોતાની ત્રિકોણા કારે પીઠ તારવી અરબી સમુદ્રનાં નીરમાં સ્થિર ઉભેલો એ ઓખા મંડળનો ભાગ આજે શ્રીમંત ગાયકવાડ નરેશના ભગવા ઝુંડા તળે આશ્રય લઇ રહ્યો છે.

શ્રીકૃષ્ણનો પૌત્ર અનિરૂદ્ધ અરબસ્તાનના સેનાન બંદરના શિવભક્ત રાજા બાણાસુરની કન્યા ઓખાને પરણી લાવ્યો ને આ પ્રદેશમાં રહ્યો તેથી તેનું નામ ઓખા મંડળ પડયું એમ કહેવાય છે.

પથ્થરવાળી ખારી જમીન હવા પણ ખારી પાણી પણ ખારાં મીઠાં પાણી જ્યાં દુધના મૂલે વેચાય ફાફડા થોરનાં આડે વગડે વનેવન ઊભાં હોય, ચોર ચાંચીઆ, લુટારા, બહારવટીઆના વિસામાનાં સ્થળ એવો વિકટ અને વસમો ઓખો કહેવત છે, કે 'ઓખો તે જીવનો જોખો'

દ્વારકા મહાત્મ્યમાં પણ તેના સંબંધમાં કેટલુંક વર્ણન છે લુંટારો કુશ, અને શંખાસુર દૈત્ય આ ઓખામાંજ રહેતા હતા. શંખાસુરને શ્રીકૃષ્ણે મારી તેનો ઉદ્ધાર કર્યો. તે સમયથી એ સ્થળનું નામ શંખોદ્ધાર પડ્યું.

યાદવાસ્થળી થયા પછી અર્જુન બાણાવળીને કાબા લોકોએ એજ સ્થળે લુટયો હતો. 'કાબે અર્જુન લુંટીઓ, એહી ધનુષ એહી બાણુ' એ કહેવત તે સમયથી ચાલુ છે. ઓખાના લુટારા, ચાંચીઆ અને બહારવટીઆ ઈ. સ. પૂર્વે ત્રણુ હજાર વર્ષ પર કાબા કહેવાતા હાલ તેઓ ઓખા મંડળના વાઘેરના નામથી જાણીતા છે. પહેલાં કાબાનો ભય દ્વારકાંની જાત્રાએ જનારને વધારે હતો. એની સાબીતીમાં લોકો આજે કેટલીક લીટીઓ બોલે છે, કે—

'દ્વારિકાંના માર્ગે કાબા લુંટશે.
તેનો ભય અતિશે લાગશે
કાબા, અતિ કઠોર, દ્વારકામાં રાજ કરે રણછોડ'

જુનાગઢમાં નરસિંહ મહેતા જેવા ભક્તાને રૂપિયા આપી પરદેશી જાત્રાળુઓએ દ્વારકાંની હુંડી લખાવી લીધી હતી. તેમને દ્વારકા જતાં લુંટાવાની ધાસ્તી હતી માટેજ.

વહીવંચાઓના ચોપડે કાબાની ઉત્પત્તિના લેખ છે ભગવાનની કાયાના મેલમાંથી તેઓ ઉત્પન્ન થયા છે. ખભાના મેલમાં પેદા થયા તે ખાભા–ખાબા, ને ખને ઠેકાણે ક થયો–કાબા થયા. મોઢાના મેલ-

માંથી થયા તે મોડા. અને કટિના મેલમાંથી ઉત્પન્ન થયા તે કાળા કહેવાયા આ બધી જાતો આગળ જતાં એક ગણુાવા લાગી હાલ તેઓને વાઘેર કહેવામાં આવે છે. આ વાઘેર પ્રજા દ્વારકાધીશને પૂજે છે, ભજે છે.

વાઘેરા કદાવરને મજબૂત બાંધાના કરડા દેખાવવાળા લડાયક અને સાહસિક વૃતિના છે. એ વીર રત્નો ઓખાની ભૂમિમાં પાકે છે. ઈ. સ. ૧૮૫૭ ના બળવા પછી કાઠીઆવાડ કચ્છ અને છેક ગુજરાત સુધી મુલ્ક મશહુર થયેલા મુળુ માણેક અને જોધો માણેક ને રવો માણેક નામના પ્રખ્યાત બહારવટીઆ ઓખામંડળના ધણી હતા. તેના પુરાવામાં નીચેના દુહાઓ આજે પણ ગણાય છે, અને ઉપરની હકીકતની સાબીતી આપે છે.

' ઓખો અણુનમ દેશ, તેણે કંઇક નર નમાવીઆ;
કેશરી તણા કેશ, તમે ઉતાર્યા. વાઘેરા "
" સ્ત્રીઓ તો રંડાય, પણ પુરૂષો કો રંડાય નહિ
ઓખો રંડાયો આજ, મુળુ માણેક મરતાં "

વાઘેરોએ તો મહાભારતના યુદ્ધમાં પણ કેસરીઆં કરી શ્રીકૃષ્ણ સૈન્ય તરીકે પાંડવોના પડખે રહી માથાં દીધાં છે, એવી આ વીર પ્રજાના વેડરી જતા વિરત્વનું રક્ષણ કરી, કવાયતી લશ્કર બનાવવામાં આવે તો આ નિમકહલાલ વિશ્વાસુ અને નિડર યોદ્ધાઓ દેશના સાચા સૈનિક બને.

ઇ. સ. તેરમા સૈકામાં વિરાવલજી અને વેજલજી નામના બે રાઠોડ સરદારો જોધપુરથી રિસાઈ પાંચાલ–ઝાલાવાડમાં આવી રહ્યા. ત્યાંથી જાત્રા કરવા તેઓ ઓખા તરફ ગયા આ વખતે ઓખા મંડળમાં હીરોલ અને ચાવડા વંશના રજપૂતોની બે શાખાઓ

હતી. બન્ને રજપૂત ટોળાએ આ બહાદુર રાઠોડ સરદારોની વાઘેરોથી બચવા મદદ માગી. પરન્તુ રાઠોડ સરદારોએ દગો કર્યો. બન્ને પક્ષની શાખાઓનો નાશ કર્યો. જે રજપૂતો બચ્યા તે પોરબંદર તરફ જતા રહ્યા. કેટલાક વાઘેરોમાં જઇ ભળ્યા અને એક બીજાની સાથે લગ્ન વ્યવહારથી જોડાયા. ચાવડા રજપૂતો વાઘેરોમાં ભળ્યા તે ચામડીઆ વાઘેર અને હીરોલની શાળાના ભઠવા વાઘેર કહેવાયા વિરાવલજીએ ઓખામાં પોતાની સત્તા સ્થાપી આરંભડામાં રાજગાદી જમાવી વિરાવલજીનો દીકરો વિક્રમસિંહ થયો.

આરંભડામાં રાઠોડોએ દેશના રજપૂતોને દગાથી વાઢી નાખ્યા ત્યારથી તેઓ વાઢેલ કે વાઢેલા કહેવાયા.

વિક્રમસિંહ પછી તેનો પૌત્ર દુદનસિંહ વાઢેલો આપણી કથાના સમયે બેટ શંખોદ્ધારનો ગાદીપતિ હતો. બેટ શંખોદ્ધાર સૌરાષ્ટ્રના છેક વાયવ્ય ખૂણામાં એક નાનો ટાપુ—બેટ છે.

દુદનસિંહે વાઢેલાની ઉંમર પચાસેક વર્ષથી વધારે નહોતી તેના સશક્ત અવયવોવાળું ઘાટીલું ભરાવદાર શરીર, ભવ્ય લલાટ, ચપળ નેત્રો અને આનંદી હસમુખો ચહેરો, વગેરે તેના તરફ જોનારના મનમાં રાજતેજની છાપ પાડી રાજતરફ ભક્તિભાવ ઉત્પન્ન કરતાં હતાં.

ક્ષત્રિય ધર્મ, રાજ્ય ધર્મ, અને સદાચારનું સીંચન રાજાને બાલ્યકાળથીજ થયું હતું, તેમજ રાજ્યના વિદ્વાન પુરૂષોના સમાગમથી ઉત્તમ વિચારોની પ્રતિદીન પ્રાપ્તિ થતીજ હતી. "સત્સંગ એ ઉન્નતિનું મૂળ છે."

દુદનસિંહ વાઢેલો કૃષ્ણભક્ત હતો. પોતાના વિચારોને ભક્તિના પંથે વાળ્યા હતા. પ્રજાને પુત્રવત્ પાળતો પ્રજાનાં દુઃખો જાણવાં તેની સાથે હેતથી અને છુટથી વાતચિત કરતો. 'પ્રજાના પિતા' તરીકે

તે શંખોદ્ધારની પ્રજામાં માન પામ્યો હતો.

તેને લક્ષ્મીબાઈ નામની ફકત એકજ સ્ત્રી હતી. તે સોઢી રાણી કહેવાતી પતિધર્મને અનુસરનારી લક્ષ્મી જ હતી પરન્તુ દુર્ભાગ્યની વાત એટલી જ કે તેને પેટે છોકરૂં નહોતું.

આવાં સદ્‌ગુણસંપન્ન, ધર્મપરાયણ દંપતિને સંતાન સુખ નહોતું.

'જગતની સમગ્ર અમુલ્ય વસ્તુઓ એક બાળકની તુલનામાં તુચ્છ છે' એમ આર્યજનતા માને છે. રાજા દુદનસિંહ પણ તેમ માનતો હતો અને શાસ્ત્રોમાં કહેલાં વચનો યાદ કરતો, કે 'વાંઝીઆનું મુખ જોવું નહિં, વાંઝીઆનો મોક્ષ થતો નથી. સંતતી વિનાના વૈભવ શા કામના? પુત્રવિના સંસાર રદ છે. આવા વિચારથી રાજાને ખેદ થતો.

સુર્યનાં પ્રખર કીરણો માથે તપી રહ્યાં હોય છે. હાથમાં કોદાળી પાવડા લઈને કામ કરી રહેલાં પરસેવાથી રેબઝેબ થયેલાં માવતર ઝાડની ડાળીએ બાંધેલી ઝોળીમાં પોતાના બાળકને રમતું કે નીરાંતે ઊંઘતું જોઈ પોતાની દેહનાં દુઃખો પણ ભુલી જાય છે. બાળકનું આનંદી મુખ તેમનો થાક દૂર કરે છે.

એક ભીખારણ કે જે ટુકડો ટુકડો માગી એઠું જુઠું ખાઈ પોતાનું પોષણ કરે છે. શરીર ઢાંકવા પુરાં વસ્ત્રો પણ હોતાં નથી તે પણ પોતાના બાળકના મધુર હાસ્યથી દારિદ્રનાં દોહલાં દુઃખો ભુલી જઈ સુખના સાગરમાં હીલોળા ખાય છે. આવાં દશ્યો સંતતિ વિહોણા રાજાને વધુ દુઃખી કરતાં.

રાણી લક્ષ્મીબાઇ રાજાને બીજી પત્નિ કરવા આગ્રહ કરતી પણ ગૃહસ્થાશ્રમના ધર્મો જાણનાર રાજા એકથી વધારે સ્ત્રી પરણી, પોતાના સંસાર સુખપર, પોતાના હાથેજ આગ મુકવા તૈયાર થતો નહિ.

પ્રભુની કેવી ગહનલીલા છે દૈવની ગતિ અજબ છે–" પ્રતિવતા નારી બાળકને તલસે. " કહ્યું છે કે—

કુબ્જ જાણી જાણી હારી ઓધવ, ગોવિંદકી ગતિ ન્યારી સંસારમાં ઘણા સ્થળે જોવામાં આવે છે કે 'રોટી ત્યાં ચોટી નહિ અને ચોટી ત્યાં રોટી નહિં' બન્ને સમાન તો કોઇ પૂર્વના પુણ્ય બળે જ પ્રાપ્ત થાય છે. આવા સમાનતાવાળા થોડાકજ હોય છે.

શેરીએ શેરીએ સાદ પાડી ભીખ માગી આખો દિવસ રખડે છે, તો પણ પેટનું પુરૂં થતું નથી એવી ભીખારણને એક છોકરૂં કેડમાં, એક હાથની આંગળીએ એક ખુંસાપર ઝોળીમાં અને એક બાળકનો જન્મ થવાનો હોય, એવી રીતે ત્રણ ચાર બાળકોને લઇ ફરતી ઘણાંએ જોઈ હશે! ત્યારે કેટલાક પૈસાપાત્ર મનુષ્યો પુત્ર માટે પત્થર એટલા દેવ કરી વળ્યાં હશે તો એ શેર માટીની ખોટ પ્રભુ પૂરતો નથી તેના કારણમાં એમ અનુમાન કરાય છે કે કર્મનાં ફળ ઉપર બધો આધાર છે. સતકર્મોનાં ફળ સારાં મળે છે કુકર્મોનાં ફળ ખરાબ મળે છે. જગતમાં સતકર્મીઓ પ્રમાણમાં થોડા હોય છે અને તેવા જીવોને જ્યારે જન્મ લેવાનો હો છે. ત્યારે સતકર્મના બળે સુખી ઘેર જન્મ થાય છે. જગતમાં સુખી ઘણા હોય છે. પણ તેટલાજ સતકર્મીઓની સંખ્યા હોતી નથી. એટલે કેટલા સુખી ગણાતા જીવોને ત્યાં સંતતીનો તોટો પડે છે. તેથી ઉલટું કુક-ર્મીઓની સંખ્યા વધારે હોય છે. તેવા જીવોનાં જન્મનાં સ્થાન પણ કર્મ પ્રમાણે મળવાનાં એટલે તેમના જન્મ દુઃખી મનુષ્યો દરિદ્રી મનુષ્યોને ત્યાં થવાના તેથી એ પ્રમાણમાં ઘટ પડતી નથી.

જગતમાં એક સાથે–એકજ વખતે કેટલાએ જીવો દરરોજ મરતા હશે અને જન્મતા હશે. કોઈ સોના રૂપાના પારણે ઝુલે છે. કોઈ ધૂળમાં આળોટે છે એ શું સમજાવે છે? કર્મનાં જ ફળ છે. જો એમ ન હોય તો સતકર્મની કીંમત ઊંચી શી રીતે કહેવાય છે.

દુદનસિંહ વાંદેલ અને લક્ષ્મણબાઈ જેવા પવિત્ર દંપતિને પેટે જન્મ લેવાતો પુણ્યશાળી જીવો જોઈએ એવા જીવો ઘણા હોઈ શકે જ નહિ.

"પ્રાણનાથ આપણા જોષી મહારાજને બોલાવો. અને જોષ જોવરાવો કે આપણા ભાગ્યમાં સંતતી સુખ છે કે નહિ"! રાણીએ રાજાને માર્ગ બતાવ્યો.

જોષી મહારાજને રાજ્યનાં આમંત્રણ થયાં, જોષી મહારાજને રાજાએ પ્રશ્ન કર્યો. "અમારા સુખમાં સંતતિ સુખ છે કે નહિ"?

ઘડીપળ ગણી જોષી મહારાજ બોલ્યા "રાજન આપને ત્યાં પુત્રી રત્ન પ્રાપ્ત થાય એવો યોગ છે. થોડા સમયમાં આપને સંતતિનું સુખ મળશે."

આ સાંભળી રાજા રાણીના સંતાપ શમ્યા. 'જ્યાં કંઈ પણ આશા નહોતી ત્યાં દીકરી પણ સો દીકરા જેવી.'

ભાવી ભૂલતું નથી થવાનું હોય છે તે થાય છે જ, વિધીના લેખ મિથ્યા થઈ શકતા નથી. સોઢીરાણી ગર્ભવંતી થઈ. સંતતિની આશા બંધાઈ, નવ માસ પુરા થયે રાણીને પેટે પુત્રીનો જન્મ થયો. રાજ દરબારે વધાઈ ગઈ. રાજા અને દરબારીઓ ખૂશ થયા. રાજાને મોટી વયે સંતતિનું સુખ મળ્યું જાણી પ્રજાએ પણ પોતાનો આનંદ જાહેર કર્યો. જાહેર રસ્તાઓ ધજા વાવટા આશોપાલવનાં તોરણોથી શણગાર્યા. દેવ મંદિરોમાં પ્રાર્થના થઈ શહેરમાં આનંદ ઉત્સવ થઈ રહ્યો. દરબારમાં સાકરો વહેંચાઈ આ રીતે રાજા પ્રજાએ પોતાનો આનંદ જાહેર કર્યો. રાજાનું વાંઝીઆમેણું આ રીતે ટળ્યું પરન્તુ મનુષ્ય ધારે છે કંઈ અને થાય છે કંઈ

"વિચાર મા કર પ્રાણીઆ વળે ન તારૂં કાંય;
શાણા સમજે મન વિષે માંડયું હોય તે થાય.
કમળ પરાગે કારણે ભ્રમર બીડાયો માંય.
કુંજર પુષ્પ ગળી ગયો. માંડયું હોય તે થાય;"

એક વખત આનંદના હિલોળે ચઢેલું મન બીજી જ ક્ષણે તેટલા જખમથી શોક સાગરમાં ડુબી જાય છે. દુદનસિંહ વાઢેલના મનમાં ભવિષ્યના તરંગો રમી રહ્યા હતા, કે પુત્રીને લાડકોડથી ઉછેરીશ. તેને સારી કેળવણી આપીશ યોગ્ય ઉંમરે લાયક સ્થળે પરણાવીશ કન્યાદાનમાં મારૂં આખું રાજ્ય આપી જીવ્યું સફળ કરીશ. પરન્તુ ભાવિના ગર્ભમાં શું છે? તે જાણવા કોઇ સમર્થ થયું છે.! મહાન પુરૂષો તે જાણવા ભાગ્યશાળી થયા નથી તો દુદનસિંહ વાઢેલનું શું વળે!!

રાજા રાજમહેલે આવ્યા. જોષી મહારાજને બોલાવ્યા જોષીને આદર સત્કાર સાથે યોગ્યમાન આપી રાજાએ કહ્યું. " ભૂદેવ મને તમારી વિદ્યાપર સંપૂર્ણ વિશ્વાસ છે. આપનાં વચનો સત્ય થયાં છે. અને સંતતિ સુખ મેળવવા ભાગ્યશાળી થયો છું તો હવે આ બાળાના જન્માક્ષર કરી તેના ભવિષ્યનો નિર્ણય જણાવો. " રાજાએ મનના વિચાર જણાવ્યા

માધવરામ જોષીએ ભ્રગુ સંહિતાનાં પાનાં ઉકેલ્યા. જન્મ નક્ષત્ર પ્રમાણે કુંડળી મળી. કાગળ પર લાલ રંગે જન્મ કુંડળી દોરી. તેમાં અંક માંડયા, આંગળીના વેઢાએ ગ્રહોતી ગણતરી થઈ સહદેવ જોષીના અવતાર રૂપી માધવરામ જોષી બોલ્યા 'રાજા સત્ય કહીશ તો ખોટું લાગશે " !

" જોષીજી જે હોય તે અક્ષરે અક્ષર સત્ય કહો આપનાપર મને પૂર્ણ શ્રદ્ધા છે. ખોટું કહી સારૂં બગાડવાની ખુશામત કરશો નહિ." સત્ય હકીકત જાણવા ઈન્તેજાર થયેલા રાજાએ જોશીને કહ્યું.

આપનો આગ્રહ છે તો રાજન સાંભળો. આ કન્યાના જન્મ ગ્રહો ઘણાજ ખરાબ છે. કનિષ્ટ ગ્રહ યોગમાં જન્મી છે. જો તેને અહીં રાખવામાં આવશે તો આપણા શહેરપર મોટી આફત આવશે.

જળ પ્રવેશ થાય કે અગ્નિનો કોપ થાય, ભૂકોપ થાય. એવી રીતે શહેરનો નાશ થાય. બીજું આપ એ બાળાનું મુખ જોશો તેનું મુખાવલોકન કરશો તો આપનું મૃત્યુ થશે ત્રીજું આ બાળાના નશીબમાં સંસાર સુખ સરજાયું નથી. એટલે તેની સાથે લગ્ન કરનાર પુરૂષ પુરા ચાર ફેરા પણ નહિ ફરે. ત્યાં તો લગ્નમાં વિઘ્ન થશે. તે પુરૂષ હણાશે અને આ કન્યા સતિ થશે. તેનું નામ અમર થશે. જોષમાં ગ્રહોનું ફળ આવું છે. આપને યોગ્ય લાગે તેમ કરો.

જોષીનાં વચનોએ રાજાનું હૈયું ધબકવા માંડયું ઘણાં વર્ષે પુત્રીનું મુખ જોવાનો પ્રસંગ આવ્યો. ત્યાં તો દુઃખના પહાડ ખડા થયા. દેવ કોપ્યો, હું મારા જાનથી જાઉં તેની મને પરવા નથી પણ મારી બધી પ્રજા દુઃખી થાય, આ બધું માત્ર એક જીવ માટે હજારોના જીવ શા માટે લઉં! પ્રજાનું ભલુ ઇચ્છનાર રાજા ખિન્ન હૃદયે પુત્રીનો ત્યાગ કરવા દુદનસિંહ વાઢે લ સંમત થયો.

બાનડીએ રણવાસમાં જઈ લક્ષ્મીબાઇને કુંવરીનાં ભવિષ્ય કહી સંભળાવ્યાં. ધર્મના ત્રાજવામાં પુત્રી અને પતિના પ્રેમ તોળાયા, કયું ત્રાજવું નમે? પેટનાં જણ્યાંનો ત્યાગ સહન કરવા પ્રભુ પાસે શક્તિ માગી. પુત્રીના ભોગે સૌભાગ્ય સાચવવા સતિ ક્ષત્રિયાણીએ હામ ભીડી.

ગામના કુશળ સુથાર કારીગર તડાવ્યા. લાકડાની એક પેટી ઘડવાનો હુકમ થયો. હવાનો અંદર સંચાર થાય, પણ પાણીનો પ્રવેશ ન થાય, એવી એક પેટી પોતાના હાથની કારીગરી નીચોવી નીચોવીને સુથારે ઘડી કાળા દોરામાં પરોવેલું સોનાનું એક નાનું માદળીઉં પુત્રીની ડોકમાં રાણીએ બાંધ્યું સોનેરી પામરીમાં બાળને વિંટાળી. પામરીને છેડે થોડી સુવર્ણ મહોરો બાંધી પુત્રીને ઉપરા ઉપરી છેલ્લાં એ પાંચ ચુંબન કર્યાં. માતાની આંખમાં શ્રાવણ ભાદરવાનાં નીર

ઉભરાયાં હોય તેમ અશ્રુ પ્રવાહ વહી રહ્યો છે. પુત્રીનો ત્યાગ કરતાં પ્રેમાળ હૈયામાં વાત્સલ્ય ભાવ ઉભરાયો. રાણીના મુખમાંથી રડતો સાદ નીકળ્યો. " દીકરી !! આ દયાહીન સ્વારથીઆં માવતરને પેટ જન્મ લીધો ન હોત તો પેટીમાં પુરાવું ન પડત દીકરી." !! એવા કરુણ શબ્દો માતાના હૃદયમાંથી નીકળ્યા, માતાએ પુત્રીનો મોહ છોડી, બાનડીને સોંપી દીધી અને રાણી બેભાન થઇ પડી ગઈ.

પેટનું પાણીએ હાલે નહિ એવી બાળાના માપની લાકડાની તૈયાર થએલી સુરક્ષિત પેટી આણી કુંવરીને તેમાં સુવાડી. બાળા હવામાં પોતાના હાથ પગ વિંઝોળી મુગ્ધ હાસ્ય કરતી ઘુઘવાટા કરવા લાગી એને શી ખબર કે પૃથ્વી પરનાં માવતર આવાં નિર્દય હશે! પેટી બંધ થઇ તે સાથે એ બાળકનો આ માતા પિતા સાથેનો સંબંધ પણ બંધ થયો નોકર પેટી લઈ દરિયા તરફ ચાલ્યો.

નોકર એતો ચિઠ્ઠીનો ચાકર ધણીના હુકમને માન આપવાનો એનો ધર્મ. એવી ફરજથી બંધાયેલો નોકર દરિયાકાંઠે આવી પહોંચ્યો છે.

" હે વરૂણદેવ મહારાજ. આ કન્યા હવે તારે ખોળે છે. તારા સિવાય એનો રક્ષક હવે કોઈ નથી. તેના માવતર દયાહીન થયાં, પણ તું દયા કરજે. તું દેવ છે. દયાહીન થતોમાં " એમ કહી પેટીને દરિયામાં તરતી કરી. પોતાના હાથે આ કૃત્ય થયું તેથી નોકરના હૃદયને પણ લાગણી થઈ તેની આંખો પણ રડી પડી.

સાગરના ખારા નીરમાં ઉછળતાં મોજાંમાં પેટી ઝોલા ખાતી નોકરની દૃષ્ટિ મર્યાદાથી અદૃશ્ય થઇ. વરૂણ દેવે તેને પોતાના રક્ષણ તળે સ્વીકારી લીધી.

દ્વારકાના દરિયામાં ફેંકાયેલી પેટી સમુદ્રનાં મોજાં સાથે અફ્ળાતી તણાતી. બીજે દહાડે મીઆણીની ખાડીમાં આવી. ત્યાંથી સંતપુરૂષના હાથે તેનો ઉદ્ધાર થયો. અને ત્યાર પછી ભાણા શેઠ તેને પોતાને ઘેર લઇ ગયા.

પ્રકરણ ૧૦ મું.

ભાણા શેઠને ઘેર.

આ બાળાસોનની ઉંમર એક વર્ષની થઈ છે. પુત્રીને શરીરે ચંદન સુખડનું તેલ ચોળી, માતા દિવાળીબાઈ તેને નવરાવી રહી છે. સોનના ગળામાં કાળા દોરે બાંધેલું સોનાનું માદળીઉં હતું. એ માદળીઆમાં શું હશે ? એવી શંકા દિવાળીબાઈને માદળીયું જોયું ત્યારથી થયા કરતી હતી. પરન્તુ માદળીઆને ખોલીને જોવાની હીંમત દિવાળીબાઇનામાં નહોતી. એ વહેમી હતાં તેથી એમ ધારતાં હતાં કે વખતે માદળીઆમાં 'મંતર જંતર' નો કાગળ હોય અને તેમાંથી કંઈ થઈ જાય, તેથી તે માદળીઆને ખોલતાંજ નહોતાં.

સોનને નવરાવતાં, આજે તે ઘણા દિવસનો દોરો તુટી ગયો. માદળીઉં દોરામાંથી નીકળી ભોંયપર પડ્યું. છોબંધ ચોકમાં પડતાંજ અફળાવાથી માદળીઆનું ઢાંકણું ઉઘડી ગયું. માદળીઆમાંનો કાગળ ખુલ્લો જણાવા લાગ્યો. દિવાળીબાઈએ ઝડપથી ભોંયપર પડેલું માદળીઉં લઇ તેનું ઢાંકણું ગમે તેવું બેસાડી માદળીઆને ઠેકાણે મૂકી દીધું.

દુકાનેથી ભાણુશેઠ ઘેર આવ્યા. એટલે પેલું માદળીઉં લાવી દિવાળીબાઇએ તેમને આપ્યું ને કહ્યું. " આજે સોનને નવરાવતાં આ માદળીઉં તુટી ગયું છે. તેનું ઢાંકણું સોની પાસે જઈ બંધ કરાવી આપજો. "

ભાણા કંસારાએ માદળીઉં હાથમાં લીધું. અંદર જણાતો કાગળ બહાર કાઢ્યો. કાગળ ઉકેલી શેઠે તેને મનમાં વાંચવા માંડ્યો. જેમ જેમ કાગળમાંની લીટીઓ પર નજર ફરવા માંડી તેમ તેમ તે ભાણા શેઠના મુખપર આનંદની રેખાઓ તરવા લાગી. ચિઠ્ઠીમાંની લીટીઓ પુરી થઇ.

" એકલા એકલા ખુશી થાઓ છો. પણ મને કહો તો ખરા કે તેમાં શું લખ્યું છે ? અધીરાં દિવાળીબાઇએ પ્રશ્ન કર્યો. શેઠે મોટેથી ફરી ચિઠી વાંચવા માંડી.

" બેટ શંખોદ્ધારના રાજા દુદનસિંહ વાઢેલની કાર્ય સંજોગો ત્યજાએલી પુત્રી. જન્મ સંવત ૧૩૫૦ ની અક્ષય તૃતિયા—અખાત્રીજ. " ચિઠ્ઠીની હકીકતથી કંસારણ દિવાળીબાઇ પણ ખૂશ થયાં અને બોલ્યાં " જોષી મહારાજે કહ્યું હતું તેમ સોન ખરેખરી રાજકન્યા છે. " " સોન દરિયામાંથી પ્રાપ્ત થઇ તે વખતે ફક્ત ચારજ દિવસની હતી ચાર દિવસનું બાળક દરિયામાં કેવી રીતે જીવ્યું ? પ્રભુની કેવી કૃપા ! ! ! ' રામ રાખે તેને કોઈ મારી શકતું નથી ' રામજીની દયા વગર એક પાંદડું પણ હાલી શકતું નથી. " ભાણુશેઠે મનના ઉદ્દગારો કાઢ્યા.

સોનના જન્મ પછી પંદર વર્ષનો કાળ વિતી ગયો. આટલા લાંબા સમયમાં જગતપર ઘણાએ ફેરફારો થયા હશે; સોનનું પવિત્ર બાળપણું પુરૂં થયું સોનનું પ્રભુમય જીવન સમાપ્ત થયું. બચપણની

જીંદગી પ્રભુમય એટલા માટે કે—એ જીંદગી સમદર્શિ—રાગદ્વેષ રહિત પરમહંસ દશા જેવી હોય છે. બાળક ઇશ્વરની વધારે નજીક હોય છે.

સોન દિવસે દિવસે ચંદ્રકળાની માફક વધતી ગઇ. ભાણાકંસારે. પોતાની કન્યાને અતિવ્હાલથી. લાડમાં ઉછેરી, તેને યોગ્ય કેળવણી આપી. સદ્‌ગુણી બનાવી. સોન ગૃહકાર્યમાં પણ કુશળ થઇ હતી. બુદ્ધિના વિકાસ સાથે કાયાનો વિકાસ થયો. કાયામાં રૂપનાં પુર આવ્યાં. સોન, કળી મટી ખીલતું પુષ્પ થઈ. તેનામાં સ્ત્રીઓચિત ગુણોનું સ્ફુરણ થવા માંડયું હતું. તેણે યૌવનનાં પગથીઆં ચઢવા માંડયાં. તે બાળા, મટી અને લાવણ્યતાવાળા યૌવનના કાંઠે આવી ઉભી.

પુત્રીને ઉંમર લાયક થયેલી જોઇ માતા પિતાને તેનાં લગ્ન કરવાની ચિંતા થઇ. સોનને લાયક વર અને ઘરની શોધ થવા માંડી. પોતાની કંસારાની ન્યાતમાં ભાણા શેઠે તજવીજ કરવા માંડી. પરન્તુ શેઠની નજરમાં સોનની તુલમાં બધા મૂરતીઆ તુચ્છ જણાયા. વળી રાજકન્યા છે તેને યોગ્ય વર મળવો જોઇએ. આથી ભાણાશેઠની મુઝવણ વધી. પિતાનો વિચાર સોન સમજી ગઈ હતી.

પિતાજી મારે માટે આપ શા માટે ચિંતા કરો છો? સમય આવે સૌ થઈ રહેશે !! આપ ઉતાવળ ન કરશો. પ્રભુ સૌ સારૂં જ કરશે. !! નમ્રભાવે વિવેકભરી રીતે સોને પોતાના વિચારનો ઇસારો કર્યો પુત્રીનો વિચાર જાણ્યા પછી. ભાણાકંસારાએ આ વાત દબાવી દીધી.

માઆણીને માગે વળેલો. તરૂણ રાબાયત બાબરીઓ મીઆ-ણીના પંથ ટુંકા કરી રહ્યો છે. ગઇરાત્રીનાં અભાઆયરનાં કેટલાંક

વચનોપર વિચાર ચલાવી રહ્યો. તર્ક કરે છે. મીઆણીનો રાજા નિતિભ્રષ્ટ હશે તો પ્રજા જરૂર દુઃખી હશેજ. રાજા દુરાચારી હોય તો તેની પ્રજાને બરાબર ન્યાય મળેજ નહિ. ક્યાંથી મળે—' જેનો આગેવાન આંધળો હોય તેનું લશ્કર કુવામાંજ પડે ' રાજનો કારભારી મુળુભા પ્રજાને લુંટતો હશે અને પોતાનાં ઘર ભરતો હશે. આવા મીઆણીમાં મારે શા માટે જવું ? પરન્તુ મનમાં વળી વિચાર ઉદ્દભવે છે કે—મીઆણીની રાજનિતિ તો જોવી જોઈએ. ઠીક લાગશે લાયક જગા મળશે તો રહીશ નહિતો પ્રસિધ હર્ષદમાતાનાં દર્શન કરી રવાના થઈશ. આગળ ચાલતો થઈશ. આવા વિચારના તરંગોમાં ઝોલાં ખાતો રાખાયત મીઆણીની હદમાં આવી પહોંચ્યો, મીઆણી બે ગાઉ દૂર હશે એવામાં રસ્તામાં સુંદર તળાવ આવ્યું. રાખાયત હંસલા—ઘોડાપરથી ઉતર્યો. ઘોડાની લગામ ઉતારી લીધી. તળાવને કાંઠે ઉગેલું લીલું ઘાસ ચરવા તેને છૂટો મૂકી દીધો પોતે સ્નાન ધ્યાન કરવામાં રોકાયો.

નિત્ય નિયમથી પરવારી તૈયાર થયો. હંસલાને પાણી પાયું. લગામ ચઢાવી. પોતાનાં હથિયાર વગેરે સંભાળી લઇ. ઘોડાપર સ્વાર થયો ને તળાવને કાંઠેથી ચાલી નીકળ્યો. મીઆણી ગાઉએક દૂર હશે તેવામાં તો તેનાં ગગનચુંબી આલીસાન મકાનો રાખાયતની નજરે પડ્યાં. રાખાયતની નજરે મીઆણી શહેર જણાવા લાગ્યું. તેણે પોતાનો ઘોડો વેગથી ચલાવા માંડયો.

રસ્તામાં એક મોટો વડ દેખાયો વડની નજીક રાખાયત આવ્યો તો જણાયું કે કેટલીક નવયૌવનાઓ ગરબા ગાઈ રહી છે.

સરખે સરખી ઉમરની પંદરેક યુવતીઓનું એક નાનું ટોળું ગોળ કુંડાળે ફરે છે. દરેકના અંગપર સુંદર ભાતીગળ રંગદાર ચુંદડીઓ

તેમની રૂપાળી કાયાને ઢાંકી રહી છે. યુવતીઓનાં ઘાટીલાં નાજુક શરીરને જોઇને પવનદેવને પણ ઈર્ષા આવતી, ચુંદડીઓના પાલવ પવનમાં ફરકી રહ્યા છે. એ યુવતીઓના વૃંદમાંથી એક યુવાન બાળા ગરબો બોલે છે. બીજી બધી તેનાજ શબ્દો કંઠના હલકથી ઝીલે છે. બે હાથની તાળી દઈ ગોળ ફરે છે. જાણે જોગમાયાઓ આજ ગરબે રમે છે. જે યુવાન બાળાએ ગરબો ઉપાડયો છે. તેનાં રૂપ તો ઓહો!! રંગદાર ઓઢેલી નવી ચુંદડીમાંથી તેનાં રૂપ કંઈઝળકે છે જાણે આભમાં આછાં આછાં વાદળામાં વિજળી ઝળકી રહી હોય! તેના કંઠની મિઠપ!! કોણ જાણે કેટલીયે કોયલોના કંઠમાંથી મિઠપ નીચોવી નીચોવીને બ્રહ્માએ એ યૌવનના સુરમાં ટપકાવી દીધી હશે? એના કંઠની મિઠપે તો અમરાપુરના દેવોને પણ ભાન ભૂલાવ્યાં તે સુંદરીના રણકે દુઃખી માણસ પણ એ ઘડી ભર પોતાનું દુઃખ ભૂલી જાય એવા એ સુર!!

વડલાથી થોડેક દૂર એક નાના વૃક્ષની છાંયામાં હંસલા પર બેઠા બેઠા તરૂણ વીર એ સુર સુંદરીના અજબ સુરમાં તલ્લીન થઈ રહ્યો છે. અમી ઝરણાંની મધુર મિઠાશના ઘુંટડા પી રહ્યો છે. અને તે ગાનારી સંબંધે વિચાર કરે છે. “આ તે કોઈ ગાંધર્વ કન્યા હશે? કે ઇન્દ્રના દરબારમાંથી શ્રાપે ભ્રષ્ટ થયેલી અપ્સરા હશે?”

કુદરત કારીગરના અનુપમ ચાતુર્યને પ્રગટ કરતી એ પ્રતિમાએ આ સ્થળે આનંદનો નિર્દોષ ઝરો પ્રગટાવી વહેતો કરી દીધો હતો.

તરૂણ વીર રાખાયતનો હંસલો પણ પોતાના અણીદાર નાના કાન ભેગા કરી શાન્ત થઈ એ ગરબા પ્રત્યે પોતાની પ્રસન્નતા જણાવી રહ્યો હતો રાસડો–ગરબો નીચે મુજબ ગવાતો હતો.

વીણા વાગે.

પેલી વીણા વાગે, પેલી વીણા વાગે;
વીણા વાગે કોઈ સુણવાને આવજો હોજી,

નાનું હરણું નાચે, મારું મનડું રાચે;
આલમ આંખ ઊઘડે, આશ આભલે ઊડે.
વીણા વાગે કોઇ સુણવાને આવજો હોજી.

કાળી કોયલ કુજે, આંબા ડાળે ધુમે
મધુર મેના બોલે, પોપટ રામને તોલે–
વીણા વાગે કોઈ સુણવાને આવજો હોજી.

ઝીણી ચાંદની ઝરે, રૌપ્ય તારલા ખરે
ગગન ગંગાવહે, ઉર ઊંડાણુથી સરે–
વીણા વાગે કોઈ સુણવાને આવજો હોજી.

કુસુમ કુમળાં ખીલે લતા મંડપે ચઢે,
ઉષા આંખી ઊઘડે લીલા પ્રભુની ઢળે–
વીણા વાગે કોઈ સુણવાને આવજો હોજી.

રસીયાં રાસમાં રમે, નરનારી જોડલે,
શુદ્ધ પ્રેમના બળે અમીનાં ઝરણાં ઝરે.
વીણા વાગે કોઈ સુણવાને આવજો હોજી.

ગરબાની છેલ્લી લીટી હોંશથી ગવાતી હતી. તેવામાં દૂરથી પડતી બૂમો સંભળાઇ કે નાસજો! નાસજો! જીવ બચાવજો મારકણો સાંઢ આવે છે. ના......સ......જો.

ગરબો બંધ થયો રંગમાં ભંગ પડયો અમીનાં ઝરણાં સૂકાઈ ગયાં. ગાનારી સર્વે યુવતીઓ ગભરાતી જેને જેમ ફાવે તેમ નાસવા લાગી વીર રાખાયત પણ સમાધીમાંથી યોગેશ્વર જાગે તેમ જાગ્યો. ઘોડાની વાઘ–લગામ ખેંચી તૈયાર થયો અને હંસલાને વડલા તરફ લીધો.

છીંકો ખાતો, ત્રાડો નાખતો, પુચ્છડું ઉંચું કરી હૃષ્ટપુષ્ટ શરીરનો કાળો સાંઢ ઝાડના થડ જેવી ગરદન અને અણીઆળાં શિંગડાં વાળું મોટું માથું નીચું નમાવી વડલા તરફ દોડતો આવતો હતો.

તેને નજરે જોતાંજ યુવાન બાળાઓ ગભરાઇ ગઈ જીવ બચાવવા સર્વે નાશાં કોઈ પડે છે. કોઈના વસ્ત્ર પગમાં ભરાય છે, પડે છે, તોએ ભયને લીધે એકદમ ઉભી થઈ શરીરમાં બળ હોય તે પ્રમાણે દોડી જાય છે. કોઈ વડલાપર ચઢી જાય છે. કેટલાંક વડના થડ સાથે લપાય છે.

ગરબો ઉપાડનાર જે બાળા હતી તે દોડી તો ખરી પરન્તુ ઠેસ આવવાથી પડી ગઈ. એવામાં સાંઢ નજીક આવી પહોંચ્યો સાંઢની નજર આ બાળાપર પડી સાંઢ તાડુકયો કાળરૂપ સાંઢને જોઈ બાળા હિંમત હારી ગઈ તે બહાદુર હતી તો પણ ગભરાઈ ગઈ જવાંમર્દના હાંજા ગગડી જાય ત્યાં એક નિઃશસ્ત્ર અબળાનું શું ગજું ? તે ઉભી થઈ નાસવા જાય છે. તેટલામાં તો સાંઢ તદ્દન નજીક આવી પહોંચ્યો બાળાના મનને થયું કે આકાળ કોળીઓ કરી જશે. તેનાથી ચીસ પડાઈ ગઈ—" કોઈ આવો બચાવો " હંસલાપર બેઠેલો સ્વાર અણીની સમય જોઈ રહ્યો હતો. યુવતીએ મદદ માટે ચીસ પાડી અને પાછી જમીનપર પડી ગઈ. તેના શરીરમાંથી બળ જતું રહ્યું. વીર રાખાયતે હંસલાના પેટમાં એડીમારી પછી કંઇ હંસલો હાથમાં રહે ? ચારે પગે છલંગો મારી ઉછળ્યો અને સાંઢ તરૂણીના અંગપર હુમલો કરે તે પહેલાં હંસલો સ્વાર સાથે હાજર થયો રાખાયત ઘોડાના પેગડાપર ટટ્ટાર ઉભો થઈ ગયો. મેવાડી બરછીને આંગળાં પર ચક્કર ફેરવી જાણે આંગળીપર શ્રી કૃષ્ણનું સુદર્શન ફરી રહ્યું હોય, હાથો અને ફળ ચક્કર ખાતાં એક રૂપ જણાયાં.

અબળાને પોતાનાં અણીદાર શિંગડાંથી વિંધી નાખવા સાંઢે માથું નમાવ્યું. તે યુવતીના શરીરને અને સાંઢનાં શિંગડાં વચ્ચે ફક્ત ચારજ આંગળનું અંતર રહ્યું. એ રૂપાળી કાયાને, અને મરણ વચ્ચે એજ તસુનું અંતર બાકી હતું.

આજુ બાજુ દૂર દૂર ઉભેલાં માણસોના મોઢામાંથી ફાટયા સાદે બૂમ પડી કે "એ......મારી......નાખી" ત્યાં તો રાખાયતના વજ્ર જેવા હાથમાંથી બળ પૂર્વક ભાલું સાંઢની નીચી નમાવેલી ગરદન વચ્ચે ઝીકાયું પાણીદાર ભાલું ગરદન વિંધી જમીનમાં દોઢ હાથ પેસી ગયું સાંઢની ગરદન જમીન સાથે જડાઈ ગઈ તેની જીભ બહાર નીકળી પડી આંખો ફાટી ગઈ. તંમરખાઈ સાંઢનું કદાવર કલેવર ધરણીપર ઢળી પડયું. ભાલું ગળામાં પરોવાઈ રહ્યું. જમીન સાથે ચોંટીજ રહ્યું આ બધું આંખના પલકારામાં બની ગયું. પોતાના માલીકના વિજયમાં ઘોડો હણ હણ્યો. તેણે વિજયનાદ કર્યો. મૃત્યુના પંજામાંથી આવી રીતે એક અબળાનો જીવ બચ્યો.

વીર રાખાયત ઘોડેથી ઉતર્યો જમીનપર બેસી બળપુર્વક સાંઢની ગરદનમાં ખુંચેલું ભાલું ખેંચી કાઢયું. અને તે સાથેજ લોહીના ફુવારા ઉડયા રૂધીરના ધોરીઆ વહેવા માંડયા.

વડલાથી થોડેક દૂર એક સુંદર બંગલો જણાતો હતો. તે સુંદર મકાનના ચોગાનમાં એક નાનો પણ મનોહર બગીચો હતો. બગીચાની વચ્ચે ફુવારો ગોઠવેલો હતો ફુવારાની આજુબાજુ લતા મંડપ હતો. તે લતા મંડપમાં બંગલાનો માલીક તેની સ્ત્રી અને બીજા બે ચાર પોતાનીજ વયના સ્નેહીઓ બેઠાં હતાં ત્યાંથી વડલા નીચે ગવાતા ગરબાનો આનંદ લઈ શકાતો હતો. બધાં તે રાસડા જોઈ રહ્યાં હતાં. સાંભળી રહ્યાં હતાં.

સાંઢ આવ્યો એવી બૂમો તે બધાંએ સાંભળી તે સઘળાં

આધેડ વયનાં હતાં, પણ ભયભીત થયાં. પરન્તુ સાંઢ જ્યારે વડલા તરફ વળ્યો ત્યારે તો તે સર્વેના જીવ ઉડી ગયા. પોતાની દિકરીઓ વડ નીચે રાસડા લેતી હતી તેથી તે બધાં વડલા તરફ દોડયાં પરન્તુ તેઓ બધાં ત્યાં પહોંચે તે પહેલાં તો ઉપરની ઘટના બની ગઈ હતી. એક વીર પુરૂષને હાથે સોનનો જીવ બચ્યો તે તેમણે નજરે જોયું.

દિવાળીબાઇને તો શ્વાસ માતો નથી મોઢું ભેગુંએ થતું નથી એટલો શ્વાસ ચઢયો છે. દોડી દોડીને હાંફી ગયાં છે, એકદમ સોન ઉભી હતી ત્યાં આવ્યાં. વહાલથી પુત્રીને હૃદય સાથે ચાંપી તેના મસ્તકે હાથ ફેરવ્યો. "બેટા આજ તું નવા અવતારે આવી મારો રામ તારી મદદમાં ઉતર્યો પ્રભુએ ઘરડાંના પુણ્યે આજ લાજ રાખી નહિ તો મારી સોન આજ કયાંએ જતી રહી હોત" એમ બોલતાં બોલતાં માતાની આંખો આંસુથી ભરાઇ ગઇ. ભાણો કંસારો અને બીજાં બધાં ત્યાં ભેગાં થઇ ગયાં, ને સોનને ખબર પૂછવા લાગ્યાં. "બ્હેન તને વાગ્યું તો નથી. હશે પ્રભુએ લાજ રાખી."

અજાણ્યા વીરપુરૂષ તરફ મીટમાંડી બધાં જોઇ રહ્યાં વીર રાખા-યત હંસલાની ડોકે પોતાનો હાથ ફેરવી રહ્યો છે. હંસલો પુંછડાનો ઝુંડો હવામાં ઉછાળી રહ્યા છે.

પુત્રી સોનને જીવના જોખમે જીવતદાન આપનાર વીર નર પાસે ભાણો શેઠ આવ્યા અને ઉપકાર વશ થયેલા હૃદયે બોલ્યા. મારી પુત્રીનું રક્ષણ કરનાર આપ કોણ છો ? હું રજપૂત છું રાખાયતે ટુંકામાં પતાવ્યું. અડચણ ન હોય તો આપ સામે જણાતા મારા મકાને પધારવા કૃપા કરશો ? આવા સજ્જનને ત્યાં જવામાં રાખા-યતને શી અડચણ હોય ! હંસલાને દોરી ભાણા શેઠની સાથે ચાલવા માંડયું. ચતુર રાખાયતે કળી લીધું કે મીઆણીના કોઈ સુખી જીવો

છે. બધી સખીઓ સાથે સોનપણ પોતાના મદદગારને પ્રેમભરી આંખે નિહાળતી નિહાળતી બંગલામાં પેસી ગઈ.

બંગલાના નોકરે શેઠની આજ્ઞાથી રાખાયત પાસે હંસલાને લઈ લીધો તેને ઘાસ દાણો નીર્યાં.

રાખાયતે બંગલાના દીવાનખાનામાં બીછાવેલા ગાદી તકીયે આસન લીધું. શમશેર ખીંટીએ ભેરવી ભાલો બાજુ પર ખૂણામાં મૂકયો- શરીરપરનું અંગરખું કાઢી ખીંટીએ લટકાવ્યું. ભાણા શેઠ આ તરૂણ સાથે વાતે પડયા. વાર્તાલાપમાં રાખાયતે જાણી લીધું કે ભાણો શેઠ મીઆણી શહેરનો ધનાઢ્ય સજ્જન છે. જાતના કંસારા છે. સાંઢની આફતમાં જેને ઉગારી તે તેમની પુત્રી સોન છે. સોનની આજે સત્તરમી વરસગાંઠ હોવાથી, તેની ખુશાલીમાં પોતાના મિત્રો અને સંબંધીઓ સાથે ભાણો શેઠ સહકુંટુબ ઉજાણીએ આવ્યા છે. શેઠને સંતતિમાં ફકત સોનજ છે. અને હજુ તે કુંવારી છે.

રાખાયતે પણ પોતાનું નામ ઠામ જણાવ્યું. એટલામાં ચાંદીના કટોરામાં કેસરીઆં દૂધ ઝળકયાં શેઠના આગ્રહથી તે દૂધ રાખાયતે પીધું. સોનાના થાળમાં તાંબુલ ઇલાયચી, સોપારી વગેરે મુખવાસ લાવી રાખાયત આગળ મૂકયો. રાખાયતે તેમાંથી મુખવાસ લઈ પોતાનું મુખ લાલ કર્યું.

સોનનાં માતા પિતાનું હેત રાખાયત પર પેટના દીકરાની માફક ઉભરાવા લાગ્યું અને આવા કુળદીપક વીરપુત્રને જન્મ આપનાર માતા કેવી ભાગ્યશાળી હશે તેનો વિચાર કરતાં હતાં મિઆણી શહેરની કેટલીક માહિતી મેળવવા રાખાયતે ભાણા શેઠને કેટલાક પ્રશ્નો પૂછયા બાદ ભાણા શેઠે તેના પ્રત્યુત્તરમાં એટલુંજ કહ્યું કે " તમારે ઉતાવળ કરવાની જરૂર નથી આપ અહીંથી મારે ઘેર પધારો. ત્યાં

થોડા દિવસ આરામ કરો આખું મીઆણી હું તમને બતાવીશ. દર-બારગઢમાં લઈ જઈશ. માટે આપ ઉતાવળ ન કરશો માટે હું તમારી જીજ્ઞાસા તૃપ્ત કરીશ" આવી રીતે વાતચીતમાં કેટલોક સમય ગાળ્યા બાદ જમવાની તૈયારી થઈ.

સોન અને તેની સૈયરો એ મળી ભાતભાતના સાથીઆ રંગોળી પુરી પાટલા ઢળાયા, દરેક પાટલે, પાટલે કસ્તુરીની ઉંચા પ્રકારની અગરબત્તીના ધૂપ ગોઠવી દીધા હતા. જમનારાં સર્વ આસનપર બેસી ગયાં હતાં.

યુવાન અને આધેડ એમ બે પંકિતઓ થઈ—સોનની સખીઓ એકજ સાથે ગોઠવાઈ ગઈ, દિવાળીબાઈ તેમના જેવાં બૈરાંઓ સાથે બેસવાનાં હતાં પરન્તુ ઘરધણીઆણી તરીકે સૌને જમાડીને જમવું— એમ ધારી દિવાળીબાઇ અત્યારે જમવા ન બેઠાં, બધાની સર-ભરામાં તે રોકાયાં.

ભાણા શેઠ અને તેમના મિત્રો સ્નેહીઓ અને રાખાયત એમ પુરૂષ વર્ગની એક લાઈન જુદી કરી શેઠના અને રાખાયતના પાટલા વચ્ચે બહુ અંતર રાખ્યું ન હોતું તેમના પાટલા નજીક હતા.

કેળનાં સુંદર લીલાં પાંદડાંની પતરાવલીમાં ઉત્તમ જાતની વિવિધ ભોજન સામગ્રી પીરસાવા માંડી "બેટા સોન!! આજ તારી વરસગાંઠ માટે તારેજ બધાંને પીરસવું જોઈએ" માતાએ પુત્રીને વ્હાલભર્યો મીઠો હુકમ કર્યો.

જરીની કીનારવાળી આસમાની રંગની સાડી પહેરી સોન પીરસવા લાગી રૂપાની દીવીપર પાંચ પાંચ જ્યોતો પ્રગટી હોય તેવા સોનના રૂપાળા હાથપર ચંપયવરણી પાંચ આંગળીઓ શોભી રહી હતી.

અવયવ રૂપી પુષ્પથી શોભતી સુવર્ણની વેલ સમી સોન હા-હાથમાં રૂપાની થાળી લઈ પીરસતી પીરસતી જ્યારે રાખાયતના

બાટલા આગળ આવતી ત્યારે રાખાયતનાં નેત્રો સાથે સોનની આંખની કીકી હસતી તેના કોમળ અંતરમાં પ્રેમાવેશને લીધે ધીમો ધ્રુજારો ઉત્પન્ન થતો. ધ્રુજારાની અસર હાથપર થતી અને તેથી કુદરતી રીતે જ રાખાયતના ભાણામાં પીરસવાની વસ્તુ વધારે પડી જતી.

આ યૌવન મુગ્ધા, સૌંદર્યની પુતળીને જોઇ રાખાયતના હૃદયમાં પ્રેમ જ્યોત પ્રગટી હતી. તે જ્યોતના પ્રકાશમાં જાણે પોતાના પૂર્વ જન્મની સહચરીને જોઈ રહ્યો હોય, તેમ રાખાયતનાં ચપળ નેત્રો સોનને થોડીક પળો મીટમાંડી જોઈ રહેતાં.

ભોજન સામગ્રીથી પીરસાયા બાદ સર્વે જમવા લાગ્યાં ગમત સાથે ભોજનને ઈન્સાફ અપાવા લાગ્યો.

સોનની ચતુર સખીઓ સોનની હસતી આંખને સમજી ગઇ હતી પીરસવા વાંકી વળેલી સોનના કાનમાં ધીમા સાદે કહેતી કે " સોન એક ભાણા તરફ તારો હાથ પક્ષપાત કરે છે." આ મીઠાં વચનો સાંભળી સોન ધીમું હાસ્ય ફરકાવતી હંસ ગતિએ કંકુભર્યાં પગલાં માડતી પંક્તિના બીજે છેડે જતી રહેતી.

વાતોના આનંદમાં સૌ જમી રહ્યાં. રાખાયતને આ કુટુંબ સાથે થોડાક કલાકનોજ સંબંધ હતો. તો પણ જાણે પોતાનાજ કુટુંબમાં રહેતો હોય તેવી રીતે મળી ગયો હતો. અજાણ્યો છું એવો તેને ભાસ થતો નહોતો. જમતી વખતે ભાણા શેઠે ઘણો આગ્રહ કર્યો. અને તેથી રોજના ખોરાક કરતાં રાખાયતથી જરાક વધારે જમાયું હતું.

ગંગાજળ સમાં સ્વચ્છ શિતળ જળનું પાન કરી મુખવાસ લીધો. રાખાયતે પોતાના જીવનમાં આજે જ આવો અવર્ણિય આનંદ અનુભવ્યો.

આ તરફ બધાંના જમ્યાબાદ મા દિકરી પણ જમવા બેઠાં. સોનની બેનપણીઓ આગ્રહ કરી કરી સોનને પીરસતી. આવી રીતે

આનંદમાં ભોજનનું કામ ઉકેલાયું. બાદ સર્વે જરાક ખુશખુશી થયાં આરામ લેવા જરાક સૂતાં આ વખતે મીઆણી શહેરમાં શો બનાવ બની રહ્યો છે, તે જાણવા તે તરફ નજર કરીએ.

પ્રકરણ ૧૧ મું.

દુષ્ટોના કારસ્થાન.

મીઆણીના રાજમાં મુળુભા કારભારી મુળુભા બાંધે તેને બાંધે, ને છોડે તેને છોડે, મુળુભા કરે તે થાય. રાજા પ્રભાતસિંહ બાવડાનું કારભારી આગળ કંઈ ચાલતું નહિ.

મુળુભા હલકા ગુણોથી ભરેલો પ્રજાનું લોહી ચુસનારો દુષ્ટ હતો. દ્રવ્ય લોભી અને વ્યસની હતો. મુળુભાને બીજા ત્રણ મિત્રો હતા. તેમનાં નામ કાળુજી, મેરૂજી. અને સંઘજી ગામના સજ્જન પુરુષો તેમને ચંડાળ ચોકડીના ઉપનામથી ઓળખાવતા. તે ચંડાળ ચોકડીનાં કામ પણ ચંડાળ જેવા નીચ હતાં. ચાર જણામાંથી કોઈએ ખૂન કર્યું હોય તો પણ તેમને સજા થતી નહિ. કારણ આગળ મુળુભા કારભારી, રાજ્યની લગામ તેમના હાથમાં ચંડાળ ચોકડીનું કોઈ નામ લઈ શકે નહિ. ચંડાળ ચોકડીના નામથી રૈયતમાં ત્રાસ વર્તી રહેલો તેમને કોઈ માથાનો મળેલો નહોતો.

એ ચંડાળ ચોકડીની નજર ઘણા દિવસથી ભાણા કંસારાની દોલતપર પડી હતી. મીઆણીમાં પૈસાપાત્ર તરીકે ભાણા શેઠની ગણત્રી થતી હતી. તેથી ભાણા શેઠની તીજોરીપર તેમનો ડોળો હતો. તેઓ લાગ શોધતા હતા.

ભાણુશેઠના મકાને આઠે પહોર પહેરો રહેતો હતો. કાસમ મીયાંનો પહેરો એટલે સાવજની ચોકી. કોઇથી એક કાંકરો પણ ન લેવાય. કાસમ મીયાંના ડાર માટે જુવાનીમાં કાસમ મીયાંએ જબરો હાથ બેસાડ્યો હતો. હાલ તો કાસમ મીયાંના વાળ પણ ધોળા થયા હતા પરન્તુ આગળના દાબે 'બાંધી મુઠી લાખની' બધુ ઠીક હતું, ભાણુ શેઠની ડેલી આગળ ચકલુંએ ફરકી શકે નહિ.

માણુસનો એક દુર્ગુણ, તેના સો સદ્દગુણોને ઢાંકી દે છે. કાસમ મીયાં બંધાણી હતા. અફીણ લેવાની ટેવ પડેલી. એમને દરરોજ અડધા રૂપિયાભાર અફીણ જોઇએ. એટલું અફીણ નિત્ય કોઠામાં જાય તો જ સૂરજ મહારાજ સાથે મેળ બેસે. અફીણ ન મળે તે દિવસે કાસમ મીયાંની નવસો નાડીઓ તુટુ તુટુ થાય. પગ ઘસવા પડે બંધાણીઓની એવી જ દશા થાય છે.

શેઠના ઘરનો પગાર લગભગ અફીણના ખર્ચમાં વપરાઇ જતો, દયાળુ ભાણુ શેઠ પગાર ઉપરાંત અનાજ વગેરેની મદદ કરતા તેથી મીયાંનો ઘરવ્યવહાર માંડમાંડ ચાલતો. વળી અધુરામાં પુરૂં કાળમાં અધિક માસ મીયાંને ત્યાં અલ્લાની ટાઢી નજર. મીયાંને પાંચ છોકરાં. થોડા પગારમાં સાત જણનું પોષણ કરવું અને અફીણનો ખર્ચ કાઢવો એ શી રીતે બને ? અને તેથી મીયાંને લાલચની ખરી આદત પડી ગયેલી.

આ વાત ચંડાળ ચોકડીના આગેવાન અને રાજના કારભારી મુળુભાના જાણવામાં આવી. તેથી પોતાના સોબતીઓને સૂચના કરી કે ગમે તેમ કરી બંધાણી લાલચુ કાસમમીયાંને ફોડવાનો પ્રયત્ન કરો !!

કાળુજી ભાણુશેઠની ડેલી આગળથી ઘણી વખત નીકળે તે વખતે બંધાણીમીયાં શેઠની ડેલીના ઓટલે બેઠા બેઠા ઝુરતા હોય

કાળુજી ખોંખારો કરે મીયાં સતેજ થાય અને કાળુજીને સલામ ભરે. કાળુજીનું રાજમાં સારૂં માન "કેમ કાસમમીયાં કસુંબો લેવા કોઇ દિવસ ઘેર આવતા નથી." કાળુજીએ મીયાંને પોતાને ત્યાં આવવા ટકોર કરી.

કોઇક દિવસે સવારમાં ડેલીની ચોકીપર પોતાના છોકરાને બેસાડી કાસમ મીયાં કાળુજીને ઘેર જતા. ત્યાં કસુંબો મળતો સાથે સ્વાદીષ્ટ કંઇ મીઠો પદાર્થ ખાવાનો મળતો. લાલચુમીયાંની દાઢ સળકી અને તેથી દરરોજ સવારમાં કાસમમીયાં કાળુજીને ઘેર જઇ કસુંબો લેતા. પછી તો બીજે ચોથે દિવસે કાળુજી પોતાને ત્યાંજ મીયાંને ખવરાવતો. કહેવત છે કે ડાંગે માર્યો ઉંચું જુએ ધાન્યે માર્યો નીચું જુએ આવી રીતે ઘણા દિવસનો ઉપકારવશ થયેલો અફીણી કાળુજીની ટોળીના હાથમાં સપડાઇ ગયો.

"કાસમમીયાં એક કામમાં તમારી મદદ લેવી છે." કાળુજીએ દાણો ચાંપી જોયો. "ફરમાવો મારા સરકાર કાસમ તૈયાર છે." ખુશામતના શબ્દો કાસમમીયાં ઉચ્ચર્યાં. એ દિવસ પછી મળજો ત્યારે બધી વાત કહીશ. કાળુજીએ ભેદ મુલત્વી રાખ્યો.

સોનની વરસગાંઠ શેઠ સહકુટુંબ ઉજાણીએ ગયેલા. તેથી કાસમ મીયાં ડેલીએ તાળાં લગાવી કાળુજીને ત્યાં જઇ બેઠા. ઓરડામાં એકાંતે મસલત ચાલી. "બાપુ આજ શેઠને બધાં શહેર બહાર ઉજાણી ગયા છે. રાતરે મોડાં થાકયાં પાકયાં આવશે એટલે ઊંઘી જશે તેથી આપ આજે રાતના બાર બજે છુપી રીતે પધારજો ડેલીની બારી સાંકળ દીધા સિવાય અડકાવી રાખીશ આજેજ બેડો પાર!! પણ બાપુ આ કાસમને ન ભૂલતા હોં! નહિતો મારાં છોકરાં રખડી પડશે ભીખ માગતાં એ પુરૂં નહિ થાય." કાસમ મીયાંએ લાલચમાં વિશ્વાસઘાત કર્યો.

અરે મીયાં ! તમારો એ ઉપકાર તે ભૂલાય એ લૂંટમાંથી તમને છઠ્ઠો ભાગ મળશે. પછી તમારે નોકરીની દરકાર રહેશે નહિ. પછી ખાઓ પીઓ ને મોજ કરો કદાચ શેઠ તમારાપર ફરિયાદ માંડશે તો આગળ અમેજ છીએ કોઈ તમારો વાંકોવાળ કરી શકશે નહિ. પણ આ વાત કોઈના જાણવામાં ન આવે એટલી કાળજી રાખજો !

ગ્રીષ્મ સૂર્યના રશ્મિ શિતળ થવા માંડયાં. દિવસ આથમવાનો સમય થયો.

ઉજાણીએ ગયેલાં બધાં શહેરમાં વળવાની તૈયારી કરવા લાગ્યાં બે રથ તૈયાર હતા. તેમાં પ્રથમ સ્ત્રી વર્ગને વિદાય કર્યો રથે બે ફેરા કર્યા. બધાં શહેર ભેગાં થઈ ગયાં.

છેવટે ભાણો શેઠ અને રાખાયત બન્ને જણ રહ્યા શેઠ પોતાના રથમાં બેઠા અને રાખાયત આબરિયો પોતાના ઘોડા હંસલાપર સ્વાર થયો

આગળ રથ અને પાછળ ઘોડેસ્વાર રથમાં બેઠેલા શેઠ રસ્તામાં આવતાં કેટલાંક સ્થળોની માહિતી રાખાયતને આપે છે. એમ વાર્તા વિનોદ કરતા બન્ને જણ સંધ્યાકાળ પછી શહેરમાં દાખલ થયા. શેઠનો રથ ડેલી આગળ આવ્યો. શેઠ ઉતર્યા. રાખાયત પણ ઉતર્યો હથિઆરબંધ આવેલા આ સિંહ જેવા માણસને જોઇ મીયાં ગભરાયા. રાખાયત સાથે શેઠ પોતાના મકાનમાં દાખલ થયા. મકાનના ચોકમાં અતિથિનો આદર સત્કાર કરવા બે ચપળ આંખો પલકારા મારી રહી હતી. પિતાજીની સાથે રાખાયતને જોઇ સોન જરાક બાજુએ ખસી ગઈ, પરન્તુ તેના હૃદયના તારમાંથી ઝીણો ઝણઝણાટ થયો. “પધારો મારા અણમોલા અતિથિ” બન્ને આંખો મળી.

રાખાયતનો ઉતારો મેડીમાં એક ઓરડામાં ઇલાયદો રાખ્યો. છે એવી ખબર સોને પિતાને ધીમા અવાજે આપી દીધી.

શ્રીમંતના ઘરનો ઓરડો ત્યાં શી ન્યુનતા હોય ? ઐશ્વર્ય ભર્યાં

એ ઓરડામાં રાખાયતે પગ મૂકયો. ઓરડાની શોભા જોઈ આશ્ચર્ય પામ્યો. આવા માણસના સમાગમ માટે મનમાં ઈશ્વરનો ઉપકાર માનવા લાગ્યો.

ઓરડામાં જઈ રાખાયતે પોતાનાં હથિયાર છોડયાં. પલંગ પર ખીંટી હતી ત્યાં તરવાર લટકાવી વસ્ત્રો ઉતાર્યા. ફક્ત પાયજામો અને એક ઝીણું પહેરણ શરીરપર રહેવા દીધાં. ઓરડામાં પશ્ચિમ દક્ષિણના દરિયાનો ઠંડા પવનો ફરફર આવવા લાગ્યા. થોડીવાર પછી ઘરનાં માણસો મહેમાન પાસે આવી બેઠાં એક ગાદીપર રાખાયત બેઠો છે. તેની પાસેની ગાદીપર શેઠ ભાણો કંસારો બેઠો છે. સામેની ગાદીપર દિવાળી બાઈ અને સોન બેઠાં છે. "શેઠ ગામ તો ઘણું મોટું જણાય છે. તમારા મકાનની બાંધણી ઘણી સારી છે. અમારા તરફ તો રાજમહેલ પણ આવા હોતા નથી" રાખાયતે વખાણના રૂપમાં કહ્યું. "હા શહેર તો મોટું બંદર છે. દૂર દેશ સાથે તેનો મોટો વેપાર છે. આપણે કાલે બંદરપર જઈશું. એ વાતને ટુંકી કરી સોનને એક સુંદર ભજન ગાવાની પિતાએ આજ્ઞા કરી.

સોનને ભજનો સારાં આવડતાં હતાં રોજ સાંજ સવાર તે ભજન ગાતી હતી. આજે પણ ગાવાનું તો ઘણુંએ મન છે. પરન્તુ મોહભરી શરમના ભારથી હોઠ બહાર અવાજ કાઢવો અત્યારે સોનને ભારે થઈ પડયો. પણ પિતાનો હુકમ તેમની આજ્ઞાનો ભંગ કેમ થાય વળી મોંઘા મહેમાનને પણ ખોટું લાગે, અપમાન કર્યા જેવું થાય. એમ સમજી સોન ત્યાંથી ઉઠી અને પાસેના ઓરડામાંથી પોતાની નાની સીતારી લઈ આવી. તાર સુર મેળવ્યા પછી સોનના કંઠમાંથી ભજન રેલાવા માંડયું તેના સુર હવામાં દૂર દૂર સુધી ધસડાવા લાગ્યા.

ભજન

અંતરના અભિરામ
મારા અંતરના અભિરામ.

જ્યાં જોઉં ત્યાં રૂપ છે તારૂં
તવ દર્શને દીલ આરામ—મારા અંતરના૦

અમરધામના વાસી અલ્બેલા
નંદનવન સુખ ધામ—મારા અંતરના૦

જન્મી જગે મેં શરણુ ગ્રહ્યું તુજ
ભવતારક ઘનશ્યામ—મારા અંતરના૦

જગરાજ ભૂલશો માં મુજને
પળ—પળ રટું તુજ નામ—મારા અંતરના૦

મનોહર મૂર્તિ દેવ દયાળુ
સ્નેહ ભર્યાં છે પ્રણામ—મારા અંતરના૦

શરમ ભર્યાં મને ગવાયેલું તો પણ સોનનું ગળું, એના ગળાની મિઠાશ તે કંઇ છાની રહે? સોન ગાતી હતી ત્યારે રાખાયત સોનના મૂખચંદ્રને ધારી ધારીને નિરખી રહ્યો હતો. તેની છબી અંતરમાં કોતરી રહ્યો હતો. ચતુર ચકોરી આ ચાતકની દશાને જાણી ગઈ હતી. તેણે પોતાનાં નેત્રો જમીન તરફ ઢાળી ભજન પુરૂં કર્યું. ત્યારબાદ સીતાર મૂકવાને બહાને પોતે ત્યાંથી ઉઠી ગઇ.

“શેઠ તમે એમને ખંતથી કેળવણી આપી છે. તમારી ફરજ સંપૂર્ણ બજાવી છે.” રાખાયતે કહ્યું.

“વીર હજી તેના કંકુવાળા હાથ થયા નથી, ત્યાં સુધી હું નચિંત નથી” શેઠે પોતાની મુંઝવણ જણાવી “તમે તો સજ્જન અને સમજુ છો. પ્રભુ ઇચ્છા હોય છે એમ બને છે. લેખ લખ્યા હશે તે પ્રમાણે બનશે. એમાં આપણી ફિકર કામ આવતી નથી.” રાખાયતે જણાવ્યું.

રાત ઘણી ગઇ છે. એમ જાણી શેઠ શેઠાણી ઉઠયાં. રાખાયતને સુઇ જવાનું કહી પોતે નીચે ગયાં સર્વે પોતાના ઓરડામાં જઈ બીછાનામાં પોઢી નિદ્રાદેવીને આધીન થયાં.

ભાણા શેઠના મકાનમાં કોઈ પણ જાતની અગવડ નહોતી સ્થળ પણ નિર્ભય હતું તો પણ અજાણ્યું મકાન તેથી રાખાયતને ઊંઘ ન આવી. તે જાગતો પલંગપર પડયો પડયો વિચાર કરતો હતો. તેના મનમાં સોનના વિચારો રમી રહ્યા હતા. સોનની લાવણ્યતા અને વીરતાભરી આંખો જોઇ વીરના હૃદયમાં શંકા ઉત્પન્ન થઇ કે કંસારાને ઘેર કેમ આવાં રત્ન ન પાકે? એકાંત મળે તો સોનને પૂછી ખુલાસો કરવો. એવો વિચાર કરતો હતો. મધ્યરાત્રીનો સમય થયો, પણ રાખાયતને નિદ્રા ન આવી.

બરાબર મધ્યરાત્રીનો સમય થયો. દરબારગઢની કાંસાની ઝાલર પર બાર ટકોરા થયા. બુકાનીઓ બાંધી કાળા ઝભ્ભા પહેરી હથિયારમાં ફક્ત તરવાર અને છરા લઈ ૭ વ્યક્તિઓ કંસારા ભાણા શેઠની ડેલીએ આવી ઉભી.

કમાડ પર ત્રણ ટકોરા થયા. ધીમેથી દરવાજાની બારી ઉઘાડી બધા અંદર ગયાં.

કાળુજીના કાન આગળ મોં રાખી ઘણા ધીમા સાદે કાસમમીઆંએ કહ્યું. "સિંહ જેવો એક પુરૂષ શેઠને ઘેર સાંજે મેમાન આવ્યો છે. પહેલાં તેને પુરો કરજો. નહિ તો ૭ માંથી એકે જીવતો નહિ જાવ. મેડીમાં તે સુતો છે."

કાળુજીને આ વાત સાચી જણાઈ. તે મહેમાનને પુરો કર્યા બાદ નિરાંતે લુંટ કરાવી. એવો વિચાર તેણે કર્યો. તેણે મેરૂજીને કંઇક ઇસારત કરી મેરૂજી તુર્ત દરવાજા બહાર ગયો, અને પાંચે જણા મીયાંના ખાટલા નીચે ભરાયા.

શેઠની ઘરની પશ્ચિમે મકાનની નજીક લીમડાનું મોટું ઝાડ

હતું, લીમડાનાં લાંબાં ડાળાં શેઠના મકાનની બારી નજીક આવી પહોંચ્યાં હતાં. મેરૂજી લીમડા પાસે આવ્યો, અને વાંદરાની માફક ઝડપથી તેના પર ચઢી ગયો. એક ડાળાપર બેસી બારીમાંથી શેઠના મકાનમાં મેડામાં ધારીને તેણે ઝીણી નજરે જોયું.

મોટા ઓરડામાં પિત્તળની ઉંચી દીવીમાં દીવેલનો દીવો બળી રહ્યો છે, તેના તેજમાં પલંગમાં એક પુરૂષ સુતેલો જણાયો. આ દૃશ્ય જોઇ ઝાડ પરથી ઉતરી મેરૂજી પાછો ચુપકીથી ડેલીમાં આવ્યો. અને માથું હલાવી સમજાવ્યું કે, વાત ખરી છે. હાથના ઇસારાથી તેણે કાળુજીને સમજાવ્યું કે, પુરૂષ પલંગમાં સૂતો છે, એટલામાં લીમડા પર ભયસૂચક સ્વરે ચીબરી બોલી. ચોરો તેને ભૈરવ કહે છે.

પલંગમાં પડેલો રાખાયત ચીબરીની બોલીના ભાવ સમજતો હતો. તેણે જાણ્યું કે કંઇક ભય છે. તેથી એકદમ પલંગમાંથી બેઠો થયો. ખીંટીએ લટકાવેલી સમશેર લીધી. દીવો બુઝાવી દીધો, ધીમા પગલે અવાજ કર્યા સિવાય દાદરનાં પગથીઆં ઉતરવા લાગ્યો.

દાદરનાં પગથીઆં થોડાક ઉતર્યા એટલામાં ડેલી તરફ પડતા જાળીઆમાંથી એકથી વધારે માણસોનો પગરવ સંભળાયો. તેથી જાળીઆમાંથી તેણે જોયું તો ડેલીમાં બે પાંચ માણસો જણાયાં. રાખાયત ચેતી ગયો કે એ કોઇ ચોરટા હશે એ જોવા જોઇએ. તેથી તે લોકો શું કરે છે તે જોવા રાખાયત પાછો મેડીપર જતો રહ્યો. અને ડેલીમાં પડતી એક બારીના કમાડ ઓથે સંતાઇને જોતો ઉભો રહ્યો. રાતની શાંતિમાં તે લોકોનાં ધીમા અવાજ પણ આછા સંભળાતા હતા. "મેડા ઉપર જઈ ઉંઘતાને ઉંઘના વધેરી નાખજો " મુળુભાએ સંઘજીને ધીમા સાદે કહ્યું. રાખાયતે કંઇક સાળજ્યું. તેણે જાણ્યું કે, આતો મારોજ ઘાટ ઘડવાના મનસુબા કરી રહ્યા છે. તેથી બારી પાસેથી

ખસી જઈ પોતાના ઓરડાની જોડે બીજો ઓરડો હતો, તેની પાસે ભીંતનો ખૂણો પડતો હતો અને ત્યાંથી ઉપર ત્રીજે માળે જવાતું હતું. ત્યાં નિસરણી પાછળ રખાયત લપાઈને તરવાર હાથમાં પકડી ઉભો રહ્યો. ત્યાંથી પોતે જે ઓરડામાં પહેલાં સુતો તે ઓરડામાં બરાબર જોઇ શકાતું હતું.

મકાનનાં કમાડ યુક્તિથી ખેડવી નાખી, ચંડાળ–ચોકડીએ પોતાના બીજા બે સાથીદારો સાથે ભાણા શેઠના ઘરમાં પ્રવેશ કર્યો. સંઘજી અને મેરૂજી બન્નેજણા દાદરા તરફ વળ્યા અને બીજા ચાર જણા નીચેના ઓરડાઓ તરફ આગળ વધ્યા.

ધીમે પગલે દાદર ચઢી પશ્ચિમ તરફના ઓરડામાં જે પુરૂષ સૂતો હતો, તેને કાપી નાખવા મેરૂજી આગળ થયો. સંઘજી પાછળ રહ્યો. બન્ને તે ઓરડા તરફ ધસ્યા, અને પલંગ પાસે જઈ પોતાની તરવારો પલંગપર ઉગામી પણ બીછાનું ખાલી જણાયું તેથી મેરૂજી નવાઇ પામ્યો, અને સંઘજી આસ્તેથી બોલ્યો, અલ્યા " મેરૂડાં તું તો કહેતો હતો કે પલંગમાં સૂતો છે, અને દીવો બળે છે તો એટલી વારમાં એ કયાં ગયો ? કયાં સંતાયો હશે ? ઓરડામાં આડાઅવળા બધે જોવા લાગ્યા. ખુણા ખાંચરા તપાસ્યા. પલંગ નીચે પણ જોયું, એમ બધે જોઈ વળ્યા. પણ પોતે માનેલો દુશ્મન ન જણાયો. બંને જણાને રીસ ચઢી. મેરૂજી બોલ્યો. " પેલો કહેતો હતો કે—એ સિંહ જેવો છે, તો શું સિંહ આમ સંતાતા છુપાતા ફરતા હશે. જો હાથમાં આવ્યો હોત તો એક ઝટકે પૂરો કરત. આટલા મોટા ઘરમાં તેને શોધવો પણ કયાં ? એ આપણુને જોતો હશે પણ આપણે એને જોઈ શકતા નથી. જો પાછળથી આવીને ઘા કરશે તો માથાં જુદાં

કરી નાંખશે. એને તો સુતોજ કાપી નાખવાની સૂચના હતી. આમ બોલતા તેઓ બીજા ઓરડા તરફ વળ્યા.

નિસરણીની આડે ઉભો રહેલો રાખાયત આ બધું સંપૂર્ણપણે સાંભળતો હતો. તેનાં રૌમાંચ ખડાં થઈ ગયાં, તેની નસોમાં વેગથી લોહી ફરવા માંડ્યું. તેને વિચાર થયો કે આ નરાધમોને મારવામાં પાપ નથી પણ પૂન્ય છે.

મેરુજી આગળ અને સંઘજી પાછળ હતો, તેઓ નિસરણી પાસે આવી પહોંચ્યા.

રાખાયતનું સોરઠી સમશેર ખડગ હવામાં ઉંચું થયું, તેનો આછો ચમકારો થતાં જ મેરૂજીના મોઢામાંથી શબ્દ નીકળ્યો, આ ઊભો આ ઉ...શબ્દ પૂરો બોલાયી ન રહ્યો એટલામાં તો રાખાયતનું પાણીદાર ખડગ તેના પર પડયું. જનોઇના વાઢે જેમ પાકુ ખડબુચુ કપાય તેમ મેરૂડાના બે ટુકડા કરી નાખ્યા. તેના હાથપગ અંધારામાં તરફડવા લાગ્યા. બીજો જે સંધજી હતો તેણે રાખાયતપર પોતાની તલવાર ઉઠાવી પરન્તુ રાખાયતે તેનો ઘા ચુકાવી પોતાની સમશેર તેના તરફ ઊગામી. સંઘજી વખત કળી ગયો ને જીવ લઇ દાદરા તરફ ભાગ્યો, રખાયત તેની પાછળ પડયો. દાદર ઉતરી સંઘજી ડેલી બહાર જઈ ઉભો રાખાયત તેની પાછળ ન ગયો. તે નીચેના ઓરડાઓ તરફ ગયો ત્યાં તો ભયની તીણી ચીસ સંભળાઈ. એટલે આ તરૂણ વીર ઝડપથી આગળ ચાલ્યો, તો તેના જોવામાં આવ્યું કે—

એક ઓરડામાં મોટી લાકડાની પેટીઓનાં તાળાં તોડી તેમાંથી માલ કાઢી બે જણ ગાંસડા બાંધી રહ્યા છે, બારણા તરફ પૂંઠરાખી ગાંસડી બાંધવામાં ભાન ભૂલેલા એક દુષ્ટની ગરદનપર રાખાયતની સમશેર પડી ડોકું ગાંસડીમાં જઈ પડયું, સિંહ જેવા પુરૂષને હાથમાં

તલવાર લઈ ઉભેલો જોઈ બીજો પલાયન કરી ગયો, એવામાં વળી ભયાનક ચીસ બાજુનાજ ઓરડામાંથી આવી રાખાયત તે તરફ ગયો. આટલી ધમાધમ થાય છે, પરન્તુ પહેલી ઉંઘમાં પડેલા શેઠ, શેઠાણી કે નોકર ચાકર કોઈ હાલતું નથી.

સોનના ઓરડામાં મુળુભા અને કાળુજી બન્ને હતા. ઝાંખા દીવાના પ્રકાશમાં રાખાયતે જોયું તો સોન બીછાનામાં બેહોશ પડી છે. એક નરપીચાશ આ બેભાન બાળાના અંગપરના કીંમતી–દાગીના કાઢતો હતો. બીજો તે દાગીનાના લઈ લુગડાના છેડે બાંધતો હતો, દાગીના કાઢી રહ્યા પછી મુળુભાએ કહ્યું, "આ રૂપાળી છોકરી અત્યારે બેભાન છે, માટે તેને ઉપાડી લઇ જઇ જંગલના મહેલમાં રાખીએ, જ્યાં તેનો પત્તો કોઇને ન મળે." "હા લાગ ઠીક છે." એમ બોલી કાળુજીએ સોનના બે પગ પકડયા. કારભારીએ માંથુ ઝાલ્યું ને સોનને પલંગ પરથી ઉઠાવી.

સોન બેહોશપણામાંથી જરાક સતેજ થઈ. તે ફરી બુમ પાડવા જતી હતી ત્યાં તો કાળુજીએ તેને મોઢે હાથ દીધો અને બોલ્યો.

"અલી એ ચુપ રહેજે હો જો જરાયે ચું કે ચાં કર્યું છે, તો તારૂં પોયણી જેવું આ પેટ છરાથી વાઢી નાખીશ" છરો બતાવી ધમકી આપી.

ઉપર મુજબનું છેલ્લું દશ્ય રાખાયતના જોવામાં આવ્યું, જેમ કોઈ સિંહ હરણાપર તલપે તેમ સિંહની માફક તે કુદયો. બે હાથે તરવાર ઝીકી કુલ્લામાંથી દાટો નીકળી જાય તેમ કાળુજીનું માથું ધડપરથી દુર જઇ પડયું, સોનના પગ તેના હાથમાંથી છુટી ગયા. સોન શુદ્ધિમાં આવી ઉભી થવા ગઇ. આ તરફ મુળુભાએ પોતાની તરવાર પોતાના સાથીદારને મારનાર તરફ ચલાવી. રાખાયતે તેનો ઘા

સુકાવવા પ્રયત્ન કર્યો પણ મુળુભાની તરવારની અણી રાખાયતના ખભા પર ઝપટાઈ ગઈ. ખભામાં ઊંડો ઘા થયો. રાખાયત તરફ ઘા કરી કાળુજીનું પડેલું માથું લઈ મુળુભા ભાગ્યો. રાખાયત તેની પાછળ જતો હતો, પણ તેવામાં સોન ઉભી થવા જતી હતી, ભયના લીધે તેના પગ જમીનપર ઠરતા નહોતા તેથી તે પડી. તેનું માથું પલંગ સાથે અફળાવાની તૈયારીમાં હતું ત્યાં રાખાયતે તેને પકડી લીધી, બચાવી, અને આ તકનો લાભ લઈ મુળુભા ડેલી બહાર નાસી ગયો.

સોનને પોતાના શરીરનો ટેકો આપી રાખાયત ઉભો રહ્યો છે. રાખાયતના ખભામાંથી લોહી વહ્યાં જાય છે, પણ શુરાતનના આવેશમાં તેને ખબર નથી. સોનની ચુંદડી રાખાયતના લોહીથી રંગાઇ ગઇ. રાખાયતના પણ લુગડાં બગડયાં.

સોને શુદ્ધિમાં આવી અને તેની સાથેજ એક મોટી ખૂમ પાડી નોકર–ચાકર–અને શેઠ શેઠાણી તેથી જાગી ઉઠયાં. ગભરાતાં ગભરાતાં દીવા લઇ બધાં ત્યાં આવ્યાં, લોહીથી તરબોળ થયેલું ધડ જોઈ દિવાળીબાઇએ અને ભાણુશેઠે ખૂમો પાડવા માંડી. આડોસી પણ આવી પહોંચ્યાં.

કંસારાની જાત લાલ લોહી જોઇ ગભરાઈ ગઇ. સર્વે જણાં રાખાયત અને સોનને વિંટળાઈ વળ્યાં, શેઠ ઘણાજ ગભરાઈ ગયા હતા. દિવાળીબાઈ તો પાંદડાની માફક ધ્રૂજતા હતાં.

બધાં બહાર ચોકમાં આવ્યાં. કાસમમીયાં પણ આવી પહોંચ્યા. આંખો ચોળતા કહેવા લાગ્યા.–"અરે સાબ કયા હો ગયા. મેરે સાલે ચોર કયાંસે આયા. દરવાજા તો બંધ હે" એવી રીતે મીયાંએ પોતાની નિર્દોષતા સાબીત કરવા પાયા રચવા માંડયા.

રાખાયત પોતાનો જુસ્સો દબાયી બોલ્યો. "શેઠ તમારા ઘરમાંથી એક પાઈ પણ ગઈ નથી. પ્રભુએ સ્હાય કરી છે."

બાપ ! વીર તને લાખોવાર ધન્ય છે, તમે તમારી માતાની કુંખ દીપાવી છે. તારા બાહુબળે મારા ઘરની લાજ લુંટાતી બચાવી. તું સિંહ ન હોત તો શિયાળવા મારી ઇજ્જત આજ લુંટી જાત. મારા ધોળામાં ધૂળ પડત. વીર તારો ઉપકાર જેટલો માનું તેટલો ઓછો છે. એમ કહી શેઠે રાખાયતના અભે હાથ મૂકયો, લાલ લોહીથી શેઠનો હાથ રંગાયો ત્યારેજ રાખાયતને ખબર પડી કે અભે ઘા થયો છે. દીવો લઇ તપાસ્યું, પહેરણુ બદલી નાખ્યું. શેઠના ઘરમાંથી ઘા બાજરીઉં લાવી પાટો બાંધ્યો. લોહી વહેતું બંધ થયું. પોતાના સાચા મદદ ગારને વાગેલું જોઈ સોનને મહા દુઃખ થયું.

પાટો બાંધ્યા પછી પડેલા મડદાં જોવા સૌ મેડીપર ગયાં. તો ત્યાં મડદુંજ ન મળે ફક્ત લોહી જામી ગયેલું જણાવ્યું. એ મડદાનું શું થયું હશે મેરૂજીનું મડદું કોણ લઈ ગયું હશે. ?

રાખાયત નીચેના ઓરડામાં રોકાયો તે વખતે પાછો ફરીને સંઘજી મેરૂજીનું ધડ માથું ઉઠાવી ગયો હતો. બધા ઉપર ગયા એટલે નીચેના ઓરડામાં પડેલાં શબનું પણ મુળુભા સંઘજી ને બીજો એક એમ ત્રણ જણા ઉપાડી ગયા.

ભાણા શેઠના ઘરમાં સુઇ રહેતાં સૌ બીવા લાગ્યાં. એટલે જખમી હાથે રાખાયત દીવો લઇ આખું ઘર તપાસી વળ્યો. ત્યારે બધાં નિર્ભય થયાં. પાછાં સૌ સૌને ઠેકાણે જઇ સુઇ રહ્યા. પરન્તુ ભાણાશેઠને આજના બનાવે ઘણાજ ગભરાવી મૂકયા હતા. શેઠને શાન્તિ વળી નહોતી તેથી રાખાયતે શેઠને શાન્ત કરવા આડી અવળી વાતો કરવા માંડી. શેઠ શાન્ત થયા. કાસમમીયાં પણ આ વખતે શેઠની સામે જરા દૂર બેઠા હતા. મીયાંને જોઈ શેઠે પ્રશ્ન કર્યો "કાસમમીયાં તમે હવાને ચોરટા કેવી રીતે આવ્યા ? તમારી

ચોકીમાં આ બનાવ પહેલ વહેલો બને છે. આટલા બધા માણસો ઘરની અંદર ભરાયા અને તમે જાગ્યા નહિ, મને એ નવાઈ લાગે છે. એ તો ઠીક થયું તે આ વીર-પુરૂષ આપણે ત્યાં આવી ચઢયા હતા. નહિ તો આજ અમારૂં શું થાત ? મીયાં બે હાથ જોડી કરગરી કહેવા લાગ્યો. "ગઈ રાત અફીણની કાંકરી જરા વધારે લેવાઈ હશે. અમલ ઘણો ચઢયો તેની ધૂનમાં દરવાજાની બારીને સાંકળ દેવી રહી ગઈ હશે. ચોરટા આવ્યા ત્યારે હું જાગ્યો તો હતો પણ એક જણ મારી છાતીપર તરવારની અણી ધરી ઊભો રહ્યો. મને સૂતોજ દબાવ્યો, મારામાં કેટલું બળ છે તે બતાવવાનો વખતજ ન મળ્યો. હું છૂટો હોત તો બધાંને બતાવત કે-મીયાંની ચોકીમાં આમ પેસાય છે. બધાંનાં માથાંજ કાપી નાખત."

શેઠે આ વાત સાચી માની અને મનમાં ખ્યાલ કર્યો કે-આવો બંધાણી આદમી કોઈ વખત ઘાજ લુંટાવશે, બંધાણીનો ભરોસો કેવો ? અમલના ઘેનમાં ઝુરતો હોય તે વખતે એ શું કરવાનો હવે હતો ! એના વિશ્વાસે ન રહેવાય. કોઈક દિવસ માથાં કપાવે એને વેળાસર નોકરી પરથી ફારગ કરવો એમાંજ ડહાપણ છે. એમ સમજી શેઠ અત્યારે કંઈ પણ બોલ્યા નહિ કારણ જે થવાનું હતું તે થઈ ગયું, રાખાયત અને શેઠ પોતાને ઠેકાણે જઈ પોઢયા.

ફરીથી ભાણાશેઠના મકાનમાં શાન્તિ છવાઇ ગઈ. આ વખતે રાત્રી થોડીક બાકી હતી. ઘાંઘળમાં ત્રણ વાગી ગયા હતા.

વીર રાખાયતની પણ આંખ મળી તેને આજે વધારે શ્રમ પહોંચ્યો હતો, તેથી નિન્દ્રા દેવીના ખોળામાં આનંદ લેવા લાગ્યો.

મુળુ-ભા નેં સંઘજી એમ બે જણા ચંડાળ ચોકડીમાંથી છૂટ્યા તેમને માથાનો બોજ મળ્યો. શેરને માથે સવાશેર હોય છે.' એવી ખાત્રી

મુળુભાને આજે બરાબર થઈ. તેના મનમાં પોતાના ત્રણ મદદગારોનાં વેર લેવાની ઇચ્છાઓ ઉત્પન્ન થવા લાગી. તેણે મન સાથે નિશ્ચય કર્યો કે—" એ વીરપુરૂષનું ખૂન તો કરવુંજ. વેર તો લેવું જ " અને આ કાર્ય સંઘજીને સોંપવામાં આવ્યું. આકાશને પાતાળ એક કરવાં પણ બીઆણીમાંથી એ વીરને જીવતો જવા દેવો નહિ. હામ સંઘજીએ ભીડી.

પ્રાતઃકાળ થયો. ભાણા શેઠના ઘેર થયેલી ચોરીની વાત વાયુવેગે બીઆણીમાં પ્રસરી ગઇ સ્નેહીજનોને લાગણી થઇ આવી દુશ્મનો રાજી થયા શેઠના મોટા મુનિમ કચરાશાએ પોતાના ઘરમાં ખાટલામાં પડયાં પડયાં એ ભયાનક સમાચાર સાંભળ્યા. તેમને ઉઠવાનો વખત હજી થયો નહોતો આ ભયાનક સમાચાર સાંભળતાંજ જેમ કોઇ બાળક ઘોડીઆમાંથી ઉછળીને નીચે પડે તેમ ભયથી ખાટલામાંથી ઉછળીને નીચે પડી ગયા. અર્ધો કલાક સુધી તેમની સ્ત્રીએ કેટલીક સારવાર કરી ત્યારે તો તે શુદ્ધિમાં આવ્યા મુખ ધોઈ વસ્ત્ર પહેરી કચરાશા ઉતાવળા શેઠને ઘેર જવા નીકળ્યા.

શરીર પાતળુ પાંચ હાથ ઉંચા તેથી કમરમાંથી વાંકાવળી ગયેલા હતા વળી ઉતરતાં લોહી તેથી શરીરમાંથી શકિત પણ ઘટવા માંડેલી અધુરામાં વળી દમનું દર્દ તેથી હાંફતા હાંફતા છાતીપર હાથ રાખી બગલાના જેવા પાતળા પગે થાય તેટલી ઉતાવળ કરી શેઠને ઘેર પહોંચ્યા. શ્વાસ તો મોઢે માય નહિ દમના વ્યાધિએ કચરાશા ને હેરાન કરી મૂકયા હતા દમના રોગે તેમની કાયા સાથે એટલો બધો પ્રેમ કર્યો હતો કે તેમાં દમ સિવાય બીજું કંઈ રહ્યું નહોતું.

તેમણે જ્યારે શેઠની ડેલીમાં પ્રવેશ કર્યો ત્યારે દરવાજાના કમાડ પાછળ હજૂ લુંટારા ભરાઈ રહ્યા હસે એવી મનમાં બીક રાખતા ધ્રુજતા ધ્રુજતા બન્ને બાજુએ જોતા આગળ ચાલ્યા.

આ વખતે ભાણો શેઠ તેમની સ્ત્રી તથા પુત્રી સોન અને તરૂણ રખાયત મકાનના ઓટલે બેસી દંતધાવન કરતાં હતાં.

મુનિમજી કચરાશા છેક નજીક આવ્યા. બધાના મુખ સામું તાકી તાકીને જોઇ રહ્યા. પછી ઘણા પ્રયત્નથી બોલતા હોય તેમ દાંત વિનાનું મોં વિકાસી શેઠના સામું જોઇને બોલ્યા.

"છે તે સમજ્યાના શેઠ ! છે તે આ શું કહેવાય ? આ શો ગજબ થયો ? મને જાણે છે તે સમજ્યા ના ! હમણાંજ ખબર મળી નહિ તો સમજ્યા ના."

"નહિ તો તમે મોટો વાઘ મારત !" મુનિમને આગળ બોલતો અટકાવી શેઠ વચમાંજ બોલી ઉઠયા. તમે ને હું બન્ને ભેગા મળી સિંહના કાન કાપી લાવત ! આપણાથી કંઈ થવાનું નહોતું. ઉલટા મારખાઇને મરી જાત એ તો સારૂં થયું કે, આ તરૂણે આપણે ત્યાં વિશ્રામ લીધો અને તેના બદલામાં આપણી લાજ તેમણે રાખી."

આ સાંભળી મુનિમજી રખાયત તરફ જોઈ રહ્યા. આગલે દિવસે ઉજાણીમાં કચરાશા હતા. તે વખતે રાખાયત નજર કરતાં તે બિચારો ડરતો હતો, કેમકે રાખાયત પાસે હિંસક શસ્ત્રો હતાં.

કેટલીક વાતચીત થયા બાદ મેડાપર જ્યાં ખુન થયું હતું ત્યાં શેઠ, કચરાશાને લઇ ગયા. રૂધીરથી ખરડાયેલી જમીન જોઈ કચરાશા ભયભીત થઈ ગયા. કલમ ઘડતાં ચપ્પુ કદાચ આંગળીપર બેસી જાય. અને લોહી નીકળે તો તે જોઈ કચરાશા બેભાન બની જતા હતા. તો આ લોહીથી રંગાયેલી જગા જોઇ, આ ભલો માણસ પાછા પગલે હઠવા માંડયો. તેની આંખોએ અંધારા આવવા લાગ્યા. આખા શરીરે પરસેવો વળ્યો, ધ્રૂજવા લાગ્યો. આ દશા

જોઈ શેઠે જાણ્યું કે જો "આ મુનિમને અહીં વધારે વખત રોક-વામાં આવશે તો ત્રણ ખૂન ભેગા આ ચોથાની પણ ગણતરી થશે" તેથી નીચે બેઠકમાં લઇ ગયા.

મુનિમ કચરાશા નીચે આવી પોતાની જગાએ બેઠા. "હાશ" કરી બેઠા, અને સારી રીતે શુદ્ધિમાં આવ્યા. પછી બોલ્યા.

"અરેરેરે. જાણે સમજ્યાના, આ તે શો જુલમ ! ખૂન ખરાબી, આહાહા ! જાણે છે તે આવા રાજ્યમાં તે કેમ કહેવાય ના! આ રાજ્ય હવે લાજવાળાં માણસને સમજ્યા ના ! રહેવાને લાયક નથી...અત્યાર સુધી જુલમ થતો હતો, છે તે સમજ્યા ના ! કોઈ અજાણ્યા જાત્રાળુને કે-અજાણ્યા મુસાફરને લુંટવામાં આવે તો સમજ્યા ના ! પણ છે તે આતો આબરૂદારના ઘરપર સમજ્યા ના, હાથ નાખ્યો કહેવાય, મને લાગે છે સમજ્યા ના ! રાજ્યનો હવે દહાડો પરવાર્યો છે."

"એ તો બધું ઠીક પણ હવે આપણે આ બાબતમાં શું કરવું કે ભવિષ્યમાં આવી ઉપાધી ન નડે." ભાણા શેઠે સલાહ પૂછી.

તેનો ઉપાય છે તે સમજ્યા ના. ! કોટવાલને ત્યાં ફરિયાદ નોંધાવો. એ સિવાય આપણે શું કરીએ સમજ્યા ના ! કચરાશાએ રસ્તો બતાવ્યો.

ભાણાશેઠ મીઆણીના કોટવાલને ત્યાં ફરિયાદ કરવા ગયા. રાત્રે બનેલી બીના ટુંકામાં કહી સંભળાવી. શેઠને ઘેર ચોરી અને ખુન થયેલું સ્થળ જોવા કોટવાલ આવ્યો. રાખાયતને જોઇ કોટવાલે પૂછ્યું. "શેઠ તમે કહેતા હતા કે-એક વીર પુરૂષે અમારી લાજ રાખી તે આ જ હશે" એમણેજ ચોર લોકોનાં ખૂન કર્યા છે ?" શેઠને બોલતા અટકાવી રાખાયત બોલ્યો. "હાજી, મારે હાથે ત્રણ પાપીઓ

હણાયા છે, પરન્તુ તેમનાં ધડ કે ડોકાં અહીં રહેવા પામ્યાં નથી. ચોરટાઓ તે લઇ ગયા છે. આ ડેલીનો ચોકીદાર કાસમમીયાં છે તેણેજ દગો કર્યો છે. તેની મદદથીજ ચોરટાઓ આ મકાનમાં દાખલ થયા છે." આ બધું કરનાર લુણહરામી કાસમમીયાંજ છે, શેઠે પણ આ વાતને ટેકો આપ્યો. કોટવાળે મીયાંને બે ફટકા લગાવી દીધા. શરીરની વૃદ્ધ ચામડી આ ફટકા સહન ન કરી શકી. મીઆંની ચામડી ઉપસી આવી. આંખમાંથી આંસુ ખરી પડયા. મીઆંને હાથ કડી કરી કોટવાલ લઇ ચાલ્યો. કાસમમીઆંની આબરૂની કીંમત મીઆણીના બજારમાં અંકાઈ ગઈ, કરણીનાં ફળ મીઆંને મળ્યા.

પ્રકરણ ૧૨ મું.

રાજા પ્રભાતસિંહ ચાવડો.

મૃત્યુ લોકમાં રાજા ઇશ્વરનો પ્રતિનિધી રૂપ છે. એટલે રાજા એટલે ઇશ્વરી અંશ, તેના હાથમાં પ્રજાના સુખદુઃખની દોરી રહેલી છે. રાજા એટલે ધર્મની મૂર્તિ પ્રજાની અભેદ્ય ભાવનાનું મધ્યબિંદુ, તે સદ્‌ગુણોનો ભંડાર અને દયાનો સાગર હોવો જોઈએ. સર્વ રીતે કુશળ હોવો જોઈએ. રાજાઓની રહેણી કહેણી ઉપરજ પ્રજાનાં સુખદુઃખનો આધાર રહેલો છે. ખરા રાજાઓ રૈયતની સાંકડી દશામાં પોતાનાં સુખવૈભવોને ઠોકરે મારી પ્રજાની પડખે જઈ ઉભો રહે છે. પ્રજાનાં દુઃખ દૂર કરવાં પોતાનાં વ્હાલાં બાળકો કે પોતાની કાયાનો ભોગ આપતાં ખરો ક્ષત્રિય રાજા ! પાછી પાની ન કરે !

સર્વ સદ્દગુણોથી સંસ્કારી થયેલો રાજા જ રાજપદને શોભાવી શકે છે, અને તેજ પોતાની અને પ્રજાની ઉન્નતિ કરી શકે છે. તેજ રૈયતનો પિતા કહેવાય છે.

આપણી આ કથાના સમયે ચાવડાવંશની ગાદી પંચાસરમાં સ્થાપનાર પ્રતાપી રાજા જયશિખરી ચાવડાના વંશનો રાજા પ્રભાતસિંહ ચાવડો મોઆણીની ગાદીપર હતો. રાજ્યની લગામ તેના હાથમાં હતી. પ્રજાનું સુખ તેજ રાજાનું સુખ. એ ધર્મ વાકયનું ઉલંઘન કરી રાજા પ્રભાતસિંહ ચાવડો અનિતિના માર્ગે વળી ગયો હતો, પ્રજાના ધનથી ભરેલો રાજનો ખજાનો સ્વસુખ માટે લુંટાવતો હતો. પ્રજાના પૈસાનો દુરૂપયોગ થઈ રહ્યો હતો.

મદિરાથી મસ્ત બની વિષય ભોગનો કીડો થઇ અધમપણાને પામેલો રાજા પ્રભાત ચાવડો ઉચ્ચકોટીના શિખરેથી ગબડી અધમતા રૂપી કીચડમાં ખુંચી ગયો હતો.

રાજ્યના થંભરૂપ ગણાતા શેઠને ત્યાં ચોરી થઈ. ચોરનાં ખૂન થયાં એ વાત રાજાને કાને આવી હતી. પરંતુ તેનીતપાસ ન કરી.

પ્રજાની બ્હેન દીકરીપર જુલમ અને બળાત્કાર ગુજારવા તમર થયેલા રાજાના માનમાં ન્યાય અન્યાયનો ભેદ હતોજ નહિ. રાજ્યમાં બધે અંધેરજ ચાલતું હતું. રાજા વિષયી કારભારી ધનલોભી અને નિતિભ્રષ્ટતાનો ખજાનો ત્યાં પ્રજાના સુખની આશા કેમ રાખી શકાય ?

જે રાત્રે ભાણાશેઠને ઘેર ચોરી થઈ તેની બીજી સવારે ભાણાકંસારાની પુત્રી સોન પોતાના ઓરડાની પાછલી બારીએ ઉભી ઉભી આયનામાં જોઈ પોતાના વાળ ઓળી રહી છે, વાળ કમરથી પણ નીચે પહોંચે તેટલા લાંબા હતા. તેથી જમીનપર બેસી વાળ ઓળવાનું ફાવતું નહિ.

સોન વાળ ઓળી રહી છે. તેવામાં રાજા પ્રભાત ચાવડો ઘોડેસ્વાર થઇ ત્યાંથી નીકળ્યો. રાજાની નજર બારી પર ગઈ. એ યુવતીનું સૌંદર્ય જોઈ રાજાને મોહનાં બાણ વાગ્યાં.

આરસપહાણની કોઈ વિશાળ સુંવાળી સફેદ પાટ ઉપર ફણીધર કાળો નાગ પડયો હોય, એવો એ સોનની પીઠ પર લાંબો ચળકતો કાળો ચોટલો ઝુલી રહ્યો હતો. સોનનું અનહદ રૂપ જોઇ મોહાંધ પુતળીનેજ મારે પરણવું" એમ કહી ત્યાંથી ચાલી નીકળ્યો.

કામાગ્નિમાં બળતો રાજા મહેલે ગયો. તેના ચિત્તને અહીં પણ શાન્તી ન મળી તેને તો બાળાના રૂપમાં તાલાવેલી લાગી હતી બેઠકમાં ગાદી તકીયાપર બેઠો. મનમાં તરંગો ચઢવા માંડયા.

કયા ઉપાયે તેને અહીં લાવવી ? મારા સ્વારોને મોકલી તે બાળાને પકડાવી મંગાવવી. તે તરંગ શમ્યો ને બીજો ઉદ્‌ભવ્યો. એમ જોરજુલમ કરવાથી પ્રજામાં ઘણો ગભરાટ ઉપજે થાય. રૈયત બંડ કરે માટે તે પણ ઠીક નથી. પરંતુ એ બાળાને માન સાથે અહીં બોલાવવી પણ તે ન આવે તો હવે વિચારનું ત્રીજું મોજું ઉપજ્યું થયું. એ બાળાના પિતાનેજ અહીં બોલાવવો તેને સમજાવી ફોસલાવી કામ ઉકેલવું. જેથી પોતાના હજુરીઆ માધારાતને હુકમ કર્યો કે "કંસારાવાડને નાકે ઉંચુ સુંદર મકાન છે. તેના માલીક ભાણા શેઠને એકદમ બોલાવી લાવ ! જાવ જલદી કર. !"

ઉતાવળો ઉતાવળો માધારાત ભાણાશેઠને મકાને આવ્યો– "આવો માધારાત. રાજમહેલને આજે કેમ રેઢા મૂકયા છે. કેમ આવવું થયું." કંસારા ભાણાશેઠે માધારાતને કહ્યું.

"બાપુએ આપને યાદ કર્યા છે. તેથી આપને બોલાવા આવ્યો છું. માટે મારી સાથે જલદી પધારો." માધારાતે કારણ જણાવી દીધું.

ભાણુશેઠના મનમાં થયું કે "રાત્રે ચોરી થઈ છે તેના સંબંધમાં તપાસ કરવાની જરૂર હશે તેથી મને બોલાવ્યો હશે. ગમે તેમ પણ એ ગામનો ધણી છે, એને પ્રજાની ફિકર કેમ ન હોય ?"

કંસારા ભાણુશેઠે પાઘડી પહેરી ખભે ખેસ નાખ્યો. અને માધારાત સાથે રાજમહેલ તરફ વળ્યા, એટલામાં ઘરનો નોકર છીંક્યો, શેઠને અપશુકન થયા. મનમાં વહેમ પડ્યો. તે થંભ્યા, પણ માધારાતે ઉતાવળ કરવા માંડી. કચવાતા મને શેઠે ડેલી બહાર પગ ધર્યો.

મનમાં અનેક તર્કો કરતા વહેમી ભાણુશેઠ માધારાતની પાછળ પાછળ દરબારગઢમાં આવી પહોંચ્યા. રાજમહેલની સીડીનાં પગથીયાં ચઢવા લાગ્યા. બે ઓરડા વટાવી બન્ને જણા દીવાનખાનામાં જ્યાં રાજનો ધણી બેઠો હતો ત્યાં આવી પહોંચ્યા.

હીંચોળા હીંચતા પણ વિચારોમાં ગોથાં ખાતો રાજા પડ્યો હતો. શેઠે રાજાને સલામ ભરી. શેઠને આવેલા જોઇ એકદમ રાજા હીંચોળા પરથી ઉઠ્યો. ઉભો થઇ શેઠને સામે લેવા ગયો. અને પોતાની જોડે ગાદીપર બેસવા આગ્રહ કર્યો.

"અરે અન્નદાતા આતો અઘટિત કહેવાય ! આપ ઉભા થઇને સામા લેવા આવો એ મને ન શોભે. આપ તો ગામધણી મારા શિરતાજ, હું આપની રૈયત, તમે તો પ્રજાના માવતર કહેવાઓ." જગતના અનુભવમાં ઘડાયેલી ભાણુશેઠની બુદ્ધિએ રાજાને વિવેકના પાઠ સુણાવ્યા:—

"શેઠ એવા લવારાની અહીં જરૂર નથી. તમારા કરતાં હું વધારે સમજું છું. તમને જે કામ માટે બોલાવ્યા છે તે સાંભળો."

ક્ષણુ પહેલાં માન આપતો રાજા અત્યારે રંગ બદલી બેઠો. ભાણો શેઠ તાજુબ થઈ ગયો. તે રાજાની આંખ પારખી ગયો અને સમજ્યો કે આજનો મામલો કંઈ ઓરજ છે.

"તમને આમંત્રણુ કરી બોલાવવાનું કારણુ એટલુંજ કે તમારી રૂપાળી છોકરી, મારા રણુવાસમાં રહેવાને લાયક છે. તે રાણી થવાને જન્મી છે. તાંબુ પિત્તળ ટીપતા કોઈ ભૂલ સાથે જીંદગી ગાળવા તે સરજાયી નથી, માટે તેને વગર વિલંબે મારા મહેલે મોકલી આપો "!! રાજાએ ભાણુશેઠને કડક હુકમ સંભળાવી દીધો.

પોતાની નિર્દોષ પુત્રી પ્રત્યે ઉચ્ચરાતા અધમ શબ્દો મીઆણીનો વેપારી ભાણો શેઠ સાંભળી રહ્યો. મનમાં તો ઘણો ક્રોધ ચઢયો પરંતુ રાજસત્તા આગળ શું ચાલે? ખામોશ રાખી તે સાંભળી રહ્યો અને વિનયભાવથી કહેવા લાગ્યો.

"મહારાજા આપ આ શું બોલો છો! આપના મોઢામાં આવાં વચન ન શોભે. ખરાબ કહેવાય. પ્રજાની મા, બેટી પર આપનાથી કુદૃષ્ટિ ન થાય, તો તેની માગણી તો કરાયજ કેમ?"

"તમારી પુત્રીની માગણી કરી છે. કંઈ તમારી વહુની માગણી કરી નથી. વળી મ્હેં સાંભળ્યું છે તેમ તમારી એ પુત્રી નથી તમે તો તેના પાળક છો. માટે કહું છું કે એનો કબ્જો મને સોંપો. મારી માગણીનું કારણુ એ છે કે તમારી પુત્રી રૂપાળી છે. માટે મ્હેં માગણી કરી છે. તેમાં ખરાબ શું કહેવાય? મને તેમાં કંઈ ખરાબ હોય એવું સમજાતું નથી" પોતાની બુદ્ધિ પ્રમાણે રાજાએ જવાબ વાળ્યો.

શેઠ આવા મૂર્ખાઈભર્યા ઉત્તરથી ગભરાયો. મુંઝાયો. આવા બુદ્ધિના જડ જેવા રાજાને શો ઉત્તર આપવો તેનો ઉકેલ કરવા બુદ્ધિ અશક્ત થઈ ગઈ. મનમાં વિચાર કરવા લાગ્યો, કે "જો ના પાડીશ

તો રાજબળ વાપરી જોરજુલમ કરી બળાત્કારે કન્યા લઈ જશે. અને હા પાડું છું તો કાગડાની કોટે મોતીમાળા બાંધવી પડશે. તેમજ ન્યાતજાત તરફથી તિરસ્કાર મળશે. આ રાક્ષસ આગળથી હવે કયે ઉપાયે છુટવું"!!!

શેઠને નિરૂત્તર બનેલો જોઇ રાજા વધારે ગુસ્સે થયો. ક્રોધના આવેશથી આંખોનો રંગ બદલાયો. તે બોલ્યો.

"ઓ બુદ્ધિના બળેલા શેઠ એમાં વિચારવા જેવું શું છે? તારા મનમાં કંઇ લાલચ છે? હોય તો તે માટે રાજની તિજોરી ખુલ્લી છે. જોઇએ તેટલા નાણાં લઇ જા, પણ તારી પુત્રીને અહીં મોકલી . બોલ શો વિચાર છે"!

"આપ રજપૂત છો. હું જાતનો કંસારો છું. એ વાત કેમ બને? આપની સાથે લગ્નસંબંધ કરવાથી મારી જ્ઞાતિ મારો તિરસ્કાર કરે. મને ન્યાતબહાર શક્ષા થાય, લોકમાં મારી નિંદા થાય, મારી આબરૂ પર પાણી ફરી વળે. વળી આપ તો રાજા છો. મારી પુત્રી કરતાં બીજી ઘણી રજપૂત કન્યાઓ રૂપાળી હશે. આપની ઇચ્છા રૂપને વશ થઈ હોય તો મારી દીકરી સોનથી વધારે સૌંદર્યવાન રજપૂત બાળા સાથે આપનું લગ્ન કરાવી આપું. મારી કન્યા સાથે આપનું લગ્ન થશે તો તમારી પણ અપકીર્તિજ થશે. આપ ધર્મ ચૂકો છો. પ્રજાની મા, બેટી તે તમારીજ મા દીકરી કહેવાય. સોન તો આપની પુત્રી કહેવાય. માટે સમજો અને પ્રભુનો ડર રાખો." ભાણુશેઠે માથું વેગળું મૂકી કહેવાનું હતું તે કહી દીધું.

"ભાણુશેઠ તમારા લાંબા ભાષણની મને જરૂર નથી. તમે જ્ઞાતિથી ડરતા હો તો તે બીક નકામી છે. મારી રાજ્યસત્તાના બળે તમારી જ્ઞાતિના એક પણ માણસ તમારી સામે આંગળી ચીંધી

શકશે નહિ—તમારા સામે થનારની ચામડી ઉતરાવી નાખીશ. મને નિંદાની દરકાર નથી. તમારી સોન સિવાય અત્યારે મને બીજી કન્યાની જરૂર નથી. મારે તો એજ જોઇએ, વળી આ કામમાં તમારી નિંદા નહીં થાય પણ વાહવા કહેવાશે. રાજાની તમને ઓથ થશે. આવા રૂડા કામમાં પ્રભુનો ડર શા માટે રાખવો. મારે કયાં કોઇના પર બળાત્કાર કરવો છે ?" પ્રભાવત ચાવડાએ શેઠને ટાઢા પાડવા પ્રયત્ન કર્યો.

"બાપુ આ તો ઘણો અધર્મ કહેવાય."

"ધર્મ અધર્મની મારે જરૂર નથી. મેં તમારા ઘણા શબ્દો સાંભળ્યા હવે થોડા મારા શબ્દો સાંભળો !! હું કહું તેમ કરવું છે કે નહિ? ના કહેશો તો આ ધોળામાં ધુળ પડશે હાથ પગમાં સવા સવા મણની લોખંડી બેડીઓ જડાવી અંધારા કેદખાનામાં હડસેલી મૂકીશ ત્યાં રીબાઈ, રીબાઇને બૂરા હાલે મોત થશે. મિટ્ટી ખરાબ થઇ જશે. માટે શેઠ હઠ ન કરતાં સમજો." રાજાએ છેલ્લા વિચાર કહી સંભળાવ્યા. અને પોતાની વિચારની મક્કમતા જણાવી.

શેઠ સમજ્યા કે "રાજાની મતિ બગડી છે. તે ધાર્યું કરશેજ પછી બાજી હાથમાંથી જશે ! બાજી ગયા પછી દાવ ખેલવો નકામો છે" કંસારો વેપારી હતો. વણિક બુદ્ધિના પાશ એને લાગ્યા હતા.

"રાજાજી આપ ઉતાવળા થાઓ તે નકામું છે. ધીરજ રાખો. સૌ સારાં વાનાં થશે. સોનના નશીબમાં એમ લખ્યું હશે તો તે મીથ્યા થનાર નથી." ભાણા શેઠે ઠંડા પેટે જવાબ આપ્યો.

રાજા સમજ્યો કે 'ભય વગર પ્રીત નથી' ભાણા શેઠ હવે ઠેકાણે આવ્યા છે. તેથી રાજાએ કહ્યું "સૌ થઇ રહેશે એમ નહિ. ચોકસ કહો કે મારી દીકરી તમને પરણાવીશ."

"આપ ધીરજ ખોઈ આટલી ઉતાવળ શા માટે કરો છો? આપની ઉતાવળ એમ કામ ન આવે મારે સોનને તો પૂછવું જોઇએ! તેના વિચાર તો જાણવા જોઇએ" ભાણા શેઠે રાજાને કોણીએ ગોળ ચોંટાડયો.

"અરે ભલા શેઠ એમાં એની સલાહની શી જરૂર છે. તે તો મારા જેવા ફાંકડા અને રંગીલા માટે કયારની ફાંફાં મારતી હશે! અને રાણી થવા ઉતાવળી થઈ રહી હશે! તમારી દીકરીનાં ધન્ય ભાગ્ય કે એક કંસારાની છોકરી રાજની રાણી થાય!!! સાથે સાથે તમારાં પણ અહો ભાગ્ય કે, મીયાણીનો ધણી રાજા પ્રભાત ચાવડો તમારો જમાઇ થાય"!!! મૂર્ખો ફુલાયો.

રાજાજી હું બધું સમજુ છું. "મારાં તો પૂર્વના પુણ્યનો ઉદય થયો કે તમારા જેવાનો સસરો થવાનું માન મળશે." ભાણા શેઠે રાજાને ચઢાવ્યો:

"પૈસા ટકા માટે લગારે મુંઝાશો નહિ. પણ નક્કી કરો કે લગ્ન કયારે લેશો" મનની અધીરાઈ સાથે રાજા બોલ્યો.

"ઘેર જઇ મારી સ્ત્રીને અને બીજાં સગાં વહાલાંને પૂછી જોઉં ત્યાર પછી લગ્નની વાત થાય. અત્યારે એ સંબંધી મારાથી નક્કી ન કહેવાય?" આટલે વરસે હું એક દીકરી પરણાવું તેનાં લગ્ન આમ છૂપી રીતે નક્કી ન થાય રાજન લગ્ન નક્કી થયે તો સાકરો વહેંચાશે. મોટા મંડપો બંધાવીશ. લખલુટ ખર્ચ કરીશ અને કન્યાદાનમાં મારી તમામ મિલ્કત આપીશ. મારે કોણ ખાનાર છે? તમારા જેવા જમાઇ મળે પછી મારે શું બાકી રહે? મારે આંગણે તો તે દહાડે સોનાના સુરજ ઉગશે." ભાણા શેઠે રાજાને ઠગ્યો.

"ઠીક એમ રાખો પરંતુ વેવિશાળ (વાગ્દાન) તો કરતા જાઓ.

એલા માધા! ક્યાં મરી ગયો!! જા પાણીછલું શ્રીફળ ને કંકુ ચોખા જલદી લાવ! જા ઝટ કર"!! રાજાએ કહ્યું.

પણ આમ ઉતાવળ શા હારૂં કરો છો! વાજતે ગાજતે હું મારા કુટુંબીઓને લઇને વિવાહ કરવા આવીશ. અત્યારે રહેવા દો-ચાંલ્લા માટે ઉતાવળ કરશો નહિ. અત્યારે એ ન હોય ભાણા શેઠે કહ્યું.

પાણીછલું નાળીએર ન મળ્યું એટલે સુકું નાળીએર કંકુ ચોખાં લઇ માધોરાત હાજર થયો. કંકુને પલાળવા પાણીની જરૂર પડી. ઉતાવળમાં કંકાવટી ક્યાં લેવા જવી. માધોરાત ગજવામાં બે ડબીઓ રાખી મૂકતો હતો. એક હીંગળોકીઆ કંકુની અને બીજી મેંશની. કાજળની, આંખોમાં કાજળ આંજવાનો શોખ માધારાતનો હતો. તેથી ડબીઓ રાખી મૂકતો.

માધારાતે ઉતાવળમાં ગજવામાંથી ડબી કાઢી ભાણાશેઠ આગળ ધરી. શેઠે હા, ના, કરવા માંડી. માધોરાત ઉતાવળો થયો. તેણે ડબીનું ઢાકણું ઉઘાડયું ને શેઠનો અંગુઠો ઝાલી તેમાં બોળાવ્યો. રાજાએ શેઠનો હાથ પકડી ડબીમાં બોળેલો અંગુઠો પોતાના કપાળે ચંપાવ્યો. તેની સાથેજ રાજાના કપાળમાં કંકુના લાલ ચાંલ્લાને બદલે મેંશનો—કાજળનો કાળો ચાંલ્લો થયો. માધોરાત બોલ્યો "અરે આ તો મેંશનો ચાંલ્લો થયો. શુકનમાંજ કાળું થયું." રાજાનો ક્રોધ ઉછળ્યો. પાસે પડેલી તરવાર લઈ માધારાતને મારવા ઉઠયો. ભાણોશેઠ વચમાં પડયા. માધારાતને બચાવ્યો. રાજાને શાંત કર્યો.

માધોરાત કંકાવટી લાવ્યો. ફરીથી શેઠનો અંગુઠો કંકાવટીમાં બોળ્યો. રાજાએ પોતાના હાથેજ શેઠના હાથનો અંગુઠો કપાળમાં ચોઢાવ્યો. ચાંલ્લો કરાવ્યો. માધારાતે રાજાના કપાળમાં ચોખા ચોઢયા

અને સુકુ નાળીએર આપ્યું. મનમાં આનંદ પામેલો રાજા બોલ્યો. શેઠ જુઓ તમારે હાથે આ ચાંલ્લો કર્યો છે. માટે ચાર દિવસમાં લગ્નની તૈયારી કરી. મને વરદી આપો."

"એમ ઉતાવળ નહિ થાય. ભાવનગરમાં કન્યાના મામા રહે છે તેમને બોલાવ્યા પછી લગનનું નક્કી થશે અને એમ કરતાં લગભગ વીસ દિવસ થશે તમારી ઉતાવળે આંબા નહિ પાકે" ભાણા શેઠે જણાવ્યું.

તમારા વીસ અને મારા એકવીસ, પરંતુ એકવીસમે દહાડે લગ્ન લઈ હાજર નહિ થાઓ તો ધડથી માથું જુદું થશે. સમજ્યાં ? વારૂ કહી ભાણાશેઠ ઉઠયા. એક અધમાધમ પાસેથી છુટકારો થયો તે માટે પ્રભુનો આભાર માની આવી પડેલી ઉપાધીમાંથી કેવી રીતે નીકળાશે તેનો વિચાર કરતા શેઠ ઘર તરફ ગયા.

સૌંદર્યનો ખજાનો વિધિએ જેની કાયા ઘડતાં ખાલી કર્યો છે. એવી સોનના કોમળ હૈડામાં પ્રેમની પરાગો ફોરી રહી છે. તેનું મન રાખાયતને જઈ મળ્યું છે. વીરત્વના ઓજસે ભરેલી રાખાયતની સૌંદર્યવાન મૂર્તિ સોનના અંતરમાં ઉંડી ઉંડી કોતરાઇ ગઈ છે.

બબ્બેવાર મરણના મુખમાંથી બચાવનારને હૃદયમાં સ્થાન અપાયું. એકાંતમાં બેઠેલી આરસની પુતળી સમી સોન, મનડા સાથે વાતો કરી રહી છે. "એ કયાંના રાજવી હશે ? કયા કારણે ઘર ગામ તજ્યાં હશે ? એમનાં લગ્ન થયાં હશે ? એ વીર હૃદયમાં મને સ્થાન મળશે ? મને સ્વીકારશે ? વગેરે પ્રશ્નોની હારમાળા શરૂ થઈ. છેવટે ભેદના ભરમ ભાંગવા સોને હામ ભીડી. તેણે નિશ્ચય કર્યો કે કોઇપણ બહાને રાખાયત સાથે વાર્તાલાપ કરી તેમનું દિલ જોયા પછી પોતાનું મન ખોલવું. એવો વિચાર કરી સોન ઉઠી. રાખાયતના ઓરડામાં કબાટ હતું. તેમાંથી ભરતગુંથણ લેવા તે ઓરડામાં ગઈ.

રાખાયત ઓરડામાં ગાદી તકીએ પડયો પડયો ગઇ રાત્રિના ચોરટા સંબંધી વિચાર કરી રહ્યો હતો—"શેઠના ઘર પર ધાડ પાડનાર પેલી ચંડાળ ચોકડી અને તેનાં માણસોજ હોવા જોઇએ. બે ત્રણ દુષ્ટો બચી ગયા તે ગમે ત્યારે પણ આ ભલા શેઠને દુઃખી કરશે. હું કેટલા દિવસ મદદ કરીશ. વળી નરાધમોના સમુહ આગળ તેમજ તેમના કપટભર્યાં કાળાં કૃત્યો આગળ મારા એકલાનું કેટલું બળ ? મારે અહીં કયાં સુધી રહેવું ? આવા વિચારો મન સાથે ગોઠવી રહ્યો છે એવામાં કબાટનું બારણું ખખડયું.

પોતાના કબાટમાંથી રેશમી દોરાનું તોરણ ભરવાનો સામાન લેવા માટે સોને કબાટ ઉઘાડયું. તે સાથે રાખાયતના વિચારો તૂટયા.

કબાટમાંથી એક દડો લેવા રાખાયતની ગાદી તરફ બે ડગલાં ભર્યાં તેવામાં રાખાયત ગાદી પરથી ઉઠયો ને દડો લઈ સોનને આપવા પોતાનો હાથ લંબાવ્યો. "આપને તસ્દી લેવી પડી" રૂપાની ઘંટડીનો મીઠો અવાજ થયો. સોને રાખાયતના હાથમાંથી દડો લઇ લીધો. મદભર નયને એક તીર ફેંકયું.

સોનની હકીકત જાણવા લાગ મળ્યો છે જાણી રાખાયત બોલ્યો "સોન ! તમે એ રેશમના દોરાનો શો ઉપયોગ કરો છો !" જવાબમાં સોને કબાટમાંથી પોતે તૈયાર કરેલા તોરણનો નમુનો બતાવ્યો અને કહ્યું "આ રેશમના દોરા વડે આવાં તોરણો હું તૈયાર કરૂં છું"

તોરણની કારીગરી અને તેમાં ગુંથેલા દોરાના રંગની મિલાવટ અદ્દભૂત હતાં. રંગની મિલાવટ તો એક સારા ચિત્રકારને પણ શરમાવે તેવી હતી. નભ મંડળના તારલા ઝળકી રહ્યા હોય, તેમ નાનાં નાનાં આભલાં તે તોરણમાં રેશમી દોરા વડે ગુંથી લીધાં હતાં.

"સોન તમે કંસારાની કન્યા છો. પરંતુ તમારી કેળવણી અને

સંગીત–ભરત ગુંથણ વગેરે કળા ઉપરનો તમારો કાબુ સામાના મનમાં ઉચ્ચ જાતિના ઉત્તમ ભાવ પ્રગટાવે છે. તમારાં માતા પિતાએ તમારી કેળવણી માટે ઘણી કાળજી રાખી છે."

"આપનું અનુમાન ખરૂં છે. આતો મારાં પાલક માતા પિતા છે હું રજપૂત કન્યા છું. દરિયાની ખાડીમાંથી મળી આવી છું પણ હું કોની પુત્રી છું તે માવતરના નામ ઠામ જાણુતી નથી પરંતુ આપને શા કારણે વતન તજવું પડયું? તે હકીકત હરકત ન હોય તો જણાવશો?" સોને કહ્યું.

રાખાયતે પોતાનો પૂર્વ વૃત્તાંત આજ ઘડી સુધીનો સોનને કહી સંભળાવ્યો સોન તે સાંભળતી ગઈ. તેમ તેમ તેનાં રોમાંચ ખડાં થઇ ગયાં. દયા અને દીલગીરીની લાગણીઓ તેના અંતઃકરણ પર થવા લાગી. રાખાયત પર વિતેલાં દુઃખ ભર્યા વિતકો સાંભળી સોનની આંખો અશ્રુથી છલોછલ ભરાઈ ગઈ. રાખાયતે સોનને કહ્યું. "સોન બીજાના દુઃખ માટે લાગણી ધરી શું કરશો? સુખદુઃખ શરીર સાથે જ સરજાયાં છે. શરીરનો નાશ થયે તેનો પણ નાશ થાય છે. સુખ દુઃખના ફેરા વારા ફરતી મનુષ્યને માથે આવે છે. પ્રભુએ હવે મારા તરફ અમીની નજરે જોયું હોય એમ જણાય છે. મારા સુખનો સૂર્ય ક્ષિતિજમાં ડોકીઆં કરી રહ્યો હોય એમ ભાસ થાય છે. સોન મારે માટે આપ દુઃખી ન થશો."

સોને નિશ્ચય કર્યો હતો કે રાખાયત સિવાય કોઇની સાથે લગ્ન કરવું નહિ. એને માટે રાખાયત સિવાય જગતના બીજા પુરૂષો ભાઈ બાપ જેવા હતા. આંખો લુછી સોન બોલી "બીજાને માટે લાગણી ધરી શું કરીશ? માતાપિતાને સૂચવીશ કે આંગણે આવેલા અતિથિને આ સોનની કાયાનાં દાન દઇ જીવતદાનનાં ઋણ ફેડો. હું તમારી થઇશ."

"સોન મનના નિશ્ચય કરવામાં ભૂલ ખાઓ છે. હું રસ્તાનો ભીખારી છું. રાજગાદીનાં હવે સ્વમાં છે. એક કંગાલ સાથે લગ્ન કરી પસ્તાશો સોન. દુઃખી થશો. રાખાયતે સોનના મનને વધારે કસોટી પર મૂકયું.

"ભલે તમે રસ્તાના ભીખારી હો. ભીખારી સાથે હું ભીખારણ થઇશ. ભીખ માગીશ ધન વૈભવની હું ભૂખી નથી. તમારી જોડે મજુરી કરીશ. તમે માટી ખોદશો તો હું ટોપલીઓ ભરીને ઉપાડીશ. તમે ઝુપડી બાંધશો તો હું તેને લીંપીગુંપી શણગારીશ. એક રોટલાના બટકાના બેટુકડા કરી ખાઇશું. પણ આ સોનની કાયાનાં દાન હવે બીજાને ન દેવાય રાજવી"!!!

"મન માન્યું ત્યાં નવ જુએ પ્રેમી! હીરા કે હેમ!
બાંધ્યા રૂંધ્યાં નવ રહે. પવન પ્રાણીને પ્રેમ."

સુકન્યાએ સત્યવાનને હૃદય સોંપ્યું પાછી દેવમુનિ નારદ પણ તેના વિચારને ચલાયમાન કરવા જતાં હાર્યા. સોન રાખાયતને મનથી વરી ચૂકી હતી.

તેમના નિશ્ચયમાં પ્રભુ બળ રેડી રહ્યો હોય છે. મેરૂ ડગે પણ સતીના નિશ્ચય ન ડગે.

આ મનુષ્ય દેહ વિષય સુખને માટજ સરજાયો છે. એવું કોઇક બિચારા જીવો અજ્ઞાન દશાને લીધે માનતા હશે.

શુદ્ધ અને સંસ્કારી તો એમ સમજે છે કે લગ્ન એ વિષય વાસનાની તૃપ્તી અર્થે નથી. એ સૂત્રનું ખરૂં રહસ્ય તો પવિત્ર દંપતિનાં જીવન પરથી સમજાય છે. મહાભારત રામાયણ અને ઇતર ગ્રંથોમાં સુવર્ણ અક્ષરે કોતરાયેલાં એ વાક્યો હજીએ બોલી રહ્યાં છે કે જે સ્ત્રી પુરૂષે, મન, વચન, અને કર્મ વડે અઘટિત વિષય વાંચ્છ-

નાઓથી વિરક્ત રહી ગૃહસ્થાશ્રમની શાસ્ત્રાજ્ઞાઓ મુજબ પવિત્ર જીવન ગાળે છે, તે આ જગતની મુસાફરી પૂર્ણ કરી અમરપણાને પામે છે. આ ભાવનાઓ અત્યારે કેટલા પ્રમાણમાં તંદુરસ્ત છે. તેનો વિચાર વાંચકો કરશે.

જેમનું મન વિષય વાસનાઓમાં નથી. તેમને ફરી દેહ ધારણ કરવો પડતો નથી, એને જ મોક્ષ કહ્યો છે.

પતિવ્રત, એ પતિવ્રતની શુદ્ધ ભાવનાઓ આર્ય પ્રજાના ખરા ઈતિહાસના પાને ઝળકી રહી છે. એવાઓમાંના એકમાંથી ત્રણ લીટી પંપાસરોવરના કાંઠે. વાનરો તરફથી મળેલા, સીતાજીના અલંકારો ઓળખવા, રામચંદ્ર, નાનાભાઈ લક્ષ્મણને પૂછે છે.

" બાંધવ લક્ષ્મણ ! ! આ અલંકારો તમે ઓળખો છો ? એ જનક તનયાના છે ? " ઉત્તરમાં લક્ષ્મણ જતી કહે છે.

" વડીલ ભાઇ. પગના જે જે આભૂષણો છે. તે બધાજ સીતા માતાના છે એમ મારી ખાત્રી છે, પરન્તુ બીજા, કાનના-ગળાના જે અલંકારો છે તે હું જાણતો નથી, મેં જોયાજ નથી. સીતા માતાના વદન તરફ મેં કોઇપણ દિવસ જોયું નથી–"

બીજો પ્રસંગ.

રાવણ સીતાજીને મનાવવા આવે છે. ત્યારે સીતાજી કહે છે–

" તું તો મારે મન લક્ષ્મણ જતી. મને કદી, ન વિસરે રામ "

એકંજ પ્રશ્ન, ભારતના બારણે અત્યારે આવા કેટલાક લક્ષ્મણ જતી અને સીતામાતા હશે ?

ભાણાશેઠ ઘેર આવ્યા ગંભીરતાને લીધે દુઃખનું એક પણ ચિન્હ તેમના મોંપર જણાતું નહોતું. પરન્તુ આત્મામાં ઉંડો દાવાનળ બળી રહ્યો છે, તેના તાપમાં શરીરનાં લોહી શોષાઈ રહ્યાં છે,

ભાણુકસારાને સંકટના તોફાનમાં મૂકી બીઆણીમાં સૂરજદેવ બેર બેઠા. તે સાથે પ્રભાત ચાવડાને અપાયેલી મુદતમાંથી એક દિવસ ઓછો થયો.

બીજે દિવસ સૂર્ય ઉગ્યો. સવારમાં નાહી સ્વચ્છ થઇ. હર્ષદ માતાનાં દર્શને જવા, વીર રાખાયત તૈયાર થયો, કપડાં પહેર્યા મેડીથી નીચે ઉતરતાં મનોહર મુખાકૃતિ દૃષ્ટિએ પડી. નયને નયન મળ્યાં. મુકુલિત હૃદયમાંથી પ્રેમની ઉર્મીઓના ઉભરા રૂપ મંદમંદ મીઠાં હાસ્ય બન્નેના ઓષ્ટ ઉપર ફરકયાં. સોનની કાળી કીકી મુંગી વાણીમાં કહી રહી છે કે "મારા સૌભાગ્યચંદ્ર દર્શન કરી વહેલા વળજો" સોનનાં રઢીયાળાં રૂપ, અને સ્વર્ગિય પ્રેમે, બદ્ધ થયેલો રાખાયત સોનને જોતાં ન ધરાયો એવામાં ત્યાં ભાણોશેઠ આવ્યા તે સાથે ચંદ્ર વાદળાંમાં છુપાય તેમ સોનનું મુખચંદ્ર લજ્જારૂપી વાદળામાં ઢંકાયો—સોન ત્યાંથી જતી રહી. રાખાયતે ભાણુશેઠની રજા લીધી.

"ભલે ! બાપ ! ! સુખેથી દર્શન કરી આવો. દર્શન કરી વહેલા પધારજો. આપના આવ્યા બાદ આપણે સૌ સાથે જમીશું. ત્યારપછી મારે એક વાતમાં આપની સલાહ લેવાની છે. માટે વહેલા વળજો સાથે નોકરને લેતા જાઓ" ભાણુશેઠે શિખામણના રૂપમાં કહ્યું

"મારે નોકરની જરૂર નથી. હું દર્શન કરી વહેલો આવીશ. જમવા માટે મારી રાહ ન જોશો" એમ કહી રાખાયત પગ પાળા ચાલવા માંડયું હર્ષદમાતાના દર્શને જતાં. દરિયાની ખાડી આવે છે તેથી—ઘોડાને સાથે લીધો નહોતો.

રાખાયત ચાલ્યો જાય છે, તેની પાછળ પાછળ બે પુરૂષો લપાતા છુપાતા માર્ગ કાપી રહ્યા છે.

રાખાયત ખાડી પાસે પહોંચ્યો. ત્યાં મછવા તૈયાર હતા રાખાયત તેમાં બેઠો. અર્ધા કલાકમાં મછવો માતાના ડુંગરા આગળ પહોંચ્યો—મછવાવાળાને ભાડું ચુકવી દીધું. પછી માતાના ડુંગરપર ચઢવા માંડયું. કેટલુંક ચઢયા બાદ તરૂણ હર્ષદમાતાના દેવળે પહોંચ્યો. આ દેવળ જગડુશાએ બંધાવ્યું હતું. ભક્તિભાવે ભગવતીનાં દર્શન કર્યાં, ભેટ મૂકી. માતાની દેરી બહુ મોટી નહોતી. માતાનો પૂજારી ત્યાં બેઠો હતો, તેને દક્ષિણા આપી, પૂજારીએ માતાની પ્રસાદીરૂપ કંકુનો ચાંલ્લો કર્યો.

આજુબાજુના કુદરતી દેખાવ જોતો રાખાયત દેવીના નાના ઓટલાપર બેઠો. રાખાયતનો તેજસ્વી ચહેરો અને રાજવંશી પોશાક જોઈ કોઇ સારા માણસ છે, એમ ધારી. પુજારીએ રાખાયત સાથે વાત કરવા માંડી. માતાનો મહીમા કહેવા માંડયો.

" આપ મોડા દર્શને આવ્યા તે ઠીક કર્યું. સવાપહોર સૂર્ય ચઢે છે, ત્યાંસુધી માતાજીનાં દર્શન થતાં નથી. પરદુઃખભંજન વીર વિક્રમના ઉજન શહેરમાં આખી રાત રહેવા હર્ષદ માતા વચનથી બંધાએલાં છે. એ કારણથી સવાપહોર દિવસ ચઢયા બાદ માતાજી અત્રે પધારે છે. મા દેવળમાં પધારે એટલે આપો આપ કમાડ ખુલી જાય છે. તે વખતે માતાજીનાં વસ્ત્રો પરસેવાથી રેબઝેબ હોય છે—" માતા હર્ષદનો મહીમા પૂજારીને મોઢેથી સાંભળી રાખાયત બોલ્યો. માતાજીના રોષથી વમળ થતાં હતાં તે જગા કયી ?

ખાડીના મુખ આગળનો દરિયો બતાવી, પૂજારીએ કહ્યું કે—"ત્યાંજ વમળ થતાં હતાં." "હવે ઉપર કંઇ જોવાનું છે ?" રાખાયતે પૂજારીને પૂછ્યું " હાજી ! જુનું દેવળ. અને પહેલાના વખતના ચાર પાંચ ઓરડા ઉપર છે. અહીંથી થોડેક દૂર જગડુશાની મૂર્તિઓ છે" પૂજારી કહ્યું.

જુનું મંદિર અને બીજાં સ્થળો જોવા રાખાયત ઉપર–ચઢ્યો.

જગત્ કલ્યાણ અર્થે દેવીને ખૂશ કરવા. પોતાના સાતસાત દીકરાઓ અને વહુઓનાં શિશ સમર્પણ કરેલાં એવા જગડુશાના કુટુંબની પાષાણ મૂર્તિઓ રસ્તામાં એક દેવળમાં જોઈ.

પરોપકાર કરી જનસેવાની નૌકામાં બેસી, સ્વર્ગના કાંઠે ઉતરી, દેવભૂમિમાં રમતા એ પંદર પંદર આત્માઓને અંતરના વંદન કરી રાખાયત ત્યાંથી આગળ ચાલ્યો.

ડુંગરાની ટોચે માતાનું જુનું નાનું દેવળ જોયું. હર્ષદ માતાએ. એ દેવળનો ત્યાગ કર્યો અને દેવળ વચ્ચેથી ચીરાયું. દેવળના બે ભાગ પડયા. આ દેવળની પ્રદક્ષિણા કરી. ટેકરાની ટોચપરથી દરિયાનાં મોજા નીચે દૂર દૂર સુધી નજરે પડતાં હતાં. કેટલીક હોડીઓને વહાણો, માલ ભરી દરિયાના પટપર ખેલતાં ડોલતાં મુસાફરી કરી રહ્યાં હતાં. તેમના ધોળા ધોળા સઢ જણાતા હતા. થોડીક પળો આ આનંદભર્યો દેખાવ જોઈ. બાજુપર આવેલા, જુના ચાર પાંચ ઓરડા જોવા રાખાયત તે તરફ ગયો. એ ઓરડાઓમાંનો એક પુજારીઓ માટે, અને બીજા જતા આવતા મુસાફરો માટે બંધાવેલા હતા. તે મકાન પાસે એક કુવો હતો. તેમાં મીઠાં દૂધ જેવાં પાણી હતાં, મુસાફરોને સગવડવાળી જગ્યા હતી.

પ્રકરણ ૧૩ મું.

સંન્યાસી વિદ્યાનંદજી

કાશીના વિદ્વાન સંન્યાસી વિદ્યાનંદજી મહારાજ પ્રભાસ પાટણની યાત્રા કરી દ્વારકા તરફ જતા હતા. તેઓ કેટલાક દિવસ બીઆણીમાં આ ટેકરા પર એકાંત જગાએ મુકામ કરી રહ્યા હતા. તેમના સાથે તેમનું શિષ્ય મંડળ પણ હતું. તેઓ સર્વે ટેકરાના ઉપરના ભાગમાં જુના વખતના જે ઓરડાઓ હતા. ત્યાં રહ્યા હતા. વિદ્યાનંદજી મહારાજ પ્રાતઃકાળમાં સ્નાન ધ્યાન કરી બે કલાક પોતાના શિષ્યો સાથે વેદાંતની ચર્ચા કરતા હતા. તે સાંભળવા બીઆણીના કેટલાક ભાવિક સજ્જનો આવતા હતા. એક મોટા ઓરડામાં ચર્ચા થતી હતી. રાખાયત પણ આ ઓરડા તરફ આવી પહોંચ્યો તેણે જોયું કે: બધા શાન્ત ચિત્તે બેઠા છે. સભાની વચ્ચે બાજઠ પર મૃગચર્મ બીછાવી, વયોવૃદ્ધ અને જ્ઞાનવૃદ્ધ કાષાય વસ્ત્ર ધારી સશક્ત શરીરવાળા સંન્યાસી વિદ્યાનંદજી મહારાજ બેઠાછે. તેમની સામે તેમનું શિષ્ય મંડળ બેઠું છે. સંન્યાસી મહારાજની તેજસ્વી અને પ્રસન્ન મુખ મુદ્રા તેમની યોગ વિદ્યાની સાબીતી આપી પૂજ્ય ભાવ ઉત્પન્ન કરે તેવી હતી. વિદ્યાનંદજી મહારાજ એટલે પૂર્વના કોઈ મહાન વિદ્યાધર મુનિ પુંગવ.

રાખાયત આવ્યો સંન્યાસી મહારાજને તેણે પ્રણામ કર્યા બીજા સંન્યાસીઓને વંદન કર્યા. અને શ્રોતાઓની પાસે એક તરફ જઈ બેઠો. વિદ્યાનંદજીના શિષ્યો પોતાના મનની શંકાઓ ગુરૂજીને પૂછતા. ગુરૂ તે શંકાઓનું શાન્ત ચિત્તે સમાધાન કરતા. રાખાયતને આવી શાસ્ત્રની નવીન ચર્ચાઓ સાંભળવામાં રસ પડતો હતો. તેથી શાન્ત ચિત્તે

ચર્ચા સાંભળતો બેઠો સંન્યાસીજીના મુખમાંથી નીચે પ્રમાણે પ્રથમ ઉચ્ચાર થયો.

હરિ ૐ

न संशयम नारुह्य, नरो भद्राणि पश्यति,
संशयं पुनरारुह्य, यदि जीवति पश्यति ॥

महाभारत

સંશય પર સ્વારી કર્યા સિવાય મનુષ્ય (સુખ) વસ્તુને કદી પ્રાપ્ત કરી શકતો નથી. વારંવાર સંશય પર સ્વારી કરતાં જો જીવે છે, તો ઉત્તમ વસ્તુને પામે છે.

त्रिविधदुःखात्यन्तनिवृत्तिरत्यन्तपुरुषार्थः

ત્રણ પ્રકારનાં દુઃખો (આધિ વ્યાધિ ને ઉપાધિ)થી અત્યંત નિવૃત થવું એજ અત્યંત પુરૂષાર્થ છે.

શ્રમણ કરવા બેઠેલા શિષ્યો અને શ્રોતાજનોની સાથે વિર રાખાયત બેઠો બેઠો અને શાન્ત ચિત્તે થતી ચર્ચા સાંભળ્યા કરતો. સમય ઘણો થયેલો એટલે ગુરૂજીએ કથા બંધ કરવા જણાવ્યું.

ચર્ચા લગભગ બે ત્રણ કલાક ચાલી તેમાં રાખાયતને જાણવાનું ઘણું મળ્યું. શ્રોતાજનોમાંથી નવીન આવનાર રાખાયતને પણ હંમેશ આવવાનું આમંત્રણ આપ્યું. આથી રાખાયતે સર્વનો આભાર માન્યો અને ગુરૂને નમન કર્યું અને ચર્ચા વધુ ચાલે તેમ ઇચ્છા દર્શાવી. પણ જવાબમાં જણાવ્યું કેઃ—

આજે ઘણો સમય થઇ ગયો છે માટે ચર્ચા બંધ કરવામાં આવે છે. સર્વે મંડળ હરિઃૐ કરી ઉઠયું. તે સાથે રાખાયત પણ વંદન કરી ઉઠયો. વેદાન્ત પરનું ગુરૂનું અજબ જ્ઞાન સુખ દુઃખમાં કેમ રહેવું વિગેરે સાંભળી રાખાયતને ઘણો આનંદ થયો.

સૂર્ય ભગવાન માથે આવ્યા. મધ્યાન સંધ્યાનો સમય થવાથી, સર્વે શિષ્ય મંડળ અને ગુરૂજી પોતાના નિત્ય કર્મમાં જોડાયા.

રાખાયત આ મંડળમાંથી જુદો પડયો. જ્ઞાનરૂપી અમૃત પીવાથી ચિત્તની પ્રસન્નતામાંથી રાખાયતને આજે ક્ષુધા પણ ન લાગી.

મીઆણીના દરિયાની ખાડી જે 'મેંડાનાર'ના નામથી ઓળખાતી હતી તેમાં અત્યારે ભરતીનાં પાણી પુરેપુરાં ભરાયાં હતાં. ઓટ થવાની તૈયારી હતી. વીર રાખાયતને ખાડીનાં ભરતીનાં પાણી જોવાની ઇચ્છા થઇ. તેથી ડુંગરાની એક ધાર વધીને ખાડીમાં ઝુંકી રહી હતી ત્યાં રાખાયત જોવા ગયો. પાછા પગ રાખી ડોકું સહેજ આગળ લંબાવી ભરતીનાં પાણી જોતો ઉભો. એક પળ પણ નહિ થઈ હોય, તેવામાં તેને પાછળથી ઘણા જોરથી કોઇએ ધક્કો માર્યો. પાછુ વાળીને જોવા જાય છે. ત્યાં તો ઉછળીને ખાડીના અગાધ જળમા જઈ પડયો. ધક્કાના જોરથી પગ સ્થિર રહી શક્યા નહિ. રાખાયત 'મેંડાનાર' માં પડયો. ધક્કો મારનાર દુશ્મનો આનંદ પામ્યા. ધક્કો મારનાર સંઘજી દુષ્ટ પોતે જ હતો તેની પાસે તેનો મદદગાર ખાટીઓ ઉભો હતો.

રાખાયત ખાડીમાં પડયો. અને તે સાથેજ ઓટના હલેસાં ઘસડાયાં, ને દરિયાના ઉછળતા મોજામાં જઇ પડયો.

પ્રકરણ ૧૪ મું.

મીઆણીનો ત્યાગ

આ તરફ મીઆણીમાં ભાણા કંસારાને ઘેર રસોઇ તૈયાર થઇ ગઇ. બધાં રાખાયતની રાહ જુએ છે. બપોર જમ્યા પણ રાખાયત ન આવ્યો. આવવાનો વખત પણ વિતી ગયો. સોન બે પાંચ વખત

'મેંડાનાર'ના રસ્તા તરફ પડતી બારીએ જોઈ આવી પણ તે નિરાશ થઇ કચવાતા મને ઘરનાં બધાં જમવા બેઠા. બધાંને કંઈ મઝા ન પડી. શેઠનું મન તો ખિન્ન હતું જ તેમાં વળી આ વીર પુરૂષ કેમ ન આવ્યો ! તેની ફિકર વધી, તેથી જમ્યું ન જમ્યું કરી શેઠ ઉઠી ગયા.

સોન જમવા બેઠી હતી, પરન્તુ તેના ગળે ધાનનો કોળીઓ ન ઉતર્યો. કોળીઓ ભરેલો હાથ થંભી ગયો. તે હાથ મોં ધોઈ ઉઠી મેડીએ ગઈ બારીમાંથી જણાતા હર્ષદ માતાના ડુંગરના રસ્તા તરફ ચાતક પક્ષીની પેઠે કલાકોના કલાકો સુધી તેણે જોયા કર્યું. પણ પ્રિયતમનાં પગલાં જણાયાં નહિં. દિવસ આથમવા લાગ્યો, તેમ તેમ આ ચકોરીની ચિંતા વધવા લાગી. તે નિરાશામાં ડુબવા લાગી. મનમાં બોલી "હજી" કેમ ન આવ્યા ! શું થયું હશે ? માર્ગ પ્રતિક્ષા કરી સોન થાકી.

સંધ્યાકાળ વિતી, દેવમંદિરમાં આરતીની ઝાલરોના રણુકા થયા. માળામાં પંખીએ લપાઇ ગયાં પણ રાખાયત ન આવ્યો.

ભાણાશેઠે, ખબર કરવા મોકલેલો માણસ પણ વિલે મોઢે પાછો આવ્યો. માણસને આવેલો જોઇ, સોને હર્ષમાં પૂછ્યું. "રાખાયત આવ્યા" "બેનબા હર્ષદ માતાના ડુંગરે તેઓ નથી. પૂજારી મહારાજ કહેતા હતા કે તે ઉપરથી પાછા વળ્યાજ નથી. તેમનો પત્તો ન લાગ્યો." નિરાશાવાળો જવાબ તે માણસે દીધો.

આ સાંભળી શેઠની હીંમત જતી રહી તેમના મનમાં હતું કે "રાખાયત આવશે, અને મને કંઇક રસ્તો બતાવશે. તે બુદ્ધિશાળી છે, વીર છે. આ સંકટમાં મારી પડખે ઉભો રહેશે. નિરાશા ભર્યો શ્વાસ મૂક્યો. અને તેની સાથે શેઠના મુખમાંથી શબ્દો સરી પડયા." અરે...ભગવાન...વીર...રાખાયત પણ ગયો ! ચારે

તરફથી દૈવ કોપ્યો. ! ! મારા મનની મનમાંજ રહી ગઇ. હે પ્રભુ. હવે તું કરે તે ખરી. "

સોનના મનની પણ વિચિત્ર દશા થઇ હતી. તેની આશાનાં નાવ નિરાશાના સાગરમાં ડુબી ગયાં. મનથી માનેલો જીવનનો સાથી તેને એકલી મૂકી જતો રહ્યો. રાખાયત સિવાય સોન ઝુરવા લાગી. " હવે શું થશે? એ કયાં મળશે? તેને કયાં શોધું? રાખાયતનો વિયોગ તેને અસહ્ય થઈ પડયો. પ્રેમે તેને રડાવી મૂકી. કચોળા જેવી સોનની આંખોમાંથી ડળક ! ડળક ! આંસુ પડયાં. સોન હૈયાં કોના આગળ ઠાલવે. ? તે મનમાંજ મુંઝાઇ રહી.

પાંચ પાંચ દિવસના સુર્ય મીઆણીના પાદરે ઉગ્યા અને આથમ્યા. ભાણુશેઠની મુંઝવણ વધવા લાગી. રાજાને આપેલી મુદ્દતમાંથી દિવસ ઓછા થવા લાગ્યા. હવે શું કરવું તેના ઉચાટમાં ભાણા કંસારાનું શરીર સુકાવા લાગ્યું. ખાવાનું ભાવતું નથી. સુખ વૈભવ પણ ગમતા નથી. વાતના વિસામારૂપ પ્રભુએ વીર પુરૂષને મદદ માટે મોકલ્યો હતો, પરન્તુ તે પણ કયાં જતો રહ્યો. આવી રીતે એક શ્રીમંતની મુંઝવણો તેના હૃદયને ગભરાવી રહી હતી. ધનવડે આ વિપત્તિ દૂર થાય તેમ નહોતી.

શેઠને એક દીશા સુઝતી નથી. શેઠ ગાદીપર બેઠા બેઠા વિચારમાં ગરક થઇ ગયા છે. તેવામાં તેમનાં ઘરવાળાં દીવાળીબાઈ આવ્યાં શેઠની પાસે જઇ ઉભાં રહ્યાં, પણ શેઠની નજર તેમના તરફ ન ગઈ તેથી જરાક ગુસ્સાના રૂપમાં બોલ્યાં " હું કયારની અહીં આવી ઉભી છું છતાં આપ કેમ કંઇ બોલતા નથી? તમે એવા શા વિચારમાં પડયા છો? એવું શું દુઃખ આવ્યું છે કે બોલતાજ નથી? શું વેપારમાં ખોટ આવી છે? કે દરિયામાં ઝાઝ ડુબી ગયાં છે! કહોતો ખરા કે શું દુઃખ છે?"

"આપણા દુઃખનો છેડો જ નથી. પ્રભુ આપણા પર રૂઠયો છે તેની અવકૃપા થઈ છે. આપણાં પુણ્ય પરવાર્યાં છે. સર્વસ્વનો નાશ થવા બેઠો છે. સુખ વૈભવના દિવસ ભરાઇ ગયા છે. આનંદથી પળો પુરી થઇ રહી છે. નહિ કલ્પેલી વાત આજ દુઃખરૂપ થઇ પડી છે." એમ કહી ભાણા શેઠે નિશ્વાસ નાંખ્યો.

"એવા કયા દુઃખે એકલા દુઃખી થાઓ છો. વાત કરો અને હૃદયનો ભાર હલકો કરો. નહિ તો દુઃખના ભારથી હૃદય ફાટી જશે" દિવાળીબાઈએ શિખામણના રૂપમાં કહ્યું અને શેઠની પડખે જઈ બેઠાં.

"તારૂં કહેવું ખરૂં છે, પણ એ દુઃખના ઘા તારા કોમળ હૃદયથી સહન નહિ થાય!! તને વાત નહિ કરૂં તો તારી ચિન્તા બમણી વધશે. માટે સાંભળ!! દીકરી સોનનાં ઉતાવળાં રૂપ, આપણા દુઃખનું મૂળ થઈ પડયું છે. ગામનો ધણી રાજા પ્રભાત ચાવડો સોનને દેખી ગયો. તે પોતાનો ધર્મ ભૂલ્યો, સોનના રૂપની તેને રઢ લાગી છે. તે મોહમાં આંધળો થયો છે, સોન સાથે લગ્ન કરવાની તેણે માગણી કરી છે એકવીશ દિવસની અવધો આપી છે. અવધ પૂરી થયે સોનને પરણાવવી પડશે. અને જો નહિ પરણાવીએ તો ઘરબાર લુંટાશે રાજા આપણો શિરચ્છેદ કરશે. તેમજ સોનને બળાત્કારે મહેલે લઇ જશે."

પાપીઆની આવી અઘટીત માગણીનો શો ઉકેલ કરવો તેના વિચારમાં મન મુંઝાય છે! કંઈ સુઝતું નથી. પેલો બહાદુર પુરૂષ જે આપણે ઘેર આવ્યો હતો, તે રસ્તો બતાવે તેવો હતો. તે પણ કહ્યા વગર જતો રહ્યો મારો વિચાર તો સોનને તેની સાથે પરણાવી, તેને ઘર જમાઇ તરીકે રાખી દીકરી અને જમાઇને બધો કારભાર સોંપી પ્રભુ ભજન કરત. તેમાં આ અણધારી આફત આવી બારણે ઉભી રહી. રામજી મહારાજ લાજ રાખે ત્યારે ખરી, બાકી અત્યારે તો દુઃખના ડુંગરા માથે ડોલી રહ્યા છે," શેઠે મનના ઉભરા કાઢયા.

"અરે એ મુઓ રાજા કયાંથી ફાટી પડયો ? એ ગોઝારો સોનને કયાંથી જોઈ ગયો ? પાપીઓ રાજા રૈયતની બેટીની માગણી કરે!! ખરે ખાત હવે કળીયુગ આવ્યો. નહિતો રાજા આવો અધર્મિ ન થાય!! રાજા દુશ્મન જાગ્યો. છોકરી દુઃખનું મૂળ થઈ પડી. ધીરજથી કંઈ રસ્તો કરો!!! ઘરડાનાં પુણ્ય કંઈક આડા આવશે." દિવાળીબાઇએ કહ્યું.

ઉપર પ્રમાણે બન્ને જણાં દુઃખી હૃદયે વાત કરી રહ્યાં છે. ત્યાં સોન આવી ઉભી રહી. પોતાના માવતરના મોં પર દુઃખી છાયા જોઈ સોનને શંકા થઇ કે રાખાયતના વિષે માઠી ખબર આવી જાણવા તેણે પ્રશ્ન કર્યો ભાણો કંસારો એકદમ બોલી શકયો નહિ. તેના મનમાં થયું કે બચ્ચાને આમાં શું કહેવું! પરન્તુ સોને વળી બીજો પ્રશ્ન કર્યો. "પિતાજી આપ શોકવાન કેમ છો? માથે કંઈ મોટું સંકટ આવ્યું છે! કેમ બોલતા નથી.?"

"દીકરી! દુઃખ તો બીજું શું હોય? તારૂં જ દુઃખ છે!! તારા દુઃખે જ અત્યારે અતોલ દુઃખી થઈ રહ્યાં છીએ" દિવાળી બાઇએ પુત્રીને દુઃખનું કારણ ગોળ ગોળ કહી સંભળાવ્યું. સોન આશ્ચર્ય પામી બોલી "શું મારૂં દુઃખ"!!! મારો કંઈ અપરાધ થયો છે? મને આમાં કંઈ સમજ પડતી નથી માટે સ્પષ્ટ હકીકત જણાવશો પિતાજી?"

"બેટા સોન!! તારાથી અપરાધ થાયજ નહિ તેં કદી અમને દુભવ્યાં નથી. દીકરી શું કહું! કહેતાં હૃદય કંપે છે, તને પ્રભુએ નવરાશની વેળાએ ઘડી, એજ અત્યારે દુઃખનું મૂળ થઈ પડયુ છે. તને જોઇ રાજા ધર્મ ચૂકયો છે. તારા હાથની માગણી કરે છે. જો ના કહું છું તો સર્વસ્વનો નાશ થાય છે. તેમજ તારા જેવી પુત્રી

રૂપ રત્નને પત્થર સાથે પટકવું એ દુઃખ થાય છે. એકવીશ દિવસની મુદ્દત આપી છે તેમાંથી સાત દિવસ તો ગયા, હવે શું કરવું ? આ દુઃખમાંથી શી રીતે છુટવું ? આ કરતાં તો મરણ આવ્યું હોત તો સારૂં." ભાણાશેઠે કહ્યું;

"પિતાજી મારા ભોગે આપને સુખ થતું હોય, તો આપ સુખેથી મને ત્યાં આપો. માતા પિતાને સુખી કરવાં એ સંતાન તરીકેની મારી ફરજ છે. મારૂં ભલે ગમે તે થાય. આપ તે માટે ફિકર કરશો નહિ. હું હતી જ નહિ એમ સમજી મારો ત્યાગ કરો અને આપ દુઃખ મુક્ત થાઓ" સોન મરવા તૈયાર થઈ, એ રજપૂતની કન્યા એને મરતાં આવડતું હતું.

"દીકરી તને અળગી કરાય ! સોનનો ત્યાગ જીવતા દેહે ન થાય. તારી બુદ્ધિમાં કંઇ બીજો રસ્તો હોય તો બતાવ ! ગાય મરે નહિ અને રત્ન નીકળે. એમ કર ! ! નહિ તો પછી મુદ્દત પુરી થતા પહેલાં અમે આત્મહત્યા કરીશું. પછી તારૂં ગમે તે થાય ! અમારે દેખવુંએ નહિ ને દાઝવુંએ નહિ." ભાણા કંસારાએ છેવટનો નિર્ણય પુત્રીને કહી સંભળાવ્યો.

"પિતાજી ધીરજ ધરો. આત્મા હત્યા કરનારાના સાતે ભવ એવા જાય છે. આત્મહત્યા સિવાય બીજો રસ્તો છે. આપણે ગુપ્ત રીતે આ શહેરનો દશ દિવસમાં ત્યાગ કરવો ને બીજા રાજ્યમાં જતા રહેવું. અહીંથી ધુંમલી શહેરમાં મારા મામા (દિવાળીનાભાઇ)ને ત્યાં જઇ રહીશું. ત્યાંના રાજા આગળ, દુષ્ટ પ્રભાત ચાવડાનું કંઇ પણ ચાલશેનહિ. આપણને અડચણ નહિ આવે, આપણે ત્યાં સુખેથી રહીશું. અને નિર્ભય થઇશું અને તે પહેલા અહીંથી, ખપ પુરતી વસ્તુઓ છુપી રીતે પહેલેથી ધુંમલી વિદાય કરી દો—" સોને સલાહ આપી.

અણીને સમયે સોનની દીવા જેવી સલાહ. માતાપિતાને ગળે ઉતરી. સોનની બુદ્ધિ જોઈ. તેમને આનંદ થયો.

બીજે દિવસે ભાણો કંસારો જાતે ઘુંમલી ગયો. પોતાના સાળા મોતી કંસારાને મળી વાતચિત કરી. મકાન વગેરેની સગવડ કરી–શેઠ પાછા મીઆણીમાં આવ્યા.

મીઆણીમાંથી છુપી રીતે બીજાના નામથી સર સામાન ઘુંમલી તરફ રવાના કર્યો અને નાસી છુટવાની તૈયારીઓ કરી–સોને પુરૂષ વેશ ધારણ કર્યો ને રાખાયતને પ્રાણથી વહાલા હંસલા પર પોતે સ્વાર થઈ. ભાણો કંસારો અને દીવાળી કંસારણે પણ ઘોડે સ્વારી કરી. મધ્ય રાત્રીએ. ચુપકીથી રાજ્યનાં માણસોને ખબર ન પડે તેમ મીઆણીને છેલ્લા પ્રણામ કરી ચાલી નીકળ્યાં. ભાણશેઠ પોતાના કુટુંબ સાથે ઘુંમલી તરફ જવાના રસ્તે ઘોડાં મારી મૂકયાં.

એક વખતનો મીઆણીનો નગર શેઠ, અત્યારે પોતાનું વ્હાલું વતન મૂકી, રાત લઇ નાસે છે. કાળની કેવી વિચિત્રતા!!

—:o:—

પ્રકરણ ૧૫ મું.

દરિયામાંથી બચવું.

દરિયાનાં મોજાં સાથે અફળાતો પછડાતો રાખાયત કેટલોક વખત તો પોતાના બાહુબળે તર્યો. કાંઠા તરફ આવવા ઘણાએ પ્રયત્ન કર્યા. પાણીમાં ધપતો ને કાંઠા તરફ આવતો ત્યારે દરિયામાં થતાં ઓટનાં હલેસાં તેને બમણા જોરથી સાગરના ઊંડા ઊંડા નીરમાં ઘસડી જતાં. આ પ્રમાણે કેટલોક વખત તે વીર પુરૂષ સમુ-

દ્રનાં મોજાં સાથે લડયો. કુદરતી બળ આગળ રાખાયત હાર્યો. તે બેભાન થવાની અણીપર હતો, ત્યાં એક લાકડાના પાટીઆનો આધાર દીન દયાળે મોકલ્યો

પાટીઆપર અર્ધાં શરીરનો ભાર નાખ્યો. અતિશય શ્રમથી રાખાયત બેભાન થઈ ગયો, પાટીઆ સાથે. તે તણાતો ચાલ્યો.

દરિયાનાં ખારાં નીર પોતાની પીઠપર એક વીરનરને મોજાંમાં હિલોળા ખવરાવતાં દૂર દૂર લઈ ચાલ્યાં.

બીઆણીથી ચારએક ગાઉ દૂર સમુદ્રને કાંઠે સોએક ખલાસીઓનાં ઝુપડાંવાળું નાનું ગામ હતું. બેત્રણ ખલાસીઓ કાંઠે કાંઠે હોડી ચલાવતા મઝા કરતા હતા. દૂરથી પાણીનાં મોજાંમાં તેમણે કંઈક તણાતું મોટા લાકડા જેવું જોયું. તેથી હોડીને તે તરફ હંકારી–હોડી નજીક આવી લાકડા સાથે એક પુરૂષને વળગેલો જોયો. અજ્ઞાન ગણાતા ખલાસીઓએ પણ અનુમાન બાંધ્યાં કે આ કોઇ ભાગ્યશાળીની કાયા છે. બે ખલાસીઓ પાણીમાં કુદી પડયા. પાટીઆથી છુટો કરી તે પુરૂષને હોડીમાં લઇ લીધો–શરીરને ઊંધુ ઝાલી રાખ્યું પેટમાં ગયેલું પાણી નીકળવા માંડયું. શરીરમાં જીવ હોય તેવાં ચિન્હ જણાયાં તેથી જોરથી હલેસાં લગાવી હોડીને કાંઠે લાવ્યા. તે કાયાને ઉંચકી પોતાના છાપરે લઇ ગયા. ડુબેલા માણુસને ભાનમાં લાવવાના ઉપાય તેમણે જલદીથી કર્યા. ભીનાં કપડાં કાઢી નાખ્યાં શરીરમાં પડેલા જખમો પર ઓસડ લગાવી પાટો બાંધ્યો. ને શરીરમાં ગરમી લાવવાના ઉપાયો શરૂ કર્યા, એક કલાકની સખત મહેનતના પરિણામે તે કાયામાં ચેતન ઝળકયાં. શ્વાસો શ્વાસની ધીમી ક્રિયા ચાલુ થઇ. થોડીવારે શુદ્ધિમાં આવી તેણે આંખ ઉઘાડી, પોતાની–ઓળખાણમાં કહ્યું કે " હું રજપૂત છું. મારૂં નામ રાખાયત છે." રાખાયતને ખડકોના પત્થર વાગ્યા હતા. તેથી તેના શરીરમાંથી

ઘણું લોહી જતું રહ્યું હતું, તે કારણે તે ઘણોજ અશક્ત થઈ ગયો હતો. રાખાયતને ભાન આવ્યું ત્યારે તેને ભાણુશેઠ અને તેમની દીકરી સોન તરતજ નજર આગળ ખડાં થયાં—તરતજ યાદ આવ્યાં. તેણે આ વાત કોઇને જણાવી નહિ. કોઈ ખલાસીને મીઆણીપર મોકલી ભાણુશેઠને સમાચાર અપાવ્યા હોત તો તે દયાળુ શેઠ જરૂર અહીં આવી રાખાયતને પોતાને ઘેર લઇ જાત. પરન્તુ ભાવી ભૂલવે છે. અને થનાર હોય તે થાયજ છે.

રાખાયત ખલાસીઓના ઝુંપડામાં વીસ દિવસ ખાટલાવશ રહ્યો. લોહી જતું રહેવાથી મગજ ખાલી થઇ ગયું હતું. અશક્તિ વધી હતી. અને તેથી તન્દુરસ્ત થતાં તેને વખત લાગ્યો.

આ મુદ્દતમાં ખલાસીઓએ રાખાયતની સારી બરદાસ ઉઠાવી હતી. એ નિઃસ્વાર્થ સેવામાં રાખાયતના સંસ્કારી હૃદયે જોઇ લીધું કે—રાજમહેલના વૈભવોમાંજ અમીરી રહી નથી પણ ઘાસના ઝુંપડામાં એ અમીરી વસી રહી છે.

લગભગ એક મહીનાની માંદગી ભોગવી રાખાયત ઉઠયો—તેનું શરીર હવે સંપૂર્ણ તંદુરસ્ત થયું હતું. તેથી રાખાયતે ખલાસીઓની રજા લીધી રાખાયતે જોયું અને જાણ્યું હતું કે—ખલાસીઓ એટલે માછલાં મારનાર નથી પણ તેની કાળી કાળી કાયાનાગઢમાં પ્રભુતા ભર્યો આત્મા પ્રકાશી રહ્યો છે. ઉપકાર વશ થયેલા રાખાયતે ખલાસીઓને કહ્યું કે—"આ શરીરની ચામડીના જોડા કરાવી તમને પહેરાવું તોએ ઓછું છે."

ખલાસીઓ પાસેથી રજા લઈ નીકળેલો રાખાયત મીઆણીના માર્ગે ચાલ્યો જાય છે. પગે ચાલવાનો અનુભવ પહેલો જ છે. આ વખતે તેને પોતાનો વહાલો ઘોડો હંસલો યાદ આવ્યો. "હંસલાની શી દશા થઇ હશે? શેઠને ઘેર તેને કંઈ દુઃખ નહિ હોય" એમ વિચાર કરતો નવા નવા તરંગો ગોઠવતો માર્ગ કાપતો હતો.

હું જઇશ એટલે લોકો મને શું કહેશે? સોનની આંખો શો ઠપકો આપશે? હું શો જવાબ દઇશ? એમણે મારી શોધખોળ કરી હશે? પરિણામે તેમને કેટલું દુઃખ થયું હશે? આવા તરંગોના ઘોડા પર બેસી તે મીઆણીમાં આવી પહોંચ્યો. અને ભાણુશેઠના મકાન તરફ ગયો.

જઇને જુએ છે તો તે આશ્ચર્ય પામ્યો. અરે એ આ ઘર હશે કે બીજું? હુ ભૂલતો તો નહિ હોઉં? એવો ભ્રમ થયો. પહેલાંની નિશાનીઓ મેળવતાં ઘર તો એજ એમ ખાત્રી થઇ પણ એ ઘર સ્મશાનવત્ કેમ છે? ચેતન વિહોણુ હાડપીંજર જેવું કેમ જણાય છે? આ મકાન આજે ભયંકર લાગે છે તે ખાવા ધાય છે. આતે દૈવી કોપ થયો હશે? આ મકાનમાં રહેનાર બધાં દેવ જેવાં માણસો કયાં ગયાં હશે? તેમનું શું થયું હશે? એમ બોલતો આખું મકાન જોઇ વળ્યો. મકાન ખુલ્લુંજ પડયું હતું તેમાં સર સામાન કંઇ પણ નહોતું. ઘરમાં ઉપર નીચે એમ બધે જોઇ વળ્યો પણ કંઇ પત્તો લાગે તેવાં ચિન્હ જણાયાં નહિ. ભણોશેઠ તેમની પુત્રી અને દિવાળી-બાઈ બધાં કયાં ગયાં? તેમને કયાં શોધવાં? આવા અનેક વિચારે રાખાયતની શક્તિ હણાઈ ગઈ હોય તેમ પગમાંથી જોર કમી થયું. સોનની સાથે થયેલી વાત ચીત તેને યાદ આવી. રાખાયતના મનને ઘણું લાગી આવ્યું. આખું શરીર પરસેવાથી નવાઈ ગયું. તે ઘરના ઓટલાપર ગયો મનમાં વિચાર થયો તે દિવસે ચંડાળ ચોકડીઓના માણસો બોલતા હતા કે સોનને ઉપાડી લઇ ચાલો, તો શું તે સોનને લઇ ગયા હશે? કે રાજાએ જુલ્મ ગુજાર્યો? હવે એ કયાં મળે કે બધો ખુલાસો મેળવું? વીર રાખાયતની મુંઝવણ વધી. પોતાના ઘોડા હંસલાનું શું થયું હશે? હંસલા માટે તેને અતિશય લાગણી થઇ. પરમેશ્વરે નવી આફત નાખી.

" હવે આ હકીકત કોને પૂછવી ! " રાખાયતે મનમાં પ્રશ્ન કર્યો, ભાણા શેઠની ઉદારતાનો લાભ રામજી મંદિરને ઠીક મળતો એ વાત રાખાયત જાણતો હતો. તેથી. તે રામજી મંદિર તરફ વળ્યો.

જે પવિત્ર સંતના હાથે પોતાનો ઉદ્ધાર થયો હતો તે સંત તો દેવ થયા હતા. ગાદીનું કંઈ સુની રહેતી નથી. તે ન્યાયે તે મઢીમાં એક બીજો સાધુ આવી વસ્યો હતો. રામજીની સેવા પૂજા કરતો અને મઢીમાં પડી રહેતો.

રાખાયત આ મઢીમાં આવ્યો. મઢીમાં એક પડાળી જેવું હતું, તેમાં એક નાનો ઓટલો માટીનો બનાવેલો હતો ઓટલાપર વાઘ-ચર્મ બીછાવેલું હતું. ઠરેલ વયનો સશક્ત શરીરવાળો, જગતની ઉપાધીઓને દૂર કરેલી એવો મસ્ત સાધુ વ્યાઘ્રચર્મ પર બેઠો હતો. ઓટલાની પાસે, જમીનમાં ગોળાકાર ખાડો હતો. તેમાં ધૂણી ધીખતી હતી. તે ધુણી પાસે એક ખેડુત જેવો માણસ બેઠો હતો, તેના હાથમાં ચલમ હતી. તે ચલમ ભરી સાધુને આપતો હતો બન્ને જણા વારા ફરતી. ચલમના દમ ફુંકતા હતા. તમાકુના ધુમાડાથી હવાને અશુદ્ધ કરતા હતા.

ઓટલા પર બેઠેલા સંતને રાખાયત નમ્યો રામજીની મૂર્તિનાં દર્શન કર્યાં. પછી સાધુ પાસે જઈ બેઠો. ધીરેથી રાખાયતે પુછ્યું—" મહારાજ ! આ શહેરમાં ભાણોશેઠ રહેતા હતા તે ક્યાં ગયા ? શું મિઆણીમાં તેમનાપર કંઈ આફત આવી હતી ?" આ પ્રશ્નોથી મહારાજની પાસે બેઠેલો પેલો માણસ વચમાં બોલી ઉઠયો, " તમે કોઈ અજાણ્યા લાગો છો એ ભલા અને દયાળુ કંસારાનો દહાડો ફર્યો. તેની છોડીના રૂપે મિઆણીનો ગામધણી મોહ પામ્યો. રાજાએ શેઠને ત્યાં માગુ નાંખ્યું. ત્યાં શેઠને ગળે એ

વાત ન ઉતરી. વાણિયા બુદ્ધિ વાપરી રાજા પાસેથી મુદત માગી. રાજાને છેતરી ભાણો પોતાના કુટુંબ પરિવાર સાથે ક્યાંય જતો રહ્યો. મુદત પુરી થયે રાજાના સિપાઇઓ ભાણાશેઠને તેડવા ગયા. ત્યાં તો કોઈ ન મળે રાજાએ તેનાં ઘરબાર લુંટાવી દીધાં. ભાણાશેઠની તપાસ કરવા રાજાએ માણસો રાખ્યાં છે, પણ હજુ પત્તો લાગ્યો નથી. તમારે તેનું કંઈ કામ હતું ?"

"કામ તો કંઈ નહિ પણ ઓળખાણ હતી, તેથી મળી આવીએ એમ મન થયું. મને આ વાતની ખબર નહોતી. બિચારા શેઠને માથે ઘણી વિતી." કહી રાખાયત ઉઠયો. મઢીની બહાર નીકળ્યો. મનમાં બોલ્યો. 'જ્યાં જઇએ છીએ ત્યાં નસીબ બે ડગલાં આગળ ને આગળ ચાલે છે. શેઠનો જરાક આધાર મળ્યો હતો, તે પણ ગયો. સાથે વહાલો ઘોડો પણ ગયો. વાહ નશીબ તારી બલિહારી."

પાસે કંઇ છેવટનું ધન હતું તે ખર્ચી ભીઆણીમાંથી ખાવાનું લીધું. ખાઈ પી તૈયાર થયો. "હવે કયાં જવું ? અહીંથી ફોઇનું ગામ ઘણું દૂર નથી. આવી ભિખારી દશામાં ફોઇને આંગણે જવું, તેથી તો મરવું ભલું. ફોઇના ઘેર જઈ પેટના પોષણની માગણી કરવી ! ! ! નહિ, નહિ.—

"ચલનો ભલો ન કુચાલકો દુહિતા ભલી ન એક
માગન ભલો ન બાપસે જો પ્રભુ રખાવે ટેક."

ફોઇ અને ફુઆની દયા પર પેટ ભરવું, તે કરતાં પેટ ફોડી નાખવું એ બહેતર છે. પણ મારે કયાં ફોઇને ઘેર જવું છે, મારે તો તેમના ગામમાં જવું છે, શહેરમાં નામ ફેર કરી રહીશ, બાહુબળથી નશીબ અજમાવીશ. ભાગ્યની ધરી સીધી હશે તો સ્વપરાક્રમે પ્રખ્યાત થઇશ, અને ત્યાર પછીજ તેમને મળીશ. તે પહેલાં ફોઇને ઘેર નથી જવુ. એવા વિચારની ગડ ગોઠવી ધુમલી તરફ પગલાં ભરવા માંડયાં.

પ્રકરણ ૧૬ મું

ધુમલીના રસ્તે

વીર રાખાયત થાનકડોરણાનો યુવરાજ–ગાદીનો વારસ બપોરે પગે ચાલતો ધુમલીના રસ્તે પડયો. પગે ચાલી મુસાફરી કરવાનો આ પહેલો દિવસ હતો.

સૂર્યનાં આકરાં–ભાલા જેવાં કીરણો માથે વરસી રહ્યાં છે, શરીરમાંથી પરસેવો છૂટે છે. પરસેવામાં લુગડાં તરબોળ થયાં છે. રાખાયત ધુમલીના માર્ગ ટુંકા કરી રહ્યો છે.

ધુમલી અને મીઆણી વચ્ચે બાર બાર ગાઉનાં અંતર ધુમલી તરફ જતાં રસ્તામાં વરતુ અને વેણુ નદીનો સંગમ આવે છે. આ સંગમ આગળ વરસાદની રૂતુમાં પાણી ઠીક ભેગું થાય છે. સંગમ પછી ધુમલીનો માર્ગ બે ગાઉનો જ બાકી છે. પંથ કાપતો કાપતો રાખાયત સંગમ આગળ આવી પહોંચ્યો. સુરજદેવની મુસાફરી પુરી થવામાં એક બે ઘડી બાકી હશે. પશુઓના ધણ ગામ તરફ વળ્યાં.

રાખાયત નદીઓના સંગમમાં નાહ્યો. શરીરનો થાક શમ્યો. થોડી વાર સંગમને કાંઠે એક વૃક્ષ નીચે આરામ લેવા બેઠો. સંગમની પાસે થોડે દૂર એક નાનું ગામ. ગામનું નામ રોહીકું. રોહીકાનાં ઢોર બરડાની ખીણમાંથી ચરીને પાછા વળ્યાં. વેણું અને વરતુના ભેગાં થયેલાં નીર પી ઢોર ગામમાં ગયાં. બધાં ઢોર રોહીકાની ભાગોળમાં પેઠા. એક ગૌમાતા પાછળ રહી ગયેલાં. પુછડું ઊચું કરી ચારે પગે ફાળો ભરતી ગાય દોડી આવે છે.

રાખાયત બેઠો હતો તેની પાસેજ બરડા ડુંગરનો એક નાનો ટેકરો હતો. નદીઓનાં પુર આ ટેકરા પર ફરી વળતાં, ટેકરો વર્ષો

વર્ષે ધોવાઈ જતો. ધોવાણને લીધે એક લંબચોરસ પત્થર ખુલ્લો થયો હતો. પત્થરની એક તરફની માટી ધોવાઈ ગઇ હતી, એટલે અર્ધો પત્થર છાપરાની માફક ઝુકી રહલો હતો.

ફાળો ભરતી ગાય આ ટેકરા પર આવી છલંગ મારી ટેકરો કુદવા ગઇ, પણ પાછલા બે પગ પેલા પત્થરની ઝુકેલી કીનાર પર પડયા પત્થર ઉછળી પડયો, ગાય દોડી ગઈ. રાખાયતે પત્થરને પડતાં જોયો. પત્થર પડયો તે સાથેજ તેની નીચેનો જમીનનો ભાગ ઉઘાડો થયો. તે જગાએ વાસણ જેવું કંઈ જણાયું. રાખાયત ઉઠીને ત્યાં ગયો. જોયું તો વાસણજ છે એમ ખાત્રી થતાં તેણે જરાક ખોદી જોયું આજુબાજુની માટી દુર કરી તો તાંબાનો એક ઘડો જણાયો. પોતાની કટારી વડે જમીન ખોદી ઘડો બહાર કાઢયો. ઘડાનું મોં ધાતુના પતરાથી રેણ કરી બંધ કરેલું. રાખાયતે તે રેણ તોડયું તો સોનાના સિક્કાથી ભરેલો ઘડો. આટલા બધા સોનાના સિક્કા જોઇ રાખાયત નવાઇ પામ્યો. તે બોલ્યો, દીનદયાળ ખરે તું દીનદયાળ જ છે.

'તરણાનો મેરૂ રે મેરૂ તરણા તોલે કરે' તારી અકળગતિનો કોઇ પાર પામી શકયું નથી. મારી પાસે સાંજે વાળુ કરવાના પૈસા પણ નહોતા ત્યાં તારી કૃપા થઈ. જગત પ્રતિપાળ આ ધન તેં જ આપ્યું. ગાયમાતા બતાવી ગયા કે અહીં ધન છે તે લઈ દુ:ખમુક્ત થા. ઓ મારા પ્રભુ તારા સિવાય મારૂં કોણ સહાયક છે ઓ ગરીબના ધણી તું જ મારો મદદગાર છે:—

સુવર્ણના સિક્કાથી ભરેલો ઘડો લઇ રાખાયત ત્યાંથી ઘુમલી તરફ ચાલ્યો. હવે તેના પગમાં જોર હતું. સંધ્યાકાળ થતાં પહેલાં ઘુમલીની ભાગોળમાં આવી પહોંચ્યો.

દેવમંદિરોમાં નોબત વાગી, દીવા પ્રગટયા, અને રાખાયત ધુમલીમાં દાખલ થયો. 'ભૈરવ જમણી બોલી' ધુમલીમાં પેસતાં રાખાયતને શુભ શુકન થયા. અજાણ્યાં શહેરમાં કોને ત્યાં જઈ રહેવું. માલણનું ઘર પૂછતો રાખાયત ચંપા નામની માલણને ઘેર ગયો. માલણના હાથમાં બે સિક્કા મૂકી દીધા. ચંપા માલણે રાખાયતને ખાવાપીવાની અને પથારીની ગોઠવણ કરી આપી. બીજે દિવસે માલણની મદદ વડે એક સુંદર મકાન ભાડે રાખ્યું. હંસલા જેવી એક સરસ જાતવાન કચ્છી ઘોડી રાખી તેનું નામ ફુલમાળ પાડયું. એક નોકર રાખ્યો અને પોતાનું અસલ નામ રાખાયત હતું તે છુપાવી જયદેવ નામ રાખ્યું. આપણે હવે રાખાયતને જયદેવના નામથી ઓળખાશું. ફુલમાળને લઈ સવાર સાંજ ધુમલી બહાર જયદેવ ફરવા જાય છે, પોતાને મનગમતી કેળવણી ફુલમાળને આપે છે. આવી રીતે આનંદમાં જયદેવ ધુમલીમાં પોતાના દિવસો વ્યતિત કરે છે. શેઠ અને સોનના વિચારો તેના મનમાંથી ભુંસાયા નથી.

આપણી વાર્તા હવે મીઆણી બંદર સાથેનો પોતાનો સંબંધ છોડી દઈ નવા શહેર તરફ વળે છે.

પ્રકરણ ૧૭ મું

ધુમલી શહેર

આ શહેરનું નામ ધુમલી હતું. આ શહેર અમરાપુરના ધણી ઈંદ્ર મહારાજે વસાવ્યું હતું. ઈંદ્રે આ શહેર વસાવી શલ્યકુમાર જેઠવાને અર્પણ કર્યું હતું.

શલ્યકુમાર જેઠવાની રાજધાની મોરવીર–મોરબીમાં હતી. મોરવીર

મોરબી મયુરધ્વજ જેઠવાએ વસાવેલું હતું. મયુરધ્વજ ઉપરથી તેનું નામ મોરવીર અને પછી મોરબી થયું. કોઇ કહે છે મોરબી પાસે મોરબો નામે ડુંગર છે તે પરથી મોરબી પડ્યું છે:—

આ વાર્તાના સમયે ધુમલીની ગાદી પર ભાણજી રાણો ગાદીપતિ હતો. તેને ગાદી પર આવે ચારજ વર્ષ થયાં હતાં.

રાણા ભાણજીને ત્રણ ચાર રાણીઓ હતી. તેમાં મુખ્ય રાણી થાનકંડોરણાના મિયાત બાબરીઆની બ્હેન સુરજદેવી હતી. સુરજદેવી, એ વીર રાખાયતની ફોઇ થાય.

સુરજદેવી એક સતી સ્ત્રી હતી. આદર્શ રાણી હતી. પતિ ધર્મ પરાયણ સ્ત્રીઓજ જગતનો ઉદ્ધાર કરી શકી છે. તેમનાથી મહાન પુરૂષો ઉત્પન્ન થયા છે. તેમના સતીત્વના પ્રભાવેજ પુરૂષો સર્વ સ્થળે વિજય મેળવે છે ઉન્નતિના શિખરે પહોંચે છે.

રાણા ભાણજી પહેલાં તેનો મોટો ભાઈ નાગજી ગાદી પર હતો. તે ફક્ત ટુંકી મુદત રાજ્ય સુખ ભોગવી સ્વર્ગવાસી થયો હતો. નાગજી રાણો ટુંકી મુદતમાં અને અચાનક મૃત્યુ વશ થયો, તેથી તેના મૃત્યુ સંબંધી પ્રજામાં ઘણા લોકને શક હતો. નાગજી રાજા દગાથી મરાયો છે. એ દગો કરનાર કોણ? તે સંબંધે ધુમલીમાં ઘણી અફવાઓ ઉઠી રહી હતી.

દગો કરવામાં મરનાર રાણા નાગજીના નાનાભાઇ ભાણજીનું નામ લોકોની જીભ આવતું હતું. રાજગાદીના લોભે લલચાઇ ભાણજી જેઠવાએ પોતાના સગાભાઇનું લોહી પીધું એવો આરોપ ભાણ જેઠવા પર મૂકવામાં આવતો હતો. વળી આ ખૂનમાં બીજા એક માણસનો પણ હાથ છે, તે માણસનું નામ રૈયતના હોઠે હતું કે ભાણજીને પડખે રહી નાગજી રાણાનું ખૂન કરનાર સિંધી સરદાર અને સેનાપતિ રાજુલ્લાખાન સિંધી છે. ગોઝારાં કર્મ તેણે કર્યાં છે.

શક ભર્યાં આ બે પ્રશ્નોનો ઉકેલ કરીએ.

રાણા નાગજીને કંઈ સંતાન નહોતું. એટલે તેના મરણ પછી ભાણજીનેજ ગાદી મળવાની હતી. વળી બન્ને ભાઈઓ વચ્ચે સારો મેળ હતો. બન્ને સાથેજ જમતા અને સાથેજ સુતા બન્ને ભાઈનાં દીલ ચોકખાં હતાં ભાણજી ગાદીએ બેસવા ઉતાવળો થાય તેવો નહોતો. એટલે ભાણજીએ આ ખૂન કર્યું છે. અથવા ખૂન કરાવવામાં પોતાનો હાથ છે, કે આંખ આડા કાન કર્યાં છે, એવો દોષ મૂકવાને જરાપણ કારણ મળતું નથી. ભાણજી આ વાતથી તદ્દન નિર્દોષ હતો. ભાણજી સાદી પ્રકૃતિનો હતો એટલે રાજના કાવા દાવા તેને ખેલતાં આવડે એમ નહોતું.

સેનાપતિ સિંધી રાજુલ્લાખાન સિંધી ફોજનો ઉપરી હતો. ઘુમલીમાં ત્રણ ચાર હજાર સિંધી માણસની ફોજ હતી. ઘુમલી રાજ્યમાં ઘણાં વર્ષોથી સિંધીઓની ફોજ રહેતી હતી. તેઓ સિંધી 'ખોશાઓ'ના નામથી ઓળખાતા હતા. હિન્દમાં ઇસ્લામ ધર્મ દાખલ થયો નહોતો તે વખતે આ 'ખોશાઓ' હિન્દુ હતા. તેઓ ચંદ્રવંશી જાડેજા રજપૂત હતા. અને તે વખતે જેઠવા રજપૂતો અને તેમની વચ્ચે કન્યા વ્યવહાર હતો.

ઇ. સ. ૮૮૫માં હલામણ જેઠવાની સગી ફોઈ સિંધના સુમરા રજપૂતને પરણાવી હતી. પિતા તરફથી હલામણને દેશવટો મળ્યો. તેથી હલામણ ફરતો ફરતો સિંધમાં ફોઇને ત્યાં આવી ચઢ્યો. હલામણની વાત જાણી ફોઇએ તેને પરણાવવાની લાલચ આપવા પોતાની જાતની સાતસો સુમરી કન્યાઓને ભોજન માટે આમંત્રણ આપ્યું. પરન્તુ એ સાતસો કાળી કુમળી કન્યાઓમાંથી હલામણે એક પણ કન્યા પસંદ ન કરી.

જ્યારે ઇસ્લામીઓ સિંધ અને પંજાબમાં આવ્યા, અને મુસલમાન ધર્મ જોર પર આવ્યો. તે સમયે આ જાડેજા રજપૂતો વટલાયા—જાતિ ભ્રષ્ટ થયા. તે દિવસથી સુમરા મટી "મે'ર કે ખોશા" વગેરે નામથી ઓળખાવા લાગ્યા. તેઓ રંગે કાળા, શરીરે કદાવર પહોળા ચોરણા પહેરનારા જંગલી જેવા દેખાતા હતા. તેઓ ગંદા હોય છે. આ બધા સાથે તેમનામાં વીરતા હતી. તેઓ વીર પુરૂષો હતા. લોકો તેમને સિંધી કહે છે સિપાઇગીરી તેઓ વધારે પસંદ કરે છે. આ સિંધીઓ લડાયક હતા. તેમની આબરૂ ધુમલીમાં સારી હતી. ધુમલીની પ્રજામાં તેમનું સારૂં માન હતું. લોકો વીરત્વને પૂજે છે. ધર્મ કે જાતિના ભેદ ત્યાં રખાતા નથી અને એજ કારણથી ધુમલીમાં સિંધીઓ ટકી રહ્યા હતા.

રાણો રાણાજી જ્યારે ધુમલીની ગાદીએ હતો. તે વખતે રાજનો ભાયાત અરણોરાજ પ્રધાન હતો. તે ઘણો ચતુર અને દીર્ઘદર્શિ હતો. વિધર્મિઓનું સૈન્ય રાજ્યમાં ન જોઇએ. એ વિચાર તેણે રાજાના કાનમાં રેડયો હતો. અને તેના પરિણામે રાજુલાખાને કાવતરૂં રચી પ્રધાનને મારી નંખાવ્યો તેના ભાઈ વન વીરને મારાઓ પાસે મારી નંખાવ્યો. અને પોતાનો માર્ગ ચોકખો કર્યો હતો.

નાગજી ગાદીએ બેઠો નહોતો તે પહેલાં તેના મનમાં સિંધીઓ વિષે ખરાબ અભિપ્રાય બંધાયો હતો. નાગજી રાણો મહા ચતુર અને કાબેલ હતો. દીર્ઘદર્શિ હતો. તે ઘણું જીવ્યો હોત તો ધુમલીના ઇતિહાસનાં પાનાં જુદીજ રીતે લખાયાં હોત!!

રાણોજીના મરણ બાદ નાગજી ગાદીપતિ થયો તે સિંધીઓની ફોજ રાજ્યમાં રાખવા ઇચ્છતો નહોતો સિંધીઓની રીતભાતથી તે ખુશી નહોતો. વળી રાજમાં ભાયાતોની સંખ્યા એટલી બધી

હતી કે ધુમલીને હવે વિધર્મિ લશ્કરની જરૂર નહોતી. ભાયાતો લશ્કરની ગરજ સારે તેટલા હતા. અને તે સાથે નાગજી જેઠવાના વિચારવાન મગજે એ પણ વિચારી લીધું હતું કે રાજ્ય લોભની ભૂરી લાલચે સગાનાં સગપણ અને વહાલાં હેત પણ ભૂલાય છે. ભાયાત કે ભાઈ બાપ કે દીકરો મામો કે ભાણેજ એક બીજાનાં રૂધીર પીવા ચૂકતા નથી. તો પણ પોતાનું તે પોતાનુંજ અને પારકું તે પારકુંજ.

સિંધિ સરદાર રાજુલ્લાખાન અને તેના સોબતીઓની વર્તણુંક પર રાણા નાગજીની નજર પડી ચૂકી હતી ધુમલીમાંથી કાયમને માટે સિંધી ફોજ નાબુદ કરવાનો તેનો વિચાર હતો. તે જીવ્યો હોત તો સિંધિનું એક છોકરૂં પણ ધુમલીની હદમાં રહેવા પામત નહિ.

ઝીણી નજરવાળા રાણા નાગજીના મનમાં વિચાર રમી રહ્યો હતો, કે "હિન્દમાં મુસલમાની સત્તાનો સૂર્ય પ્રતિદીન ઊંચો ચઢતો જાય છે. જો કે મુસલમાની સત્તાનો પગ એ સમયે કાઠીઆવાડમાં જોઇએ તેવો ઠર્યો નહોતો, તો પણ દિલ્હીની ગાદીએ બીરાજેલા અલાઉદ્દીન ખીલજી (ઇ. સ. ૧૨૯૫–૧૩૧૫) ની વિજય પતાકા ઉત્તર હિંદ, પંજાબ, અને મારવાડ વગેરે દેશો પર ફરકી રહી હતી, અને ગુજરાત પર તેનો ડોળો હતો. ગુજરાત પર ચઢાઈ કરવાની તક ને શોધતો હતો.

એ વખતે ગુજરાતની ગાદી પર ગુજરાતના નશીબે અણહીલપુર પાટણમાં અવિચારી વિષયાશક્ત કર્મ ફૂટયો રાજા કરણઘેલો વાઘેલો હતો.

કદાચ ગુજરાત મુસલમાનોના હાથમાં જાય તો કાઠીઆવાડ પર તો સૌરાષ્ટ્ર પર વિધર્મિઓની તરવાર ઝઝુમે અને તે વખતે આ

સિંધીઓની તરવારો ધુમલીની પ્રજાના લોહીથી રંગાય. પાળેલા સાપ કરડે. પોતાનોજ કુહાડો પોતાના પગ પર પડે." તેથી રાજતંત્રમાં નિપુણ રાણા નાગજીએ બધા સિંધીઓને અગાઉથીજ વિખેરી નાખવાનો વિચાર કર્યો. પાણી પહેલાં પાળ બાંધવા તત્પર થયો. અને તે સંબંધનું એક જાહેરનામું રાજના સહી સીક્કાવાળું પ્રસિદ્ધ કરાવ્યું.

જાહેરનામું

આથી ધુમલી રાજ્યની હદમાં વસતા અને રહેતા સર્વે સિન્ધીઓને ખબર આપવામાં આવે છે કે રાજ સિંધીઓની ફોજ કમી કરવા ઇચ્છે છે કારણ રાજ્યના ભાયાતો—ગરાસીઆઓની સંખ્યા ઘણી છે. તેઓ પોતાનું રક્ષણ કરી શકે તેમ છે.

સિંધીઓની સેવાથી, રાજા અને પ્રજા સંતુષ્ટ છે. સિન્ધીઓ બેવફા નથી, તેમણે રાજ્યની ઘણા સમયથી ચાકરી કરી છે. તે બાબત ધ્યાનમાં લઈ તેમને આ રાજ્ય છોડી એકદમ ચાલ્યા જવાનો હુકમ ફરમાવવામાં આવતો નથી. તેમણે પોતાનો ધંધો રોજગાર બીજે શોધી લેવો અને આ જાહેરનામા પછી બે વરસે બીજું જાહેરનામું પ્રગટ થશે તેમાં છ માસની મુદત આપવામાં આવશે તે મુદત પુરી થયા બાદ સિંધીઓના તમામ હક નષ્ટ થશે. સર્વ મિલ્કત રાજની ગણાશે કોઇની દાદ ફરિયાદ સાંભળવામાં આવશે નહિ.

ધુમલગઢ રાણા નાગજી ૧૩૬૧	મિતિ વૈશાખ સુદ ૨ સંવત ૧૩૬૧ રાણા નાગજી જેઠવાની સહી

જાહેરનામાં ગઢની ભીંતે ચોંઢાયાં. શહેરની પ્રજા નવાઈ પામી સેનાપતિ રાણુલ્લાખાન અને બીજા સિંધીઓ આથી તાજુબ થઈ

ગયા. સિંધીઓને માથે મોટી ઉપાધી આવી પડી. જે સિંધીઓ પગારદાર હતા તે તો બીજે નોકરીની તપાસમાં ચાલતા થયા. જેને જ્યાં ચાકરી મળી ત્યાં રહી પેટનો ગુજારો કરવા લાગ્યા. પરન્તુ પસાયતાં જમીન મળી હતી, જે કાયમનો રહેણાક કરી રહેલા હતા, તેમને મોટી મૂસ્કેલી ઉભી થઇ. હવે શું કરવું ? સિન્ધમાં પાછા જઈને પણ ખાવું શું ? ત્યાંથી નીકળે ઘણાં વર્ષ થઇ ગયાં. ઘરબાર બધુ તારાજ થઈ ગયું, હવે કયાં જવું ? બધા સિન્ધીઓ સેનાપતિ રાજુલ્લાખાનને ત્યાં ભેગા થતા. અને હવે શું કરવું તેનો વિચાર કરતા. આ પ્રમાણે બે વર્ષની મુદ્દત પુરી થઈ અને છ માસની મુદ્દતનું બીજું જાહેરનામું બહાર પડયું. બધા સિન્ધીઓ ગભરાયા. રાજુલ્લાખાનને કહેવા લાગ્યા. " રાજુલ્લાખાન સરદાર તમે કંઈ નવો રસ્તો બતાવો નહિ તો માર્યા જઈશું. " રાજુલ્લાખાને બધાને શાન્ત કરી વિદાય કર્યા.

આ છ માસની મુદત પણ વિતી ગઈ. અને તેની સાથે નવાઈ પમાડે એવો બનાવ એકાએક બન્યો. એ સમાચાર સાંભળી આખું લુમલી શહેર શોક સાગરમાં ડુબી ગયું. રાણા નાગજી જેઠવાનું એકાએક મરણ.

રાત્રે તો મોડા સુધી બધા ભાયાતો અને સેનાપતિ રાજુલ્લાખાન તથા પ્રધાન સાથે વાતો કરી છે. તબીયત તન્દુરસ્ત હતી. રાજકાજની કેટલીક વાતો કરી. પછી સૌ ઉઠયા. રાણા નાગજી દૂધના બે ઘુંટડા ભરી સુઈ રહ્યા. બે પાંચ ઘડી પછી લોહીની બે ઉલટી થઈ ઉલટીઓ જીવલેણ હતી. ઉલટીની સાથેજ નાગજી રાણાના દેહરૂપી પાંજરામાંથી પ્રાણ પંખેરૂં ઉડી ગયું. રાજાનું શરીર ટાઢું થઇ ગયું. સવારે આખા શહેરમાં આ શોક સમાચાર ફેલાઇ ગયા.

આ અચાનક મૃત્યુથી સિંધીઓપર શક ગયો. "સેનાપતિ રાજુલ્લાખાને કંઇ ખવરાવી રાણાને મારી નાખ્યો, અને પોતાના સિન્ધીઓ પર આવેલી આફત દૂર કરી."

રાણા નાગજીના મરણબાદ રાજના સર્વે ભાયાતો, સરદારો અને ગરાસીઆઓએ મળી દરબાર ભર્યો. અને બધાની સંમતિથી મરનાર રાણાના નાનાભાઈ ભાણુજીને ગાદી પર બેસાડયો. ઇ. સ. ૧૩૦૭ વિ. સં. ૧૩૬૩.

રાણા નાગજીના જેટલો રાણો ભાણાજી રાજકાજમાં નિપૂણ નહોતો. નવો રાણો ગાદીપતિ થયો છે. એમ જાણી સેનાપતિ રાજુ-લ્લાખાન મુન્નત વગેરે સિંધીઓ રાજસભામાં આવ્યા. રાણા ભાણુ જેઠવા સામે પાઘડીઓ ઉતારી અરજ ગુજારવા લાગ્યા.

"ગરીબ પરવર, અમને આ રાજ્યની હદપાર થવાનો હુકમ થઇ ચૂકયો છે. અમે આજ દીન સુધી રાજને વફાદાર રહ્યા છીએ. તેના બદલામાં અત્યારે અમારા પર જુલમ ગુજરે છે. અમને ઘરબાર વગરના કરી મૂકવા રાજનાં જાહેરનામાં બહાર પડી ચૂકયાં છે. અમારો દેશ અમે ઘણાં સમયથી છોડી દીધો છે. અત્યારે અમને ત્યાં કોઈ ઓળખે તેમ નથી. અમારે કયાં જવું? આટલાં વર્ષ આપની સેવા ચાકરીમાં ગાળ્યાં. હવે કોની સેવા કરવા જવું નામદાર! હવે બીજાની નોકરી કરીએ છીએ તો આપની કિર્તિને પણ ઝાંખ લાગે છે. રાણા નાગજી હયાત હોત તો તેમના પવિત્ર કદમોપર અમારા આંસુ વહાવત. તે દયાળુ રાણાજી જરૂર અમને અમારી રોજી પાછી આપત. આપ ગાદીપતિ થયા છો, તો અમારી અરજ ધ્યાનમાં લઇ અમારા પર દયા કરો. અન્નદાતા આપ અમારા શિરતાજ છો. અમો ગરીબોની દુવા છે કે અલ્લા આપને સુખી જીંદગી બક્ષે. પર-

વરદીગાર આપને અવિચળ રાખે, અમે તો તમારાં છોકરાં છીએ. છોકરાં જ્યારે માવતરને પોતાનાં દુઃખ નહિ કહે તો કોને કહેશે? મહારાજ દયા કરો. અને આ સિંધીઓનાં છોકરાંને મળતો રોટલો કાયમ કરવા હુકમ ફરમાવશો. મારા ધણી બાપુને ઘણી ખમા અન્નદાતા." આવી રીતે દયાની માગણી કરતા સિન્ધીઓ નમી નમીને રાણાને સલામો ભરવા લાગ્યા. ઝુકીઝુકી રાણાના ચરણોમાં શીશ નમાવવા લાગ્યા.

ટુંકી નજરવાળો ભાણુ જેઠવો સિન્ધીઓની દિનતા ભરી માગણીથી અને ખુશામતનાં વચનોથી ખૂશ થયો. રજપૂતની ઉદારતા ઢળી એટલે પછી શું બાકી રહે! રજપૂતોની આવી ઉદારતા એજ પોતાના સામે દુશ્મનોનાં દળ ઉભાં કર્યા છે, એ ક્યાં અજાણ્યું છે.

રાણો ભાણજી પોતાના વડીલભાઈની બુદ્ધિથી ખેલાયેલા દાવ ન સમજ્યો. રાણા નાગજીએ આવો હુકમ કર્યો હશે તેનું શું કારણ હશે? તે સંબંધમાં જરા પણ વિચાર જ ન કર્યો. સિન્ધીઓ બોલી રહ્યા, એટલે પોતે સરદારો તરફ જોઇ બોલ્યો.

"રાજ્યના હિતેચ્છુ સરદારો અને ભાયાતો!!! આપ સર્વેને ખબર તો છે કે સિન્ધીઓએ આ રાજ્યની એક નિષ્ઠાથી સેવા બજાવી છે. તેઓ રાજ્યના વફાદાર રહ્યા છે, અને રહેશે. તેમને હદપાર થવાના હુકમ થઈ રહ્યા છે. તે તેમના કર્તવ્ય તરફ જોતાં અન્યાય રૂપે છે. એમને કાઢી મુકવા એ ઠીક નથી. આપ સર્વનો શો અભિપ્રાય છે?"

ભાયાતો અને સરદારોમાંથી કોઇએ હા કે ના નો જવાબ આપ્યો નહિ, તેથી ભાણો જેઠવો બોલ્યો—પોતાના વિચાર જાહેર કર્યાં.

' સિન્ધી સેનાપતિ રાજુલાખાન અને બીજા સિન્ધી સરદારો

તમે દિનતાથી અરજ ગુજારો છો. તેથી તમારી અરજ ધ્યાનમાં લઇ તમને ધ્રુમલી રાજ્યની નોકરીમાં કાયમ કરવામાં આવે છે. જ્યાંસુધી તમે બેવફા નહિ થાઓ ત્યાંસુધી ધ્રુમલી રાજ્ય તમારી રોટી ઝુંટાવી લેશે નહિ."

સિન્ધીઓ ધ્રુમલી રાજ્યમાં ફરીથી કાયમના નોકર તરીકે જાહેર થયા. તેમના પર ઘેરાયેલાં દુઃખનાં વાદળ દૂર થયાં. વખત જતાં સિન્ધી સેનાપતિ રાજુલ્લાખાન રાણાની મૂછનો વાળ થઈ પડયો. દોઢ બે વર્ષમાં તો રાણાના મગજપર તેણે સારી છાપ પાડી. સેનાપતિ રાજુલ્લાખાનને પૂછ્યા સિવાય રાણો પાણી ન પીએ અને આ ઉપરથી રાણા નાગજીના અચાનક મૃત્યુ સંબંધે થયેલી શંકાને ટેકો મળ્યો. ધ્રુમલીની પ્રજાને સંદેશો રહ્યોજ કે એ પાપ કર્મ બન્નેજણે મળીને કર્યું છે.

પ્રકરણ ૧૮ મું

સિંહનો—શિકાર

ગિરના જંગલમાંથી એક વનરાજ–સિંહ ટોળામાંથી વિખૂટો પડી ગયો. ફાળો ભરતો ધ્રુધવાટા દેતો, બર્ડાના ડુંગરમાં આવી ચઢયો. ભૂખ્યા વનરાજે ધ્રુમલીના પશુધનમાંથી પોતાનું ભક્ષ લઇ લીધું. પ્રજાના જાનમાલ ભયમાં આપી પડયા.

બર્ડાના ડુંગર પર વનરાજની ગર્જનાઓ થાય, ધ્રુમલીની પ્રજા તેથી ગભરાઇ ગઈ. પ્રજાનો પોકાર થયો. રૈયતના જીવ જોખમમાં છે. બર્ડાને માથે સિંહ ધ્રુધવાટા દઇ રહ્યો છે, ને ધ્રુમલીનો ધણી હજી

કેમ ઊંઘે છે. " સિંહનો ત્રાસ દિવસે દિવસે વધવા લાગ્યો. પ્રખ્યાત અને બહાદુર શિકારીઓ પણ આ વનરાજથી હાર્યા. લોક ત્રાસી ગયું. પ્રજાના પોકાર રાણાને કાને પહોંચ્યા ધુમલી શહેરમાં ડાંડી પીટાઈ " પ્રજાને નિર્ભય કરવા રાણાજી આવતી કાલે સિંહને શિકારે ચઢશે."

બીજે દિવસે સવાર થયું. ભાનું પ્રકાશ્યો. કમળની બિડાયેલી આછા ગુલાબી રંગની મૃદુ પાંખડીઓ હસતી હસતી વિકસી અને સૂર્ય નારાયણને વધાવતી તળાવના સ્થિર પાણીમાં નાચતી–ડોલતી ઉભી છે, એ નિર્દોષ પાંખડીઓને પણ કંઈ શાન્તી છે ? કમળ પત્ર ખુલ્યાં એટલે મકરંદ ભ્રમરનાં ટોળે ટોળાં આવી ચઢયાં, પાંખડીઓને સતાવવા લાગ્યાં. સુગંધના દરવાજા ઉઘડયા હોય તેમ પુષ્પ પરિમલ ફેલાવા લાગી, પરાગભોગી ભમરો પોતાની વાંસળી વગાડતા–ગુંજારવ કરતા ફુલની પાંખરીઓ પર બેસી તેને ડોલાવી રહ્યા છે, મીઠાં મીઠાં મધ ચૂસી રહ્યા છે.

ધુમલીના પાદરે વહેતી નાની વેણું નદી વીણાસમા મૃદુનાદ કરતી દોડી રહી છે. ધુમલીની યુવતીઓ, તાંબાના બેડાં માંજી સ્વચ્છ નીર ભરી સરખી સાહેલીઓ ઘર કુટુંબની વાતો કરતી હસતી માલતી ધુમલગઢ તરફ ગતિ કરી રહી છે. સૂર્યના કીરણથી ચળકાટ મારતાં બેડલાં મલીન મનનાં માણસોને છુપી છુપી સમજ આપી રહ્યાં છે કે તમે પણ તમારા મનના મેલ–કાટ દૂર કરી સાચારૂપે પ્રકાશો ! અંતરપરથી અંધાર પછેડા દૂર કરો.

એ સમયે ધુમલીના દરબારગઢ આગળ રાણાના પચાસ અંગ-રક્ષો હાથમાં ચલકતાં ફલવાળાં ભાલાં–બરછી લઈ ઘોડેસ્વાર થઇ મહા-રાજની રાહ જોતા ઉભા છે. જમીનમાં પગ ઠોકતાં શિકારની સહેલ માટે તેમનાં ઘોડાં ઉતાવળાં થઈ રહ્યાં છે.

હાથીને શણગારી માવત હાજર થયો. શિકારી પોશાક અને હથિયાર સજી રાણો ભાણ જેઠવો મહેલનાં પગથીઆં ઉતરી નીચે આવ્યો. હાથીએ સૂંઢ ઉંચી કરી રાજાને સલામ ભરી ચાંદીના પતરેથી મઢેલી નિસરણીનાં પગથીઆં ચઢી રાણો હાથીના હોદ્દે બેઠો. પચીસ સ્વારની એક ટુકડી આગળ, અને એક પાછળ વચ્ચે રાણાનો હાથી સૌની આગળ ઢોલ નગારાંવાળા અને હાંકો કરનાર કોળી લોકો ચાલતા હતા. રાણો શિકારે ચાલ્યો.

બરડાની તળેટી આગળ નિયત કરે તે ઠેકાણે સ્વારી આગળ પહોંચી, ત્યાંતો રાણાની નજર એક નવયુવાન સ્વાર, સ્વારી પહેલા એ ઠેકાણે આવી ઉભેલો જણાયો. તેના દેખાવ ઉપરથી જણાતું હતું કે તે સિંહને શોધી રહ્યો છે.

રાજાના હુકમથી વનરાજને જગાડવા હાકલ થઈ વનરાજ જાગ્યો. પોતાની સામે ઘણાં માણસોને જોઇ સિંહે ગર્જના કરી. ગર્જના સાંભળી ટટ્ટાં ઘોડાં હતાં તે ભાગવા–નાસવા માંડયાં. ગજરાજે પોતાની સુંઢ વાળી દીધી. શરીર સંકેલી ગોળ કરી લીધું. વનરાજ–સિંહને દાવમાં લેવા માટે વિચાર કરતો હાથી ઉભો રાજાનાં અંગરક્ષકો રાજાના હાથીની આજુબાજુ થોડે દુર પોતાના ભાલા ઉછાળતાં ઉભા.

હાથીની અંબાડીમાં બેઠેલા રાજાએ ધનુષ્યબાણ તૈયાર કર્યાં. રાણાએ એક બાણ દુર ઉભેલાં વિકાળ સિંહપર ફેંકયું. રાજા નિશાન ચૂકયો. બાણ સિંહના માથા પર થઇ જતું રહ્યું. સિંહ ખીજવાયો. તેણે વિકાળ રૂપ ધારણ કર્યું. મેઘ ગર્જનાને ભુલાવે તેવી ત્રાડ નાંખી પુંછડું ઉંચું કરી કુદયો, આવીને હાથીના કુંભસ્થળપર પડયો. સિંહ પોતાની ગણતરીમાં એક હાથનું અંતર ચૂકયો. હાથીનો માવત નીચે પડી ગયો. રાજાની અંબાડીએ કાળના પંઝા અથડાયા. પોતાના પ્રાણ લેવા આવનાર પર સિંહ ક્રોધે ભરાયો.

સિંહને નજીક આવેલો જોઇ અંબાડીમાં બેઠેલો રાજા ગભરાયો સિંહ વિકરાળ મોં પહોળું કરી રાજા તરફ ધસ્યો. રાજાની અંબાડીપર હુમલો કર્યો. રાજા ભયભીત થઇ ગયો. સિંહને મારવાની વાત તો બાજુએ રહી પણ પોતાનું રક્ષણ કરવાની શકિત પણ ગુમાવી બેઠો. હાથમાંથી ધનુષ્ય બાણ પડી ગયાં. રાણો ભાણજી જેઠવો બેહોશ જેવો બની ગયો.

સિંહને નજીક આવેલો જોઇ અંબાડીમાં બેઠેલો રાજા ગભરાયો સિંહ વિકરાળ મોં પહોળું કરી રાજા તરફ ધસ્યો. રાજાની અંબાડી પર હુમલો કર્યો. રાજા ભયભીત થઈ ગયો. સિંહને મારવાની વાત દુર ભાગતાં જણાયાં. મૃત્યુના મુખમાં રાજાનો દેહ પડુ પડુ થઈ રહ્યો. છે. તેવામાં દૂર ઉભેલો પેલો નવ જુવાન જે સિંહની તપાસમાં હતો. તેણે સિંહને પોતાની નજરે જોયો. પોતાની ઘોડી ફુલમાળને કુદાવી. ફુલમાળ કંઈ સિંહ–હાથીથી ડરે ? ફુલમાળ કુદી આંખના પલકારા વાટ હાથી પાસે જઇ પડી. પોતાના આગલા બે પગ હાથીના શરીરે ટેકવી ફુલમાળ ઝાડ થઇ ઉભી અને ઉપર બેઠેલા સ્વારે વજ્ર જેવો ભાલો ફેંકયો. રાજાનું ભક્ષ કરવા પહોળું સિંહનું મોઢું–ભાલુ બરાબર મોઢામાં પેસી ગયું. સિંહ વિંધાઇ ગયો. અને ભાલા સાથેજ ઉછળી નીચે પડયો. ફુલમાળ પર છલંગ મારી પેલો નવ યુવાન કુદયો. અને તરવાર વડે તે વનરાજના બે ટુકડા કરી નાખ્યા.

આ કાર્યમાં જરા વિલંબ થયો હોત તો ફુમલીનો ધણી સિંહનો ભક્ષ થઇ પડત પ્રભુની જ્યાં રહેમ હોય ત્યાં, કોળીઓ કરીને ગળી જવા પહોળાં થયેલાં કાળનાં જડબા પણ બંધ થઈ જાય છે. ઉકળતા તેલની કઢાઓ શિતળ થઇ જાય છે. અને જ્યાં એ રૂઠે છે ત્યાં ચિત્રન સાપ પણ સાચા રૂપે થઈ ડસી જાય છે.

જગતનો મહાન પિતા ભાણુ જેઠવાને કેમ મરવા દે !! ભાણુજીના પુણ્યનો હજી ઉદય હતો. એને હજી સતીઓના શ્રાપ સાંભળવાના હતા.

પોતાની સમક્ષ પોતાના કાળના ટુકડા કરતા એક વીરનરને ભાણુ જેઠવો જોઈ રહ્યો. "અણીના સમયે પ્રભુએ સાચો સહાયક મોકલ્યો. પરમેશ્વરેજ આજ બચાવ્યો. ઇશ્વરની ઇચ્છા હોય તેમ થાય છે." એવા ઉદ્‌ગાર તેના મુખમાંથી નિકળ્યા.

વીર તરૂણે સિંહને માર્યો. પછી પોતાની ફુલમાળ પાસે જઇ તેની ગરદન થાબડી. "બાપ, ફુલમાળ, તેં મારા મનની મુરાદ આજે પુરી કરાવી." એમ બોલી ઘોડી પર સ્વાર થયો.

ભડકીને દૂર નાઠેલાં અંગરક્ષકોનાં ઘોડાં પાછાં ઠેકાણા પર આવ્યાં. આજે અંગરક્ષકો શરમાયા. રાજાના ભયની દાઝ કેટલાક ઘોડાં પર કાઢી ઘોડાંને કેટલાક સ્વારોએ ફટકાર્યાં.

રાણા ભાણજીએ પોતાના જીવ બચાવનારની ઓળખ માગી, "કોણ છો ? કયાંના છો ? આ શહેરમાં કેટલા સમયથી રહો છો ?"

"મારૂં નામ જયદેવ. હું સોલંકી જાતનો રજપૂત છું. પાલીતાણા પાસે મારૂં ગામ છે. પેટના અર્થે નિકળ્યો છું." જયદેવે પોતાની બનાવટી ઓળખ આપી.

"તમારી હોંશિયારી જોઇ તમને ધુમલી રાજ્યના જાસુસી ખાતાના અધિકારી નીમું છું. માસિક બસો રૂપીઆ મળશે." રાણાએ ઉપકારના બદલો વાળવા કહ્યું. જયદેવે ઉપકાર સાથે હુકમ સ્વીકાર્યો. સ્વારી શહેર તરફ વળી.

પ્રકરણ ૧૯ મું.

વાઢેલાઓનો જુલમ.

વર્ષા ઋતુ પુરી થવા આવી છે. ઘનઘોર કાળાં વાદળાંની ઘટા વિખેરાઈ ગઇ છે. આકાશ નિર્મળ છે. પરન્તુ ધુમલીનું રાજ્યાકાશ સ્વચ્છ નથી. તે રાજ્ય પર એક કાળુ ઘનઘોર વાદળ વાયવ્ય ખૂણા તરફથી ધુમલીનો નાશ કરવા ઝડપથી દોડી રહ્યું છે.

દીવા બત્તીનો સમય થયો. રાજ મહેલના એક ઓરડામાં ત્રણ જણ બેઠા હતા. વચ્ચે બેઠેલો રાણો ભાણજી જેઠવો હતો. તેણે પાંત્રીસ વર્ષના ગાળા જોયા હતા. શરીરે ઉંચો અને કદાવર હતો. બીજો ડાબી બાજુએ બેઠેલો રાણાનો નિત્યનો સલાહકાર સેનાપતિ રાજુલ્લાખાન હતો વિકાળ વાઘના જેવી તેની ખૂની આંખો અને કપાળ વચ્ચે ગોળ ખાડો તે તેના વિષયાસક્તપણાની સાબીતી આપતાં હતાં. દાઢીમાં વચ્ચે એક સૂક્ષ્મ ખાડો હતો તે તેના ક્રોધી સ્વભાવને પ્રદર્શિત કરતો હતો. જમણી તરફ દીવાન વેણીશંકર ઓઝા બેઠા હતા. રાણાથી બન્ને જણા વયોવૃદ્ધ હતા.

ત્રણે જણા એક ગાદી પર બેઠા હતા. અને તેમની આગળ એક ખુલ્લો પત્ર પડયો હતો. આ પત્ર દુઃખનો પેગામ લઈ આવ્યો હતો.

બેટ શંખોદ્ધારના દુદનસિંહ વાઢેલાની હદ જેઠવા રાજ્યની હદ સાથે મળતી હતી. બન્ને રાજ્યોને સરહદ સંબંધી કોઇપણ જાતની તકરાર હતી નહિ. પણ નાગજી રાણો જ્યારે ગાદી પર હતો, તે વખતે દુદનસિંહ વાઢેલના ભાઈ રૂપસિંહ વાઢેલ બીજા વાઢેલાઓને સાથે લઈ સરહદ વધારવાની લાલચમાં જેઠવા રાણાની હદ પર

હુમલો કરતો. અને આવી રીતે તેણે જેઠવાઓનાં ચારણવદર, ધતુર-પર, ને કલબાણ એ ત્રણ ગામ લઈ લીધાં હતાં. તે ગામોમાં તેમણે પોતાનાં થાણાં વસાવ્યાં હતાં. કલબાણ ગામથી અગ્નિ કોણમાં ગામથી બહાર શ્રી રણછોડરાયજી તથા કલ્યાણજીના મંદિરની જગાઓ હતી. મંદિરની પાસે વાઢેલાઓએ પોતાને બેસવાને એક ઓશીસ જેવું બનાવ્યું હતું તેને "માળીઉં" કહેતા.

રાણા નાગજી પછી રાણો ભાણજી ગાદી પર આવ્યો ત્યારે રૂપસિંહ વાઢેલ જરાં વધારે જોર પર આવ્યો હતો. રાણા ભાણજીએ એક પત્ર લખીને સમજણના રૂપમાં બે શબ્દો લખ્યા હતા. પરન્તુ મિત્રજી રૂપસિંહે એ પત્રના જવાબમાં એક પત્ર લખી મોકલ્યો હતો. તે પત્ર દીવાન વેણીશંકર ઓઝાએ રાજાને તથા સેનાપતિને વાંચી સંભળાવ્યો હતો.

ઘુમલીના રાણા ભાણજી જેઠવા, જોગ

રૂપસિંહ વાઢેલના જે દ્વારકાધિશ વાંચજો. તમારા પત્રના જવાબમાં લખવાનું કે જે ગામડાં અમે લીધાં છે, તે અમારાંજ હતાં અમે તે પાછાં મેળવ્યાં છે. એ સિવાય અમારાં હજી તો કેટલાંક ગામોના હક્ક તમારી પાસે છે. તે તો તરવારના બળે મેળવવા આ વાઢેલાઓની ભૂજાઓ તૈયાર છે. વાઢેલાઓએ ચુંદડીઓ ઓઢી નથી. એની સાબીતી જેઠવાઓને રણક્ષેત્રમાં થશે. મરદના ઘાના તીખા તમ-તમા સ્વાદ ત્યાંજ જણાશે અમારો હક્ક અમને પાછો સોંપશો તો સારી વાત છે, નહિ તો તે અમે યુદ્ધ ભૂમિમાં બાહુબળે મેળવી લઇશું. સંવત ૧૩૬૭ની વસંત પાંચમ.

રૂપસિંહ વાઢેલની સહી
દા. મોહન મહેતાના.

પત્ર વંચાઇ રહ્યો. દીવાન વેણીશંકર ઓઝાએ તે કાગળ રાણાની પાસે મૂક્યો. પત્રમાં વપરાયેલા શબ્દોથી રાણાનું લોહી તપી ગયું. રાણો જેઠવો રજપૂત હતો. ગુસ્સાથી તેનાં રોમ ખડાં થઈ ગયાં. પત્ર તરફ નજર કરી પત્ર લાવનાર વાઢેલાઓનો માણસ ઓરડાની બહાર એક તરફ અદબથી ઉભો હતો. તેના સામે જોઈ રાણો બોલ્યો:—

"ઓખાના ચોર! શિયાળવાં સિંહનો શિકાર કરવા તૈયાર થયાં! પણ યાદ રાખજો કે આ જેઠવાઓની તરવારથી તમારાં શરીર વેતરાઇ જશે. વાઢેલાઓના લોહીમાં જેઠવાઓ દાઢી મૂછ રંગશે અને વાઢેલાઓનાં માથાં સાથે જેઠવાઓ ફુલદડે રમશે, જા તારા રૂપસિંહ વાઢેલને કહે કે જીવવું હોય તો સરહદ છોડી ચાલ્યો જાય નહિ. તો જેઠવાઓ એક પણ વાઢેલાને જીવતો નહિ રાખે." રાણાના મુખના ઉદ્‌ગારો સાંભળી વાઢેલાનો માણસ કાગળ લાવનાર બહાર ઉભો હતો તે ચાલતો થયો.

"મહારાજ શાન્ત થાઓ અધર્મિઓને અધર્મનાં ફળ મળશે. વાઢેલાઓનો હવે વિનાશ આવ્યો છે. એમણે અન્યાયનાં પગલાં માંડયાં છે. બેટનો ધણી વાઢેલો દુદનસિંહ તો સજ્જન અને ધર્મિષ્ટ કહેવાય છે. તે પણ આમાં સામેલ હશે. આપણા ઘણા પત્રો દુદનસિંહ તરફ રવાના થયા. પરન્તુ એકનો જવાબ નથી. પણ દુદનસિંહ દગો કરે તેવો નથી." અમદીવાને રાણાને શાન્ત પાડી બીજી બાબત તરફ તેનું લક્ષ ખેંચ્યું. રાણાને સારૂ મનાવા રાજુલ્લાખાન પણ અંદર ટાપશી પુરી બોલ્યો કે "દુદનસિંહ વાઢેલ! ધર્મનું પુંછડું જોયો. બહારથી ધર્મિનો ઢોંગ અને અંતરમાં કાળી કાતી. એણેજ રૂપસિંહને ઉશ્કેર્યો છે. નહિ તો રૂપસિંહ શા માટે મરવા તૈયાર થાય. રાજુલ્લાખાને પોતાના જેવો દુદનસિંહને ધાર્યો.

રૂપસિંહ વાઢેલ અને દુદનસિંહ વાઢેલ બન્ને સગા ભાઈ હતા પણ તેમનામાં વિષ અને અમૃત જેવો તફાવત હતો. રૂપસિંહ દુષ્ટ હતો અને દુદનસિંહ તો આપણે આગળ જોઇ ગયા છીએ કે તે કેવો હતો!

દુદનસિંહ ધર્મનો અવતાર. એ કદાપિ રૂપસિંહને આવો અધર્મ કરવા સૂચના ન કરે! રૂપસિંહ અને તેનો છોકરો જાલમસિંહ તેમજ બીજા તેમના મળતીઆઓ વગેરે રાજ્ય વધારવાની લાલચે આ અધર્મયુદ્ધ આદરી બેઠા હતા. સરહદપર શું થાય છે તેની ખબર રૂપસિંહ દુદનસિંહને જણાવતો નહિ, અને જાણવા દેતો નહિ. ધ્રુમલી રાજ્યના દરેક પત્ર તેણે અધવચ્ચથીજ ઉડાવી દીધા હતા, એટલે આ બાબતમાં દુદનસિંહ તદ્દન અજાણ હતો.

સરહદપરના ભાગો ઉપર દેખરેખ રાખવાનું કામ દુદનસિંહે પોતાના ભાઈ ભત્રિજાઓને સોંપ્યું હતું, એટલે તે તરફની તેને ચિંતા નહોતી. તે તો સુખથી રણછોડરાયનું ભજન કરતો.

દુદનસિંહને કંઈ સંતાન નથી. સંતાનમાં ફક્ત એક પુત્રી થઈ હતી. (તે પુત્રીનું શું થયું? તેનો ઉલ્લેખ થઈ ગયો છે.) એટલે દુદનસિંહ પછી રાજનો વારસો રૂપસિંહ અને તેનો પુત્ર જાલમસિંહ હતા. તેથી રાજ વધારવાની લાલચમાં તે પડયા હતા. એ કારણે ધ્રુમલીનાં ગામડાં તે દબાવતા હતા.

રાણા ભાણજીનો ગુસ્સો કંઇક નરમ પડયો. તેણે સેનાપતિ રાજુલાખાનને સૂચના કરી કે "તમે સિંધી ફોજ તૈયાર રાખજો. વાઢેલાઓને હાથ બતાવ્યા સિવાય બીજો રસ્તો નથી."

"મહારાજ બીજો રસ્તો છે." દીવાન બોલ્યા. ઉતાવળા થઇ સૈનિકોનાં લોહી વહેવરાવવાની જરૂર અત્યારે જણાતી નથી. કારણ આમાં રાજાની એટલે દુદનસિંહની સંમતિ હોય એમ જણાતું નથી અને આપણે એકાએક લડાઇ જાહેર કરીએ તો ઠીક ન કહેવાય.

આ બાબતની છુપી બાતમી મેળવવાની જરૂર છે. સંપૂર્ણ હકીકત જાણ્યા બાદ આગળ પગલું ભરવું કે પછી પસ્તાવાનો વખત ન આવે."

"પણ મહારાજ આપણા ગઢકોઠાની લશ્કરની મદદ માટે ત્યાંના સુબેદાર ભારમલની માગણી આવી છે. તેણે લખ્યું હતું કે વાઢેલાઓનું લશ્કર કોટાગઢ પર હુમલો લાવવાની કોશિશમાં છે. જલદી એકહજાર માણસ મદદ માટે કોટાગઢના રક્ષણ માટે મોકલો. તો મારે શું કરવું?" સેનાપતિ રાજુલ્લાખાને કહ્યું. વળી તે બોલ્યો "અને પ્રધાનજી આપ લડાઇ માટે ઉતાવળ કરવાની હમણાં ના કહો છો પણ અત્યારે બેસી રહેવાનો વખત નથી. લડાઇનો હુકમ કરો અને પછી જુઓ કે આ સિન્ધીઓ રણદાવ કેવા ખેલી જાણે છે! ઘંટીમાં દાણા દળાય એમ વાઢેલાઓને પીસી નાખવા સિન્ધીઓના હાથ ચળવળી રહ્યા છે તે ત્યારે જ સમજાશે. વાઢેલાનાં માથાનાં તોરણ ધુમલગઢે બાંધી સિન્ધીઓ પોતાની નિમકહલાલી જાહેર કરશે. વીસ વીસ વર્ષ સુધી ખાધેલા લુણના બદલા વાળશે."

"રાજુલ્લાખાનજી, તમે કહ્યું તે અક્ષરશઃ સાચું છે. સિન્ધીઓનો મને સંપૂર્ણ વિશ્વાસ છે, પરન્તુ દીવાનજીની સલાહ પ્રમાણે અત્યારે કળથી કામ લેવાની જરૂર જણાય છે. લડાઇ કરી માણસોની ખરાબી કરવી અત્યારે વ્યાજબી નથી." રાણાએ પોતાનો વિચાર પ્રદર્શિત કર્યો.

"આપણા ગઢ કોઠા તરફ કોઇ બાહોશ માણસને લશ્કર આપી મદદ માટે મોકલો તે ગઢકોઠાનું રક્ષણ કરશે અને ત્યાંથી વાઢેલાઓ પર છુપી નજર રાખશે ને યુક્તિએથી વાઢેલાઓને પાછા હઠાવશે. હવે પ્રશ્ન એટલો જ કે ત્યાં કોની નિમણુંક કરવી ?" દીવાને સલાહ આપી અને તે સાથે પોતાની કંઇક મુઝવણ રજુ કરી.

" અરે દીવાનજી ગભરાઓ છો શા માટે ? પ્રભુએ આપણને એક વીરનર આપ્યો છે. આ કામમાં હું તેની નિમણૂંક કરૂં છું. બોલાવો જાસુસી ખાતાના ઉપરી બહાદુર જયદેવને. તે વીર પુરૂષ છે. સમય સૂચકતા સારી વાપરી જાણે છે." રાણાએ જયદેવને બોલાવવા હુકમ કર્યો.

જયદેવને વરધી મળી કે રાણાજી આપને યાદ કરે છે.

જયદેવ તુરત રાણાની તહેનાતમાં હાજર થયો. વિવેકભરી રીતે બોલ્યો: "રાણાજી આ સેવકને શો હુકમ છે ?"

"આવો જયદેવ ! આજે એક અટપટા ભેદનો નિકાલ કરવાનું કામ તમને સોંપું છું. મને વિશ્વાસ છે કે તમે તેમાં સંપૂર્ણ ફતેહ મેળવશો. તમારી બુદ્ધિ અને બહાદુરી તારીફ કરવા લાયક છે." રાણાએ જયદેવને સંબોધી કહ્યું.

"મહારાજ એવા વખાણને પાત્ર હું નથી. મારે કયું કામ છે તે કૃપા કરી જણાવશો." જયદેવે નમ્રભાવે કહ્યું.

"દીવાનજી, બાજુના ઓરડામાં જઈ જયદેવને એ બધી હકીકતની સંપૂર્ણ માહિતી આપો." રાણાએ દીવાન વેણીશંકર ઓઝાને હુકમ કર્યો. જયદેવ અને દીવાન બન્ને બાજુના ઓરડામાં ગયા. રાણો અને રાજુલ્લાખાન ગપ્પાં મારતાં ત્યાં જ બેઠા પણ રાજુલ્લાખાનના કાન દીવાન અને જયદેવની વાતો સાંભળવા ટાંપી રહ્યા હતા. જયદેવ અને વેણીશંકર દીવાન એક ગાદી પર બેઠા. દીવાનજી બોલ્યા.

"ધુમલીથી વાયવ્ય સરહદ પર બેટ શંખોદ્ધારના વાઢેલાઓની હદ છે. મારા સમજવા પ્રમાણે રૂપસિંહ વાઢેલા જે શંખોદ્ધારના વાઢેલ રાજા દુદનસીંહનો નાનો ભાઈ છે, તેણે સ્વેચ્છાપૂર્વક આપણી સત્તામાં પગ મૂર્યો છે."

દીવાનજીને બોલતા અટકાવી જયદેવ "બોલ્યો હું એ બધી વાત જાણું છું. એ સંબંધે મને કંઈ કહેવાની જરૂર નથી."

"વારૂ ત્યારે તમે એક હજાર રજપૂત લશ્કર લઈ આપણા ગઢ કોટા તરફ કુચ કરો. ત્યાં જઈ તમારી વીરતાભરી બુદ્ધિ બતાવો. તમારી મદદમાં રજપૂત લશ્કરનો ઉપરી રણધીર આવશે. લશ્કરના માણસોની ખૂન ખરાબી ન થાય. અને વાદેલા વશ થાય એવી રીતે કામ કરવાનું છે એ ભૂલતા નહિ."

દીવાને કામ કરવાની આછી રેખા બતાવી. જયદેવ ત્યાંથી રજા લઇ પોતાને મકાને આવ્યો. રણધીર પણ ત્યાં આવી પહોંચ્યો. રણધીર પાસેથી 'ગઢકોટા' ની માહિતી જયદેવે મેળવી લીધી કે, 'ગઢકોટા' અહીંથી દશ ગાઉ પર આવેલું છે, ત્યાં આજુબાજુના ગામડાંમાંથી જમીન મહેસુલમાંથી લીધેલો અનાજ દાણો ત્યાં રાખવામાં આવે છે. ત્યાં નાનો કિલ્લો છે. ત્રણસો લશ્કરી માણસો ત્યાં રહે છે. ત્યાંનો ઉપરી સુબેદાર ભારમલજી છે.

'ગઢકોટા' ની માહિતી મેળવ્યા પછી બન્ને જણા લશ્કરી પાયગામાં પહોંચ્યા જયદેવે લશ્કરમાંથી સાચા મોતીના પાંચસો દાણા નોખા તારવી કાઢયા, વીસ પચીસ વર્ષના ઉછળતા રજપુત લોહીથી ભરેલા એ પાંચસો યોદ્ધાઓ, વજ્ર જેવી કાયાઓ, પાંચ પાંચ હાથ ઉંચા એ ક્ષત્રિય પુત્રો સાવજનાં બચ્ચાં વેરીનાં કાળજાં કરડી ખાય તેવા પાંચસો વીરતા ભર્યાં મોં, વાઘણુ જેવી શુરી ક્ષત્રિયાણીનાં ધાવણથી બંધાયેલા દેહ, અને વંશ પરંપરાના લડાયક ગુણો વારસામાં લઈ અવતરેલા એ પાંચસો મોંઢાં પર યુદ્ધાનંદ ઝબકી ઉઠયો.

રાત્રે ચંદ્ર જેવા ધોળા દૂધ જેવા પ્રકાશમાં પાંચસો જુવાનોના દળ પર જયદેવે ફરી આંખ ફેરવી જોઇ. બધાંએ સાચાં મોતી. કોઇ

મીણીયું મોતીજ ન મળે. પોતાની કાયાને કાચના સીસાની માફક તોડી નાંખતાં જરાએ સંકોચ નહિ ખાનારા શુરવીરોનું નાનું લશ્કર રણધીરની સરદારી તળે 'ગઢકોટા' તરફ રવાના થયું. રણધીરને જયદેવે કહ્યું. " આવતી કાલે સુરજ મહારાજના કીરણો ફુટતાં પહેલાં હું 'ગઢકોટા' માં હાજર થઈશ"

ધુમલીના દરબાર ગઢની દેવડીએ મધ્ય રાત્રીનાં ચોઘડીઆં વાગ્યાં. શરણાઇના સૂર ગાજી ઉઠ્યા તે વખતે જયદેવ પોતાના મકાનમાં એક સાધુ જેવા વેશધારી મનુષ્ય સાથે વાતો કરી રહ્યો હતો. આ સાધુ કોણ ? તે પહેલાં સમજ્યા બાદ તેણે શી વાતો કરી તે વાંચીશું.

પ્રકરણ ૨૦ મું.

સાધુ ગંગાભારથી.

ધુમલીના જાસુસી ખાતાના ઉપરી અધિકારીની પદવી લીધા પછી તેને ખરેખરી દીપાવવી, એ ઉદેશ ધ્યાનમાં રાખી જયદેવ રાત્રે વેશ પાલટી ધુમલીમાં અને ધુમલી બહાર ગમે તે સ્થળે ફરતો. અને પોતાની ફરજમાં મદદ રૂપ થઇ પડે તેવી બાતમીઓ મેળવી લાવતો હતો.

અષાઢ મહિનાની ઘોર અંધારી મેઘલી રાત. નભમંડળ ભયંકર કાળાં વાદળાંથી ઢંકાયું હતું. અગ્નિદેવની ફુંકો રૂપ વીજળીઓ કાળાં વાદળાંની તડમાંથી ચમકારા કરી રહી હતી. તે સાથે મોટા મોટા કાટકાઓની ગર્જનાઓ જાણે નભમંડળ અને પૃથ્વીને એક કરી

દેવા મથતા વૃત્રાસુરની બૂમો માફક ગર્જી રહી હતી. તે સાથે ઝરમર ઝરમર મેહુલો વરસી રહ્યો હતો.

આવી ભયંકર રાત્રીએ ધુમલી શહેરના ઇશાનખૂણા તરફ જ્યાં ભયંકર જંગલ છે. ત્યાં એક ઘણું જીર્ણ આશાપુરી માતાનું મંદિર હતું. તેમાં એક માણસ કાળાં વસ્ત્ર ધારી બેઠો છે. વિજળીના ચમકારામાં બળવાન શરીર, ઉંમરનું માપ નજરે પડતું હતું. ઉંમર ચાલીસ વર્ષની અટકળમાં હતી. શરીર પાતળું ઘઉંવર્ણું દેખાતું હતું. દાઢી મૂછના વાળ ઘણા વધેલા હતા. મુખ ઉપર રાખવામાં આવતો કાળો બુરખો તેણે અત્યારે કાઢી બાજુએ મૂકયો હતો. શરીર મજબૂત અને લડાયક જણાતું હતું. આંખો ચપળ અને નાક સહેજ લાંબુ અને પાતળુ પોપટની ચાંચ માફક વળેલું હતું. શરીર પર કાળો કામળો પહેરેલો હતો.

અંધારી રાત્રે માતાના મંદિરમાં બેઠેલો એ પુરૂષ શહેર તરફ માર્ગ પ્રતિક્ષા કરી રહ્યો હતો. જ્યારે કોઈ જણાતું નહિ, ત્યારે કંઈક નિરાશ થઈ ગાલે હાથ દઈ વિચારમાં પડી જતો. આવી સ્થિતિમાં તેણે અર્ધો કલાક ગાળ્યો. સ્તબ્ધ બેસીજ રહ્યો. કોઈક વખત ઊંડા શ્વાસ ભરતો હતો. તે સમાધિમાંથી જાગ્યો હોય તેમ સ્વસ્થ થયો અને બોલવા માંડયો " ઓ પ્રભુ ! કરે તેવું પામે એ તારો ન્યાય કયાં જતો રહ્યો, હું પંદર પંદર વર્ષથી આ હાલતમાં રખડું છું. મારાપર મારા ભાઈપર, અરે મારા કુટુંબપર જુલમ ગુજાર્યો છે. જુલમ ગુજારનાર પ્રતિદિન સુખ વૈભવમાં સુએ છે. મારા કાર્યમાં મદદ કરનાર—કોઈ મદદ કરનાર નથી. હે ઈશ્વર જો તારામાં દયા હોય તો હવે કૃપા કર, નહિ તો આ દુઃખી દેહ લાંબો વખત ટકી શકશે નહિ ને મનની મનમાં રહી જશે—" એમ બોલતાં

તે દુઃખી મનુષ્યની આંખો આંસુથી ભરાઈ ગઈ. જુની કામળીના છેડાથી આંસુ લુછતો તે આગળ બોલવા લાગ્યો. " અરે મા...રો. ભાઈ. તું. .દ. .ગા.માં મરાયો. તા...રી–"એ, આગળ બોલવા જતો હતો. એવામાં એક યુવાન માણુસ તેની પાસે આવી ઉભો. તે માણુસના માથાપર મેલો ફાટેલો ફેંટો બાંધેલો હતો. ફાટેલી–થીંગડાં દીધેલી બંડી શરીરપર હતી. જુનો ચોરણો પહેરેલો હતો. પગમાં ફાટેલાં પગરખાં અને વરસાદથી બચવા જુનો ફાટેલો કોથળો માથા-પર ઓઢ્યો હતો.

જેવી તે માણુસપર દૃષ્ટિ પડી કે તરત તે બોલ્યો–" દીકરા વીરમજી તું આવ્યો ? "

વીરમજી સામે બેઠો અને બોલ્યો. " કાકા તમે હમણાં જે બોલ્યા. " તેમાં મારા બાપ દગાથી મરાયા છે. " એ વાતનો ભેદ મને જણાવો. હું તે જાણવા ઘણા દિવસથી આતુર છું. આપ મને તે વાત કેમ જણાવતા નથી ! મારા પર આપને વિશ્વાસ નથી ?"

" ભાઇ વીરમ ! ! મને તારાપર વિશ્વાસ ન હોય તો બીજા કોના પર હોય ? મારી આશાઓ તારા વડે જીવે છે. તુ મારી આંખોનું તેજ છે. તારા સિવાય આ સંસારમાં મારે બીજું કોણ છે ? પણ એ વાત તને હમણાં કહેવાય તેમ નથી. તું તારી જગાપર ખૂબ ધ્યાન રાખી કાળજીથી કામ કરજે–વાત ઉઘાડી પડે નહિ. કદાચ વાત ઉઘાડી પડી જશે તો તારી કાયાનો કકડો પણ શોધ્યો જડશે નહિ. પરન્તુ અત્યારે તને એક ગુપ્ત જગા દેખાડવાનો મારો વિચાર છે. માટે ચાલ ઉઠ–" એમ કહી તે આગળ અને અને પેલો છોકરો પાછળ એમ અંધારી રાત્રીમાં જંગલમાં ચાલ્યા.

મંદિરથી થોડેક દૂર ગયા એટલે એક મોટું વૃક્ષ આવ્યું. ઝાડના થડથી પૂર્વ તરફ દશ હાથનું અંતર ભરી પોતાના ભત્રીજા વીરમને તે જગાની માટી દુર કરવા કહ્યું. વીરમજીએ માટી ખસેડી તો એક પત્થર જણાયો. તેને ખસેડયો એટલે પત્થરનાં પગથીઆં જણાયાં. પેલો માણસ પહેલાં ઉતર્યો પછી. વીરમજી ઉતર્યો. કાકો, ભત્રીજો, પગથીઆં ઉતરી એક વિશાળ ચોકમાં આવ્યા. કાકાએ ચકમક સળગાવી દીવેલનો દીવો કર્યો. અને કહ્યું. "બચ્ચા વીરમ, આ સામે ઓરડા જેવું જણાય છે. તે આ કુંચી લઇ ઉઘાડ." વીરમે ઓરડો ઉઘાડયો. તો અંદર જાતજાતનાં હથિઆરો જણાયાં. ખૂણામાં એક લોખંડી પેટી પડેલી હતી તે બતાવી કહ્યું "એ પેટીમાં તારા પિતાની મિલકત છે. હું ન હોઉં ત્યારે એ પેટી ઉઘાડી તેમાંની મિલ્ક-તનો તારી મ જી પ્રમાણે ઉપયોગ કરજે. હવે મારો દેહ તારા બા-પના મૃત્યુનો બદલો લેવામાં ખપી જાય તો પણ હરકત નથી." એમ બોલતાં કાકાની આંખો ફરી સજળ થઈ. ભત્રીજાની પણ એ દશા થઈ. બન્ને જણા થોડી પળોમાં સ્વસ્થ થયા. પાછા બહાર નીકળ્યા. ભત્રીજો જે રસ્તેથી આવ્યો હતો તે રસ્તે પાછો ગયો. ભોંયરાની સ્થિતિ પુર્વવત કરી કાકા જેવો ડગલું ભરે છે તેવો જ ઝાડના ઓથેથી નીકળી જયદેવ સામે આવી ઉભો અને બોલ્યો " એક ડગલુ પણ આગળ વધશો તો જીવ ગુમાવી બેસશો. બોલો કોણ છો? અત્યારે અહીં શું કરતા હતા? સાથે હતો તે કોણ છે, કયાં રહે છે." ?

"તમે કોણ છો? તમારૂં નામ જણાવો, પછી બીજાની હકી-કત જાણવા તૈયાર થાઓ!!" પેલા માણસે દમથી જવાબ આપ્યો.

"મારૂં નામ જયદેવ. ધ્રુમલીનો પોલીસ અમલદાર." જયદેવે પોતાનું નામ ઠામ જણાવ્યું.

"જયદેવ તમે સાચા ક્ષત્રિય છો, વીર છો, એમ મેં સાંભળ્યું છે. મને વચન આપો કે 'આ ભેદ મરણને પ્રસંગે પણ ખુલ્લો ન થાય' તો હું મારી હકીકત આપને જણાવું.

તે માણસના હાથમાં જયદેવે કોલ દીધો—"એક ક્ષત્રિયનું વચન છે કે તમારી વાત આપણ બે સિવાય ત્રીજાને કાને કદિ નહિ જાય."

બન્ને જણા માતાના ઓટલે આવ્યા. પેલા માણસે પોતાની હકીકત શરૂ કરી. "મારૂં નામ માનસિંહ હતું. રાણા રાણોજી જેઠવાના વખતમાં મારા મોટાભાઇ અજીતસિંહજી ધુમલીના દીવાન હતા. તે વખતે રખડતા સિન્ધીઓ આ રાજ્યને શરણે આવી વસ્યા.

સિન્ધીઓનો મુખી ફતેહખાન હતા તેનો દીકરો રાજુલ્લાખાન તે વખતે ત્રીસેક વર્ષની ઉમરનો હશે. રાજુલ્લાખાન અને બીજા સિંધીઓ રાણાના લશ્કરમાં નોકર રહ્યા. રાજુલ્લાખાન આગળ પડતો હતો. એટલે રાણાએ તેને સો સ્વારનો ઉપરી બનાવ્યો. એવામાં એક બનાવ બન્યો.

રણવાસમાં ખવાસની એક દીકરી દાસી તરીકે કામ કરતી હતી. તેનું નામ મોંઘી યુવાનીમાં પગથીયાં ચઢતી હતી. રૂપાળી મોંઘીની પર રાણાની નજર પડી. મોંઘીને રાણા રાણોજીએ રખાયત તરીકે રાખી. મોંઘી રાણી જેવાં સુખ ભોગવવા લાગી.

આ તરફ રાજુલ્લાખાનની નીચતા વધવા લાગી. રાજુલ્લાખાન હલકા કુટુંબનો હતો. મોંઘા ખવાસણ સાથે રાજુલ્લાખાનને પ્રેમ બંધાયો. મારા ભાઇના જાણવામાં એ વાત આવી. જેઠાને રાજુલ્લાખાનને બોલાવ્યો અને એની નીચતા માટે ઠપકો આપ્યો. મારી નાખવાની ધમકી આપી.

રાજુલ્લાખાને મોંઘીને વાત કરી. મોંઘીએ જાણ્યું જો આ વાત રાણાને કાને કાને પહોંચશે તો રાણો મને અને રાજુલ્લાખાનને જીવતાં જમીનમાં દાટશે. તેણે યુક્તિ રચી.

રાણો રાતે મોંઘીની મેડીએ ગયો. મોંઘીએ રાજાના કાનમાં હળાહળ વિષ રેડયું. "રાજ્યના પ્રધાન અજીતસીંહજી નવાં રાણી પર મોહાંધ થયા છે, તેમણે રાણી પાસે પ્રેમની માગણી કરી છે. રાણીની તહેનાતમાં પ્રેમી નામે મારી બેન છે તેણે મને વાત કરી.' વધારામાં અજીતસીંહજીની સહીની ચિઠ્ઠી રાણી પર લખેલી રજુ કરી. ચિઠ્ઠી વાંચી રાણો ગુસ્સે થયો. પ્રેમીને બોલાવી પુછ્યું. ભણાવી રાખેલી પ્રેમી કંઈ ના કહે ? તેણે વળી તેમાં મરચુ મીઠું ભભરાવી વાત કહી. 'રાજાને કાન હોય પણ સાન ન હોય.' બીજી તપાસ કર્યા સિવાય હુકમ કર્યો. "દિવાનને ગરદન મારો." દીવાનને ગરદન મારવા કોની હિંમત ચાલે? રાજુલ્લાખાન પોતાના સો સ્વારો સાથે અમારે મકાને આવ્યો. મારા ભાઈ અજીતસિંહ તે વખતે પુજા કરતા હતા. રાજુલ્લાખાને તેમને એકદમ પકડયા ને તરવાર વડે બે કકડા કરી નાંખ્યા. મને મારવાનો રાણાનો હુકમ નહોતો તેથી મને બાંધી મારાઓને સોંપી દીધો. મારાઓ કસાઈઓ મને જંગલમાં લઇ ચાલ્યા.

અમારો એક વિશ્વાસુ નોકર ગંભીરજી હતો. તેને ઘણી લાગણી થઇ આવી. પોતાની પાસે જે કંઇ દરદાગીના હતા, તે લઈ જંગલમાં આવ્યો. કસાઇઓને વિનવ્યા. પેલા દાગીના આપી મારો છુટકારો માગ્યો. કસાઇઓએ મને છોડી મૂક્યો. ગંભીરજીએ મને છોડાવ્યો. હું તેને શું આપું? ગંભીરજીએ પોતાની ઉત્તમ ફરજ બજાવી. મને કહ્યું 'માનસિંહ, તમારે માટે હવે ધુમલીમાં સલામત ભરેલી જગા નથી.

ગમે ત્યાં જતા રહો તમારે માથે દૈવ કોપ્યો છે.'

કેટલાક દિવસ હું ધુમલીમાં ગંભીરજીને ઘેર છુપો રહ્યો. અને ગંભીરજીની મદદ વડે ખરો ભેદ મારા સમજવામાં આવ્યો કે અમારા કુટુંબની ખરાબી કરાવનાર પાપી રાજુલ્લાખાનને મારવાનો લાગ ન મળ્યો. મેં પ્રતિજ્ઞા કરી કે રાજુલ્લાખાનના કુટુંબની દુર્દશા કરવી અને રાજુલ્લાખાનના લોહીમાં મારા હાથ રંગવા.

તે દિવસથી મેં સંસાર ત્યાગ કર્યો. નામ અને વેશ બદલ્યાં. મારું નામ ગંગાભારથી રાખ્યું. સંસારી મટી સાધુ થયો. સાધુનો વેશ રાખ્યો. કેટલોક વખત ગીરનાર તરફ ફર્યો. હવે મને ધુમલીમાં કોઈ ઓળખી શકતું નથી. કોઇક કોઈક વખત હું ધુમલીમાં આવું છું. આજ પંદર વર્ષનાં વહાણાં વાયાં પણ પ્રતિજ્ઞા પૂર્ણ કરવાનો સમય મળ્યો નથી.

અમારા પર વિપત્તિ આવી પડી. તે વખતે મારા ભાઇ અજીતસિંહનો દીકરો ત્રણ વર્ષનો હતો. તે તેના મોસાળ હતો. તેનું ખરું નામ વીરમજી છે. અત્યારે તે રાણા ભાણજીની હજુરમાં નોકર છે. હમીરજીના નામથી પ્રખ્યાત છે. અજીતસિંહના દિકરા તરીકે તેને કોઈ ઓળખતું નથી. તેની મદદથી રાજ્યની છુપી બાતમીઓ મને મળે છે. રાણાને સિંહના પંજામાંથી તમે બચાવ્યો તે હું જાણું છું. મારા બીજા એક બે વિશ્વાસુ માણસો પણ યોગ્ય ઠેકાણે છે. મને તેઓ જોઈતા સમાચાર આપે છે.

મારી સાથે હમણાં જે બીજો માણસ હતો, તે મારો ભત્રીજો હતો. નજીકના ભોંયરામાં તેના માટે થોડી ધન સંપત્તિ છે તે સાચવી રાખી છે. મને હવે કાંઇ તૃષ્ણા રહી નથી. હું તમારી પાસે એક ભીક્ષા માગું છું, કે આપ મારા કામમાં મદદ કરો. મને ફક્ત એકજ

ઇચ્છા છે અને તે એ કે રાજાુલખાનના ખૂનની મારી પ્રતિજ્ઞા અધુરી રહી જશે તો મારી સદ્ગતિ નહિ થાય. એ પાપીનો નાશ કરવા મેં ગોઠવણ કરી છે, પરન્તુ એક વીર પુરૂષની ધુમલી રાજ્યમાં જરૂર હતી, તે તમે પુરી પાડશો" ગંગાભારથીએ પોતાનું પૂર્વ ચારિત્ર કહી સંભળાવ્યું.

" ગંગાભારથી તમારી હકીકત સાંભળી મને દુઃખ થાય છે. તમારાં વિતકો આગળ હું મારૂં દુઃખ ભૂલી જાઉં છું. હું ખાત્રી આપું છું કે તમારી પ્રતિજ્ઞા પૂર્ણ કરવામાં મારા જીવનો ભોગ આપવો પડશે તો તે આપીશ પણ એક વખત તમને નરાધમ રાજાુલાખાનના રૂધીરથી નવરાવીશ. આપ બાહોશ અને અનુભવી છો. તો આ રાજ્યના કામકાજેમાં મને મદદ કરશો. મને ઘણું જાણવાનું મળશે. આપનો હું નાનો ભાઈ છું એમ જાણજો. મારે પણ સંસારમાં કોઈ નથી. આપણે હવે કયા રસ્તે કામ લેવું તે બાબત આવતી કાલે વિચારીશું. હું આ જગાએ કાલે આવીશ." એમ કહી જયદેવ ધુમલી તરફ વળ્યો. ગંગાભારથી જંગલની ઝાડીમાં સંતાઇ ગયો. ત્યાર પછી કેટલીએ વખત આ બન્ને મિત્રો મળ્યા, અને પોતાના કાર્યમાં આગળ વધ્યા.

પ્રકરણ ૨૧

માળીઆ તરફ

આજે ગઢકોઠા તરફ જયદેવ અને રણધીર જવાના એવા સમાચાર ગંગાભારથીને મળ્યા. તેથી મધ્યરાતે ગંગાભારથી જયદેવના મકાને આવ્યા અને જયદેવ સાથે અગત્યની વાતો કરવા લાગ્યા. ગંગાભારથી બોલ્યા.

" જયદેવ ભાઈ, યુદ્ધ કરી જે વિજય મેળવવામાં આવે છે તે વિજય ઘણો મોંઘો હોય છે. અને પરિણામે અવિજય જેવો જ હોય છે. માટે વગર યુધ્ધે વિજય થાય તે જ ખરો વિજય કહેવાય છે. એક મહાપુરૂષ કહી ગયા છે કે રાજ્યતંત્રનો ગહન મહાસાગર, કુટિલ રાજ્યનીતિનો આશ્રય લીધા વિના કદી પણ તરી શકાતો નથી."

કુટિલ રાજ્યનિતિ એટલે બુદ્ધિના કોઈ ચમત્કાર વડે શત્રુનો પરાજય કરવો, લડાઈ કરી વિજયનો વાવટો બીજાના હાથમાં સોંપવાની મૂર્ખાઇ કરવી નહિ." પછી સાધુએ જે યોજના ઘડી હતી તે જયદેવને સમજાવી. કઈ યુક્તિથી કામ લેવું તેની યુક્તિઓ પણ સમજાવી. એ યુક્તિ ઘણી બુદ્ધિપૂર્વક રચેલી હતી. "એ યોજના પ્રમાણે કાર્ય થાય તો વગર લડાઇએ વિજય મળે. તેમજ વાઢેલાઓને ઉશ્કેરવામાં જે જે નિમકહરામોના હાથ છે તે પણ ખુલ્લું થાય. રાણો તારાપર ખુશ થઈ જાય અને આપણી ધારણા પાર પડે."

જયદેવના અંતરમાં એ યોજના બરાબર કોતરાઇ ગઇ. ગંગાભારથીએ પોતાની ઝોળીમાંથી એક નકશો કાઢી જમીન પર પાથર્યો. જે જે ગામોમાં વાઢેલાઓએ થાણાં કર્યા હતાં, તે તથા તેમને રહેવાનાં સ્થળ અને એક બીજાનાં અંતર બતાવ્યાં. "સાવચેતીથી ચતુરાઇથી કામ લેવાનું" કહી ગંગાભારથીએ વિદાય લીધી. જતી વખતે તેમણે કહ્યું. "આવતી કાલે હું પણ ત્યાં આવીશ." શરીર સાચવી કામ લેજે.

રાતના પાછલા પહોરમાં પુલમાળ પર જયદેવ સ્વાર થયો. સૂર્ય ઉગ્યે ગઢકોઠામાં દાખલ થયો. રણધીરજી રાહ જોઈ ઉભો હતો. જયદેવ 'ગઢકાઠામાં' દાખલ થયો અને લશ્કર કોઠા પર ગોઠવી દીધું. ત્રણ કલાક પછી ગંગાભારથી પણ આવી પહોંચ્યા. તેમણે કોટના ઉંચા ભાગ પર ચઢી રાત્રીએ બતાવેલા નકશા મુજબ દૂરથી જણાતાં વાઢેલાઓનાં સ્થળ બતાવ્યાં.

વાઢેલાઓનાં થાણાં નજરે પડતાં હતાં તેમજ બાંધેલું 'માળીઉં' પણ જણાતું હતું. માળીઆની પાસે એક વહેળો હતો. ચોમાસામાં આ વહેળો પાણીથી ભરેલો રહેતો. વહેળો ઊંડો હતો. વહેળાની કરાડોની ઉપર બન્ને બાજુએ અર્ધા ગાઉ સુધી બાવળ, બોરડી વગેરે ઝાડો જથાબંધ ઉભાં હતાં

રણધીર અને ભારમલજીને જયદેવે ગંગાભારથીની યોજના યથાર્થ સમજાવી. ત્રણે જણ આ યોજના માટે સંમત થયા. પાંચસો માણસમાંથી ફક્ત પચાસ યોદ્ધાઓ તૈયાર કર્યા. તેમની આગળ બધી હકીકત કહી સંભળાવી, "આજ રાત્રે બધાએ યોદ્ધાઓએ વહેળામાં થઈ, માળીઆ નજીક પહોંચી જવું. અને કરાડોમાં છુપાઇ રહેવું. કાલનો આખો દહાડો એવી રીતે છૂપાઇ રહેવું પડશે અને સાંજરે જ્યારે શંખનાદ થાય ત્યારે બધાએ હથિયારબંધ થઈ કરાડો ચઢી માળીઆમાં એકદમ આવવું. પછી આપેલી સૂચના પ્રમાણે વર્તવું." રણધીર પચાસ યોદ્ધાઓ લઇ વહેળાના મારગે માળીઆ તરફ રવાના થયો. ભારમલજીને 'ગઢકોટા'માં રાખ્યા, અને બીજે દિવસે બપોરના જયદેવ અને ગંગાભારથી માળીઆ તરફ વળ્યા. ગંગાભારથીએ માળીઆની કેટલીક હકીકત જયદેવને સમજાવવા માંડી. "માળીઉં એ પ્રથમ રણછોડરાયના મંદિરના તાબાની જગા હતી, તેમાં પુજારી રહેતો, પણ જ્યારથી એ જગા વાઢેલાઓએ લીધી, ત્યારથી પુજારીને મંદિરમાં જ રહેવાની ફરજ પાડી. અને માળીઉં દુરસ્ત કરાવ્યું. માળીઆથી બીજા ગામોમાં જવાનો રસ્તો હતો તે વાઢેલાઓએ વાડ કરાવી બંધ કર્યો છે. માળીઆની અને દેવળની વચમાં એક કોટ ચણાવી લીધો છે. વહેળા તરફ કમરપુર કોટ કરાવેલો છે. આ માળીઆમાં બેસી વાઢેલાઓ ફક્ત પત્ર વ્યવહાર કરતા. મોહન મહેતો

વાઢેલાઓની સામે લાકડાનું નાનું મેજ લઇ બેસે છે. વાઢેલાઓના હુકમ પ્રમાણે કાગળ પત્ર લખે છે. આવેલા પત્ર વાંચી સંભળાવે છે. આપણા મુદ્દાના કાગળો માળીઆમાં પેટી પર પડયા રહે છે, તે લેવાના ભૂલશો નહિ" કહી બન્ને જુદા પડયા ગંગાભારથી રણધીરને જઈ મળ્યા.

માળીઆમાં કાયમ બે પાંચ હુક્કા પડયા રહેતા. પશલો હજામ દેવતા સળગાવી હુક્કા ભરી આપતો. બાપા, બાપા, કહી હાજર રહેતો. નવરો પડતો ત્યારે વાઢેલાઓમાં જે ઘરડેલા હતા તેમની પગ ચંપી કરતો.

સાંજના વખતે દરરોજ વાઢેલા આ માળીઆમાં આવતા. મોડી રાત સુધી ગપાટા હાંકતા બેસતા. રૂપસિંહ તેનો પુત્ર જાલમસિંહ તથા બીજા વાઢેલા સરતાનજી, મહોબતજી, ડુંગોજી, જેઠોજી, જીવણજી રણછોડજી, વગેરે વીસેક વાઢેલા બેસતા. રૂપસિંહને બધા ઘણું માન આપતા. રૂપસિંહ પચાસેક વર્ષનો હતો. તેનો ચહેરો રૂવાબદાર હતો. તે ઘણી કરચલી પડે તેવો સુરવાળ પહેરતો અંગ ઉપર ઘણી કસોવાળું બન્ને પડખે ચીણવાળું ને લાંબી બાંયનું કેડીયું પહેરતો. માથે ધોળી રાડોડી પાઘડી પહેરતો રૂપસી તેની ટોળીમાં ભગત કહેવાતો કારણ તેના ગળામાં તુળસીની બે માળાઓ રહેતી હતી. એક માળા તેને બેસવાની જગાએ પડીજ રહેતી. જે વાતો કરતો હોય તો પણ ફેરવેજ જતો. દરરોજ રણછોડરાયનાં દર્શન કરતો. શ્રીકૃષ્ણ પર પ્રેમ રાખતો. વાતો કરતાં ઘડીએ ઘડીએ ધોળી ધજાવાળો, ધોળી ધજાવાળો એમ બોલતો.

રૂપસિંહ પાસે તેનો પુત્ર જાલમસિંહ બેસતો તે કડક સ્વભાવનો અને તુંડ મિજાજનો હતો. બીજી કેટલીક બાબતો—રૂપસિંહને તે મળતો હતો તેની ઉંમર ત્રીસ વર્ષની હતી. બીજા કેટલાક રૂપ-

સિંહની ઉંમરનાજ હતા. વાઢેલાઓમાં કેટલાક દાઢી રાખતા અને કેટલાક મુંડાવી નાખતા.

બધા વાઢેલા માળીઆમાં બેઠા છે. ત્યાં એક ઘોડેસ્વાર આવ્યો. કમર પટામાંથી એક ચિઠ્ઠી કાઢી. મોહન મેતાના ટેબલ પર મૂકી રસ્તે પડ્યો. મોહન મહેતાએ ચિઠ્ઠી હાથમાં લીધી. અને રૂપસિંહના સામે હુકમ માટે જોઈ રહ્યો. રૂપસિંહે માળા ફેરવતાં ફેરવતાં આજ્ઞા કરી. આંખના ઇસારામાં મોહન મહેતો સમજી ગયા. ચિઠ્ઠી પહોળી કરી વાંચવા માંડી.

"ક્યાંયનો રખડતો એક છોકરો ધુમલીમાં આવી ચડ્યો છે બુદ્ધિના બળેલા રાણાએ તેને અધિકારી બનાવ્યો છે, તે પાંચસો છોકરાં લઈ અભિમાન સાથે તમારા તરફ આવ્યો છે. ગઢકોઠામાં રહેવાનો છે તમે તેના પર હલ્લો લઈ જઈ ટુકડાજ કરી નાખજો. જોડે રણધીર પણ છે. તેનું કામ પણ ખતમ કરજો.

સંવત ૧૩૬૭ ના આસો સુદ ૫'

ત્યાં બેઠેલા સર્વે વાઢેલાઓ આ ચિઠ્ઠી સાંભળી કહેવા લાગ્યા. "અરે એ શું લડવાનો છે? છોકરાંથી શું થવાનું છે?"

રૂપસિંહ બોલ્યો "એને આજ રાતરેજ ટુકડા કરી નાખવો જોઈએ, જો વિલંબ થશે તો આપણે વધારે જોખમમાં ઉતરવું પડશે. માટે સરતાનજી તમે તમારાં હજાર માણસો લઈ 'ગઢકોઠા તરફ અત્યારેજ હુમલો લઈ જાઓ. "દર્દ અને દુશ્મનને થતાં દાબી દેવાં" નહિ તો પાછળથી તે કષ્ટદાઈ થઈ પડે છે."

સરતાનજી ઉઠ્યો અને પોતાના ઘર તરફ વળ્યો. રૂપસિંહ વાઢેલાનો તે જમણો હાથ હતો. રાણાનાં ગામડાં દબાવવામાં તેની સારી મદદ હતી. તેથી રૂપસિંહે માળીઆની પાસે કેટલીક જમીન તેને આપી દીધી હતી. સરતાનજીએ પોતાને રહેવા માટે રણછોડજીના મંદિર

પાસે એક મકાન બાંધ્યું હતું. તે ત્યાંજ રહેતો હતો.

સરતાનજી માળીઆમાંથી બહાર નીકળ્યો. માળીઆના કોટ બહાર પગ મૂકે છે ત્યાં તો તેણે એક માણસને દીઠો. અને તે ખમચાયો. સરતાનજીએ મન સાથે પ્રશ્ન કર્યો. આટલા બંદોબસ્તમાં આ માણસ અહીં ક્યાંથી આવ્યો હશે? સરતાનજી તેની પાસે ગયો. તો તે એક ભીક્ષુક જેવો જણાયો.

"અલ્યા એ, તું કોણ છે? અને અહીં શા માટે બેઠો છે? કયાંથી આવે છે?" સરતાનજીએ પ્રશ્ન કર્યો.

"ભાઈશાબ હું તો ગરીબ બ્રાહ્મણ છું. વાઢેલાઓનો ગોર છું. ફરતો ફરતો ભીક્ષા માટે અહીં આવી ચઢ્યો છું." ભીક્ષુકે નમ્રતાથી જવાબ દીધો.

આ વાટાઘાટના અવાજ માળીઆમાં બેઠેલા વાઢેલાઓએ સાંભળ્યા. તેમાંથી કેટલાક ત્યાં દોડી આવ્યા. "પકડો, પકડો, એ કોણ છે? મારો." એવી બૂમો પાડતા આવી પહોંચ્યા.

જાલમસિંહ તો ઘણોજ ગુસ્સે થયો હતો કારણ આ માળીઆની ચોકીનું કામ તેનું હતું. વાઢેલાના માળીઆ તરફ એક ચકલુંએ ફરકી શકે નહિ, અને આ ભિખારી કયાંથી આવ્યો. તેણે ઘણા જોરથી એક થપાટ ઉગામી પણ પેલો ભીક્ષુક ખસી ગયો. તેથી તેને વાગી નહિ. તે બોલ્યો.

"અલ્યા એ તું અહીં કયાંથી ફૂટી નીકળ્યો? કોણ છે? સાચું કહે. નહિ તો માથું ધૂળ ભેગું થઈ જશે."

"હું તો ગરીબ બ્રાહ્મણ છું. વાઢેલાઓનો ગોર છું, તેથી વાઢેલા આગળ હાથ ધરવા આવ્યો છું. તમને સાચું ન લાગતું હોય તો ગમે તે કરો. મારી પાછળ કોઈ રાગતાણીને રૂએ તેમ નથી."

જેઠાજી બોલ્યો "અરે આને તો મેં કોઇક સ્થળે જોયેલો છે. હા ધુમલીમાંજ. આતો જયદેવ જેવો છે."

રૂપસિંહ ઉતાવળો ઉતાવળો બોલ્યો "જો ખરી વાત હોય તો એને ટુકડાજ કરી નાખો, એટલે પીડા મટે."

જાલમસિંહ બોલ્યો "જેઠા કાકા, જો તમારી ખાતરી થતી હોય તો બોલો એટલે એનો છુટકો થાય." એમ કહી તરવાર મ્યાન-માંથી બહાર કાઢી. "ભાઇ ખાતરી તો નથી. ચોકસ ન કહેવાય. એકજ ચહેરાનાં ઘણાં માણસો હોય છે. પણ આ જયદેવ જેવો છે."

"ભલે મારી નાખો! બાપ! મારી નાખો વાઢેલા બ્રહ્મહત્યા નહિ કરે તો પછી કોણ કરશે? બ્રહ્મહત્યા કરો અને પછી જુઓ કે તેનાં ફળ કેવાં આવે છે." ગરીબ બ્રાહ્મણ બોલ્યો.

રૂપસિંહ બોલ્યો "એને માળીઆમાં લઇ ચાલો. ત્યાં એની બરાબર તપાસ કરો. અને બ્રાહ્મણ નથી એવી ખાત્રી થાય તો પછી તરવાર ચલાવો."

બ્રાહ્મણને ધક્કા મારતા માળીઆમાં લઇ આવ્યા. બધા પોતાની જગાએ બેઠા. માળીઆના બારણા બહાર તે બ્રાહ્મણ ઉભો રહ્યો. જાલમસિંહ તરવાર ખેંચી બ્રાહ્મણનો હાથ ઝાલી ઉભો રહ્યો.

રૂપસિંહ બોલ્યો "લખધીર જા તો, એનાં લુગડાં ઉતરાવી તપાસી જો કે એ બ્રાહ્મણ છે?"

લખધીરે તેનાં લુગડાં ઉતરાવ્યાં. ખભે ખડીઓ હતો, તેમાં બે ચાર જાતનું અનાજ ભેગું હતું. એક ખાનામાં થોડો લોટ હતો. બીજા ખાનામાં અડદની બે મુઠીઓ દાળ અને આઠ દશ મીઠાની કાંકરીઓ હતી. એક ખાનામા મોટો શંખ હતો. તેના શરીર પર જનોઇ નવું હતું. તે જોઇ જાલમસિંહ બોલ્યો.

"બાપુ તમે માનતા નથી પણ આ વેશધારી બ્રાહ્મણ જયદેવ છે. એ ખરો બ્રાહ્મણ હોય તો જનોઇ નવું ક્યાંથી હોય ? અલ્યા એ બોલને આ જનોઇ બનાવટી ધારણ કર્યું છે ?"

"અરે ભાઇ ગઇ કાલે એક જજમાનને ત્યાં બપોરે જમીને જરાક આડો થયો હતો જજમાનના અટકચાળા છોકરાએ છરી વડે મારી જનોઈ કાપી નાખ્યું. તેથી આ નવું જનોઈ ધારણ કર્યું છે." બ્રાહ્મણે જવાબ દીધો. બ્રાહ્મણે કપાળમાં ભસ્મ લગાવીને સુખડ ચંદનનાં ટીલાં–ત્રિપુંડ કર્યાં હતાં. વચ્ચે કંકુના ચાંલ્લા કર્યા હતા.

તેનું ઉઘાડું શરીર જોઇ લખધીર બોલ્યો. "આ શરીર બ્રાહ્મણનું હોય એવું જણાતું નથી. આતો કસાયલું અને લડાયક શરીર છે. લાડુ ખાનાર બ્રાહ્મણનાં આવાં લડાયક શરીર ન હોય."

"તારા કે તેજ મેં ચંદ્ર છુપે નહિ.
સૂર્ય છુપે નહિ બાદલ છાયા;
રાડ પડે રજપૂત છુપે નહિ,
× × × ×
કર્મ છુપે નહિ ભભૂત લગાયા"

જાલમસિંહને ખાત્રી થઇ કે આ વેશધારી છે, તેથી તેણે બ્રાહ્મણ ઉપર તરવાર ઉગામી. પણ દોડતા આવી રૂપસિંહે પુત્રનો હાથ પકડી લીધો. અને ગુસ્સાથી બોલ્યો.

"આ જાલમ તો કંઈ સમજે જ નહિ. તરવાર તાણવાનું જાણે છે. બુદ્ધિને અને એને બાર બાર ગાઉનાં અંતર. તને ખાત્રી છે કે એ બ્રાહ્મણ નથી ? બ્રહ્મહત્યા કરી કુળમાં ડાઘ લગાડીશ. તો બ્રહ્મહત્યાનો કોઇ છાંટોએ લેશે નહિ. અને ન્યાતબારો રહીશ. ધીરજ રાખ. અહીંથી નાસીને ક્યાં જવાનો છે"

"બધા અક્કલના દરિયા છો તે જોયા. જાલમસિંહે ક્રોધથી ઉત્તર આપ્યો. અને બાપ દીકરા વચ્ચે બોલાબોલી થઈ. તેથી બ્રાહ્મણની વાત જરાક ઢીલી પડી. જાલમસિંહ તરવાર મ્યાન કરીને વેગળો જઈ બેઠો."

અત્યાર સુધી શાન્ત બેઠેલા રણછોડજી વૃદ્ધ હતા તે બોલ્યા "બાપા લખધીર! તમે બધા કહો છો કે આ જયદેવ જેહવાનો અમલદાર છે તો એને અહીં આવવાની શી મતલબ? શું કમાવા એ અહીં આવે? મને તો આમાં કંઈ સમજણ પડતી નથી. એ અમલદાર થયો હશે તે એને કંઈ ખબર નહિ હોય, કે વાઢેલાના થાણામાં જઈશ તો હાડકુંએ આખું નહિ રહે?"

"બાપા તમે એ કાવાદાવા ન સમજો. એ આપણી હીલચાલ જોવા વેશ બદલીને આવ્યો હોય." લખધીરજીએ ઉત્તર આપ્યો.

"એ ત્યાં બેઠો હતો. તે આપણી હીલચાલ શું જોવાનો હતો એ બધી તમારા મનની નબળાઈ છે. તેને મારી નાખવો હોય તો અમારી ના નથી પણ કોઈ અજાણ્યો માણસ અંદર આવે તો તે ક્ષમા પાત્ર નથી? તેને મારીજ નાખવો એ અન્યાય કહેવાય." ડુંગાજીએ ઉત્તર આપી શિખામણના રૂપમાં એ શબ્દો કહ્યા.

બ્રાહ્મણ કહે "બાપા તમારૂં રણછોડરાય ભલું કરે. આપે ખરૂં કહ્યું છે હું અજાણપણે ભૂલેચૂકે આવી ચડ્યો છું. ગરીબ બ્રાહ્મણ છું મને જવા દો. દાન દક્ષિણા આપવી તો રહી પણ જીવતો તો જવા દો. વાઢેલા થઈ જરાક તો દયા કરો."

મોહન મહેતો બોલ્યા "તું બ્રાહ્મણ હોય તો કોઈની ઓળખાણ આપે છે કે બ્રાહ્મણ છું. ઓળખાણ હોય તો તને જવા દઉં."

"અહીં પરદેશમાં મને કોણ ઓળખે? અહીં મારૂં સગુ વહાલું પણ નથી. મારી ઓળખાણ રણછોડરાય છો. બીજું કોણ? બ્રાહ્મણે જવાબ આપ્યો.

અત્યંત આનંદ થયો. અને તેની સાથે પોતાના મનમાં જયદેવનાં મૂલ અંકાયાં. " ધન્ય છે એની વીરતાને."

દીવાન વેણીશંકર ઓઝાએ રાણાના હુકમથી બેટમાં સમાચાર મોકલાવ્યા કે 'તમારા ભાઈ રૂપસિંહ વાઢેલ અને તેના સાથીઓ અમારી સરહદ દબાવી પ્રજાને ઉપદ્રવ કરતા હતા તે કારણે તેમને સર્વેને કેદ કરી ધુમલીમાં રાખ્યા છે. આપ હવે તેમના સંબંધે શો અભિપ્રાય જણાવો છો ? આપના તરફથી કંઇ પણ ઉત્તર નહિ આવે તો એક માસ પછી સઘળાઓનો રાજ્દ્રોહના ગુન્હા માટે શિરચ્છેદ કરવામાં આવશે."

કરવા માંડી.

"શરણ પડયો ભગવાન, તમારે૦—
કૃપા કરો કરુણાનિધાન, શરણ પડયો ભગવાન,
અણધાર્યો આ મૃત્યુને કાંઠે, આવી ઉભો આ બાળ,
દીનદયાળ ઉગારો મુજને નહિ તો ખુટયો કાળ,
સહાય કરો નંદલાલ. શરણ૦—
અંતર દુઃખીઓ બહારજ દુઃખીઓ દુઃખીઓ થયો હું બેહોલ,
લાજ લુંટ છે વાઢેલા આજે મારો બ્રાહ્મણનો બાળ,
દોહ્યલી વેળાનો તું દયાળ. શરણ૦—
સહન કરી થાકયો હવે તો રહેતું નથી કંઈ ભાન,
પળપળ વસમી જાય છે આ પ્રભુ ખૂટતાં ધીરજ ને ધ્યાન
મુંઝાતા અતિશય પ્રાણ. શરણ૦—
શરણ પડયો ભગવાન, તમારે શરણ પડયો ભગવાન"

ઉપર પ્રમાણે ગદ્ગદ્ કંઠે થઇ જયદેવે પ્રભુનું શરણ માગ્યું. અને તે વખતે ક્રૂર થયેલા વાઢેલાનાં હૃદયો પણ નરમ થયાં. વાઢેલા ગમે તેટલા નિર્દય હતા પરન્તુ તે હિન્દુ હતા, રજપૂત હતા. શ્રી

કૃષ્ણના ભક્ત હતા. નિર્દયતાની જગાએ તેમના હૃદયમાં દયાએ સ્થાન લીધું. દયા એ હિન્દુઓનો મહાન ગુણ. બ્રાહ્મણને મારવાના વિચારો તેમના મનમાંથી નાસી ગયા.

પ્રભુ પ્રાર્થના થયા બાદ જયદેવે આંખો ઉઘાડી જોઇ લીધું, કે વાઢેલાઓ ઉપર પ્રાથનાની અસર થઈ છે. તેથી તેણે એક મોટો શંખ પોતાની ઝોળીમાં હતો તે કાઢયો અને જોરથી ફુંકયો.

શંખનાદ થતાંજ વહેળા તરફનો નાનો કોટ કુદી હથિયારબંધ પચાસ પહેલવાનો આવી પહોંચ્યા. એકેએક વાઢેલાને બબ્બે જણ વળગી પડયા. વાઢેલાના માથાની પાઘડીઓ–ફાળીઆં વડે તેમના હાથપગ બાંધ્યા. રણધીર અને ગંગાભારથી તરવાર તાણી ઉભા. "જો એક પણ શબ્દ બોલ્યાં છો તો માંથાં જુદાં થશે." એમ ધમકી આપતા હતા.

જયદેવ પોતાની જગાએથી ઉઠયો. મોહન મહેતાના ટેબલમાં અને ટેબલ ઉપર જેટલાં કાગળીઆં લખેલાં પડયાં હતાં તે બધાએ ઉઠાવી ઝોળીમાં નાખ્યાં.

હાથપગ બાંધેલા વાઢેલાઓને પીઠપર ઉઠાવી રણધીરનાં માણસો વહેળા તરફ લઈ ગયા. વહેળામાં આઠ દશ ગાડીઓ ગંગાભારથીએ તૈયાર રખાવી હતી. વાઢેલાઓને તેમાં નાખી ઝડપથી ગાડીઓ ગઢ-કોટા તરફ હંકારી. આ વખતે સંધ્યાકાળ થઇ ગઈ હતી.

વહેળામાં રાખેલા ઘોડાપર સ્વાર થઇ જયદેવ આગળ જતો રહ્યો. ગંગાભારથી અને રણધીર પચાસ યોદ્ધાઓ સાથે ગાડીઓ સાથે ચાલવા લાગ્યા.

વાઢેલા બળવાન તો હતાજ પરંતુ આવા ઓચિંતા હુમલાથી અને નવાઈ પમાડે તેવી રીતના ઘસારાથી તેઓ ગભરાઇ ગયા. અવાચક થઇ ગયા. તેથી તેઓ કંઇ કરી શકયા નહિ. ખુલ્લા મેદા-

નમાં લડવાનું હોત તો પચાસ યોદ્ધાઓને નાસતાં ભાંય ભારે થઇ પડત.

યુક્તિથી સિંહને પાંજરામાં પુરી જયદેવ ગઢકોઠે જઈ પહોંચ્યો. ત્યાંથી બસો માણસનું લશ્કર ગાડીઓ સામે રવાના કર્યું. વખતે વાઢેલાઓ રસ્તામાં તોફાન કરે અને છુટા થઇ જાય તો કરેલી મહેનત પાણી થાય.

બસો માણસ ઉઘાડી તરવારે વાઢેલાની ગાડીઓ પાછળ વિંટળાઇ વળ્યું. ગાડીઓ ગઢકોઠામાં દાખલ થઈ.

જુદી જુદી કોટડીઓમાં વાઢેલાઓને રાખ્યા. ખાવા પીવા, સુવા વગેરેનો બંદોબસ્ત કર્યો. તેમની સાથે માનભર્યો વર્તાવ રાખ્યો. ઘર યાદ ન આવે એવી સરભરા કરી. ગમે તેમ પણ વાઢેલા રાજા હતા.

આ બનાવથી સૌથી વધારે ક્રોધ તો જાલમસિંહને ચઢયો. તેણે પોતાના પિતા અને બીજાઓને સંબોધી કહ્યું. “તમે કહેતા હતા કે એ બ્રાહ્મણ છે. મોટાં દયાનાં દેવળ થયા હતા તે હવે સ્વાદ ચાખ્યો. એ જયદેવના તો ત્યાંજ કટકા કરી નાખવા હતા, પણ બાપુએ મારો હાથ પકડયો. ભગત થયા! એમના પાપે આપણે બધાય હવે મરવાના. હવે રાણો આપણને છોડશે?”

“ભાઇ જાલમ! એમાં ‘ભગત’નો દોષ નથી. એ હરામખોરે જ પહેલેથી લુચ્ચાઇ કરી હતી. બધી ગોઠવણ અગાઉથી કરી રાખીને એ આવ્યો હતો, એને મારી નાખ્યો હોત તો આપણાએ ડોકાં ધડપર રહેવા પામત નહિ એવી એની ગોઠવણ હતી.” બુઢ્ઢા રણછોડજીએ કહ્યું.

જે વખતે વાઢેલાઓને ગાડીઓમાં નાંખ્યા તે વખતે તેમણે તોફાન કરવા માંડયું. બુમો પાડવા માંડી. શરીર પછાડવા માંડયા. પણ

ઘણા આગળ તેમનું કંઇ વળ્યું નહિ. તેથી જયદેવને ફાવે તેમ ગાળો દેવા લાગ્યા. અને એ રીતે પોતાનો ક્રોધ સમાવવા લાગ્યા.

ગઢકોઠામાં પહોંચ્યા પછી જયદેવે બે સ્વારોને ચિઠ્ઠી આપી ધુમલી તરફ રવાના કર્યા. ચિઠ્ઠીમાં એક હજાર લશ્કરની માગણી કરી હતી. "વાઢેલાઓ પકડાયા છે. તેમને ગઢકોઠામાં કેદ કર્યા છે. બચાવ માટે લશ્કરની જરૂર છે. વિલંબ થશે તો બાજીનો રંગ બદલાઈ જશે." એવી મતલબની ચિઠ્ઠી લઈ સ્વારો મારતે ઘોડે ધુમલી પહોંચ્યા.

સેનાપતિ અમીરખાનને ચિઠ્ઠી મળી. ચિઠ્ઠી વાંચી તેના હૃદયમાં ગરમ તેલ રેડાયું. મન સાથે બોલ્યો. "મારી કેટલાયે વર્ષની મહેનત એ છોકરાએ બરબાદ કરી. તેને ટુંકો કરી નાખવાની મારી ચિઠ્ઠીનો ઉપયોગ ન થયો. બકરૂં કાઢતાં ઊંટ પેઠું હવે શું કરવું?"

આ તરફ માળીઆમાં શું થયું? વાઢેલાઓ નિયમ પ્રમાણે ઘેર ન ગયા એટલે તેમનાં થાણાનાં ચોકીદારોએ તપાસ કરી. માળીઆમાં કોઈ ન મળે, સમાચાર કહે તેવું કોઈ નહોતું. મોહન મહેતો પણ સાથેજ બંધાયા હતા.

લગભગ સવાર થવાની તૈયારીમાં વાઢેલાઓના લશ્કરમાં ખબર પડી કે રૂપસિંહ વગેરેને બાંધી ગઢકોઠામાં કેદ કર્યા છે.

વાઢેલાઓનું બે હજાર માણસ હથિયારબંધ થઈ ગઢકોઠા પર ઊતરી પડ્યું. જયદેવ અને રણધીરને ખબર મળી. "વાઢેલાઓને છોડાવવા લશ્કર આવે છે." ગઢકોઠામાં આઠસો માણસનું લશ્કર, અંદર કેદીઓ, હવે રક્ષણ કેવી રીતે કરવું? ધુમલી તરફથી માગેલી મદદ પણ ન આવી. જયદેવ અકળાયો. પોતાના યોદ્ધાઓને ગઢકોઠાના રક્ષણ માટે સ્થળે સ્થળે ગોઠવી દીધા. દરવાજા આગળ બસો યોદ્ધાઓ સાથે પોતે ઊભા. વાઢેલાઓના લશ્કરની મોટી સંખ્યા જોઈ જયદેવે દરવાજા બંધ કરાવ્યા. કોટ પર રણધીર યોદ્ધાઓ સાથે ઊભોજ હતો.

" ત્યારે મરવા તૈયાર થા. અને તે પહેલાં તારે કંઈ ઇચ્છા હોય તો માગી લે." રૂપસિંહ બોલ્યો.

જો મને મારીજ નાખવાનો હોય તો છેલ્લી વખત પ્રભુને રણ-છોડરાયને યાદ કરી લેવા દ્યો. બ્રાહ્મણે માગણી કરી.

" ભલે એમ હોય તો પ્રાર્થના કરી લે." વાઢેલાઓમાંથી બે ત્રણ જણ બોલ્યા.

બે હાથ જોડી આંખો બંધ કરી બ્રાહ્મણે મોટા રાગથી પ્રાર્થના બોલ્યો:–"રૂપસિંહ વાઢેલ ! ! તમને છોડાવવા તમારાં માણસો ગઢ બહાર ઉભાં છે. દરવાજાને આગ લગાડવાનો પ્રયત્ન કરે છે. પરન્તુ એમ તમે છુટો તેવું નથી. દરવાજાને આગ લાગતાની સાથે આ સૈનિકો તમારાં માથાં વાઢી નાખશે. વીસમાંથી એકે નહિ બચો. એમની ધારણા નિષ્ફળ જશે. અને પછી અમારૂં તો જે થવાનું હશે તે થશે. માટે જો તમારે જીવવાની આશા હોય તો તમારા હાથ દસ્કતથી એક ચિઠ્ઠી લખી બહાર ઉભેલા લશ્કરને પાછું મોકલી દો. તમારા શરીરને ઉનો વા પણ નહિ લાગવા દઉં."

બાજુની કોટડીમાંથી જાલમસિંહ બોલ્યો. " કદાચ આ માથાં જુદા થાય તો શું ? મોતનો અમને ભય નથી. "

રૂપસિંહે કહ્યું, " રણછોડજીને મારી પાસે લાવો તો વિચાર કરી જવાબ દઉં. બાકી જાલમસિંહને તો બોલવાનું ભાન નથી."

વૃદ્ધ રણછોડજી અને રૂપસિંહ બન્ને મળ્યા. રૂપસિંહ વૃધ્ધ રણછોડજીની સલાહ માટે જયદેવે કરેલી વાત કહી બોલ્યો. "આમાં તમે શી સલાહ આપો છો ? એ જયદેવના બોલવા પર મને વિશ્વાસ નથી. "

"ભાઈ રૂપસિંહ તું નથી જાણતો કે પત્થરતળે હાથ આવ્યો તે ધીમે ધીમે કળથી ખેંચી લેવો. બળ કરી ખેંચવા જતાં હાથ તુટી

જાય માટે અત્યારે એ જયદેવ જેમ કહે તેમ લખી આપો. જીવતા રહીશું તો તકરાર કરતા ક્યાં નથી આવડતું." રણછોડજીએ સલાહ આપીઃ—

ચિઠ્ઠી લખવા મોહન મહેતાને એક કોટડીમાં બહાર કાઢ્યા. મોહન મહેતો જૈન હતો. દયાનો દરિયો હતો, પણ પેટ માટે વાઢેલાં-ઓના હુકમ પ્રમાણે કાળાં ધોળાં લખવાં પડતાં.

રૂપસિંહના હુકમ પ્રમાણે ચિઠ્ઠી લખી. ચિઠ્ઠીમાં નીચે મુજબનો મજકુર હતો.

ભાઈ કેશરજી તથા તેજમલ.

તમે અમારા છુટકારા માટે લોહી રેડી રહ્યા છો, પણ આ હુમલામાં તમે ફાવશો નહિ. કારણ તમારા ઉતાવળા પગલાથી અમારા જીવ જોખમમાં છે. વળી આ ગઢમાં જોદ્ધાઓનું બળ વધારે છે. અમારી ખપ હોય તો હાલ થોભી જાઓ અને આપણા ગઢમાં પાછા જાઓ.

ઉપર પ્રમાણે ચિઠ્ઠી લખાવી નીચે રૂપસિંહ, જાલમસિંહ, રણછોડજી લખધીર વગેરેની સહી કરાવી. અભણ હતા તેમના અંગુઠાની છાપ લીધી અને છેવટે લી. મોહન રતનચંદ મહેતાના જુવાર એમ લખાવ્યું અને તે ચિઠ્ઠી જયદેવને આપી. પોતાના એક વિશ્વાસુ માણસને ગઢકોઠામાંથી બહાર કાઢ્યો. ચિઠ્ઠી આપી વાઢેલના દળમાં મોકલ્યો.

તેજમલ અને કેશરજીએ ચિઠ્ઠી વાંચી લશ્કરને ઉદ્દેશી બોલ્યા, "વીરો નકામાં લોહી વહેવડાવવાની હવે જરૂર નથી. તમારા સરદારની આ ચિઠ્ઠી આવી છે. પાછા જવાનો હુકમ છે."

દરિયાનાં મોજાં સમી જાય તેમ વાઢેલાઓનું લશ્કર જતું રહ્યું. 'ગઢકોઠા' નિર્ભય થયો.

"રણધીર ! હવે વાઢેલાઓને ધુમલીમાં લઇ જવાં છે માટે શી યોજના કરવી." જયદેવે પૂછ્યું.

"હમણાં બે દિવસ અહીંજ મુકામ રાખવો એમ મારો મત છે. કારણ વખતે વાઢેલાઓ છંછેડાયેલા છે. રસ્તામાં હુમલો કરે તો જીતી બાજી હારી જવાય." રણધીરે પોતાનો મત દર્શાવ્યો. જયદેવને તે યોગ્ય લાગ્યો અને બહાર ગપ ફેલાવી કે વાઢેલા ધુમલીમાં પહોંચી ગયા.

પ્રકરણ ૨૨ મું

વાઢેલાઓ ધુમલીમાં કેદ

પુરતા બંદોબસ્ત સાથે બંધ ગાડીઓમાં વાઢેલા સરદારોને ચોથે દિવસે ધુમલી તરફ રવાના કર્યા. ગઢકોહામાંથી પરોઢમાં ગાડીઓ રવાના થઇ. ગાડીઓ સાથે સોએક લશ્કરી સિપાઇઓ રાખ્યા હતા. બીજું લશ્કર ગઢકોહાના રક્ષણ માટે રાખ્યું હતું.

ગાડીઓ ધીમી ચાલે ચાલી જાય છે. ગાડીવાન પૂરતી કાળજીથી બળદ હાંકે જાય છે. આ રીતે અર્ધો માર્ગ ટુંકો કર્યો. ગાડીઓ પાંચ ગાઉ આવી પહોંચી.

ધુમલી અને ગઢકોહા વચ્ચે અડધે એક વિકટ જગા હતી, ઘણી વખત વટેમાર્ગુઓ એજ સ્થળે લુંટાતા હતા. વાળીનાથ નામનો એક અઘોરી પહેલાં એ સ્થળે રહેતો તેથી તેનું નામ 'વાળીનાથનો ચરો' પડયું હતું.

'વાળીનાથનો ચરો' એટલે બોરડી, કંથેર અને કેયડાનાં કાંટાવાળાં

જાળાવાળી એક એક ગાઉ ફરતી જગા. ચોમાસાના પાણીથી ખાડા ટેકરા થઇ ગયેલી જમીન.

વાઢેલાઓને આજે ધુમલી લઈ જાય છે એવી ખબર તેજમલને મળી. પોતાનાં બધા માણસો સાથે 'વાળીનાથના ચરા'માં જઈ ભરાયો.

ગાડીઓ ચરાના મધ્યમાં આવી. એટલે તેજમલે સીટી મારી. તે સાથેજ જાળામાં સંતાયેલાં શસ્ત્રધારી બસો માણસો ઝળકી ઉઠયાં જેઠવાના સૈનિકો સાવધ થયા. યુદ્ધ મંડાયાં ગાડીવાનોને મારી તેમની જગાએ વાઢેલાનાં માણસો ગોઠવાયાં.

જેઠવાનાં અને વાઢેલાનાં માણસો મરાવા લાગ્યાં. ગાડીઓ ધુમલીના માર્ગેથી પાછી વળી. વાઢેલાનાં થાણા તરફ વળી. પરંતુ એટલામાં તો જેમ કોઇ દેવ આકાશમાં ઉતરી આવે તેમ–જયદેવ ધુમલી તરફથી પાંચસો રજપૂત યોદ્ધાઓ સાથે આવી પહોંચ્યો. વાઢે-લાઓ પર તુટી પડયો. ગાડીઓમાં પુરાયેલા સરદારોએ છુટા થવા ઘણાં ફાંફાં માર્યાં પણ વ્યર્થ. વાઢેલાઓ વઢાઈ ગયા. અને પાછી ગાડીઓ ધુમલીના રસ્તે પડી. થોડા વાઢેલા બચ્યા તે જીવ લઈ નાઠા ને ગઢ ભેગા થઈ ગયા.

વિજયવંતા યોધ્ધાઓ સાથે વાઢેલા સરદારોને કેદ કરી લાવી જયદેવ ધુમલગઢમાં પેઠો.

રાજ્યના તુરંગખાનામાં ગાડી ગઇ. વાઢેલાઓને પાછા કોટડીઓમાં પૂર્યા. યમદૂત જેવા સૈનિકોના પહેરા મુકાયા. જયદેવ પોતાને મુકામે ગયો. જતી વખતે તુરંગના ઉપરીને જયદેવે હુકમ કર્યો કે " આ વાઢેલા બેટ શંખોદ્ધારના રાજા છે, માટે તેમની સરભરામાં કંઈ ઉણપ ન રહે. એ આપણા મેમાન છે એમ સમજી તેમની સાથે વર્તજો."

રાણા ભાણજીને સમાચાર મળ્યા કે "સરહદ પર વાઢેલા સરદારો કેદ પકડાયા છે. ધુમલીના તુરંગખાનામાં તેમને રાખ્યા છે." રાણાને

અત્યંત આનંદ થયો અને તેની સાથે પોતાના મનમાં જયદેવનાં મૂલ અંકાયાં. "ધન્ય છે એની વીરતાને."

દીવાન વેણીશંકર ઓઝાએ રાણાના હુકમથી ભેટમાં સમાચાર મોકલાવ્યા કે "તમારા ભાઇ રૂપસિંહ વાઢેલ અને તેના સાથીઓ અમારી સરહદ દબાવી પ્રજાને ઉપદ્રવ કરતા હતા. તે કારણે તેમને સર્વેને કેદ કરી ધુમલીમાં રાખ્યા છે. આપ હવે તેમના સંબંધે શો અભિપ્રાય જણાવો છો? આપના તરફથી કંઈપણ ઉત્તર નહિ આવે તો એક માસ પછી તે સઘળાઓનો રાજ્યદ્રોહના ગુન્હા માટે શિરચ્છેદ કરવામાં આવશે."

જયદેવ આરામ માટે ગાદી તકીએ પડયો. ત્યાં ગંગાભારથી પધાર્યા. ગંગાભારથી આજે આનંદના પુર બહારમાં હતા. મોહન મહેતાના ટેબલ પરના બધાં કાગળીઆં જયદેવે પોતાની ઝોળીમાં નાખ્યાં હતાં તે તમામ ગંગાભારથીએ લઈ લીધાં હતાં. એ કાગળોની એમને કેમ જરૂર હતી? એ પત્રોમાં એવું શું છે કે જેને લીધે ગંગાભારથી આનંદ સાગરમાં મસ્ત થઇ ગયા છે?

ગંગાભારથીને જોઇ જયદેવ બેઠો થયો. "પધારો મહારાજ! કાગળો જોઈ લીધા હશે. તમારી ધારણા સફળ થાય તેવું કંઈ છે?" જયદેવે પ્રશ્ન કર્યો.

"વીર જયદેવ! હવે મારા પગમાં જોર આવ્યું છે. પ્રતિજ્ઞા પૂર્ણ થવાની બધી આશાઓ આ પત્રથી સજીવન થઇ છે. આજ પંદર પંદર વર્ષથી પહાડની શલ્યાઓનાં સેવન કરી ધીરજ રાખી દુઃખ સહન કર્યું તેનું ફળ હવે મળશે.

મારા કુટુંબની દુર્દશા કરાવનાર મારા ભાઇને મારનારનું વેર હું હવે લઇ શકીશ. પંદર વર્ષનો સળગતો અગ્નિ બુઝાશે. બળતું હૃદય હવે શાન્ત થશે. તે દુષ્ટને બુરા હાલે મરતો મારી નજરે હવે હું જોઈ

શકીશ. જયદેવ, મારી મદદ માટે પ્રભુએ તને મોકલ્યો છે. એવી મને ખાતરી થાય છે. તારો બદલો હું કેવી રીતે વાળીશ!!!" ગંગાભારથીના ગળામાંથી ઉપકારથી દબાયેલા શબ્દો નીકળ્યા.

"મહારાજ પ્રભુનો ઉપકાર માનો કે તેણે આપણી પ્રતિજ્ઞા પૂર્ણ થવાના સંજોગો આપ્યા. પરન્તુ મને સમજાવો કે આ પત્રોમાંથી શી હકીકત આપણને મદદ કર્તા થઈ પડે તેમ છે? જે હકીકત છે તે પાયાદાર છે કે કેમ? તે સવિસ્તર મને જણાવશો." જયદેવે કાગળોના ભેદ સમજવા કહ્યું.

મહારાજ ગંગાભારથીએ આડું અવળું જોઈ પૂછયું. "આપણા સિવાય અહીં બીજું કોઇ આવે તેમ તો નથી ને? કારણ પાંચમે કાને આ વાત જાય તો પરિણામ સારૂં ન આવે."

"મારી રજા સિવાય આ મકાનમાં તમારા સિવાય કોઈ પણ આવે તેનો શિરચ્છેદ કરવાનો હુકમ પહેરેગીરને આપી દીધો છે. એટલે આપ નિશ્ચિંતપણેથી બેસો." જયદેવે ગંગાભારથીની શંકાનું નિવારણ કર્યું.

ગંગાભારથીએ કાગળોનું પોટલું ઝોળીમાંથી બહાર કાઢયું. ચાલીસેક કાગળોનું પોટલું હતું. તેમાંથી જરૂરના ઉપયોગી આઠ પત્રો મહારાજે હાથમાં લીધા. તે આઠ કાગળો ગંગાભારથીએ પહેલાં વાંચ્યા હતા અને તેને તિથિવાર પ્રમાણે બરાબર ગોઠવી રાખ્યા હતા. તે પત્રોમાંથી પહેલો પત્ર તેમણે વાંચવા માંડયો.

"સરદાર રૂપસિંહ વાઢેલ,

"તમારા લખવા પ્રમાણે અહીંની હકીકતથી વાકેફ કરવા આ પત્ર તમને લખ્યો છે. રાણાનાં ગામો પર તમારો હક્ક છે. એવી તકરાર કરશો તો તમે ફાવશો. તમારા મોટાભાઇ દુદનસિંહ વાઢેલ 'ભગત' છે. તેથી લડાઈ કરવાનું ભલે ના કહેતા હોય. પરન્તુ રાજ્ય વધારવા

માટે હાથ આવેલો લાગ જવા દેશો તો પાછળથી પસ્તાશો. હું તમારા ભલાને માટે કહું છું કે લક્ષ્મી ચાંલ્લો કરવા આવી છે. તો મોં ધોવા માટે વખત ગાળવો નહિ. તરત કપાળ ધરવું. હું અને મારા તાબાના માણસો તમારી મદદમાં છીએ. તે સંબંધમાં આપણે રૂબરૂ કરાર થયેલા છે. માટે દાવ ભૂલવા જેવો નથી. એજ.

સંવત ૧૩૬૪ના ફાગણ વદ ૫
રાજુલ્લાખાનની સહી. દા. પોતે "

"જયદેવ આ પત્રથી તમને સમજાયું હશે કે તે પાપીએ કેવી ગોઠવણી કરવા માંડી છે. 'બેદિલ નોકર દુશ્મનની ગરજ સારે છે.' રાજુલ્લાખાન કેવો નિમકહરામ છે તે હજી તો આગળના પત્રો વાંચવાથી સમજાશે." એમ કહી બીજો પત્ર જે ખાસ મુદ્દાનો હતો તે તેમણે વાંચવા માંડ્યો.

"તમે સ્વેચ્છાથી જે તકરાર ઉભી કરી છે. તેમાં તમને જય મળ્યો છે. અને હજી પણ વધારે ગામો દબાવી પચાવશો તો પણ તમને હરકત નહિ આવે. તે દિવસની માફક વેશ બદલી મને મળી જશો તો રૂબરૂ વધારે વાતચિત થશે અને અહીંથી સ્થિતિ નજરે જોવાશે. અહીંના ઘડી ઘડીના સમાચાર કાળોજી તમને પહોંચાડશે. સંદેશા લઇ જવા લાવવાના કામમાં તે ઘણો બાહોશ જણાય છે. હવે તમે 'ગઢકોઠા' પર હુમલો લઇ જઈ તે લઇ લ્યો. પછી ધુમલીને ઘેરી લેવા તજવીજ કરશો. ધુમલીને ઘેરી લેશો તે વખતે મારા હજાર સિન્ધીઓના લશ્કર સાથે હું આપને આવી મળીશ. આ પત્ર ગુપ્ત રાખવા જેવો છે. તમારા પુત્રને પણ વાત કહેશો નહિ. અમારી મદદના બદલામાં તમારે શું કરવાનું છે. તે સંબંધમાં થયેલી વાતચિત તમને યાદ જ હશે."

૧૩૬૫ના જેઠ સુદ ૧૦
સહી રાજુલ્લાખાન "

પત્ર વંચાતો હતો ત્યારે જયદેવ ગંગાભારથીના મુખનું અવ-લોકન કરી રહ્યો હતો. મુખ ઉપર હર્ષની લહેરીઓ આવતી હતી. આંખોમાં જુસ્સો જણાતો હતો. તે પછી બીજા બે ત્રણ પત્રો વાંચ્યા. અને તેમાં પણ એવીજ મતલબ હતી.

રાજુલ્લાખાને ધુમલીમાં પગ મૂકયો તે દિવસથી જ તેની મહેચ્છાઓ પ્રતિદિન વધતી જતી. છેવટે રાણાને મારી નાખી તેનું રાજ્ય પચાવવાની ઇચ્છાએ તેના હૃદયે વિશ્વાસઘાતનું રૂપ ધારણ કર્યું.

વાઢેલાઓને તેણેજ ઉશ્કેર્યા હતા. તેઓ ધુમલી પર આવે ત્યારે તેઓને મદદ કરવી. તેના બદલામાં વાઢેલાઓ ધુમલીની ગાદી રાજુ-લ્લાખાનને સોંપે, એવા કરાર વાઢેલાઓ અને તેની વચ્ચે થયા હતા.

રાણો ભાણજી રાજુલ્લાખાનને પોતાના મિત્ર તરીકે રાખતો. અંતરની છુપી વાત પણ તેનાથી અજાણી રાખતો નહિ. ત્યારે રાજુલ્લાખાન પોતાના અન્નદાતાનાં આંતરડાં કાપવાના છુપા દાવ ખેલી રહ્યો હતો.

પરન્તુ મનુષ્યનાં ધાર્યા નકામાં થાય છે. 'હરિ કરે સો હોય.' જગતનું તંત્ર પ્રભુની ઇચ્છાનુસાર ચાલે છે. હુંપણાથી માણસ દુઃખી થાય છે. એ સાચું સુત્ર રાજુલ્લાખાન જેવાના હૃદયમાં કેમ ઉતરે ?

રાજનિતિમાં ખટપટનું વાતાવરણ આવાંજ માણસો ઉત્પન્ન કરે છે. એવી ખટપટ ઉભી કરનારા મનુષ્યો જ સર્વનાશનું મૂળ થઇ પડે છે. થઇ પડયાં છે.

" મહારાજ રાણાજીએ સિન્ધીઓને ધુમલીથી હદ પાર ન કરતાં ફરીથી રાખ્યા એજ મોટી ભૂલ કરી જણાય છે. જે માણસ સાથે એક વખત દુશ્મનાવટ થઈ તે માણસ કદાપિ શત્રુ મટી મિત્ર થાય તો પણ તે વિશ્વાસ પાત્ર નથી."

" રાજ્યમાં સિન્ધીઓ આટલો બધો દવ લગાડી રહ્યા છે. છતાં રાણાજીની આંખ કેમ ઉઘડી નહિ હોય? તેઓ આ બાબતથી કેવળ

અજાણ્યાજ હશે ?" જયદેવે પૂછ્યું.

"ભાઈ જયદેવ! રાણાજી ભોળા અને ઉદાર દીલના છે. તેમની ભલમનસાઇનો ગેર ઉપયોગ થઈ રહ્યો છે. તેમને કને આ વાત પહોંચાડે તેવું કોઈ રહ્યું નથી. જે છે તે સેનાપતિના ભયથી ધ્રૂજી રહ્યાં છે.

રાણા નાગજી ગાદીપતિ હતા ત્યારે સિન્ધીઓનાં કાવતરાં તેમના જાણવામાં આવ્યાં હતાં. તેથીજ સિન્ધીઓને ધુમલીની હદમાંથી કાયમને માટે પાણી છેલ્લું મળવાનું હતું. પરન્તુ તેવામાંજ રાણા નાગજી રાજુલ્લાખાનના દગાથી મરાયો. તેણે રાણાને વિષ આપ્યું હતું. તેના પુરાવા મારી પાસે મોજુદ છે." એમ કહી પોતાની ઝોળીમાંથી એક ઝીણી ચિટ્ઠી કાઢી જયદેવના હાથમાં મૂકી તે તેણે વાંચી અને તાજુબ થઈ ગયો.

ધુમલીનો વૈદ ભૂખણદાસ એને રાજુલ્લાખાને ધન આપી વશ કર્યો હતો. રાજુલ્લાખાને વૈદની મદદથી રાણાને ઠેકાણે કર્યો.

વૈદ ભૂખણદાસે કાતિલ વિષ તૈયાર કર્યું. નાની સીસીમાં ભર્યું. એક ચિટ્ઠી લખી. "સેનાપતિજી આ હળાહળ વિષ છે. માત્ર એકજ સળી પેટમાં જાય એટલે બસ છે."

વૈદ ભૂખણદાસની સલામ

નોકરને સીસી અને ચિટ્ઠી આપી સેનાપતિને ત્યાં મોકલ્યો. નોકરની ગફલતથી ચિટ્ઠી રસ્તામાં પડી ગઇ. પડી ગયેલી ચિટ્ઠી ગંગાભારથીના સાશ્રિતને જડી તેણે ગંગાભારથીને આપી. જે ચિટ્ઠી મહારાજે જયદેવના હાથમાં મૂકી તેજ તે ચિટ્ઠી.

ચિટ્ઠી વાંચી જયદેવે પ્રશ્ન કર્યો. "આ વૈદ હજુ જીવે છે ?" "હા, એ ભૂખણશેઠ તો હજી કેટલાંએ કાળાં ધોળાં કરશે! એમનું આયુષ્ય પુરૂં થયું નથી.

પાપી આત્માની દુનિયાની મુસાફરી ઝટ પુરી થતી નથી.

"રાણાની નજર આગળથી ભેદનો પડદો દૂર કરવાનો આજેજ વખત છે. આ બધા કાગળો રાણા આગળ મૂકી દેવા. તેમનો પ્રેમ તારા પર વધારે છે એટલે આ બાબતમાં ઝાઝા પુરાવાની જરૂર રહેશે નહિ. ગુન્હેગારને રાણો શૂળી પર ચઢાવી દેશે. અને તે સાથેજ મારા અંતરની આગ બુઝાશે. ધુમલી સદાને માટે ભયમુક્ત થશે." ગંગાભારથીએ સૂચના રૂપે દિશા બતાવી.

"આપની સૂચના વ્યાજબી છે પરન્તુ જ્યાં સુધી વાઢેલાઓનો નિકાલ ન થાય ત્યાં સુધી આ પત્રો ખુલ્લા કરાય તેમ નથી." જયદેવે કહ્યું.

'કારણ' ? ગંગાભારથીએ પ્રશ્ન કર્યો.

"કારણમાં એમ છે કે વાઢેલાઓને આ જીભે વચન દેવાઈ ગયાં છે આ પત્રો રાણા આગળ અત્યારે રજુ કરવામાં આવે તો રાણાનો ક્રોધ હદ બહાર જતો રહે અને વાઢેલાઓ ઉપર આફત આવી પડે તે ટાણે મારે વચન ખાતર મરવું પડે. માટે હાલ આ પત્રોનો ભેદ ઉઘાડો પાડવો નહિ. મારી ઇચ્છા છે કે આપ આ બાબતમાં સંમત થશો." જયદેવે પોતાની મુશ્કેલી જણાવી.

"જયદેવ! વાઢેલાં દુશ્મન છે. પરન્તુ ક્ષત્રિય ધર્મ જાણનાર તેં વચનની કિંમત બરાબર જાણી છે. વચન અપાયા પછી તે મિત્ર કે દુશ્મન હોય પણ વચનમાં ફેર ન પડવો જોઇએ. એ ધર્મ તમે બરાબર પાળ્યો છે. તેથી હાલ આ બાબત મોકુફ રાખો. પરન્તુ વચન સાચવવા જતાં આપણે ઘણાજ સાવધ રહેવું પડશે. આ કાગળો માળીઆમાંથી આપણા હાથમાં આવ્યા છે. એ સમાચાર પાપી રાજુલાખાનને પહોંચશે. એટલે એ આપણા જીવ લેવા તૈયારીઓ કરશે. તેથી આપણા પર કયે વખતે આફત આવશે તે કહી શકાય નહિ. માટે સાવધ રહેજો." એમ કહી મહારાજ ઉઠ્યા. બધા કાગળો ઝોળામાં નાખી રસ્તે પડ્યા.

પ્રકરણ ૨૩ મું.

કેદમાંથી મુક્તિ

પ્રજાને પુત્રવત પાળનાર બેટ શંખોદ્ધારના દુદનસિંહ વાઢેલ વિષે આપણે આગળ વાંચી ગયા છીએ.

ધુમલીથી દીવાન વેણીશંકર ઓઝાએ લખેલો પત્ર લઈ આવનાર ઘોડેસ્વાર દુદનસિંહની હજુરમાં હાજર થયો. કવર પર ધુમલી રાજ્યની મહોર જોઈ કવર ફોડયું. પત્ર વાંચ્યો. પોતાનો ભાઈ અને ભત્રીજો વગેરે કેદ પકડાયાના સમાચાર વાંચ્યા પણ તેને ખેદ ન થયો. કારણ આ સમાચાર રૂપસિંહના માણસોએ તરતજ જણાવ્યા હતા. પરન્તુ કેદ પકડાયેલાઓને છુટા કરાવવા તેણે તજવીજ કરી ન હતી. તો શું દુદનસિંહ નિષ્ઠુર હૃદયનો હતો? પોતાનો ભાઇ કેદ પકડાયો અને પોતે શાન્તિથી બેસી રહે તેવો તે હતો? ના, તે નિષ્ઠુર ન હતો. તેના હૃદયના ખૂણેખૂણા પણ દયાથી ભરેલા હતા. પરન્તુ રૂપસિંહ અને રાજુલ્લાખાનની મૈત્રી વિષે તે જાણતો હતો. અને તેના સંબંધમાં એક વખત રૂપસિંહને દુદનસિંહે શિખામણના બે બોલ કહ્યા હતા. કે "ભાઈ રૂપસિંહ!! ધુમલીના જેઠવાઓ અને આપણે ભાઈ જેવો નાતો છે. દૂધ પીવા જેવું છે ત્યાં વિષ પીધા જેવું કરીશમાં.

રાજુલ્લાખાનની સોબત તારે કરવા જેવી નથી. એ તને કોણીએ ગોળ ચોંટાડશે. તે ગોળ તારાથી ખવાશેએ નહિ. અને લાલચ મૂકાશેએ નહિ. એ ભલે તને લાભ સમજાવતો હોય. અને તું એને તારો શુભેચ્છક માનતો હોય. પણ એટલું તો સમજ કે જેના આશ્રયે રહી, જેના લુણથી શરીર પોસ્યાં જેની કૃપાથી અત્યારે રાજ સુખ ભોગવી રહ્યો છે, તેનુંજ જે માણસ ભુંડું ઇચ્છે છે, તે તારૂં

ભલું કેમ ઇચ્છશે ! જેણે પોતાના અન્નદાતાને દગો કર્યો, તે તને કેમ દગો નહિ કરે ? એ પોતાના દાવમાં રમે છે. સિન્ધના જામ ઉન્નડજીને પણ ધુમલી પર આવવાનાં નોતરાં તેણે દીધાં છે. તને પણ પાણી છાંટી રહ્યો છે. એ બધામાં એની શી મતલબ છે તે હું જાણું છું. તને એ નહિ સમજાતું હોય. પણ હું એનાં પગલાં પારખી ગયો છું. ગમે તે પ્રયત્ને ધુમલીનું બળ ક્ષીણ કરી પોતાની સત્તા વધારી ધુમલીના ધણી થઈ બેસવાની તેની ઇચ્છા તેના કર્તવ્ય પરથી ચોકખી તરી આવે છે. એવા અધર્મના ઝગડામાં પડવાની તને મારી સલાહ નથી. હું તારો સ્વભાવ જાણું છું. રાજ વધારવાનો લોભ તમો પિતા પુત્ર બન્નેને છે. પણ બાપ ! ! રૂપસિંહ ! ! ! મનુષ્યની તૃષ્ણાને કંઈ છેડો છે ? તેનો અંત નથી " પાંચ મળે દશ તણી આશ અંતરમાં જામે." અઘટિત તૃષ્ણા તૃપ્ત કરવા જતાં ધર્મથી ભ્રષ્ટ થવાય છે. રાજા એટલે પરમેશ્વરનો પ્રતિનિધિ. એ ભાવના ઉપર અઘટિત તૃષ્ણા પાણી ફેરવી વાળે છે. પ્રભુ નારાજ થાય છે. અને પરિણામે ખમવું પડે છે.

આપણું છે તેટલું સાચવી રહી ધર્મનું પાલન કરશો તો ઘણું છે. નવાં રાજ્ય સ્થાપવાં, તેની વ્યવસ્થા રાખવી એ કામ કઠણ છે. એકલા શરીરબળથી તે પાર પડતું નથી. બુદ્ધિબળની પણ જરૂર પડે છે. તમે બાપ, દીકરો તે કરી શકો તેટલી બુદ્ધિ તમારામાં નથી.

આ શિખામણ રૂપસિંહના ગળે ઉતરી નહિ. તેનો સ્વભાવ મંકોડા જેવો હઠીલો હતો. ખરી કે ખોટી વાત હાથમાં લીધા પછી તેને પુરી કર્યા સિવાય છોડતો નહિ. તે મહાન લડવૈયો હતો. પરન્તુ રાજ્યકાર્યભારમાં તેની બુદ્ધિ ઝીણવટથી કામ કરી શક્તી નહોતી. કાર્યદક્ષ મનુષ્યના હાથ તળે તેને તાલીમ લેવાની જરૂર હતી.

રૂપસિંહના મનમાં થયું કે ભાઈ અત્યારે રાજ્યના ધણી છે. એમને કંઈ સંતાન નથી. કદાપિ કુટુંબમાંથી કોઈને દત્તક લે, તોપછી મારી દશા કફોડી થાય. ભાઈનું મન કંઈક ઓછું જણાય છે. એવા વિચારથી રાણા સાથે કજીઓ આદરી બેઠો.

કુંદનસિંહ તો સજ્જન રાજા હતો. વિદ્વાન હતો. પોતાની પાછળ પોતાના ભાઈ ગાદીપતિ થાય, તેમાં એને લેશપણ રોષ નહોતો. તેમને તે અંતઃકરણથી ચાહતો હતો. તે એમ ઇચ્છતો હતો કે એક ખરા રાજાને લાયક ગુણો તેનામાં આવે!!! જગતના કંઈક અનુભવોથી તેના સ્વભાવમાં કોમળતા આવે. દયા, પાપ પુણ્યને જાણતો થાય તેનું હૃદય સંસ્કારી થાય. તેનામાં સહનશક્તિ આવે અને એ હેતુથી જ તેમને કેદમાંથી છોડાવવા માટે આંખ આડા કાન કર્યાં હતા. જ્યારે ધુમલીનો પત્ર આવ્યો ત્યારેજ ધુમલીના જેઠવારાણાને પત્ર લખવાની જરૂર પડી. પત્રમાં નીચે પ્રમાણેની મતલબ હતી.

"તમારે અને અમારે કોઈપણ બાબતની તકરાર નથી. આપણે એકબીજાના પાડોશી છીએ. 'પહેલું સગું પાડોશી.' કુસંપથી દેશની કેટલી પાયમાલી થઈ છે તે આપણું અજાણ્યું નથી. આપસ આપસમાં લડી નબળા પડી જઈ દુશ્મનોને આધીન થવું, એ શાણપણાંના લક્ષણ નથી. પકડાયેલા વાઢેલાઓને છુટા કરવા બાબતનું જે કરારનામું લખવું પડે, તેમાં મારી સહીની જરૂર પડશે તો હું વગર હરકતે સહી કરી આપીશ. બાકીનું સમાધાન રૂપસિંહ સાથે કરી લેશો. અને પકડાયેલાઓને જલદી છુટા કરશો એવી આશા રાખું છું. સાથેનો પત્ર રૂપસિંહને પહોંચાડવા તજવીજ કરશો. એજ."

બીજો પત્ર રૂપસિંહ પર લખ્યો. "ભાઈ રૂપસિંહ, તમો બધાંને કેદ થયા જાણી દીલગીર થયો છું. નઠારી સોબતનાં ફળ એવાંજ હોય

છે. હશે! બનવાની હતી તે બની ગઇ. પરન્તુ હવે રાણો જે જે શરતે સમાધાન કરવા ઇચ્છે, તે તમામ શરતો સ્વીકારવાની હું તમને ભલામણ કરૂં છું. હા, ના કરશો તો વધારે હેરાન થશો. ધુમલીમાંથી છુટયા બાદ એકદમ બેટમાં આવજો. મારા પાછળ તારા સિવાય કોણ છે? સંસારમાં મારે તારા સામે જોઇ આંખ ઠારવાની છે. હું હવે આ દુનિયામાં થોડા વખતનો મહેમાન છું. આ રાજ તારૂંજ છે. એજ."

બન્ને પત્રો જુદા જુદા કવરમાં બીડયા. ઉપર વાઢેલાઓનો શિક્કો કર્યો. સ્વારને આપ્યા. સ્વાર ધુમલી તરફ રવાના થયો.

ધુમલીની જેલમાં વાઢેલાઓ ઘણા અકળાયા. તેમને જેલમાં કોઇ જાતનું દુઃખ નહોતું. ઘરના જેવા ઠાઠથી રાખવામાં આવ્યા હતા. પણ જેલ એટલે જેલ જ. અવારનવાર દીવાન વેણીશંકર તેમની તપાસે આવતા, જેલ પર રણધીરની સત્તા હતી. જયદેવે તેને સાવધ રહેવાની ખાસ સુચના કરી હતી.

એક દિવસ દિવાન વાઢેલાઓની તપાસે આવ્યા છે. તેમને વૃદ્ધ રણછોડજી વાઢેલે પ્રશ્ન કર્યો. "વેણીશંકર ઓઝા, હવે રાણાએ શો વિચાર કર્યો છે અમને કપટથી પકડી લાવી હવે કયાં સુધી ધુમલીમાં રાખવા છે! જયદેવે અમારે માથે ભૂંડી કરી છે. તેણે અમારો કર્યો કજીઓ ધૂળ મેળવ્યો છે."

"રૂપસિંહે આ કજીઓ સ્વેચ્છાથી કર્યો છે કે બેટના રાજાની સંમતિથી કર્યો છે તે જાણવા બેટમાં માણસ મોકલ્યું છે. ખુલાસો આવ્યાપર વિચાર." દીવાને ખુલાસો કર્યો. અને મુકામે ગયા તો સ્વાર બારણમાં ઉભો હતો તેણે દીવાનને સલામ ભરી અને બે પત્ર કમરપટામાંથી કાઢી તેમના સામે વિનયથી ધર્યા. દીવાને પત્રો લીધા ઉપર બેટની છાપ જોઇ અને બારોબાર રાણાને મહેલે પધાર્યા.

"મહારાજ આ બે પત્રો બેટ શંખોદ્ધારથી આવ્યા છે. એક આપણો છે. બીજાપર રૂપસિંહનું નામ છે." દીવાને પત્રના ભદ સમજાવ્યા.

રાણાના હુકમથી પત્ર વંચાયો બીજો પત્ર જેલપર રણધીરને પહોંચાડયો તેણે રૂપસિંહને પત્ર આપ્યો. મોટાભાઇ દુદનસિંહનો પત્ર રૂપસિંહે વાંચ્યો. બાદ બીજાઓને વંચાવ્યો.

આ તરફ રાણાએ જયદેવને બોલાવ્યો. અને દુદનસિંહનો પત્ર વાંચવા કહ્યું.

જયદેવ, દીવાન, અને રાણો એમ ત્રણ જણ તહનામું ઘડવા બેઠા. જયદેવની સૂચનાથી રૂપસિંહને ત્યાં બોલાવ્યો ચારે જણા એક ઓરડામાં બેસી તહનામું લખ્યું.

૧. જે ગામડાં રાણાનાં છે, તે બધાં તેમને પાછાં આપવાં. ૨. વાઢેલાઓએ રાણાના જે જે ગામડાંઓમાં થાણાં બાંધ્યા છે તે તમામ થાણાં ઉઠાવી લેવાં. ૩. ગઢોમાં રાખેલું લશ્કર ખસેડી લેવું. ૪. ગામોની તમામ સત્તા રાણાને મળ્યા પછી જ વાઢેલા છુટા થાય. ૫. બે વર્ષ સુધી એ ગામડાંઓની ઉપજ વાઢેલાઓએ ખાધી છે તે બદલ એક લાખ, રૂપાના સિક્કા ઘુમલીની તીજોરીમાં પહેલા ભરી દેવા. દુદનસિંહ રાજાના માનની ખાતર આ રકમ દંડ તરીકે ગણાશે નહિ.

૬. આ સુલેહ પછી ભવિષ્યમાં તેનો ભંગ થાય, તેની જામીન-ગીરીમાં બેટના ધણી દુદનસિંહની સહી લેવી.

૭. આ કરારનામાની રૂએ સરહદપર વાઢેલાઓએ લશ્કર રાખવું નહિ. અને એક બીજાએ મિત્ર ભાવે રહેવું.

ઉપર પ્રમાણે દેવ ધર્મની સાક્ષીએ તહનામું લખાયું. રૂપસિંહ અને રાણાએ તેમાં સહી કરી. દુદનસિંહની સહી લેવા સ્વાર દોડાવ્યા. કરારનામાની બન્ને નકલોપર દુદનસિંહે સહી કરી આપી. સહી થઇ આવેલા તહનામાની એક નકલ રાજ્યના દફતરે રહી. બીજી

નકલ રૂપસિંહને આપી. સરહદપરનું વાઢેલાનું લશ્કર બેટ તરફ રવાના થયું. ગામડાંઓ વાઢેલાના અમલદારે ખાલી કરી આપ્યાં રાણાની સત્તા પુનઃ તે ગામડાંઓમાં સ્થપાઈ.

બીજે દિવસે વાઢેલાઓ છુટવાના હતા તેથી રાત્રે તેમને મીજબાની આપી ગાનતાન થયાં. સર્વે જણા સાથે બેસી જમ્યા. વાઢેલાઓ અને જેહવાઓ એક બીજા સાથે આનંદથી જમ્યા જયદેવે પણ આ મીજબાનીમાં સારો ભાગ લીધો હતો. માત્ર જાલમસિંહનો રોશ જયદેવ પ્રત્યેથી ઓછો થયો નહોતો.

સવારે વહેલા વાઢેલા છુટવાના છે તેથી મોટા પરોઢમાં રાણાનું લશ્કર અને અમલદાર વર્ગ ધુમલીના મુખ્ય દરવાજા બહાર આવી ઉભા. રાણા પણ ઘોડેસ્વાર થઈ હાજર થયા. સર્વે વ્યવસ્થિત રીતે ઉભા.

જેલમાંથી વાઢેલાઓને રણધીરે છુટા કર્યા. તેઓ બધા દરવાજે આવ્યા.

રાણા અને રૂપસિંહ મળ્યા અને ભેટ્યા. પછી દીવાન વગેરે સાથે રામરામ કર્યા. લશ્કરે જામગરીવાળી બંદુકો ફોડી વાઢેલાઓને માન આપ્યું. વાઢેલા ગાડીઓમાં બેઠા. ગાડીઓ ચાલવા માંડી. જયદેવ ગાડીઓને કેટલેક સુધી વળાવવા ગયો. છેલ્લી ગાડીમાં જાલમસિંહ હતો. સર્વેની રજા લઈ જયદેવ પાછો પડયો. ત્યારે જાલમસિંહ બોલ્યો "જયદેવ! તેં દગો કરી અમારી મિટ્ટી ખરાબ કરી છે. પણ યાદ રાખજે કે તારૂં માથું મારા પગની ઠોકરે ઉડાવીશ. તારી આંખો પગતળે પીલી નાખીશ ત્યારે જ મને શાંતિ થશે." એમ બોલી ગાડીઓ દોડાવી મૂકી.

જયદેવ તેના મૂર્ખાઈભર્યા શબ્દોપર હસતો હસતો ધુમલી તરફ વળ્યો. અને ગાડીઓ વાઢેલાઓને લઈ ઝાડીમાં અદશ્ય થઇ ગઇ.

પ્રકરણ ૨૪ મું.

ભાગ્યનો ઉદય

જયદેવના અદ્દભુત સાહસ અને પરાક્રમથી રાણાનો ગયેલો મુલક વગર લડાઈએ પાછો આવ્યો તેથી આખા રાજ્યમાં જયદેવની વાહ વાહ બોલાઇ રહી હતી. ધુમલી રાજ્યપરથી કાયમનો ભય દૂર થયો. પ્રજાના જાનમાલને કાયમની અવિચળ શાન્તિ મળી તેથી ધુમલીની શેરીએ શેરીએ જયદેવના યશોગાન ગવાઇ રહ્યાં હતાં.

આજે રાણા ભાણજીના અંતરનો ઉલ્લાસ માતો ન હતો. જયદેવની ચતુરાઇએ, તેના બળ અને બુદ્ધિએ રાણાના મનમાં ઉંચુ સ્થાન મેળવ્યું હતું જયદેવનાં કામની કદર ધુમલીની પ્રજા સમક્ષ થાય એ હેતુથી આજે બપોર પછી ભવ્ય દરબાર ભરવાની સૂચના દીવાને આપી દીધી અને આજનો દિવસ જાહેર તરીકે પળાવવાનો હુકમ કર્યો. હુકમનો અમલ તરત થયો. શેરીએ શેરીએ ડાંડી પીટાઇ, લોકને ખબર મળી. રાજાનો હુકમ એટલે પછી પૂછવું જ શું ? દેવમંદીરોમાં દુંદુભી ગરગડ્યાં, ઘંટનાદ થયા. બ્રાહ્મણો વેદ ભણવા લાગ્યા, કેટલેક સ્થળે નૃત્યગાન થવા લાગ્યાં. ઘેરઘેર આનંદ ઉત્સવ થવા માંડયા. મદોન્મત્ત હાથણીઓની માફક ઝુલતી ધુમલગઢની ગજગામીનીઓ સુંદર વસ્ત્રાલંકાર ધારણ કરી દેવને દર્શને જતી હતી. કેટલીક યુવતીઓ સુંદર રાગે આનંદદાયક ગરબા અને રાસડા લઈ આનંદ કરી રહી છે. આખુ શહેર આજે આનંદના હીલોળે ઉછળી રહ્યું છે.

દરબારગઢ પણ આશોપાલવના તોરણોથી શણગાર્યો છે. ચોઘડીઆઓની શરણાઈના તીણા સૂર હવામાં ગાજી રહ્યા છે.

બપોરપછી દરબાર ભરાવાનું નક્કી કરી ધુમલીના સદ્દગૃહસ્થો અને સજ્જનોને આમંત્રણ આપ્યાં.

રાજમહેલના સભામંડપમાં આજ તો દરબાર ભરવાનો હોવાથી તે મંડપને પૂર્ણ ઠાઠથી શણગારવાનું કાર્ય થઇ રહ્યું હતું. આવવા જવાના રસ્તાઓની બન્ને બાજુ અને ઝાંપાનાં પગથીઆં ઉપર ફુલ ઝાડનાં સુંદર કુંડા ગોઠવી દીધાં હતાં બેઠકમાં ભરત ભરેલા સુંદર ગાલીચા બીછાવી દીધા હતા. અને તે પર ગાદી તકીઆ ગોઠવી દીધા. ગાદી તકીયાપર દૂધ જેવી ઉજળી ચાદરો બિછાવી દીધી.

આજુબાજુ ભીંતોપર ચાકળા સુંદર ગોઠવી દીધાં હતાં. સુંદર તોરણોથી સભામંડપને શણગારવામાં આવ્યો હતો.

રાણાને માટે સુંદર કારીગરીવાળુ સિંહાસન ગોઠવ્યું હતું. ભાયાતોને માટે રાણાની પડખે સાધારણ ઉંચી બેઠક ગોઠવી દીધી હતી. એક તરફ ફલીયદો બીજો મંડપ હતો. તેમાં સ્ત્રીવર્ગને માટે ગોઠવણ કરવામાં આવી હતી. આડા ચક નાખવામાં આવ્યા હતા. મંડપ આગળ ધજા અને નિશાન ફરકી રહ્યાં હતાં. સંભામંડપની તૈયારીઓ થઇ રહી છે. સભા ભરાવાને એકાદ કલાકનો વીલંબ હતો તેવામાં દોડતે ઘોડે કાળોજી સેનાપતિને ત્યાં આવી પહોંચ્યો. સેનાપતિને આપણે ઘણી વખત જોવા ગયા છીએ. તેના સ્વભાવથી પરિચિત પણ થયા છીએ. સેનાપતિ પોશાક પહેરી સભામાં જવાની તૈયારીમાં હતો તેવામાં કાળોજી આવ્યો. મુઆના ખબર લેતો આવ્યો.

ગભરાયેલે ચહેર કાળોજી બોલ્યો " ગજબ થઇ ગયો છે. તમારા હાથદસ્તકવાળા તમામ પત્રો વાદેલાના માળીઆમાંથી ઉપડી ગયા છે. અને એમ માનવામાં આવે છે કે તે તમામ પત્રો જયદેવ પાસેજ છે. અત્યાર સુધી એ પત્રો ખુલ્લા નથી થયા તેનું એક કારણ હતું. જય-

રૂવે વાઢેલાઓને વચન આપ્યું હતું કે તમને જરાકે નુકસાન થવા નહિ દઉં. પરન્તુ હવે એકાદ બે દિવસમાં પત્ર રાણાના હાથમાં જઇ પડશે માટે સાવધ રહેજો. એમ જાલમસિંહે કહેવરાવ્યું છે."

આ સમાચાર સાંભળી સેનાપતિ બેભાન જેવો થઈ ગયો. તેને માથે આભ તુટી પડે તેમ થયું. હાથપગ પાણી પાણી થઈ ગયા. થોડી વાર રહી તે બોલ્યો. "હેં કાળાજી તું આ સાચું કહે છે? તમામ કાગળો તે લઇ ગયો છે? મોતના દિવસો આવ્યા. એ કાગળો રાણાના હાથમાં આવતાની સાથેજ અમારાં માથાં ધડથી જુદાં થશે. ધુમલીના દરવાજે સિન્ધીઓનાં માથાંનાં તોરણો બંધાશે. ધડ ઘાણીમાં ઘાલી પીલાવી નાખશે. હવે કયો ઉપાય કરવો કે બધુ દુઃખ નાશ પામે!"

કાળોજી ફરી બોલ્યો "વળી વધારામાં કહેરાવ્યું છે કે તમે અમને ફરી મદદ કરશો તો અમે ફજીઓ ફરીથી લડીશું."

"બળી તમારી મદદ! અહીં જીવ જાય છે. તેવામાં એને મદદ જોઇએ છે! ઠીક કાળાજી તમે મને બે દિવસ કેડે મળજો." એમ કહી કાળાજીને વિદાય કર્યો.

સેનાપતિ રાજુલ્લાખાન આવી આફતથી ગભરાય તેવો નહોતો તે મહાન કાફર હતો. તે કઠણુ સ્વભાવનો ખૂની માણસ હતો.

તેણે વિચાર કર્યો કે હજી તે પત્રો પ્રગટ થવાને એકાદ બે દિવસ લાગશે તો તે પહેલાં જેની પાસે એ પત્રો છે તેનેજ કાપી નાખવામાં આવે તો બધીએ ઉપાધી મટી જાય. આવા હેતુથી કાલેખાનને બોલાવવા માણસ મોકલ્યો.

આ કાલેખાન કોણ? એમ સહજ પ્રશ્ન ઉદ્દભવશે. કાલેખાન સેનાપતિના મામાનો છોકરો થાય, તેમજ સેનાપતિનો જમાઈ પણ થાય.

રાજુલ્લાખાનને બે છોકરાં હતાં. એક દીકરી અને એક દીકરો દીકરીનું નામ જ્યુબેદા તેની ઉંમર સોળ વર્ષની હતી. જ્યુબેદા રંગે શ્યામ હતી પણ તેના શરીરના અવયવો સમપ્રમાણમાં હતાં. સિન્ધીઓમાં રૂપાળી ગણાતી હતી. છોકરો સુજાતખાં બાર વર્ષનો હતો.

કાલેખાન પચીસ વર્ષનો ખરેખરો સિન્ધી હતો. મજબુત બાંધાનો સાડા પાંચ હાથ ઉંચો અને બળવાન હતો. ધુમલીમાં તેના બળની બરોબરી કરી શકે તેવો કોઇ તેને મળ્યો નહોતો. તેથી તે પોતાના શરીર બળ માટે ગર્વ રાખતો હતો. કાલેખાન, કાળ જેવો જ હતો. તેના હાથમાં સપડાયેલો મનુષ્ય ભાગ્યેજ જીવતો જાય. સેનાપતિ કાલેખાનના બળ પર મોહ પામ્યા. તેમના મનમાં હતું કે આ પહેલવાન માણસ કોઈક વખત આપણને કામનો છે. તેથી તેને પોતાનો કરવાની લાલચે જ્યુબેદા સાથે પરણાવ્યો હતો. જ્યુબેદા ઘણો વખત બાપને ઘેરજ રહેતી હતી, કારણમાં એમ હતું કે કાલેખાનનો પગાર ટુંકો હતો. અને જે પગાર મળતો તે મોજશોખ વ્યસનમાં ઉડાવી દેતો.

કાલેખાન ઘણોજ માંદો રહેતો હતો. તેનો ચહેરો કમકમી ઉપજાવે તેવો હતો. તેના હોઠ હંમેશાં દુર્ગંધ મારતા હતા. તે દારૂ પીતો હતો. દાતણ કરતો નહોતો તેથી તેનું મોં વાસ મારતું હતું તે બોલતો ત્યારે થુંકના છાંટા ઉડતા હતા. દરરોજ નહાતો નહોતો, અઠવાડિયામાં એકજ દિવસ તે નહાતો હતો. તેનું મોટું નાક અને બહાર પડતી આંખો જોઈ નાનાં બાળકો બીકથી નાશી જતાં. તે સહેજ વાતમાં ગુસ્સે થઇ જતો. નિર્દય હતો. તેની સાથે દુરાચારી હતી. ધુમલીની પ્રજા તેનાથી ત્રાસી ગઇ હતી. સેનાપતિએ લાગવગથી તેને જમાદારની જગા અપાવી હતી. તે હંમેશાં સિન્ધી પોશાકમાં જ રહેતો.

માથે લાલ ગુન્ડા ટોપી રાખતો. તે પર નાનો ફેંટો વીંટતો. એક છેડો વાંસા પર છુટો રાખતો હતો. મેલો મોટો ચોરણો પહેરતો, લાંબી બાંયનું પહેરણ અને તે ઉપર વાદળી રંગનું બાંડીઉ બદન પહેરતો હતો, પગમાં કાબુલી ચંપલો પહેરતો. કાલેખાન આવી હાજર થયો, અને બોલ્યો. "કાકા મને શો હુકમ છે?"

"અરે કાલેખાન આજ તારા બળની મને જરૂર પડી છે" એમ કહી તેને મકાનની અંદરના એક ઓરડામાં લઇ ગયો. આ ઓરડામાં એક ખાટલો પાથરેલો પડયો હતો તે પર બન્ને જણ બેઠા. નોકર હુકકો તૈયાર કરી ત્યાં મૂકી ગયો. હુક્કાની લાંબી નેહ મોંમાં રાખી ધુમાડાની ઘુટ ગળતો રાજુલ્લાખાન મસલત ચલાવવા લાગ્યો. જે નોકર કાલેખાનને બોલાવા ગયો હતો તે જ નોકર આ ઓરડાના બારણા પાછળ ચૂપકીથી ઉભો રહ્યો. તેનું નામ રસુલ હતું.

રાજુલ્લાખાન બોલ્યો. "પેલો હરામખોર જયદેવ આજકાલ આપણો દુશ્મન થઇ લાગ્યો છે વાઢેલાઓ સાથે આપણો પત્રવ્યવહાર છુપી રીતે ચલાવે છે એ તો તારાથી અજાણ્યું નહિ જ હોય. એ બધા પત્રો માળીઆમાંથી તેના હાથમાં આવ્યા છે. તે કાગળો આજકાલમાં રાણાના હાથમાં જરૂર જશે, તે વખતે મારા રાઇ રાઇ જેવડા કકડા થશે અને આપણા કુટુંબની દુર્દશા થશે, માટે એ કાગળો રાણાના હાથમાં જાય તે પહેલાં જયદેવને ટુંકો કરી નાખ-વાની જરૂર છે. આ કામ તારા સિવાય બીજો કોઈ કરે એમ મને લાગતું નથી. મારી નજર તારા પર ઠરે છે. જયદેવ જબરો માણસ છે એટલે તેની સાથે તારૂં જ બળ કામ આવે તેમ છે, આજ રાત વિતવી ન જોઇએ. રસ્તામાં કે તેના મકાને જઇ આ કામ કરવાનું છે અને એટલા માટે જ મેં તને બોલાવ્યો છે. જો તારી હિંમત નહિ ચાલે તો મારે આપઘાત કરવો પડશે.

" અરે એમાં તે શો મોટો વાઘ મારવો છે. એક માણસને મારવો છે તેમાં આપ ગભરાઓ છો શા માટે મને પહેલેથી કહ્યું હોત તો આજે તો એને હતો નહતો કરી નાખ્યો હોત." કાલેખાને પોતાના બળની મગરૂરી કરી.

" કાલેખાન તું ધારે છે તેવું સહેલું કામ નથી. ત્યાં પુલાવ ખાવાના નથી. એ તારાથી ઉતરે તેવો નથી. આ કામમાં તું એકલો જઈશ તો હારિને જ પાછો આવીશ. માટે તારા એક બે મિત્રોને સાથે લઈને જજે. એ તો પારકી માના છે, માટે સાવધ થઈ જજે. આ પ્રશ્ન સાથે આખા સિન્ધી કોમનો સંબંધ રહેલો છે માટે જીવના જોખમે આ કામ કરવાનું છે." રાજુલાખાને શિખામણના રૂપમાં કહ્યું.

"ગમે તેવું કઠણ કામ હશે તો પણ તે હું પાર પાડીશ. 'એકનું ઓસડ બે' અમે ચાર જણ તેના પર હુમલો કરીશું. આજ રાતના તેનું માથુ લાવી આપના આગળ રજુ કરીશ. આપ શા માટે ચિન્તા કરો છો. હું ખાત્રી આપું છું કે એને આજ રાતે જરૂર ઠેકાણે પહોંચાડીશ." એમ કહી તે ઊઠયો અને સેનાપતિ પણ ઉઠયા અને દરબાર તરફ રવાના થયા.

વખત થતાં સભામંડપમાં શહેરના સજ્જનો આવવા લાગ્યા. દીવાન વેણીશંકર ઓઝા સર્વેનું સ્વાગત કરતા હતા અને યોગ્ય સ્થળે બેસવાની સૂચના આપતા હતા. આખો સભા મંડપ માણસોથી ઠઠ ભરાઈ ગયો. રાજાના ભાયાતો રાજ્યના અમલદારો સર્વે યોગ્ય જગાએ બેસી ગયા હતા. જયદેવ પણ અમલદારો સાથે જ બેઠો હતો.

સ્ત્રીઓના મંડપમાં પણ સારી હાજરી હતી. રાણીઓ પણ પોતપોતાની જગાએ બેસી ગઈ હતી. માત્ર રાણાજીની રાહ જોવાતી હતી. એવામાં "ઘણી ખમા, નીધા રખો મહેરબાન, ધુમલીના ધણીને

ઘણી ખમા," ના પોકારોથી નેકી પોકારાઈ. રાણાની ગાડી મંડપ આગળ આવી ઉભી. રાણો ભાણજી ગાડીમાંથી ઉતરી સભામંડપમાં આવ્યા. સર્વે સભાજનો ઉભા થઈ ગયા. રાણો પોતાને સિંહાસને બેઠા પછી બધા બેઠા. દીવાને રાણાના કાનમાં ધીમેથી કહ્યું. 'બધું તૈયાર છે. આપની જ રાહ જોવાતી હતી.' સિંહાસનેથી રાણો ઉભા થયા. એક ટાંકણી જમીન પર પડે તો તેનો અવાજ સંભળાય એવી નિરવ શાન્તિ રેલાઇ રહી. લોકો રાણાના શબ્દો સાંભળવા ઘણાજ આતુર હતા. રાણાએ બોલવા માંડ્યું:—"રાજ્યને વફાદાર ભાયાતો અને સર્વ સજ્જનો, આજનો દરબાર શા માટે ભર્યો છે, તેનું વિવરણ કરવાની જરૂર છે. (જયદેવ તરફ હાથ કરી કહ્યું) આ વીર પુરૂષને આપ સર્વ નહિ ઓળખતા હો. તે સોલંકી રજપૂત છે. આપણા રાજ્યની સેવા જીવના જોખમે બજાવી છે. ધુમલી રાજ્યની પ્રજાને રંજાડનાર વાઢેલાઓને તેમણે જ વગર લડાઇએ કેદ કર્યાં હતા. તેમની બુદ્ધિ અને બહાદુરી એ બધાને દીંગ કરી નાખે તેવાં છે. રાજ્ય ઉપરથી ભયનું વાદળ કાયમને માટે નાશ કરવાનું માન આ વીરનરને ઘટે છે. સિંહના શિકારમાં પણ મારી જાન તેમણે બચાવી હતી. તેમના માટે મને ઘણું માન છે, તેમના કામની કદર કરવા આ દરબાર ભરવામાં આવ્યો છે. હું આશા રાખું છું કે આપ સર્વે આ કામમાં સંમત થશો જ." સંમતિ દર્શાવવા તાળીઓના ગડગડાટ થયા. તે પછી રાણાએ જયદેવને ઉદ્દેશી બે શબ્દો કહ્યા. જયદેવ તમારી અણમોલ સેવાની કદર કંઈ ધનથી થઈ શકે તેમ નથી એ હું સમજું છું. પરન્તુ મારી વ્હાલી પ્રજાના સમથી તમારો કંઈક સત્કાર કરવો જ જોઇએ એમ રાજધર્મ મને ફરજ પાડે છે."

"આજથી આ રાજ્યના પહેલા વર્ગના સરદારોના નામની યાદીમાં તમારૂં નામ લખાશે. વાઢેલાઓ તરફથી પાછાં મળેલાં ગામડાં

તથા તેમની પાસેથી વસુલ કરેલા એક લાખ રૂપીઆ તમને બક્ષીશ કરવામાં આવે છે. તમારો માસિક પગાર બસો રૂપીઆ હતો તે વધારી એક હજાર કરવામાં આવે છે. તે ઉપરાંત આ તરવાર અને પોશાક તમને ભેટ તરીકે આપવામાં આવે છે. હું ઇચ્છું છું કે તમે રાજ્યમાં કાયમ રહી રાજ્યના પ્રાણરૂપ થઇ પ્રજાને સુખી કરવા પોતાની પવિત્ર ફરજ બજાવશો. તમારી વિરતાની પ્રતિદીન વૃદ્ધિ થજો. ” આટલું બોલી રાણો સિંહાસને બેસી ગયા.

જયદેવ રાજાની પાસે જઇ તરવાર અને પોશાક નમન કરી લીધાં તે વખતે તાળીઓનો અવાજ થયો. પોશાક ધારણ કરી રત્નજડીત સુવર્ણની મુઠવાળી તરવાર કેડે લટકાવી જયદેવે રાણાના ચરણમાં મસ્તક નમાવ્યું. રાણાએ તેને માથે હાથ દઈ ઉઠાડયો. જયદેવ સભા સમક્ષ વિનયથી આભારદર્શક બે બોલ બોલ્યો:—

“ઉદાર મહારાજા અને ધુમલીના સજ્જનો, આપે મારા પર અનહદ ઉપકાર કર્યો છે. હું તે ઉપાડી લેવા અશકત છું. મેં મારી ફરજ બજાવી છે એથી વધારે કંઈ જ કર્યું નથી. મહારાણાએ મારી નજીવી સેવાના બદલામાં અમુલ્ય બક્ષિસોથી મને નવાજ્યો છે. તે બદલ તેઓશ્રીનો જેટલો ઉપકાર માનું તેટલો ઓછો છે.

ધુમલી રાજ્યની સેવામાં આજથી મારૂં જીવન અર્પણ કરૂં છું પ્રભુ મને એ સેવા કરવાનું બળ આપો. એમ કહી મસ્તક નમાવી જયદેવ બેઠો. સભામાં ચારે તરફથી વાહવાહના શબ્દો ગાજી ઉઠયા સર્વના મોં પર આનંદ ઉલ્લાસ છવાઇ રહ્યો હતો પરન્તુ રાજુલ્લાખાં અને તેના મળતીઆ સિન્ધીઓના પેટમાં ઉકળતાં તેલ રેડાયાં હતાં. સિન્ધીઓ આ બાબત માટે નારાજ હતા. પરંતુ બધાઓની સાથે હા ભેગી હા કહી હોઠ ઉપર આનંદ બતાવતા હતા. તેમના અંતરમાં બળી રહ્યાં હતાં. રાજુલ્લાખાન તો જયદેવ તરફ તીવ્ર દૃષ્ટિપાત

કરી દાંત કકડાવી તેને મનગમતી ગાળો દેતો હતો. સર્વનો આભાર માની દીવાનજીએ સભા બરખાસ્ત કરવા સૂચવ્યું. લોકો ઉભા થયા. સૌ પોતપોતાને સ્થળે રવાને થયા.

સ્ત્રી વર્ગમાં જેણે જયદેવને આજ સુધી નહોતો જોયો તે સર્વે આજે આનંદમાં હતાં. આવા દેવ જેવા પુત્રને જન્મ આપનાર માતાને મનમાં તેઓ ધન્યવાદ આપતાં હતાં. રાણી સુરજદેવી કે જેણે આજ સુધી જયદેવ કોણ છે તે પણ જાણ્યું નહોતું. તેમના મનમાં આજે એક મોટી શંકા ઉત્પન્ન થઇ. આ જયદેવનો ચહેરો મારાં ભત્રિજા રાખાયતને મળતો આવે છે તો તે પોતે તો નહિ હોય ? એ અહીં આવ્યો હોય તો નામ ફેર કરી શા માટે રહે ? ! મહેલે જઇ તેની ખાત્રી કરાવવા નિશ્ચય કર્યો. જયદેવને લઇ રાણો ભાણજી રાજમહેલમાં ગયા. સાથે દિવાન અને સેનાપતિ પણ રાજ-મહેલે ગયા. સંધ્યાકાળ થવાની તૈયારી હતી. આજના ઉત્સાહમાં પ્રજાએ રોશની કરી શહેરને ઝળકઝળક બનાવી દીધું હતું. પોતાનાં મકાનો અને શહેરની ઉંચી દીપમાળો પર દીવા પ્રગટાવી પોતાનો આનંદ જાહેર કર્યો હતો. દેવળોનાં ઉંચા શિખરો પર પણ દીવા ઝળકી રહ્યા હતાં.

રાજ મહેલના ધાબામાંથી રાણો જયદેવ દીવાન અને સેના-પતિ પ્રજાની રાજ્યભક્તિ કેવીક છે તે નિહાળી રહ્યા હતા. રાણીવાસની બારીઓએ નાખેલા ચકમાંથી રાણીઓ પણ આ રોશની જોઇ આનંદ પામતી હતી.

અર્ધોક કલાક આવી રીતે આનંદમાં ગાળ્યા. ત્યાં રણવાસ-માંથી એક બાઇ આવી. "બાપુ મારાં સાહેબ આપ સરકારને યાદ કરે છે સાથે જયદેવને પણ લાવવા કહ્યું છે." આ પ્રમાણે કહી પાછી વળી.

"દીવાનજી તમે થોડીકવાર બેસો અમે જઈને તુર્ત પાછા આવીએ છીએ" એમ કહી રાણો અને જયદેવ રણવાસ તરફ વળ્યા.

એક બેઠકમાં જયદેવને બેસાડી રાણો અંદર બીજા ઓરડામાં રાણી હતાં ત્યાં ગયા.

"આજે દરબારમાં જેને તમે જયદેવ તરીકે ઓળખાવતા હતા, તે ક્યાંનો રહીશ છે? એ વિશે જરા વધારે ખાત્રી કરવા આપને મારી વિનતી છે.

રાણી સુરજદેવીએ પોતાની શંકા નિર્મૂળ કરવા રાણાજીને સૂચના કરી.

રાણો જયદેવ બેઠો હતો ત્યાં આવ્યો ને જરાક ગુસ્સાના રૂપમાં બોલ્યો. "તમે કોણ છે. તે ખરેખરૂં જણાવો મને લાગે છે તમે કોઇ અમારા શત્રુ હોઈ અમારી છુપી હીલચાલ જોવા આવ્યા છો. માટે જે હોય તે સત્ય હકીકત જણાવો નહિ તો અહીંથી નાસવું ભારે થઇ પડશે."

મહારાજા મેં પહેલેથીજ મારૂં નામઠામ આપને જણાવ્યું છે. તો પછી આવી રીતે પુનઃ પુછવાનું કારણ સમજાતું નથી. હું તો જે છું તેજ છું. જયદેવે ખુલાસો કર્યો.

બારણાના ચકની પાછળથી અવાજ આવ્યો. તારો વાંસો બતાવજે, રાણાએ જયદેવનું અંગરખું ઉંચું કરી જોયું તો જમણા પડખે એક રૂપિયા જેવડું લાલ રંગનું લાખું જણાયું. રાણીની આથી ખાત્રી થઈ કે એ રાખાયત જ છે કારણ રાખાયત નાનો હતો ત્યારે સુરજદેવીએ તેને રમાડેલો હતો તે વખતે તેના બરડામાં જમણા પડખે લાખું હતું.

ખાત્રી થતાં રાણી ચકમાંથી બહાર આવ્યાં અને બોલ્યાં "અલ્યા છોકરા તારૂં નામ શું?" માતા મારૂં નામ જયદેવ છે.

" જયદેવે જવાબ આપ્યો. જુઠ્ઠા હજીએ અમને છેતરે છે. તારૂં નામૂં જયદેવ નથી પણ રાખાયત છે. તું મારા ભાઈ મીઆત બાબરીઆનો આદી વારસ રાખાયત બોલ ખરૂં છે કે ખોટું? તારી મા ગઈ અને તારા બાપે નવી રાણીની શિખામણથી તને દેશવટો આપ્યો છે. બોલ સાચું તું કોણ છે?

રાખાયત પોતાની ફોઇબા સુરજદેવીની ચરણે નમ્યો ફોઈબા ! હતભાગી હું રાખાયત છું મને ક્ષમા કરો. આટલું બોલતાં બોલતાં રાખાયતનો સાદ ગળગળો થઈ ગયો. ઘણા દિવસે ફોઇએ ભત્રીજાને જોયો. રાખાયતને ઉઠાડી ફોઇએ તેનાં દુઃખડાં લીધાં. ભાઇની નિર્દયતા બ્હેનની આંખો આગળ તરવરી. તેથી બ્હેનની આંખમાં આંસુ આવ્યાં. રાખાયત પણ રડી પડયો. માતા સમાન હેતવાળાં ફોઈબાના આગળ રાખાયતે હૈયું ખાલી કર્યું. રાણાને પણ આથી લાગી આવ્યું તેણે રાખાયતને બાથમાં લઈ શાન્ત કર્યો. અને બોલ્યો તારા બાપને તું ન ગમ્યો પણ અમને તું ઘણો વહાલો છે. તારા પિતાનું રાજ્ય ન મળ્યું તો આ રાજ્ય તારૂં જ છે. ફોઈએ પીયરની ખબર અંતર પૂછી. રાણાએ મીઆત બાબરીઆના સમાચાર પૂછ્યા. રખાયતે ઘટતા ઉતર આપ્યા. બાદ બન્ને જણા ત્યાંથી દીવાન અને સેનાપતિ બેઠા હતા ત્યાં આવ્યા.

રાણા ભાણજીએ સેનાપતિ અને દીવાન રાખાયતની ઓળખાણ કરાવી, કે આ જયદેવ તરીકે પ્રખ્યાત થયેલા અમારા સગા મિઆત બાબરીઆના પુત્ર રાખાયત છે. આ સાંભળી સેનાપતિ અને રાખાયત ખુશ થયા પરન્તુ બન્નેની ખૂશાલીના રંગ જુદા જ હતા. એકનું અંતર હસતું હતું ત્યારે બીજાના હોઠ હસતા.

આ તરૂણ 'રાજાનો સંબંધી થાય, એ જાણી રાજુલાખાનનું હૃદય બમણા જોરથી બળવા લાગ્યું.' બળતામાં ઘી હોમાયું હોય

તેવું થયું. તેનું હૃદય હલમલી ઉઠયું. ગભરાટને લીધે શરીર પર પાણીનાં બિન્દુ જામ્યા. નાડીના વેગ ધીમા પડી ગયા. શરીરનાં નૂર સમી ગયાં. તેના મનમાં થયું કે "એના પર રાણાનો પ્રથમથીજ પ્રેમ હતો. વાઢેલાઓને પકડી લાવી તેણે રાણાનો વિશ્વાસ મેળવ્યો હતો. બાકી કંઈ અધુરૂં હતું, તે સગાઈના હક્કથી પુરૂં થયું. એટલે હવે તો તે રાણાને જેટલું પાણી પાશે તે રાણો વગર સંકોચે પીશે તે આજ સુધી નોકર હતો. હવે રાજ્યના ધણી જેવો મનાશે" એવા વિચારે તેનું મન ભમવા લાગ્યું. પરન્તુ ચાણાકય નિતિના રાજુલ્લાખાને મુળ પર આનંદ આણી ખુશાલી જાહેર કરો "રાખાયત! ત્યારે આટલો સમય અમને બધાંને તમે અંધારામાં જ રાખ્યા! ખૂદ મહારાજાએ પણ તમને ન ઓળખ્યા!! હવે અમને પણ તમારી બુદ્ધિનો સારો લાભ મળશે. રાજકાજમાં અમને તમે વધારે ઉપયોગી થઈ પડશો." આ સાંભળી રાખાયતે સેનાપતિને મીઠો ઉત્તર આપ્યો. કે હું તમારા સર્વે આગળ બાળક ગણાઉં. મહારાજાએ મને તદ્દન નાનો જોયેલો એટલે બનવા સંભવ છે કે તેઓ લાંબા સમયે મને ઓળખી ન શકે.

સેનાપતિ અહીં બેઠો હતો પણ તેને કંઇ ચેન પડતું નહોતું. તેથી મહારાજાની રજા લઇ તે ઉઠયો. પણ તેના અંતરના આઘા આઘા ખૂણામાંથી ધીમો રણકો થયો કે "રાજુલ્લાખાન! રાખાયતના બુદ્ધિ બળ આગળ તારૂં બળ નકામું છે. કપટનાં કમાડ ખુલશે. ભેદ રૂપી તાળાં તૂટશે ત્યારે તેમાંથી શું નીકળશે તેનો વિચાર કર."

દીવાન વેણીશંકરે શુદ્ધ ભાવે આનંદ જાહેર કર્યો. તેઓ રાખાયત સાથે વાતે વળગ્યા, એવામાં વીરમજી કે જે ગંગાભારથીનો ભત્રીજો થાય, અને હમીરના નામથી રાણાની હજુરમાં નોકર હતો તેણે આવી વાળુ માટે પધારવા કહ્યું તેથી દીવાને માથુ નમાવી રજા લીધી.

આજ તો રાખાયત ફુવાને ત્યાં મહેમાન! બન્ને સાથે જમવા ઊઠયા. ફોઇબાએ ભત્રીજા માટે ઊંચા પ્રકારનું જમણુ બનાવરાવ્યું હતું. જોડાજોડ પાટલા પર રાજા અને રાખાયત બેઠા. આજે નોકર તરીકેના ભેદ દૂર થયા હતા. ભત્રીજાને વહાલથી ફોઇબાએ જમાડયો. રાણાને પણ આનંદ થયો હતો. વાતોનાં ગપ્પાં સાથે જમણુ પુરૂં થયું.

"રાખાયત આજથી તારે અહીંજ રહેવાનું પણ અહીં જ રાખવું તું જુદો રહે એ અમારે માટે ઠીક ન કહેવાય!" ફોઇબાએ કહ્યું.

"ફોઇબા આપનું કહેવું વ્યાજબી છે. પરન્તુ હું હવે મહેમાન નથી પણ રાજ્યનો નોકર છું. છતાં આપનો આગ્રહ છે તો જમવાનું અહીંજ રાખીશ પરન્તુ રહેવાનું તો જુદુંજ રાખીશ." રાખાયતે નમ્રતાથી કહ્યું.

"ભલે તમને ઠીક લાગે તેમ કરશો." રાણાએ ટૂંકમાં પતાવી દીધું બાદ બેઠકમાં કેટલોક સમય બન્ને જણા વાતો કરતા બેઠા. વાતમાં ને વાતમાં દોઢ પહોર રાત વીતિ ગઇ. ચોઘડીઆં વાગ્યાં અને રાખાયત મુકામે જવા રજા માગી ઉઠયો. ડેલી પર બેઠેલા રક્ષકોએ ઉભા થઈ નમી નમી સલામો ભરી રાખાયત દરબાર ગઢની બહાર નીકળ્યો અને થોડેક ગયો, તે રસ્તામાં એક બાજુએ ગંગાભારથીને ઉભેલા જોયા "ઓહો મહારાજ આપ અત્યારે અહી ક્યાંથી!" રાખાયતને આગળ બોલતો અટકાવી ગંગાભારથી ધીમા અવાજે બોલ્યા. "વધારે વાત કરવાનો સમય અત્યારે નથી. તમારે માથે દુશ્મનોની ચાર તરવારો તોળાઈ રહી છે—સેનાપતિએ તમને કાપી નાખવા પોતના જમાઇ કાલેખાનને તેના બીજા ત્રણ સાથીદારો સાથે મોકલ્યો છે. કાલેખાન જબરો છે ગાફલ રહેશો તો દુશ્મન રાજી થશે. ઘેર પહોંચતા સુધી સાવધ રહેજો." કહી ગંગા-

ભારથી પાસેની ગલીમાં ઝડપથી ગુમ થઈ ગયો રાખાયત દુશ્મનોને જવાબ દેવા તૈયાર થઇ આગળ ચાલ્યો મનમાં પ્રભુને પ્રાર્થના કરી કે "મારા બાહુમાં બળ દે છે."

સેનાપતિ રજા લઈ ઘેર ગયો હતો. તેના જીવને આજે સુખ નહોતું. કુકર્મીને સુખ ક્યાંથી હોય? કુડાં કર્મ કરનારને સુખ હોય જ નહિ એવા જીવોને જીવતાંએ સુખ નહિ અને મરણ પછી પણ સુખ નહિ; અધર્મીઓ સુખી થતા હોય તો પછી યમરાજના દરબાર સુના પડે. સૃષ્ટિ સર્જનહારના કાયદા ઉંધા વળે.

તેઓ ચાર દિવસના ચાંદરણા જેવું સુખ કદાપિ ભોગવી લે. પરન્તુ છેવટે સત્યનોજ જય થાય છે. દંભીઓના જીવને તો સદાયે ફિકર હોય છે. તેમની છાતી પર આઠે પહોર ચિન્તાની હોળી સળગતીજ હોય છે.

રાજુલ્લાખાને કાલેખાનને ફરીથી બોલાવ્યો "કાલેખાન આજે એનું આંતરડુંએ આખુ રહેવા પામે નહિ. એવી હોશિયારીથી દાવ ખેલજે. એ જેવો તેવો નથી રાણાના સાળાનો છોકરો છે. જો આજની રાત જશે તો સિન્ધીઓની ચામડી ઉતરાવી તેના જોડા સીવડાવશે. માટે આજનો ઘા રખે ચૂકતા." સસરાએ જમાઇને સૂચના કરી.

પ્રકરણ ૨૫ મું

હુમલો

રાખાયતને રહેવાનું મકાન રાજ મહેલથી દૂર હતું. શહેરની વસ્તીને છેડે હતું આજુ બાજુ વસ્તી જુજ હતી લગભગ મધ્ય રાત્રીનો સમય થયો હતો એટલે રસ્તા પરના દીવાઓ ઠરી ગયા હતા.

આટલી મોડી રાત્રે માણુસોનો પગરવ ક્યાંથી હોય માત્ર કોઇક: ઠેકાણે કુતરાંના ભસવાના અવાજ થતા હતા.

રાખાયત સાવધપણે ઉતાવળે પગલે ચાલી રહ્યો હતો, ચાલતાં ચાલતાં પડી ગએલા એક મકાન નજીક આવ્યો, એ મકાન પાસે લીમડાનું એક ઝાડ હતું તેના થડ પાસે ચાર માણુસો ઉભેલા હોય એવો ભાસ થયો. રાખાયતે તરવાર ખેંચીને આગળ ચાલ્યો તેવામાં પેલા ચાર જણાએ ઓચિંતો તેના પર હુમલો કર્યો. રાખાયત ઝાડ નજીક આવ્યો ત્યાં તો કાલેખાન અને તેના સાથીદારો તેનાપર તૂટી પડયા.

રાખાયતને ગંગાભારથીએ પહેલેથી ચેતાવ્યો નહોત. તો તેના શરીરના કટકા થઈ જાત. પરન્તુ વિધાત્રીએ રાખાયતનાં મૃત્યુ જુદી રીતે લખ્યાં હતાં તે સિન્ધીઓની તરવારથી કેમ મરે ?

કાલેખાને પોતાના પ્રચંડ હાથે નાગણજેવી સમશેરનો ઘા રાખાય પર કર્યો. રાખાયત ખસી ગયો. તેથી તે તરવાર તેનાજ પગે જઈ અથડાઇ. એ તરવાર એટલા બળથી ફેંકાઈ હતી કે જરા ચપળતાથી ખસી ગયો નહોત તો તેના એક ઘાએ બેભાગ થઈ જાત.

રાખાયતે વિજળી જેવી તરવાર ચલાવી અંધારામાં ચમકારા કરતી તરવાર વેગથી ફરવા લાગી. અને કાલેખાનની મદદમાં આવેલાઓ પૈકી એક જણુ કે જેનું નામ કાળોજી હતું. જે છુપા પત્રો લઈ જવા લાવવાનું કામ કરતો તે કાળોજી રાખાયત ઉપર તરવાર નાખવા જતો હતો તેવામાં પાછળથી એક બુરખાવાળી વ્યકિતએ પોતાની તરવારથી તેનું માથું ધડથી જુદુ કરી નાખ્યું. કાળોજી પડયો અને કાલેખાનને શૂર ચઢયું તેણે ખૂબીથી રાખાયત સામે દાવ લેવા માંડયા, તેણે બીજીવાર તરવાર ઉપાડી રાખાયતે તે દાવપણુ ચુકાવ્યો રાખાયતની મદદે આવનાર બુરખા ધારી મનુષ્ય

કાલેખાનની સાથે આવ્યો પોતાની ઢાલ રાખાયતને આપી દીધી રાખાયતે તરવાર ફેરવતાં ઢાલને બરાબર પકડી લીધી પછી તે કાલે-ખાંન સામે ગયો. બીજા બે દુશ્મનો સામે બુરખાવાળો ઝઝુમવા લાગ્યો રાખાયતને ઢાલ મળી એટલે તો તે બમણા જોરથી ધુમવા લાગ્યો ઢાલધરી કાલેખાન ઘા ઝીલતો અને પોતાની તરવારના ઘા કાલેખાન પર કરતો પણ કાલેખાન બકતર ધારણ કરીને આવ્યો હતો તેથી તે ઢાલ લાવ્યો ન હોતો વળી તેને પોતાના બળપર વિશ્વાસ હતો.

રાખાયતે પોતાની તરવાર કાલેખાન પર ફેંકી અને તેની સાથે ખભાપરના બકતરની કડીઓ તુટી ગઈ. કાલેખાને રાખાયતના પગમાં તરવાર દોડી પણ રાખાયત અદ્ધર કુદી ગયો તે દાવપણ ગયો તેથી કાલેખાન ગુસ્સે થયો.

આ તરફ કાલેખાનના મદદગાર બેજણ ગુલાબખાં અને કાણીઓ મહોબતખાં બે જણા બુરખાવાળા સામે તરવાર ચલાવી રહ્યા હતા, મહોબતખાંનને એકજ આંખ હતી. તેથી અંધારી રાતે તે વધારે જોઇ શકતો નહિ. તેનો સ્વભાવ ચઢાઉ હતો કાલેખાનનો દોસ્ત હતો. કાલેખાનના આગ્રહથી તેની સાથે જશ લુંટવા આવ્યો. કાલેખાનના બળ ઉપર બધાને વિશ્વાસ હતો કે તે અજીત છે. મહો-બતખાંનો એક હાથ આમાં કપાઈ ગયો અને તેથી બેભાન થઈ જમીનપર પડયો. હવે રહ્યો ગુલાબખાં. ગુલાબખાં બળવાન હતો, તેણે બુરખાવાળા સાથે દાવપેચ લેવામાં ટક્કર ઝીલી.

કાલેખાને રીસ કરી ઘા કર્યો, રાખાયતે ઢાલપર ઝીલી લીધો. કાલે-ખાન વાઘની માફક કુદયો રાખાયત સમયસૂચકતા વાપરી જમીન પર બેસી ગયો અને માથાપરનો ઘા ઢાલ પર લઈ લીધો, અને કાલે-ખાનના પગપર ઘા લગાવ્યો. કાલેખાંનની ફેંચમાં ઘા થયો કાલેખાંએ કુદીને બીજી વખત રાખાયતપર ઘા કર્યો, ખભામાં તરવાર ઉંડી ઉતરી

ગઈ રાખાયતપર કાલેખાનની તરવાર પડી પણ યુવાન જરાક ખસી ગયો જેથી કમરપટા સાથે તરવારની અણી અથડાઈ અને ચામડાના બે ટુકડા થઈ જમીનપર પડયા રાખાયતનું લોહી આ જોઇ ઉછળી આવ્યું, તેણે છલંગમારી કાલેખાનપર તરવાર નાખી. કાલેખાનનું છાતીનું કવચ ભેદાયું અને તરવાર લોહીભીની થઇ. ગુલાબખાં પોતાની સામે યુદ્ધ કરનાર આગળ નરમ થઇ ગયો તેને માથામાં બે સખત ઘા લાગ્યા હતા, માથાની ખોપરી તુટી ગઇ ગુલાબખાં પડયો. પાણી પાણી કરતો તેનો આત્મા નીકળી ગયો. કાણીઆ મહોબતખાંએ જમીનપર પડેપડે તરવાર ફેંકી, તે રાખાયતને વાગવાને બદલે કાલેખાનના પગમાં વાગી. તેના પગની ત્રણ આંગળીઓ ઉડી ગઇ બુરખાવાળાએ મહોબતખાનને પણ પુરો કર્યો હવે તો કાલેખાન એકલો રહ્યો, બન્ને જણા તેનાપર તૂટી પડયા.

એક ઘા બુરખાવાળોનો પડયો અને કાલેખાનનો લોહજડીત માથાનો ટોપ ઉડી જઈ દુર પડયો. તે સાથેજ રાખાયતે તરવાર ફેંકી કાલેખાનનો કાન કપાઈ ગયો અને ગળાનો અડધો ભાગ કપાયો કાલેખાનની ધીરજ ખૂટી બળનો ગર્વ ઉડી ગયો. તેને આજે ખબર પડી કે પારકી માના મળ્યા તેમણે કાન કાપ્યા. શેરને માથે સવાશેર છે એવું ભાન આ ઘડીએજ તેને થયું બાકી તેના મનમાં હતું કે મેં સબસે બડા. હવે વધારે વાર અહીં ઉભા રહેવામાં માલ નથી. જો વધારે વખત રહીશ તો અહીંજ દટાવાનો પ્રસંગ આવશે તેથી તે જીવ લઇને નાઠો. રાખાયત તેમની પાછળ દોડયો નહિ. એને થયું કે "ભલે બિચારો ખબર આપવા જતો. ઘેર જશે તોયે એ જીવે તેમ નથી.

કાલેખાનના શરીરપર નાના મોટા દશ ઘા પડયા હતા. તેથી તેના શરીરમાંથી ઘણું લોહી જતું રહ્યું હતું. તેથી પડતો આથડતો ઘર ભેગો થઇ ગયો.

કાલેખાન નાસી ગયો એટલે મહારાજે મોં પરનો બુરખો કાઢી નાખ્યો. ગંગાભારથીને તો રાખાયત તરતજ ઓળખી ગયો હતો " તેને વિશ્વાસ હતો કે મહારાજ મારી મદદે આવ્યા સિવાય રહેશે નહિ " રાખાયત બોલ્યો " મહારાજ પ્રભુ કૃપાથી અને તમારી સવેળાની મદદથી આજે વિજય મળ્યો અને જીવ બચ્યો. મહારાજ તમે મને આજે પ્રાણદાન આપ્યું. તમારો ઉપકાર ભૂલાય તેમ નથી "

ભાઈ તારે અને મારે ઉપકાર કોના માનવા? આપણે આપણું કામ પાર પાડવું છે. ત્યાં ઉપકાર કેવા ! તમે બુદ્ધિબળમાં અને વીરતામાં શ્રેષ્ઠ છો. પ્રભુ તમને ચીરંજીવી રાખો ! હવે આપણે મકાને ચાલો. અને આ મડદાંને પોલીસ થાણા પર પહોંચાડવા તજવીજ કરીએ.

બન્ને જણા મકાને આવ્યા પહેરગીરે નમન કર્યું. રાખાયતે પહેરગીરને હુકમ કર્યો કે ચોકી પર જઈ કોટવાલને ખબર આપો કે "વેદાણીના લીમડા નીચે પડેલી ત્રણ લાસો ચોકી પર લઇ જાઓ" નોકર કોટવાલને ખબર આપવા ચોકી તરફ પડયો.

લોહીવાળાં કપડાં બદલી નાખ્યાં. બન્ને જણ ગાદી પર બેઠા. મહારાજ હવે આપણા પોબાર છે. તમે કહેશો તે વખતે પત્ર રજુ કરીશ એમ આજે બનેલી બધી વાત કહી પોતાની ખરી ઓળખાણ મહારાજને આપી. તે સુણી મહારાજને અતિ આનંદ થયો. બાદ બીજી કેટલીક મુદ્દાની બાબતો પર રાખાયતનું લક્ષ ખેંચી મહારાજ ઊઠયા. સવારે આ લાસોના સંબંધમાં રાણાજીને શું કહેશો તે પણ મર્મ સમજી સમજાવી ગંગાભારથી શહેર બહાર આશાપુરીના મંદિર તરફ રવાના થયા રાખાયત પહેરગીરને બરાબર સાવચેત રહેવાનું કહી નિદ્રાધીન થયો.

રાજુલ્લાખાન અને બીજા તેના મળતીઆ પાંચ સાત તેની

ઉમરના સિન્ધીઓ તેનાજ મકાનમાં હુક્કા પીતા બેઠા હતા કાલેખાનના વિજયની વાતો સાંભળવા માટે તેનીજ રાહ જોતા. એવામાં રૂધીરથી તળબોળ થયેલો કાલેખાન આવી પહોંચ્યો અને એક ખાટલા પર બેસી ગયો તે હાંફતો હાંફતો પાણી પીવાની માગણી કરી રહ્યો. બેઠેલા માણસોમાંથી એક જણે પાણી લાવી પાયું. કાલેખાનની આતસ કંઇ ઓછી થઈ. કાલેખાનને જોઈ સેનાપતિએ ઉપરા ઉપરી પ્રશ્નો પૂછવાજ માંડયા. "કેમ ફત્તેહને ? તેને ઠેકાણે પહોંચાડી દીધો ને ? બીજા મદદગાર ક્યાં ? તારા શરીરે આટલા બધા ઘા કેમ ? શું કરીને આવ્યા ? "

" એને મારવો એ નાનાં બચ્ચાંના ખેલ નથી. મારીને નહી પણ મરીને આવ્યા, ત્રણ જણ તો ત્યાંજ ટાઢા થઇ ગયા. મને સમાચાર કહેવાજ—જીવતો રાખ્યો છે. પણ મારી કાયા તેની તરવારથી વેતરાઈ ગઈ છે. એના શરીરને કંઇપણ થયું નથી " કાલેખાને હુમલાનું પરિણામ કહેવા માંડયું.

હેં, શું, કાલેખાન તું આ બધું સાચું કહે છે. તેની તરવારથી ત્રણે ત્યાં મરાયા. ભારે થઇ, ! ! તેણે એકલાએ તમને થકવ્યા ? સેનાપતિએ મનની મુંઝવણ ભર્યા પ્રશ્નો પૂછ્યા.

" એકે એક અક્ષર સાચોજ છે. શંકા પડતી હોય તો વેદાણીના લીંમડે પડેલાં મડદાં જોઇ ખાત્રી કરી આવો એની મદદમાં પાછળથી એક જણ દોડતો આવ્યો તેણે ત્રણને ઠાર કર્યા પેલાએ મારી સાથેજ ટક્કર લીધી. ઘણો જબરો માણસ છે" કાલેખાને કહ્યું.

" એની મદદે આવનાર કોણ હતો ? " રાજુલ્લાખાને પ્રશ્ન કર્યો.

" તેના મોં પર બુરખો હતો, એટલે કોણ હતો તે ઓળખાયું નહિ. પરન્તુ શરીરે ઉંચો અને પાતળો માણસ હતો તેણે જુલ્મ કર્યો " કાલેખાને કહ્યું.

" એ કમબખ્ત કોણ મૂઓ છે, જ્યારે ને ત્યારે આપણા કામમાં વિઘ્ન નાખે છે. મને લાગે છે પેલા દીવાન અજીતસિંહનો ભાઇ માનસિંહ હશે, મારાઓને સોંપ્યો હતો. તે દુષ્ટોએ તેને છુટો મુકી દીધો હશે. એ તેજ હશે નહિ તો ધુમલીમાં બીજો કોઇ આપણા સામે થાય તેવો નથી " એમ કહી પાછા બધા હુક્કાના ધુમાડા ગળવા લાગ્યા.

કાલેખાનને સખત ઘા થયા હતા. તેથી ઘા પર ટાંકા દેવા સિન્ધી હજામ જમાલને બોલાવ્યો. તેણે આવી કાલેખાનના ઘા ધોઇ નાખ્યા અને ત્રણ ચાર ઠેકાણાના ઘા સાંધી લીધા. બાકીના ઠેકાણે મલમપટા કર્યાં.

રાજુલ્લાખાન પોતાની પાસે બેઠેલાઓને સંબોધી બોલ્યો " આપણી છુપી મસલત તેને કોણ પહોંચાડે છે ? રાખાયતને કાપી નાખવાની વાત એ ત્યાં શી રીતે પહોંચી ગઈ, આપણો ભેદ કોઇ જાણે છે આપણામાંનાજ કોઈ સિન્ધીઓ ફૂટેલા છે. ' ઘર ફૂટયે ઘર જાય ' આજે આપણો વિજય હતો. પણ કોઇએ એમને ચેતાવ્યા લાગે છે. આપણી બધી બાજીના દાવ અવળાજ પડે છે. હવે હાથ પગ ઝાલી બેસી રહેવાથી કંઇ વળે તેમ નથી. વેદાણીના લીંમડે મરાયેલાનાં મડદાં હાથ કરવાં જોઇએ નહી તો સવારે વળી તેમાંથી શું એ થશે. "

બે પાંચ સિન્ધીઓ તે તરફ દોડયા, જઇને જુએ તો, મરેલાઓની લાસોજ ત્યાં ન મળે ! ! બધા પાછા આવ્યા. સેનાપતિની મુંઝવણમાં આથી વધારો થયો. તે પ્રશ્ચાતાપ કરતો બેઠો હતો હવે કયો રસ્તો લેવો તેના વિચારમાં પડયો. પરોઢ થવા આવ્યું હતું એટલે સર્વે પોતપોતાને ઠેકાણે જતા રહ્યા. કાલેખાનની આંખો પણ ઉંઘથી ઘેરાવા લાગી.

સવાર થયું કોટવાળે રાણાને ખબર આપ્યા કે "વેદાણીને લીમડે ત્રણ ખૂન થયાં છે. લાસો ચોકી પર છે. ત્રણેના શરીરે તરવારના ઘા છે. બે સિન્ધી અને એક હિન્દુ છે."

રાણાના હુકમથી મડદાં દરબાર ગઢમાં લાવવામાં આવ્યાં. રાણાએ મડદાં જોયાં. "આ લાસોનો પત્તો તમને કયાંથી મળ્યો" રાણાએ કોટવાળને પ્રશ્ન કર્યો.

"ચોકી પર સરદાર સાહેબ જયદેવના પહેરગીરે અમને વરદી આપી હતી. એટલે આ બાબત સરદાર સાહેબને પૂછવાથી સમજાય તેવી છે સરકાર." સરદારને બોલાવવા માણસ ગયું. બીજી તરફ સિન્ધીઓને ઓળખવા માટે સેનાપતિને પણ બોલાવ્યા. રાણાનો હુકમ સાંભળતાંજ સેનાપતિ દોડતો હાજર થયો "આ મડદાં કોનાં છે ? તમે ઓળખો છો ?" રાણાએ પ્રશ્ન કર્યો.

એટલામાં રાખાયત પહેરગીરને લઈ રાણાની તહેનાતમાં હાજર થયો.

"રાખાયત આ મડદાંના સંબંધમાં તમે શું જાણો છો ?" રાણાએ પ્રશ્ન પૂછયો. પોતાના પર હુમલો થયાની વાત અથથી ઇતિ રાખાયતે કહી સંભળાવી. છેવટે આ પહેરગીરને મેંજ ખબર દેવા મોકલ્યો હતો. હુમલો કરનાર ચાર જણામાં ફક્ત એકજ માણસ જે પહેલવાન જેવો ગણાય છે તે કાલેખાન સેનાપતિનો જમાઈ નાસી ગયો છે." કાલેખાનને બોલાવવા માણસ દોડયાં. રાણાએ સેનાપતિ સામે જોયું. કાલેખાનનું નામ સાંભળી સેનાપતિનું અંતર ગભરાયું હતું. રાણાએ જ્યારે સેનાપતિ સામે જોયું એટલે તે બોલ્યો "મને કંઈ પણ ખબર નથી અહીંથી માણસ બોલાવવા આવ્યું એટલે ઊંઘમાંથી ઉઠી તરત આપની તહેનાતમાં હાજર થયો છું. એ હરામખોર કાલેખાંએ શા માટે સરદાર સાહેબ પર હુમલો કર્યો તેની મને જરાએ ખબર નથી. ખબર હોય તો આવું નીચ કામ હું કરવા દઉં ખરો અન્નદાતા ? સરદાર સાહેબ સામે આંગળી કરનારના હાથ ન ઉડાવી દઉં ?"

કાલેખાનને બોલવાવા ગયેલાં માણસો દોડતાં પાછાં આવ્યાં તેમણે સમાચાર દીધા કે કાલખાનને રાત્રે સખત ઘા થયા હતા તેથી મરી ગયો છે. પોતાનો જમાઇ મરી ગયો જાણી સેનાપતિ દીલગીર થતાં ઘેર ગયો.

કાલેખાન જેવા પહેલવાન સિન્ધીને ઠાર કર્યાં બદલ રાણાએ રાખાયતનો વાંસો થાબડી શાબાસી આપી ચાર જણ સામે વિજય મેળવનારને કોટવાળ વગેરે ધારી ધારીને જોવા લાગ્યા.

"રાખાયત ! બાબરીઆઓનું તમે આજે નાક રાખ્યું. આખી-રજપૂત જાતની ઇજ્જત વધારી છે. ધુમલીમાં અજીત મનાતા સિન્ધીને ઠાર કરી તમે ખૂબ બહાદુરી મેળવી છે. કોટવાળ આ મડદાંને ઘોરખાનામાં દટાવી દેવાની તજવીજ કરો" એમ કહી રાખાયત સાથે રાણા રાજ્યમહેલમાં ગયા સિન્ધીઓનાં મડદાંને અને સાથે કાળાજીના મડદાને પણ જમીનમાં દટાવી દીધું. તેમનાં કાળાં મોં પર માટી વાળી દીધી.

કાલેખાનને પણ તેના સાથીદારોની સાથે દાટયો. ઉપર કબર ચણાવી. જયુબેદા દર જુમેરાતે આ કબરપર ફુલ ચઢાવી જતી હતી.

રાખાયતને માન આપવાનો દરબાર ભરાયો તે વખતે માંઆણીનો ભાણો કંસારો પણ દરબારમાં દૂરદૂર એક ખૂણામાં બેઠો હતો. જયદેવના ચહેરાપરથી આ માણસ રાખાયત જેવો છે. એવાં અનુમાન એ ભાણા કંસારાએ કર્યાં હતાં. પણ દરિયામાં તણાઈ ગયેલો કે ડુબી ગયેલો રાખાયત અહીં કયાંથી હોય ? એવી શંકાએ તેના અનુમાનને મારી નાખ્યું. ફરીથી એ ભલા દીલના માણસે એ બાબત તપાસજ ન કરી. આશાનો એક પણ અંકુર સજીવન રહ્યો નહોતો. એટલે કયાંથી તપાસ કરે ! !

પ્રકરણ ૨૯ મું.

રાખાયત ગુમ.

જાલમસિંહ વાઢેલ ધુમલીમાંથી જતી વખતે જે શબ્દો બોલ્યો હતો તે આપણે વાંચી ગયા છીએ. જાલમસિંહ વાઢેલ પોતાના શબ્દો સાચા કરવા પ્રયત્ન કરતો હતો. ધુમલીના રાજ્યની સરહદ જ્યાં પુરી થતી હતી તે ઠેકાણે પોતાના રાજ્યમાં એક નેસ હતો. ચાલીસ પચાસ ભરવાડોનાં ઘર હતાં. આ નેસમાં જાલમસિંહે મુકામ રાખ્યો. બે સુંદર ઘર તૈયાર કરાવી દીધાં. એકમાં પોતે રહેતો. બીજું ઘર પરચુરણ વસ્તુ ભરી રાખવાના કામમાં આવતું.આ નેસમાં રહી ધુમલીના સમાચાર રાખતો. નેસમાં પોતાનાં દશેક માણસો રાખ્યાં હતાં. તેમને માટે રહેવાની જુદી ગોઠવણ કરી રાખી હતી. સેનાપતિ સાથે છુપા પત્ર વ્યવહાર ચાલુ જ હતા.

નેસમાં જાલમસિંહ કુટુંબ સાથે રહેતો હતો. તેને એક બેન હતી. તે પણ તેની સાથે નેસમાં જ રહેતી હતી. જાલમસિંહની બેનનું નામ રાયાં. રાયાંને તેની ભાભી સાથે ઘણી જ માયા હતી. બન્ને નણંદ ભોજાઈ સંપથી રહેતાં હતાં. રાયાં ભણેલી હતી. તેથી પોતાની ભાભીને નવરાશની ઘડીએ મઝાના ગરબા અને રાસડા તેમજ રણછોડજીનાં ભજનો મધુર રાગથી ગાઈ સંભળાવતી. રાયાંની ઉંમર અઢાર વર્ષની હતી.

મીરાત કરતાંએ રાયાંના રૂપ ચઢતાં હતાં. રાયાંની ચંપકવરણી દેહ, જોબનભરી કાયા, યુવાનીના હીલોળા લઇ રહી હતી. કસુંબલ કસબી ચુંદડી ઓઢી રાયાં જ્યારે ભાભીના આગળ ગરબા કે ભજન ગાતી હોય ત્યારે તો તેના રૂપની કંઇ મઝા! જાણે અમરાપુરના

ધામમાંથી ભૂલી પડેલી કોઇ ગાંધર્વ કન્યા પૃથ્વી પર ઉતરી આવી હોય એવાં એનાં નિર્મળ રૂપ ! રાયાં જ્યારે મીઠું મીઠું હસતી હોય ત્યારે દાડમના દાણા જેવા તેના દાંત આછા આછા રૂપે જોનારને આનંદિત કરતા.

પદ્મણી જેવી રાયા હજી કન્યા જ હતી. આ અપ્સરા માટે હજી કોઇ ગાંધર્વ મળ્યો નહોતો. રાયાં માટે કેટલાએ રજપૂત યુવકોએ માગાં મોકલ્યાં હતાં પરંતુ રાયાંની નજર કોઇના પર ઠરી નહોતી. પોતાને લાયક કોઈ જણાતું નહિ. સરખા સાથે પ્રીતડી જોડવાની તેની ઇચ્છા હતી. મનગમતો પતિ મળે તો જ લગ્ન કરવાં. જોડી ન મળે તો અણુમોલ જીવન વેડફી નાખવા તે તૈયાર ન હતી. વિષય વાસનાને તે તુચ્છ માનતી હતી. તે તો ચ્હાતી હતી શુદ્ધ સાચા દૈવી પ્રેમને.

રાયાં પર તેના ભાઈ જાલમસિંહની સારી મમતા હતી. ઘરમાં રાયાનું સારૂં માન હતું.

જાલમસિંહ રાજુલ્લાખાનને કોઈ કોઇવાર વેશ બદલી ઘુમલીમાં આવી મળી જતો. રબારી કે ભરવાડને વેશે આવી જોઇતી માહિતી મેળવી જતો હતો. છેવટે બન્ને જણા એવા નિશ્ચય પર આવ્યા કે "ગમે તેમ કરી રાખાયતને અને રાણાને મારી નાખવા. જાલમસિંહે રાખાયતને કેદ કરી લઈ જવો અને તેનો શિરચ્છેદ કરવો. બાદ સેનાપતિએ રાણાનો ઘાત કરવો." સેનાપતિએ અને જાલમસિંહે અહીં આવો વિચાર કર્યો ત્યારે ઘુમલીમાં રાખાયતના મકાનમાં શું થતું હતું તે તરફ જોઇએ.

ગંગાભારથી પોતાની પાસેના તમામ કાગળો લઇ રાખાયત પાસે આવ્યા હતા. રાખાયતે તેમાંથી મુદ્દાના કાગળો જુદા કરી પોતાની પાસે રાખ્યા. સાંજે એ પત્રો રાણાની હજુરમાં રજુ કરવાના હતા.

"મહારાજ તમે હવે શાન્તિથી પધારો રાણાજીને જે જે કહેવા લાયક છે તે તમામ હું સમજાવીશ. પત્રો બતાવીશ, દુશ્મનોના નાશ માટે લેવા યોગ્ય હુકમો મેળવી આપને તે બાબતની હકીકત સવારે જણાવીશ. મને સવારે આ ઠેકાણે જ મળજો. આપ હવે ચિન્તા મુક્ત છો." રાખાયતે મહારાજને ખાત્રી આપી. ગંગાભારથી મહારાજ ગયા. રાત્રીનું સામ્રાજ્ય ધુમલીપર જામી ગયું હતું. આઠ વાગી ગયા હતા. પહેરેગીરને સાવધ રહેવાનું કહી કાગળો લઇ દરબારગઢ તરફ રાખાયત રવાના થયો.

રાજમહેલમાં જઈ રાખાયતે હજુરીઆ હમીરજીને પ્રશ્ન કર્યો કે "મહારાજા કયાં છે?" હજુરીઓ સલામ ભરી બોલ્યો. "બાપુનું માથું દુઃખતું હતું એટલે આજે વહેલા પોઢી ગયા છે. જરૂરનું કામ હોય તો વરધી આપું."

"અત્યારે કંઈ તસ્દી આપવાની જરૂર નથી. સવારે હું આવીશ. પરંન્તુ. તેઓશ્રી સવારમાં ઊઠે ત્યારે, હું આવ્યો હતો તેવા સમાચાર કહેજે." એમ કહી રાખાયત મહેલેથી પાછો વળ્યો. એને થયું કે હવે કયાં જવું? અત્યારથી કંઈ ઉંઘ આવે તેમ નથી માટે જરાક સફર કરી આવું." તેથી શહેર બહાર ભીમનાથ મહાદેવનું મોટું દેવળ હતું તે તરફ ગયો. દેવળની પાછળ એક નદી હતી નદીના કાંઠાપર રચબાવળીનાં વૃક્ષોની ઘાડી ઘટા હતી.

રાખાયત અહીં થોડી જ વાર બેઠો પણ મનને જોઇએ તેવો આનંદ નહિ મળવાથી તે ઉઠયો અને ઘર તરફ વળ્યો. ભીમનાથનું દેવળ મૂકી શહેરના દરવાજાની નજીક આવ્યો. અંધારી રાત્રી હતી એટલે દૂર ઉભેલાં માણસો તો જણાતાં જ નહોતાં, રાખાયતથી દૂર દૂર આઠ દશ માણસો ઉભાં હતાં. તે બધાંએ એક સાથે રાખાયત પર ધસારો કર્યો. બે ચાર જણે તેને પકડી રાખ્યો. એક બે જણે

મોં પર ઠુચો માર્યો. હાથ પગ બાંધ્યા અને તેને લઇ ચાલ્યા. રાખાયતે ઘણી લાતો ફેંકી પણ ઓચિન્તા દશ માણસના હુમલા આગળ નિઃશસ્ત્ર યોદ્ધો શું કરી શકે?

બારે ગાઉની મજલ કાપી રાખાયતને લઈ જાલમસિંહ નેસમાં આવી પહોંચ્યો. પૂર્વ દીશાનું આભલું રાતું થયું. સૂર્યદેવની સ્વારી ઝળકી ઉઠી. તે સમયે જ જાલમસિંહે પોતાના આંગણામાં પગ મૂકયો. બધાં ઘોડાં બારણામાં આવી થંભ્યાં. સર્વે ઘોડાપરથી ઉતર્યા. રાખાયતને ઘોડાની પીઠ પરથી છોડવા માંડયો.

રાયાં પરોઢમાં વહેલી ઉઠી. સ્નાન શુદ્ધિ કરી કંકુ ચોખા લઇ ચંપાની કળીઓ જેવી (ચંપક વરણી) આંગળીઓ વડે સૂર્ય ભગવાનને પૂજી રહી છે. એવામાં ભાઇનાં ઘોડાં ઉભેલાં તેણે જોયાં. જાલમ-સિંહના ઘોડા જોડે એક ઘોડો હતો. તેના પર એક યુવાનને બાંધેલો તેણે જોયો. તેના શરીર પરના બંધ જોયા. ભાઈની વાતો પરથી તેને અનુમાન કર્યાં, મનમાં મુંગી મુંગી વાતો થવા લાગી. આ તો ધુમલીનો બહાદુર જયદેવ તો નહિ હોય? હા તેજ હશે. ભાઇને તેના પર વેર હતું. વેરનો બદલો લેવા ભાઈ તેને પકડી લાવ્યા છે. જયદેવને જોવા રાયાંએ મીટ માંડી. તેના શરીર પરના બંધ છોડી તેને ઘોડા પરથી ઉતારવામાં આવ્યો હતો. ફક્ત તેના હાથ જ બાંધેલા હતા. જયદેવ—રાખાયતને જોતાં જ કામદેવે પોતાનું પુષ્પ બાણ રાયાં પર ફેંકયું. રાયાંની આંખો મોહથી ઘેરાઇ ગઈ. તેના અંતરમાં રાખા-યત પ્રત્યે પ્રેમ જાગ્યો. મર્મસ્થાન મોહ બાણથી વિંધાયું. કંકાવટી હાથમાં લઇ તે કેટલોક વખત ત્યાં જ ઉભી રહી. તેને થયું કે ભાઇ આવા વીરનરને મારી નાખવા નિર્દય થયો! આવા રૂપાળા યુવાનનો વધ કરતાં ભાઇને દયા નહિ આવે! રાયાંએ મનમાં નિશ્ચય કર્યો. "મારે તેને છોડાવવો. તેની પાસે પ્રેમની માગણી કરવી. જો તે

માનશે તો ઠીક નહિ તો કુંવારી જીંદગી ગાળીશ. પ્રભુની ભક્તિ કરીશ, દેહ દમન કરીશ ને પુનર્જન્મે તેને વરીશ."

જાલમસિંહે રાખાયતને પાસેના જ મકાનમાં કેદી તરીકે રાખ્યો. આ તરફ ધુમલીમાં શું થયું ? સવાર થયું. રાજમહેલમાં રાજાજી સ્નાન ધ્યાન કરી તૈયાર થયા. હમીરજીએ કહ્યું. "બાપુ, રાતે આપના પોઢયા પછી સરદાર સાહેબ રાખાયત બાપુ આવ્યા હતા. અત્યારમાં તેમણે આવવા કહ્યું હતું. પણ હજુ આવ્યા નહિ." રાખાયતને બોલાવવા નોકર દોડયો. તેના મકાને પહેરેગીર આંટા દઈ રહ્યો હતો તેને આવનાર નોકરે પૂછ્યું "સરદાર સાહેબ છે ?" "તેઓ તો રાતના ગયા છે તે હજુ આવ્યા નથી." પહેરેગીરે જવાબ દીધો. રાજમહેલમાંથી આવેલો નોકર પાછો ગયો.

રાણાને સમાચાર મળ્યા કે સરદાર રાખાયત મકાને નથી. રાતના તે ઘેર જ ગયા નથી. સમાચાર સાંભળી રાણાને અને રાણીને ઘણી ફિકર થવા માંડી. "એ છોકરો કયાં ગયો હશે ? તે ભયમાં સપડાયો તો નહિ હોય ?" રાણાએ શંકાભર્યા ઉદ્‌ગારો કાઢયા. કે "રાખાયત કયાં છે તેની તપાસ કરાવો." તપાસમાં ને તપાસમાં આખો દિવસ ગયો. છેવટે કુવા, વાવ, નદી, નાળા જોઈ વળ્યાં. કયાંયે એ વીર ન મળ્યો.

સુરજદેવીએ શોક કરવા માંડયો. "અરે...રે દુઃખનો માર્યો મારે ત્યાં આવ્યો. પણ અહીંએ એ સુખી ન થયો. એને કોઇ દુશ્મનોએ મારી નાંખ્યો હશે તો આ દુનિયામાં અમારે માટે શું કહેવાશે ?"

રાણાને પણ રાખાયતના ગુણોને લીધે લાગી આવ્યું. બન્ને જણે અન્નજળ ન લીધાં. રાખાયત ગુમ થયા છે એવા સમાચાર રાખાયતના સ્નેહીઓએ જાણ્યા ત્યારે તેમને પણ ચિન્તા થઈ.

સેનાપતિ રાજુલ્લાખાન સિન્ધીએ રાણાને સારૂં મનાવવા ચારે તરફ માણસો દોડાવ્યાં અને રાણાની આગળ દીલગીરી જાહેર કરી. રાખાયત કોઈના ગાંજ્યા જાય તેવા નથી. તેમ અહીં તેમનું કોઈ દુશ્મન નથી. મને લાગે છે કે તેઓ કોઈ સ્થળે કંઇ કારણસર ચાલી નીકળ્યા હોય. જ્યાં હોય ત્યાં પરવરદિગાર તેમને સલામત રાખે એટલે બસ. મેં માણસો દોડાવ્યાં છે. જોઇએ શા સમાચાર આવે છે?"

રાખાયત માટે દોડ ધમાલ થઇ રહી. પરન્તુ બધુંએ નકામું થઇ પડયું. રાખાયત કયાંએ ન મળ્યો.

સાધુ ગંગાભારથી સવારના વાયદા પ્રમાણે રાખાયતના મકાને આવ્યા તો ત્યાં કોઇ મળેજ નહિ. ગંગાભારથીને વધારે ફિકર થવા લાગી. "કિનારે આવેલું વ્હાણ ડુબ્યું" એવું થયું તેમણે પોતાની યુક્તિઓ અજમાવી જોઇ પણ વ્યર્થ થઇ.

પોતાના મનગમતાને છોડાવવા રાયાંએ શી યુક્તિ રચી? તેમાં તેને સફળતા મળી કે નહિ? રાખાયત વાઢેલાઓની તરવારનો ભોગ થઇ પડયો કે કેમ? તે જોઇએ.

નેસમાં આજે ઉજાણી હતી જાલમસિંહે પોતાના સોબતીઓ અને ઇષ્ટ મિત્રોને મીજબાની આપી. નાનકા નેસમાં આજે આનંદ હતો. માત્ર એકજ વ્યક્તિનું દીલ દુઃખાતું હતું. તે વ્યક્તિ કોણ? જાલમસિંહ વાઢેલની બ્હેન રાયાં. રાખાયતનો જાલમસિંહ દુશ્મન હતો. રાયાંને તે પ્રાણ પ્રિય હતો. રાખાયતને જોતાંજ અંતરના ઉમળકાના ઉભરા આવ્યા, ને તેનું હૈયું હાથ ન રહ્યું. વીરતાની પાછળ સૌંદર્ય ભમવા લાગ્યું. રાખાયતને કયારે મળું? કયાં મળું? વખત જાય તેમ તેની ઇચ્છાનાં પુર વધવા લાગ્યાં. જાણે પૂર્વજન્મનો પ્રેમ જાગ્યો હોય તેમ રાખાયતને જોતાંજ મનથી તેને વરી ચૂકી હતી.

જોડેનાજ મકાનમાં રાયાંનો પ્રેમી કેદી તરીકે પુરાયેલો હતો.

આખા દિવસનો તે ભૂખ્યો હતો. તેની સંભાળ અહીં કોણ લે! રાખાયતે બહાર નીકળવા ઘણાં ફાંફાં માર્યાં પણ મજબુત ઓરડામાં તેનું બળ કામ ન આવ્યું. મૃત્યુનો ભય તેને નહોતો. પરન્તુ રાણાનું ખૂન થશે અને ગોઠવેલી બાજી ધૂળ થશે તેનાજ ઉચાટ તે કરતો હતો. રાખાયતે પ્રભુને પ્રાર્થના કરી. ને કેદ થયેલા ઓરડામાં એક ખૂણે જઇને સૂતો.

ખીલતા પુષ્પ જેવું રાયાંનું મુખ આજે કરમાયું હતું. તેના મનને આજે શોકનાં વાદળ છવાયાં હતાં. પ્રેમીને મળવાના વિચારો કર્યા, પણ તેમાં નિરાશ થતાં. હતાશ થઇ એક ખૂણામાં બેઠી. ઘરમાં સ્ત્રી વર્ગમાં ફક્ત બેજ જણ હતાં. મિરાત અને રાયાં. રાયાંને શોકાતુર જોઈ મિરાતને દુઃખ થયું. વ્હાલી નણદીની આ દશા વ્હાલસોયી ભાભીથી કેમ સહન થાય! તેણે પ્રશ્ન કર્યો. બ્હેન બા, આજે કેમ ઉદાસ છો? રાયાં ન બોલી એટલે ભાભી તેની નજીક ગઈ અને અમી ભર્યાં હાથે રાયાંની હડપચી પકડી પૂછ્યું બ્હેન બા કેમ બોલતાં નથી, શા દુઃખે દીલ દુભાયાં છે? રાયાંનું મોં ઉંચું થયું. મીરાતની અને તેની આંખો એક થતાંજ રાયાંની અણીઆળી આંખોમાંથી સાચાં મોતી તેના ગુલાબી ગાલ ઉપરથી ભાભીના પગ પર પડવા લાગ્યાં. રાયાંના આંસુ જોઈ મીરાત નીચે બેસી ગઈ ને તેને બાહુપાશમાં લઈ પોતાના ચીરના છેડેથી આંસુ લુછતી બોલી. બ્હેન બા, શું છે? શાન્ત થઈ મને જે હોય તે જણાવો. હું તમને મદદ કરીશ. કહો શું છે? રાયાંને ધીરજ વળી અને તેણે કહ્યું વચન આપો તો કહું. તમને મારા પર વિશ્વાસ આવતો નથી એમ કહી મિરાતે કોલ દીધા. રાયાંએ અંતરના પટ ભાભી આગળ ઉઘાડયા. અને જોકેના મકાનની કુંચીઓ લાવી આપવાની માગણી કરી. આ આકરી માગણીથી મીરાત વીચારમાં પડી ગઇ કારણ એ કુંચી તેના પતિ જાલમસિંહની

કેડે હતી. પરન્તુ રાયાંએ તેને યુક્તિ બતાવી એ યુક્તિએ કામ કરવા મીરાતે હામ ભીડી.

ઉજાણીમાંથી પરવારી જાલમસિંહ રાત્રે ઘેર આવ્યો. તેના પાસા આજે સવળા પડયા હતા. સિંહ જેવો દુશ્મન તેના પાંજરામાં પુરાયો હતો. તેનો રસ્તો હવે ચોકખો થયો હતો. એટલે બમણા ઉત્સાહથી આજે તેણે દારૂ પીધો હતો. રોજ કરતાં વધારે મદ્યપાન કરવાથી તે વધારે બેભાન થયો હતો. રોજના નિયમ પ્રમાણે કેડેથી કાઢી કુંચી ઓસીકે મૂકી. પલંગમાં પડયો ને ઘોર નિદ્રામાં ઘોરવા લાગ્યો. પતિને ગાઢ નિદ્રામાં જોઈ મીરાતે ઓશિકેથી કુંચી ઉઠાવી. આ વખતે તેના પવિત્ર હાથ ધ્રૂજ્યા. પતિથી છુપું આ એક પાપ હતું. પરન્તુ રાયાંનું કામ તેને મન શ્રેષ્ઠ હતું તેથી તે કુંચી લઈ શયન ગૃહમાંથી બહાર આવી. બારણા પાસેજ રાયાં રાહ જોતી ઉભી હતી. કુંચી જોઈ તેને આનંદ થયો ને ધીમે પગલે હરણીની માફક ફાળો ભરતી પોતાને કામે વળગી.

ધીમેથી પાસેના મકાને ગઈ. તાળું ખોલ્યું, અંદરનો ઓરડો ઉઘાડયો. મુખ્યદ્વાર અંદરથી બંધ કર્યું. દીવો કર્યો. ને આગળ વધવા લાગી. અવાજ અને પ્રકાશથી રાખાયત સાવધ થયો. અને આવી પડવાના દુઃખ સામે ટક્કર લેવા તે બેઠો થયો.

દીવેલના દીવાના ઝાંખા પ્રકાશમાં ગૌરવર્ણી રાયાંનું તેજ કંઈ છુપું રહે! હાથમાં ભોજનનો થાળ લઇ અનિમેષ નયને જોતી તે રાખાયતની નજીક આવી. થાળ રાખાયત આગળ મૂકી, બાજુ પર ઉભી રહી. રાખાયત તેને જોઇ રહ્યો હતો. થોડી પળો સુધી બન્ને એક બીજાને જોઇજ રહ્યાં. રાયાંની આંખો રાખાયતના રૂપનું પાન કરતી હતી. શાન્તિનો ભંગ કરી રાખાયતે પ્રશ્ન કર્યો. “તમે કોણ

છો ?". પ્રશ્નનો જવાબ નહિ મળવાથી રાખાયતે ફરી પ્રશ્ન કર્યો. આ કેદીને ખોરાક આપવા આવ્યાં હો તો હવે જાઓ. હું મારો ખોરાક ખાઇ લઇશ; "તમે પહેલાં ભોજન કરી લો પછી હું કોણ છું તે કહીશ." મધુર ઘંટડીના સૂર માફક રાયાંએ કહ્યું. ઉતાવળે ખાઇ ક્ષુધા શાન્ત કરી. અને તેટલી વાર રાયાં નિરીક્ષા કરતી ઉભીજ રહી.

"તમે કોણ છો? કેમ આવ્યાં છો? તમે આજે મારા પર ઉપકાર કર્યો છે! "એ ઉપકારના બદલામાં શું આપશો? શરમાતાં શરમાતાં રાયાં બોલી." "અત્યારે તો હું બંદીવાન છું. એટલે શું આપું? પરન્તુ આપ કોણ છો? અને આટલી રાત્રે મારા પર ઉપકાર કરવા આવવાનું કારણ શું?" રાખાયતે કહ્યું.

રાયાંની કાયા ધ્રૂજતી હતી. ભયથી નહિ પણ શા કારણે તે ધ્રૂજતી હતી તે તેનાથી સમજાતું નહોતું. શરમના શેરડા મોં પર પડયા હતા. તો પણ હીંમત કરી તે બોલી "હું જાલમસિંહની બેન મારૂં. નામ રાયાં. પ્રેમ મને અહીં ખેંચી લાવ્યો છે. તમારો પ્રે...મ" એટલું બોલતાં તે શરમાઇ ગઈ ને ચૂપ રહી. "રાયાં તમારી વાત હું સમજ્યો. તમારો પ્રેમ મારા પ્રત્યે છે. તેમ મારો પ્રેમ તમારા પ્રત્યે."

"હું તમને ચાહું છું. ઘણા દિવસથી તમને જોવાની ઇચ્છા હતી તે આજે તૃપ્ત થઈ." વીણા વાગી હોય તેવા મીઠા અવાજે રાયાં બોલી.

"રાયાં તમે જેમ મને ચાહો છો તેમ હું પણ તમને ચાહું છું પરન્તુ એક બેનની માફક. જાલમસિંહની બ્હેન તે મારીએ બ્હેન. બ્હેન રાયાં આ હૃદયમાં એકને સ્થાન અપાયું છે. તે સિવાય અન્ય સ્ત્રીઓ મારે મન માતા સમાન છે. મને ભૂલી જઇ બીજે મન જોડવાં એમાંજ તમારૂં હિત છે. મને તમારો ભાઇ ગણી હું કહું તેટલી મદદ આપો."

"રાખાયત !!! તમે મારી જીંદગીના પાયા તોડી નાખ્યા. મારા જીવનમાં ઝેર રેડયું. બ્હેન કહેનાર આગળ હવે શું બોલવું ? મારા ભાગ્યમાં જ લગ્ન સુખ લખવાનું વિધાત્રી ભૂલી હશે. નહિંતો મોઢે આવેલો કોળીઓ હાથમાંથી શા માટે પડી જાય ? તમારા સિવાય આ રાયાં હવે બીજાનો હાથ નહિ ઝાલે. મારે મન તો બીજા પુરૂષ ભાઈ જેવા છે. જન્મભર કુંવારી રહીશ, આ ભવે નહિ તો આવતા જન્મે તમને વરીશ, બોલો તમારે શી મદદ જોઇએ છે ?" રાયાંએ ભાવિ જીવનના કાર્યક્રમ સમજાવ્યા.

બેન રાયાં હું એકવચની છું, આપને મારા પ્રત્યે માઠું લાગ્યું છે. પરન્તુ લાચાર છું. બ્હેન તરીકે મને મદદ કરો. તમારો અવિચારી કૃતઘ્ની ભાઇ, કાલ સવારે મારો શિરચ્છેદ કરશે. માટે મને જીવાડવો હોય તો એક સરસ ઘોડી લાવી આપો. અને તેના બદલામાં એક બ્હેન ભાઇની પાસેથી જેવી આશા રાખે તેવી રીતે મારી પાસેથી માગી લો.

જાલમસિંહ જે ઘોડી પર સ્વારી કરતો હતો તે ઘોડી ફૂલમાળ ઉપર સાજ માંડી તૈયાર કરી. રાખાયતના હાથમાં લગામ આપી રાયાં છેલ્લા શબ્દો બોલી. બ્હેન તરીકે પણ મને ભૂલતા ના.

રાખાયત ઘોડી પર સ્વાર થયો ને બોલ્યો બ્હેન તારા બોલે પ્રાણ પાથરવા તૈયાર છું. જરૂર પડે ભલી થઇ યાદ કરજે. એમ કહી લગામ ખેંચી અને ફુલમાળ ચારે પગે ઉછળી ધુંમલીના રસ્તે રવાના થઇ.

ઉમંગભેર આવેલી રાયાં નિરાશ થઇ પાછી વળી. હતું તેમ કરી કુંચી ઠેકાણે મૂકાવી સૌ શાન્ત થઈ ગયું.

પ્રકરણ ૨૭ મું.

દ્વંદ્વ યુદ્ધ.

સવાર થતા પહેલાં રાખાયત ધુમલીમાં પહોંચી ગયો. બારોબાર રાજમહેલે ઘોડી દોડાવી મૂકી. અચાનક રાખાયતને આવેલો જોઈ રાણો ભાણજી નવાઈ પામ્યો. કેટલાક પ્રશ્નો પૂછયા. ફોઇ, ફુઆ ને પગે લાગી રાખાયત બેઠો. તેણે તમામ હકીકત કહી સંભળાવી.

નેસમાં સવાર થયું. જાલમસિંહ ઊઠયો, દાતણ કરી તૈયાર થયો. કુચીઓ લઇ. રાખાયતને કેદ કરેલો ઓરડો ઊઘાડયો. કોઈ ન મળે, તે વિસ્મય થયો. મારા હાથે પૂરેલો માણસ ક્યાં જતો રહ્યો. હાથ આવેલો સિંહ છૂટી ગયો એ તેને ઘણું લાગી આવ્યું. કુંચી ચોરાયા સિવાય આ કામ બને એવું નહોતું, એટલા માટે, પોતાની સ્ત્રી પર તેને શક ગયો. તેણે તેને ધમકાવવા માંડી. એવામાં રાયાં ત્યાં આવી હિમતથી બોલી "ભાઈ નાહક બીન ગુન્હેગારને શા માટે સતાવો છો. કુંચીઓ મેં લીધી હતી. તમારા ચોરને મેં નસાડી મૂકયો છે," તેણે હાથ પગ પછાડવા માંડયો. કેટલીકવાર બબડયો, પણ રાયાંને શું કરે! તે જાણતો હતો. કાકા જો આ વાત જાણશે, તો મનેજ મારી નાખશે. તેમનાથી છુપી રીતે પોતાની દાઝ વાળવી હતી. પરન્તુ બ્હેને દુશ્મનની ગરજ સારી. કાકા દુદનસિંહની ધાકથી તે રાયાંને કંઈ કહી શકયો નહી. માત્ર બે કડવા બોલ રાયાંને સંભળાવ્યા.

"રાયાં તેં મારી બાજી બગાડી, તારામાં અકકલજ નથી. મારે એને પુરો કરવો હતો. તેં બ્હેન થઇ દુશ્મનનું કામ કર્યું છે. તું બ્હેન છે એટલે લાચાર છું. બાકી બીજુ કોઇ હોત તો તેના કકડા કરી નાખત."

રાખાયતના બસો સ્વારો આવી પહોંચ્યા. નેસને ઘેરો ઘાલ્યો.

જાલમસિંહને ખબર મળ્યા કે "રાખાયત આવી પહોંચ્યો." જાલમસિંહ વાઢેલનો દિકરો તરવાર તાણી દોડયો. રાખાયતના સ્વારો તેના પર તૂટયા. ત્યાં રાખાયતનો હુકમ થયો. "ખબરદાર કોઈએ ઘા કરવો નહિ." ઉગામેલી તરવારો હવામાં અદ્ધર તોળાઈ રહી. સ્વારોના હાથ થંભી ગયા.

"જાલમસિંહ તમે ક્ષત્રિયવટ ખોઈ બેઠા છો. એક ચોરની માફક આવી મને દગો કરી ઉંચકી લઈ આવ્યા. એમાં બહાદુરી ન હતી. વીરતા તો સામી છાતીએ ઉભા રહી લડવામાં છે, ખરો ક્ષત્રિ દગો ન કરે. તમને તમારા બળનો ગર્વ હોય તો આપણે દ્વંદ્વ યુદ્ધ કરીએ" રાખાયતે કહ્યું.

બન્ને સરખી વયના યુવાન હતા. એક બીજાથી જાય તેવા નહોતા. સમશેરો ચળકવા લાગી. સામસામા પેંતરા ભરાવા લાગ્યા. દાવ ખેલવા લાગ્યા. રાખાયતે તરવાર ફેંકી જાલમસિંહની તરવાર સાથે અથડાઇ જાલમસિંહની તરવાર મૂઠમાંથી ઉડી ગઈ. દૂર જઇ પડી. બન્ને જણા મલ્લ યુધ્ધે લડવા લાગ્યા. એક બીજાને મહાત કરવાની ઇચ્છાવાળા બાથે પડયા. દાવ આવતાં કમરમાંથી પકડી જાલમસિંહને ભોંય પટકયો. જાલમસિંહ પડયો. રાખાયત તેના પર ચઢી બેઠા. પાસે પડેલી તરવાર ઉઠાવી. બોલ્યો. "કેમ જાલમસિંહ, બળની ખાત્રી થઈ ?" એમ કરી રાખાયતે જાલમસિંહ ને પુરો કરવા હવામાં તરવાર અધ્ધર કરી. તેવામાં દૂર ઉભેલી રાયાં સૈનિકોને હઠાવતી એકદમ દોડતી આવી. વીરાને બચાવવા વીરનો અધ્ધર થયેલો હાથ પાછળથી તેણે પકડી લીધો. તે બોલી. " પહેલાં રાયાં મરે પછી વીરો મરાય. " રાયાં ને જોઇ રાખાયત તરવાર ફેંકી દઇ જાલમસિંહની છાતી પરથી ઉભો થઇ ગયો. "બ્હેન રાયાં !!! તેં, મને અપકારરૂપી પાપમાં પડતાં બચાવી

લીધો. તે માટે તારો પુનઃ ઉપકાર માનું છું. એક પળનોએ વિલંબ થયો હોત તો. જાલમસિહની પાછળ મારે પણ મરવું પડત, તને શું મોઢું બતાવું !" રાખાયતે ઉપકારના રૂપમાં કહ્યું.

જાલમસિંહ શરમીંદો થઇ જતો રહ્યો. રાખાયત પણ સ્વારો સાથે પાછો પડયો. રાયાંને ઘણું દુઃખ થયું. રાખાયત નજરથી અદસ્ય થયો. રાયાંએ નિસાસો ભર્યો. તેને તાવ લાગુ પડયો. દિવસે દિવસે રાયાંની દેહ લતા 'સુકાવવા લાગી. તેનું શરીર ગળવા માંડયું. દવાઓ કરી પણ એથી કંઇ દીલના ડાઘ મટી જાય! દીલનાં દર્દ કંઇ દવાથી મટે ! એક વખતની યુવાન મસ્ત રાયા અત્યારે હાડપીં-જરનો માળો થઇ ગઇ હતી. આત્મારૂપી ઝાંખો ઝાંખો દીવડો તેની કાયામાં પ્રકાશી રહ્યો હતો. તે પણ બુઝાવાની તૈયારીમાં હતો. પુનઃ-જન્મ પામી રાખાયતને ભેટવા રાયાં ઉતાવળી થઇ, રાખાયતનું ધ્યાન ધરતી. રાયાં કરમાઇ ગઈ. રાયાં મરી ગઈ. તેની ભાભી મીરાતને અતિશય દુઃખ થયું. તેણે રાયાંની પાછળ ઘણું કલ્પાંત કર્યું. પરન્તુ અભેદના પંથે જઈ બેઠેલી રાયાં. ભાભી મીરાતનાં ઉનાં આંસુ લુછવા નજ આવી.

જાલમસિંહ હવે નેસમાંથી બેટમાં જઇ રહ્યો. પુણ્યવાન જીવોની મુસાફરી જલદી પુરી થશે. લોકો કહેછે કે "જેનો અહીં ખપ તેનો ત્યાં એ ખપ" આ વાકયમાં કેટલું સત્ય રહેલું છે. તેનું વિવેચન કરવું અહી અસ્થાને છે. પરન્તુ વાઢેલ કુટુંબમાં જે સંસ્કારી પવિત્ર આત્માઓ હતા તે બધા જતા રહ્યા. અને તેથી વાઢેલ કુટુંબનો સંબંધ આ કથા સાથે પણ પુરો થાય છે.

પ્રકરણ ૨૮ મું.

પાપનો ઘડો ફુટયો.

રાજુલ્લાખાને જાણ્યું કે જાલમસિંહને મહાત કરી રાખાયત પાછો આવ્યો. પોતાના માર્ગમાં આડે આવનાર રાખાયતને ઠેકાણે કરવા તેણે ઘણી અક્કલ દોડાવી. પરન્તુ તેમાં તે હાર્યો હતો. તેથી હવે તેણે રાણાનો ઘાત કરવા વિચાર કર્યો.

હુકકો ભરી તૈયાર કરીને લઈ આવતો નોકર રસુલ આ ઓરડા આગળ આવ્યો. તે ખંચાયો. અંદર રાજુલ્લાખાન અને તેનો મળતીયો બંન્ને કંઈ છુપી મસલત કરે છે, તે સાંભળવા તે બારણા ઓથે ઉભો રહ્યો. કાન માંડી તેણે બધી વાત અથઇતિ સાંભળી તેના મોં પર આનંદની રેખાઓનાં લોહી ઉભરાયાં. સેનાપતિ છેલ્લું વાક્ય બોલી અટકયો એટલે બારણા ઓથેથી નીકળી નોકર રસુલ આગળ વધી ઓરડામાં ગયો. તૈયાર કરેલો હુક્કો સેનાપતિ આગળ મૂકી ચાલતો થયો. ઉતાવળો ઉતાવળો સેનાપતિના મકાન બહાર જતો રહ્યો.

" માનસિંહજી ! આજ રાત્રે ગજબ થશે. ધુમલીના ધણીનો ઘાત કરવા સેનાપતિ જાતે જશે. માટે તમે જીવના જોખમે રાણાને બચાવો ! વધારે થોભવાનો સમય નથી " હાંફતો હાંફતો વચ્ચે દમ લેતો પેલો રસુલ ખબર આપી તરત પાછો પડયો. અને ગંગાભારથી પોતાના મદદગાર રાખાયતના મકાન તરફ વિદાય થયા.

રાખાયત કુદરતના દેખાવો જોઇ રહ્યો હતો રજનીની છાંયા શ્યામ રંગની ચાદર પૃથ્વીના પટ પર પથરાવા લાગી. ગગનમાં તારલા ડોકીયાં કરવા લાગ્યા. તે સમયે સાધુ ગંગાભારથીએ રાખાયતના ઓરડામાં પગ મૂકયો.

" વીર રાખાયત અત્યારે એનાથીએ અગત્યનું એક કામ તમને સોંપવા આવ્યો છું. એમ કહી આજુબાજુ જોઇ ગંગાભારથી ધીમા સાદે બોલ્યા રાણાનો જીવ આ રાત્રે જોખમમાં છે. પાપી સેનાપતિ પોતે રાણાનો વધ કરવા જવાનો છે. માટે રાણાને બચાવવાની તૈયારી કરો. મારી જરૂર હોય તો મને પણ સાથે લઇ ચાલો પ્રાણના ભોગે પણ ધુમલીના ધણીને બચાવવાની જરૂર છે "

" હેં ! ! શું ! ! તમે સાચું કહો છો ? પાપીએ રાણાજીનો જીવ લેવાની તૈયારી કરી છે. તમે મને ઠીક સમયે ચેતાવ્યો. આજે પાપ પુણ્યના હિસાબ ચોકખા થશે. આજે કાંતો એ નહિ અને કાંતો હું નહિ. એના પાપનો ઘડો આજે ભરાઈ ગયો છે. હું રાજ-મહેલે જઇ બધી વ્યવસ્થા કરીશ. આપ કોઈ પણ વાતની ફિકર ચિન્તા કરશો નહિ. સવારે મને મળશો " એમ કહી રાખાયતે અનુકુળ પોશાક ધારણ કર્યો ઉપયોગનાં હથિયાર પણ લીધાં. પહેરગીરને મકાનની ચોકી સાવધાનતાથી કરવાની તાકીદ આપી રાજમહેલ તરફ રવાના થયો. રસ્તામાં હમીરજીને આ કામમાં મદદ આપવા કહ્યું. અને ગંગાભારથી પોતાના મકાન તરફ ગયા. જતી વખતે પણ " કહેતા ગયા રાખાયત સાવચેત રહી કામ કરજો. "

રાખાયતે રાજમહેલમાં જઈ ફોઈ કુઆ સાથે કેટલોક સમય વાતો કરી દશ અગીઆરનો અમલ થયો. રાણાજી શયન માટે પધાર્યા. રાખાયત રજા લઇ ઘેર જવા ઊઠયો. રાજમહેલની દેવડીએ ચોકી માટે બેઠેલા સિપાઇઓએ રાખાયતને સલામો ભરી સલામો ઝીલતો તે રાજમ-હેલની બહાર નીકળ્યો. બહાર આવ્યા પછી રાજમહેલના પાછલા ભાગમાંથી છુપા રસ્તે તે પાછો રાજમહેલમાં દાખલ થયો અને મહેલમાં જવાના મુખ્ય રસ્તા પર એક ખૂણામાં કોઇ દેખી ન શકે તેવી રીતે લપાઇને ઉભો.

મધ્ય રાત્રી વિતી ગઇ રાતનો એક વાગ્યો, એક કાળો ઝબ્બો ઓઢેલી વ્યક્તિ રાજમહેલનાં પગથીઆં ચઢવા લાગી ચારે તરફ નજર કરતી ચૂપકીથી તે આગળ વધતી હતી. રાણાના શયન ગૃહ આગળ તે આવીને ચોમેર નજર કરવા લાગી. રાજાનાં શયન ગૃહ આજે ખુલ્લાં હતાં ત્યાં ચોકી નહોતી તેથી તે વ્યક્તિ શયન મંદિરમાં દાખલ થઈ પાછળ પાછળ રાખાયત પણ ધીમે પગલે અંદર ગયો. પેલી વ્યક્તિ શી હીલચાલ કરે છે. તે જોતો એક ખૂણામાં લપાઈ રહ્યો. આવેલી વ્યક્તિના હાથમાં ખુલ્લી કટાર હતી. તે લઇ પલંગ તરફ ધસારો કર્યો. તેણે કટાર ઉગામી પણ પલંગમાં રાણાને નહિ જોવાથી તે વ્યક્તિ પાછી વળવા લાગી એવામાં રાખાયતે મોં વડે સીટી વગાડી તરતજ દશ સિપાઇઓ દોડતા આવ્યા. તે વ્યક્તિએ નાસવા માંડ્યું રાખાયતે તેને પાછળથી જઈ બાથમાં પકડયા બાદ એક જણે તેનો ઝબ્બો ખેંચી દૂર કર્યો તો સેનાપતિનો ચહેરો જણાયો. હમીરજી દીવો લઇ ત્યાં હાજર થયો હતો. સેનાપતિને આવા વેશે જોતાં સિપાઇઓ નવાઈ પામ્યા. સિપાઇઓએ રાખાયતના હુકમથી તેને બાંધી લીધો હતો. તેણે છુટવા માટે ઘણું બળ કર્યું પરન્તુ તેના બળને પહોંચી વળાય એવી તજવીજ રાખાયતે પ્રથમથીજ કરી મૂકી હતી. ગરબડ થવાથી રાણા ભાણજી ત્યાં આવી પહોંચ્યા જુએ છે તો પોતાનો વિશ્વાસુ સિન્ધી સેનાપતિ રાજુલ્લાખાન સિપાઇઓના હાથમાં ગીરફતાર થયેલો સ્યામ મોઢે જમીન તરફ નીચું જોઈ ઉભેલો જોયો. પ્રથમ દષ્ટિએ આ દસ્ય જોઈ રાણાને ઘણો અચંબો થયો. આ સ્વપ્નું છે એવો ભ્રમ થયો. પરન્તુ જયારે રાખાયતે ટુંકી હકીકત જણાવી ત્યારે રાણાનો એ ભ્રમ દૂર થયો.

ધુમલી રાજ્યના વફાદાર સેનાપતિ આપને ઠાર કરવા આવ્યા છે આ બહાદુર સિપાઓની મદદથી મેં તેમનો ઘટતો સત્કાર કર્યો

છે. એ આપનું ખૂન કરવા આવ્યો છે એટલુંજ નહિ પણ આપના વડીલભાઈ મર્હુમ રાણા નાગજી જેઠવાને પણ તેણે ઝેર આપી મારી નાખ્યા છે એના પુરાવા હું આપને સવારે રજુ કરીશ.

રાણા ભાણજીએ આ શબ્દો સાંભળ્યા તેનો ક્રોધ વધ્યો એ દુષ્ટને અહીંજ પુરો કરી નાખવા વિચાર થયો. પરન્તુ ખામોશ રાખી રાણો બોલ્યો "લુણ હરામી નીચ છેવટે તેં તારૂં પોત પ્રકાશ્યું મારી સાથે દગો કર્યો અને આલમના બાદશાહ ઈશ્વરને ઠગ્યો. પરન્તુ પરમેશ્વર કેમ છેતરાય. રાખાયત જાઓ આ નીમકહરામ કુતરાના હાથ પગમાં સવા સવા મણની બેડીઓ નાંખી અંધારી કોટડીમ કેદ કરો. સખ્ત પહેરો રાખવા રણધીરને સૂચના કરશો સવારે ઘુમલીની પ્રજા સમક્ષ એનો ન્યાય થશે"

રાજુલ્લાખાનને વૃદ્ધ ખુજાતના શબ્દો યાદ આવ્યા. તેને થયું કે ધરતી માગ આપે તો સમાઈ જાઉં પણ પાપીઆને ધરતી મા કંઈ સંઘરે ?

થોડી પળ પહેલાંનો સેનાપતિ કેદી થયો તેના હાથ પગમાં બેડીઓ ઠોકી દીધી સૈનિકો તેને કેદખાને લઈ ચાલ્યા. ને એક અંધારી કોટડીમાં સખ્ત પહેરા તળે કેદ કર્યો રાખાયત હિન્દી સૈન્યના સેનાપતિ મિત્ર રણધીરને મળ્યો પાંચ સો ઘોડેસ્વારની ચોકી સિન્ધીઓના રહેઠાણ પર ગોઠવી દીધી તોફાન થાય તો તોફાનીઓને કેદ કરવાનો હુકમ આપી. પોતે મકાને ગયો આ વખતે પરોઢ થવા આવ્યું હતું. રાત્રીનો અંધેરીઓ અમલ ઉતરી સૂર્ય પ્રકાશની તૈયારી હતી. અહીં ઘુમલીમાં પણ રાજુલ્લાખાનનાં કાવતરાંનો અંત આવી ગયો તે ગીરફ્તાર થયો.

બીજા દિવસનો ભાનુ પ્રકાશ્યો આજનો દિવસ ઘુમલીમાં વસતા સિંધીઓ માટે કાળ રૂપ હતો, સિંધીઓનાં અન્ન જળ ઘુમલીમાંથી ખૂટયાં હતાં. આજે સેનાપતિને તેના પાપની સજા ભાગવવાની હતી.

સવાર થતાં રાણાએ તુર્ત દરબાર ભરવાને હુકમ કર્યો જેથી દીવાને જાહેર દરબાર ભરવાની બધી તજવીજ કરી.

સવારમાં સાધુ ગંગાભારથી રાખાયતને ત્યાં આવ્યા. રાત્રીએ એ શું થયું "એવો પ્રશ્ન રાખાયતને પૂછયો." મહારાજ તમારા પ્રતાપથી ફતેહનાં નિશાન ફર્યાં છે. દુષ્ટને ગીરફતાર કરી સવા સવા મણની બેડીઓ પહેરાવી કેદ કર્યો છે. આજે તેનો ઈન્સાફ પ્રજા સમક્ષ થશે. તમારી પ્રતિજ્ઞા પ્રભુ કૃપાથી પૂર્ણ થશે. ચાલો હવે આપણે દરબારમાં જઈએ. આજે જાહેર દરબાર ભરવાનો છે. તેમાં આપ મારી સાથે ચાલો મારી પાસેજ આપ બેસજો, આપને કોઈ વાતની હવે હરકત નહી આવે, પેલા પત્રો સંભાળીને સાથે લઈ લેશો" રાખાયતે કહ્યું.

"આજનો જાહેર દરબાર, ત્યાં ભીડ માટે શું પૂછવું. દરબાર માણસોથી ભરચક થયો હતો. એક તલપૂર જગા ખાલી નહોતી. સેનાપતિને કેવો ન્યાય મળે છે. તે જોવા સાંભળવા ધુમલીની પ્રજાએ સારી સંખ્યામાં હાજરી આપી હતી. રાણાના સિંહાસન સામે થોડે દૂર સૈનિકોના પહેરામાં રાજુલ્લાખાન ઉભો હતો તેના હાથ પગમાં ભારે વજનની બેડીઓ હતી. તેનો મદ જતો રહ્યો હતો. નિસ્તેજ વદને નીચું જોઈ તે ઊભો હતો. દરબારમાં હાજર રહેલાં સૌ તેને અંતરમાં ફીટકાર આપી રહ્યા હતા. કેટલાક દયા ખાતા હતા આમ સર્વે પોતપોતાના મનો રાજ્યમાં રાજુલ્લાખાનનો ઈન્સાફ ચુકવી રહ્યા હતા. એવામાં રાણો ભાણુજી સિંહાસનેથી બોલ્યો. આજનો દરબાર આપણી સામે ઉભેલા કેદીનો ન્યાય કરવા માંટે ભરલામાં આવે છે એ આ ધુમલીની વફાદાર પ્રજાથી અજાણ્યું નહિજ હોય. કેદીને તમે સર્વેએ ઓળખ્યો હશે. એ આપણા રાજ્યનો વિશ્વાસુ ગણાતો— મનાતો સેનાધિપતિ રાજુલ્લાખાન છે. ગઈ રાત્રે મારા શયનગૃહમાં તે

મારૂં ખૂન કરવા આવ્યો હતો. ત્યાંથી તેને રાજ્યના સાચા સેવક સરદાર રાખાયતે સિપાઇઓની મદદથી તેને કેદ પકડયો. વળી તે સાથે એક ભેદભરી વાત પર વધારે અજવાળું પડયું છે. હું જાણું છું કે મહુંમ રાણા નાગજીના અકાળે થયેલા મૃત્યુ સંબંધી રાજ્યની પ્રજાનો મારાપર વહેમ છે. પરન્તુ પ્રભુએ મને સ્હાય કરી છે. એ ભેદ ખુલશે ત્યારે આપ સર્વેના સમજવામાં આવશે કે હું નિર્દોષ છું. એ બધો ભેદ સરદાર રાખાયત સમજાવશે. "

રાખાયત ઉભો થયો. તે બોલ્યો "ધુમલી રાજ્યના મહુંમ પ્રધાન અજીતસિંહનો શિરચ્છેદ કરવાનો અને તેમના ભાઇ માનસિંહજીનો મારાઓ પાસે વધ કરાવ્યાનો પહેલો આરોપ હું રાજુલ્લાખાન પર મૂકું છું. માનસિંહ મારાઓના હાથમાંથી કેમ છૂટયા તેની હકીકત મારી સાથે બેઠેલા જે સાધુને જુઓ છો તે પોતે અજીતસિંહ પ્રધાનના ભાઇ માનસિંહજી છે તે સમજાવશે. તેમની કૃપાથીજ તમારી સેવા મેં કંઇક બજાવી છે. આ કાવતરાની બીના મારા કરતાં તેઓ વધારે જાણે છે એટલે બાકીની બીના તેઓ પોતેજ કહી સંભળાવશે "

અત્યાર સુધી ગંગાભારથી તરીકે ઓળખાતા. માનસિંહજી ઉભા થયા. રાણાને અને રૈયતને પ્રણામ કર્યા. તાળીઓના અવાજથી દરબાર ગાજી ઉઠયો હતો. માનસિંહજીએ ભેદ ખોલવા માંડયો સભામાં શાન્તિ પ્રસરી ગઇ " હજુરમાં નોકરી કરતા હમીરજીની પ્રથમ પીછાણ આપી. હમીરજી મહુંમ પ્રધાન અજીતસિંહનો પુત્ર વીરમજી છે. તે જાણી સભાજનોને ઘણો આનંદ થયો. આ વીરમજી જેવો. બીજો એક મારો મદદગાર છે અને તે રાજુલ્લાખાન સિન્ધીની તહેનાતમાં રહેતો નોકર રસુલ, રસુલનું ખરૂં નામ મહંમદ છે. તે જાતનો મુસલમાન છે. ખાનદાન કુટુંબનો છે ને મારો બાલમિત્ર છે. અમારા કુટુંબની દુર્દશા જોઇ તેનું દીલ પીગળ્યું. મને કોઇ પણ રીતે મદદ કરવા તે

તૈયાર થયો મારી અનુકુળતા માટે તેણે રાજુલ્લાખાનને ત્યાં નોકરી સ્વીકારી. રસુલ નામ ધારણ કરી આ નરાધમની તેણે તાબેદારી ઊઠાવી. મહંમદ રાજુલ્લાખાનના અંતરની છુપામાં છુપી વાત જાણી લેતો. મને આવી કરી જતો ગઈ રાતના બનાવની પણ તેણેજ ખબર આપી હતી. એ ન હોત તો કોણ જાણે આજે શું એ થયું હોત. જીવના જોખમે તેણે કામ કર્યું છે. મહમંદ દરબારમાંજ હતો તેણે રાણાના કદમોમાં શિર ઝુકાવ્યું. રાણાએ તેને શાબાશી આપી વખાણ કર્યાં. બાદ માનસિંહજીએ એક નાની ચિઠ્ઠી કાઢી. ખુન્નત હાજર હતો. તેમના હાથમાં પેલી ચિઠ્ઠી મૂકી માનસિંહે પૂછયું આ અક્ષર તમારા છે ? ખુન્નતના પગ ધ્રુજ્યા. તેણે ના કહી. રાણાએ ખુન્નતના સામે જોઈ કહ્યું "ખુન્નત સાચું બોલજે નહિ તો ઝાડ સાથે ઉભો રાખી હાથ પગમાં નાગ ફણીઓ જડાવીશ " ખુન્નત ગભરાયો. તેણે તમામ સત્ય હકીકત જાહેર કરી કહ્યુ. " એ ચિઠ્ઠી મેં લખી હતી. રસ્તામાં નોકરના હાથમાંથી પડી ગઈ હતી. સેનાપતિજીના કહેવાથી વિષ આપી રાણા નાગજીનો જીવ લીધો છે. " આ વખતે દરબારમાંથી ધિક્કાર શબ્દો ચારે તરફથી સંભળાયા, ત્યારબાદ વાઘેલાઓને તુમલી રાજ્ય પર ચઢી આવવાના પત્રો રાજુલ્લાખાને લખ્યા હતા. તે અનુક્રમે વંચાવા લાગ્યા. (પત્રો આગળ આપણે વાંચી ગયા છીએ) જે સાંભળી સર્વેએ રાજુલ્લાખાનનો તીરસ્કાર કર્યો. રાણાએ આ તમામ હકીકત સાંભળી પછી એના ગુસ્સાનું શું પૂછવું ? તે સિંહાસનેથી ઉતર્યો. અને રાજુલ્લાખાન પાસે જઇ તીરસ્કારભર્યાં વચનોથી બોલ્યો " બોલ ઓ નીચ કુતરા બોલ ! આ સંબંધમાં તારે કંઈ કહેવું છે ? " રાજુલ્લાખાન શું બોલે ! ! તેના પાપનો ઘડો ફુટી ગયો. તે એક પણ શબ્દ બોલી શકયો નહિ.

અને ઊંચું જોઇ શક્યો નહિ. દરબારમાંથી અવાજ થયો. એ "નિમકહરામનો શિરચ્છેદ કરો. એ પાપીને મારી નાખો" રાખાયત તમે આ નીચને વધસ્થાને લઈ જાઓ ત્યાં એના રાઇ રાઈ જેવડા ટુકડા કરી સમડી અને ગીધડા તરફ ફેંકી દો. મારા ભાઈના ખુનીનું મોં જોવા હું ઇચ્છતો નથી. અને આંજે એક પણ સિન્ધી ધુમલીમાં રહેવા પામે નહિ. બે દિવસમાં રાજ્યની હદ છોડી ચાલ્યા જાય. જો ન જાય તો તેમની કતલ કરો. તેમની માલ મિલ્કત જપ્ત કરો.

આ નરાધમ ખુન્નતે આવાં તો કેટલાંએ કુકર્મો કર્યાં હશે. તેને સખત મજુરી સાથે જન્મકેદની સજા ફરમાવું છું.

રાજુલ્લાખાનને વધસ્થાને લઇ ગયા. ત્યાં રાખાયતની રુબરુ માનસિંહે પોતાના હાથે પોતાના ભાઇને મારનારનો શિરચ્છેદ કર્યો. રાજુલ્લાખાનના લોહીથી હાથ રંગ્યા. પોતાની પ્રતિજ્ઞા પૂર્ણ કરી.

ધુમલી રાજ્યમાં પુનઃ શાન્તિ સ્થપાઈ માનસિંહજી-ગંગાભારથીને હવે કંઈ તૃષ્ણા રહી નહોતી. પ્રતિજ્ઞા પૂર્ણ થવાથી ઈચ્છા તૃપ્ત થઈ હતી. ભત્રીજા વીરમજીને કેટલીક ભલામણો કરી તેઓ કાશી તરફ રવાના થયા. રાખાયત તેમને કેટલેક સુધી વળાવી આવ્યો.

પ્રકરણ ૨૯ મું.

પુનઃ દર્શન

આસો વદ તેરશનો રૂડો દિવસ. હિન્દુ પ્રજાનો ધનતેરશનો તહેવાર ધુમલીમાં દિવાળીના તહેવારની જાહોજલાલી ઝળકી રહી હતી. પ્રજામાં આનંદનાં પુર આવ્યા હતાં. આ શુભ દિવસોમાં મંગળદાયક પોતાની સખીઓ સાથે રંગબેરંગી સાથીઆથી ધુમલીની પ્રજાનાં

આંગણાં શોભી રહ્યાં હતાં. કેટલીક હોંશીલી સ્ત્રીઓ વહેલી ઉઠી નાહી ધોઈ સ્વચ્છ થઇ શણગાર સજી નવા વસ્ત્ર પહેરી ઉલ્લાસમાં જળ ભરી લાવવા વેણુ નદીને કીનારે પહોંચી ગઇ છે.

સખીઓના વૃંદ વચ્ચે રંભા જેવી સોન મધુરૂં મધુરૂં હસતી હસતી નિર્દોષ વાતો કરતી વેણુને કાંઠે આવી.

સરખી સાહેલીઓમાં વાદ પડયા. 'કોનું બેડું વધારે ઉજળું થાય છે.' બધીઓએ પોતાના હાથનું બળ અજમાવવા માંડયું. સર્વેના બેડાં ઉજળાં થયાં પરન્તુ હરિફાઇમાં સોન જીતી. વેણુનાં ચોકખાં નિર્મળ —સલીલ જળથી બેઢાં ભરી માથે મૂકી બધાંએ શહેર તરફ વળ્યાં.

નિત્ય નિયમથી પરવારી શહેર બહાર ખુલ્લી હવામાં ફરવા જવા માટે રાખાયત ઘોડેસ્વાર થઈ ઘેરથી નીકળ્યો. ધુમલીના દરવાજે આવ્યો પનહારીઓ સામી મળી. દરબારી ઘોડેસ્વારને આવતા ભાળી સઘળી પનીહારીઓ એક તરફ ઉભી રહી. દરવાજામાંથી પસાર થતાં રાખા-યતની નજર આ પનીહારીઓ ઉપર પડી. સર્વેની આગળ સોન બેડું લઈ ઉભી હતી. સોનને જોતાં રાખાયતે ઘોડો થંભાવ્યો. દષ્ટોદષ્ટ મળી. બન્ને થોડી પળો અવાક્ બની ઉભા રહ્યાં. એકબીજાની આંખે મટકું એ ન માર્યું. સોનના આવા સ્વભાવથી તેની સહીઅરોને ઠીક ન લાગ્યું ને સઘળી ચાલતી થઇ "માથે ભાર લઈ કયાં સુધી ઉભાં રહીએ. દરબારી માણુસ સાથે વાત કરતાં એને શરમે નથી આવતી. ચાલો આપણે. એ તો ધણીએ આવશે." એમ કહેતી એક જણુ બધીને લઈ ચાલી ગઈ. સોન રાખાયતની સામે બેડું લઇ ઉભી જ રહી. તેને ભાર ન લાગ્યો. છેવટે મૌનનો ભંગ કરી રાખાયત બોલ્યો. 'સોન તમે અહીં કયાંથી? તમારા માતા પિતા કયાં છે?" જવાબમાં સોને જણાવ્યું કે "મીઆણીમાંથી નીકળી અમે બધાં અહીં મારા

મોસાળમાંજ રહીએ છીએ પણ તમે અહીં ક્યાંથી ? ચાલો ચાલો મારી સાથે ઘેર ચાલો. અમે તમારી ઘણી તપાસ કરાવી હતી. તમે ક્યાં નાસી ગયા હતા."

"સોન એ બધા પ્રશ્નોનો જવાબ ઘેર ગયા પછી આપીશ. એક વખત મને તમારાં માવતરનાં દર્શન કરાવો. એ ભલા શેઠને હું નથી ભૂલી ગયો." રાખાયતે હૃદયના આનંદ સાથે ઉત્તર આપ્યો.

સોન આગળ અને રાખાયત પાછળ ચાલતાં ચાલતાં ભાણા શેઠને મકાને આવી પહોંચ્યા.

સોનની સખીઓ વહેલી ઘેર પહોંચી ગઇ અને સર્વ બનેલી વાત કહેવા લાગી. ભાણો કંસારો આ વખતે ઘરમાં હતો. તે સાંભળતાં તે ગભરાયો. મનમાં થયું કે એ પાપીઓએ સોનને રોકી હશે તેથી હાંફળા ફાંફળા થતા ઘર બહાર આવ્યા. ત્યાં તેમણે સોનને દીઠી. તેમના મનની ગભરામણ મટી ગઇ.

" બાપુ ! બાપુ !!! રાખાયત આવ્યા." હર્ષભર્યા શબ્દે સોને પિતાને ખબર આપી. અરે દીકરી એ અહીં ક્યાંથી હોય ! એનું કોણ જાણે શું થયું હશે ? ભાણાશેઠે નિરાશ ભર્યો નિઃસાસો મૂક્યો. 'બાપુ હું સાચું કહું છું. જુઓ આ આવ્યા." સોને પાણીનું બેડું નીચે ઉતારી કહ્યું.

ભાણા કંસારાએ પોતાના જુના મહેમાનને જોઈ આદર સત્કાર સારો કર્યો. રાખાયતને આગ્રહ કરી પોતાને ત્યાં જમાડ્યો. ઘરનાં સૌ સાથે બેસી જમ્યા. સાંજરે રાખાયત ઘેર ગયો. પણ તેને કંઇ ચેન પડ્યું નહિ.

પરન્તુ જેમ જેમ રાખાયતને સોનનો સમાગમ વધતો ગયો તેમ તેમ રાખાયતને દુઃખ થવા લાગ્યું. કારણ એમ હતું કે જ્યારે તે

સોનથી વિખુટો પડતો ત્યારે તેના મનની દશા દુઃખકર થઈ પડતી. સોનનો વિયોગ તેનાથી સહન થતો નહોતો. અને સોનના હાથની માગણી શેઠ આગળ થઇ શકતી નહોતી. શું કરવું? આ બાબતથી રાખાયત અમુઝાયો હતો. તે સોનના શુદ્ધ પ્રેમનો સાચો પુજારી હતો. વિષય પ્રેમને તે તુચ્છ લેખતો હતો. સોનના પ્રેમબદ્ધમાં તે સપડાયો હતો. વિરહ વેદનાથી તેનું શરીર પ્રતિદીન નબળું પડવા લાગ્યું. એની દષ્ટિમાં સોન વસી રહી હતી. તેના શરીરની ક્ષીણતા જોઇ રાણાને લાગ્યું કે એને કંઈ રોગ થયો છે. કુશળ રાજવૈદ્યોની સારવાર રાખાયત માટે નિષ્ફળ નીવડી, સુરજદેવી ફોઈ રાખાયત માટે પ્રાણ પાથરવા લાગ્યા. પરન્તુ એમને ક્યાંથી ખબર પડે કે ભત્રીજો સોન માટે મરવા પડ્યો છે.

બીજી તરફ સોનની પણ રાખાયતના જેવી દશા હતી. તે મનમાં મુંઝાતી હતી. તેની મનોદશા ભૂંડી હતી.

એક દિવસ રાણા ભાણ જેઠવાએ રાખાયતની મનોવ્યથા જાણવા સાંજે રણધીરને ખબર કાઢવા મોકલ્યો. તેની સાથે રાખાયતે દીલ ખોલી વાત કરી સોનના પ્રેમ ઘાથી પીડાતા રાખાયતે જણાવ્યું. "ભાઈ રણધીર તમને મારી જીંદગીનો ખપ હોય તો એ સોન સાથે લગ્ન થાય એવી ગોઠવણ રાણા મારફતે કરાવો તો મારૂં દર્દ મટશે."

બીજે દિવસે રાણો રાખાયતને મકાને આવ્યો. "રાખાયતે રણધીર પાસેથી તમામ હકીકત જાણી છે. હું સમજ્યો કે તારી ઇચ્છા વિરૂધ્ધ કામ થશે તો પરિણામ સારૂં નહિ આવે. પરન્તુ એક શુભેચ્છક તરીકે મારી તને એક સલાહ છે કે તું બાબરીઓ રાજ-પુત્ર છે. એ કંસારાની કન્યા છે. તારા કુળમાં આ કાર્યથી કલંક

લાગશે. તું કહેતો હોય તો સોન કરતાંએ રઢીઆળાં રૂપવાળી રજપૂતા-તાણીની કન્યાઓ સાથે તને પરણાવું. એ કંસારણ ઉપરથી મમતા મૂકી દે રાણાએ વડીલ તરીકે સલાહ આપી.

આપ વડીલ છો, મારા હિતેચ્છુ છો. પણ હું શરમ મુકી કહું છું કે એના સિવાય દુનિયામાં બીજી સ્ત્રીઓ મારી બ્હેન સમાન છે, રાખાયતે દીલની વાત એક વાકયમાં સમજાવી દીધી.

રાણો ત્યાંથી રણવાસમાં આવ્યા. પોતાની રાણી સુરજદેવીને રાખાયતની સ્થિતિનું ભાન કરાવ્યું. "એ છોકરાનું લગ્ન જો તેની ઇચ્છા પ્રમાણે નહિ થાય તો તે જીવી શકશે નહિ. બોલો તમે કાંઇ રસ્તો બતાવો છો?"

" જો એમ હોય તો તેની ઇચ્છા પ્રમાણે થવા દો." રાણીએ કચવાતા મને સંમતિ આપી. એટલે ભાણા કંસારાને બોલાવી લાવવા સિપાઇ મોકલ્યો.

"મહારાજાનો હુકમ સાંભળી ભાણા કંસારાના હાજા ગગડી ગયા. તેને થયું કે 'ઘર છોડી વનમાં આવ્યા તો વનમાંએ આગ લાગી. મીઆણીથી અહીં આવ્યો અહીં પણ એ જ દશા. નસીબ બે ડગલાં આગળ દોડે છે: વિચાર વમળમાં ઘસડાતા ભાણો કંસારો રાણા ભાણજી જેઠવાની હજુરમાં આવી બે હાથ જોડી ઉભો રહ્યો. રાણાએ તેને બાજુ પર પડેલી ગાદી પર બેસવા કહ્યું.

"ભાણો કંસારો તમારૂં નામ?" રાણાએ પૂછયું.

"હા, અન્નદાતા મારૂં નામ ભાણો કંસારો."

તમારા ચહેરા પરથી જણાય છે કે તમે ગભરાયા છો. પણ તમારે ગભરાવાની બીલકુલ જરૂર નથી. તમારા પર અન્યાય કે જોર જુલમ કરવામાં નહિ આવે હું પુછું તેના ઉત્તર કોઇપણ પ્રકારના ભય વિના શાન્તિથી આપશો. રાણાએ કંસારાને ધીરજ આપી.

'તમારે કન્યા છે ?'

હા, નામદાર

તેનું નામ શું ? તેની ઉંમર કેટલા વર્ષની છે ? તેને પરણાવેલી છે ? આ પ્રશ્નો સાંભળી ભાણો મનમાં ગભરાયો. આ પ્રશ્નો તો પ્રભાત ચાવડાએ પુછ્યા હતા તેવા જ છે પરન્તુ ભય મનમાં દબાવી બોલ્યો.

મારી પુત્રીનું નામ સોન છે. ઉંમર વર્ષ વીસની થઇ હશે. અમારી ન્યાતમાં મારી કન્યાને લાયક મૂરતીઓ નહિ હોવાથી હજી તે કન્યા જ છે.

તમે ધુમલીના સરદાર રાખાયતને ઓળખો છો ?

તેના જવાબમાં ભાણા કંસારાએ રાખાયત સાથેની જુની ઓળખાણ કહી સંભળાવી તેમજ પોતાનું વતન મીઆણી કેમ તજવું પડયું તે પણ જણાવ્યું.

રાખાયત આ રાજ્યના પહેલા વર્ગના સરદાર છે. તમારી કન્યા સોનને એ ચ્હાય છે. માટે તેના તરફથી તમારી કન્યાનું માગું કરૂં છું. રાણાએ વાતનો સાર કહ્યો.

મહારાજ આપની વાત મને મંજુર છે. પરન્તુ સોન કબુલ નહિ થાય તો હું લાચાર છું. માટે પ્રથમ સોનની મરજી જાણ્યા બાદ હું વચનથી બંધાઉં પહેલાં મારાથી હા ન કહેવાય ! ભાણાએ સીધો ઉત્તર આપ્યો ને ત્યાંથી ઘેર આવ્યો. પોતાની સ્રીને વાત કરી તેણે સંમતિ આપી કે જો રાખાયત સાથે સોનનું લગ્ન થતું હોય તો દીકરીના ભલાને માટે ન્યાતનો દંડ આપણે સહન કરીશું. બાપુ દરબારમાં જઇ શું કરી આવ્યા તે જાણવા સોન પિતા પાસે આવી. સોનને જોઇ ભાણા કંસારાએ પ્રશ્ન કર્યો દીકરી અહીં પણ મીઆ-ણીના જેવી બાબત ઉભી થઈ છે ? રાખાયત માટે રાણાએ તારૂં માગું કર્યું છે. બોલ તારી શી મરજી છે આ સાંભળી સોન મનમાં ખુશ

થઇ. બહારથી શરમનો ડોળ કરી થોડી વાર વિચાર કરી બોલી. "વડીલો જે કરે છે તેમાં બાળકોનું ભલુંજ હોય છે." એટલું બોલી તે બાજુના ઓરડામાં જતી રહી. દિવાળીબાઇએ જણાવ્યું કે સોન શરમાય છે પણ તે આ વાતમાં આઠે અંગે ખુશી છે. ભાણો કંસારો ખુશી થતો રાજમહેલ તરફ ગયો.

—:o:—

પ્રકરણ ૩૦ મું

લગ્ન

ભાણોકંસારો રાણાને મળ્યો. ને કહ્યું 'સોન સંમત છે' તો હવે તેમનાં લગ્ન જલ્દી કરી નાંખવાં એમાંજ સર્વનું શ્રેય છે. રાણાએ લગ્ન માટે રાજ પુરોહીત બોલાવ્યા, લગ્ન મહુર્ત નક્કી કર્યાં. સોન અને રાખાયતના વિવાહ જાહેર થયા. વર, કન્યા તરફથી લગ્નની તૈયારીઓ થવા માંડી રાજ્ય ખર્ચે રાખાયતનાં લગ્ન થવાનાં હતાં એટલે આ લગ્ન રાજ્ય લગ્ન તરીકે ગણાઇ રાજ્ય તરફથી બધી તૈયારીઓ થવા માંડી. પ્રજાજનોએ પણ પોતાનાં મકાનો રંગી શેરીએ શેરીએ મંડપો ઉભા કરી રાજ્યભક્તિ જાહેર કરી.

લગ્નનો દિવસ આવી પહોંચે તેટલી મુદતમાં આપણે થાન કંડોરણા તરફ ડોકીઉં કરી આવીએ.

રાજા મીઆત બાબરીઆને ઘડપણમાં લકવાનો રોગ થયો. રાણી અમરાબાઇએ તેને ઝેર આપ્યું. તે કમોતે મરી ગયો. મરતી વખતે તેને પોતાનાં કર્મો માટે ઘણો પસ્તાવો થયો. રાણીના મોહપાશમાં અંધ થઈ સારા ખોટાનો વિચાર ન કર્યો. કુળ દીપક દીકરાને દેશ-

વટો દીધો એ મોટી ભૂલ તેને સમજાઈ પરન્તુ હવે શું વળે! બીજાની બુદ્ધિએ ડગલાં ભરનારની એવી જ દશા થાય છે.

ભીમો બહારવટીઓ હવે સુખમાં દીવસો ગાળે છે. તેણે પોતાનો ગરાસ પાછો મેળવ્યો છે.

થાન કંડોરણાની ગાદી ઉપર ઓઢારાજની સત્તા જામી છે. અમરાબાઇ રાજમાતા તરીકે ઓળખાય છે. તેની ઇચ્છા પાર પડી. વિક્રમસિંહ મામો રાજ્યનું પ્રધાનપદ સાચવે છે.

થાન કંડોરણાનો એક ચારણ દ્વારકાંધીશની યાત્રાએ ગયો હતો. તે ઓઢારાજના દરબારમાં જઈ ચારણે દીલગીરી જાહેર કરી. "હવે કળીયુગ બેઠા. બાબરીઆ વંશનો ક્ષય થવા લાગ્યો. બાબરીઆનાં શુરાતન ઘટી ગયાં." એ પ્રમાણે ચારણે શબ્દો કાઢવા માંડયા.

'બાબરીઆનાં શુરાતન ઘટી ગયાં' એ વાકય સાંભળી ઓઢોરાજ અને તેનો ભાઇ જખરોરાજ બન્ને મોટા અવાજે બોલ્યા. 'ચારણ સંભાળીને બોલો આ બાબરીઆનો દરબાર છે તમને શું દુઃખ છે તે કહો પછી આગળ બોલો."

ઘણી ખમા થાન કંડોરણાના ધણીને અન્નદાતા હું દ્વારકાંથી પાછો ફરતાં ધુમલીમાં ગયો. ત્યાં અહીંથી દેશવટે ગયેલા યુવરાજ રાખાયત ધુમલીમાં છે. તેઓ કંસારી સાથે લગ્ન કરવાના છે. ધુમલીનો રાણો પણ એ લગ્નમાં ખૂશી છે. લગ્નની તૈયારીઓ થઈ રહી છે. બાબરીઆના કુળમાં કંસારી આવે એ નીચું જોવા જેવું થશે મહારાજા મીઆત બાબરીઆરાજ હયાત હોત તો આ લગ્ન થાતજ નહિ. તમે શરવીર છો, પણ આ લગ્નથી કુળને કલંક લાગશે. બાબરીઆ રજપૂત મટી કંસારા ગણાશે ગઢવીએ મનની બળતરા જાહેર કરી.

ઓઢો અને જખરો ચારણના બોધથી ઉશ્કેરાયા. તેઓ પાંચસો ઘોડેસ્વારો લઇ ધુમલીના માર્ગે ચાલ્યા.

આ તરફ ધુમલીમાં લગ્નનો આનંદ વર્તાઇ રહ્યો હતો.

મોળને નાકે વરરાજાને દિવાળી કંસારણે પોંખ્યા, બધા સાજન સાથે વરરાજા લગ્ન મંડપમાં પધાર્યા. ભાણા કંસારાએ પોતાની શક્તિ પ્રમાણે રાણાનું સ્વાગત સારૂં કર્યું ગોરજ મુહૂર્ત હતું તેથી સૂર્ય દેવની સાક્ષીએ લગ્ન ક્રિયા શરૂ થઇ. માયરામાં વરકન્યા બેઠા ભૂદેવોએ મંત્રોચ્ચાર શરૂ કર્યા. સ્ત્રીઓએ માંગલીક ગીત ગાવા માંડયાં. હસ્ત મેળાપ થયો. હજારો મનુષ્યોની સાક્ષીએ વરકન્યા પતિ પત્નિ તરીકે ઓળખાયાં. મંગળ ફેરા ફરવાનો સમય થયો સોન અને રાખાયતના મનમાં દંપતી જીવન કેવું ગાળવું તેના તરંગો થઈ રહ્યા હતા. ભાવી જીવનની રેખાઓ દોરાતી હતી. કન્યાપક્ષનાં અને વરપક્ષનાં દરેક મનુષ્યો આનંદમાં નહાઇ રહ્યાં છે. લગ્ન સમો બીજો આનંદ નથી.

મનુષ્યોના આનંદ અને શોક ક્ષણિક હોય છે, તેની પાછળ બળ નથી હોતું એક પળે આનંદ બીજે પળે શોક ઘડીમાં રાજા ઘડીમાં રંક આવા જગત પિતાના નિયમોને જાણવા કોણ સમર્થ થયું છે. આનંદ સાગરમાં ઝોલા ખાતાં આ નવપરણિત દંપતિને ક્યાંથી ખબર હોય કે ઘડી પછી પોતાપર દુઃખના મેઘવરસવાના છે.

પ્રકરણ ૩૧મું.

વિધિના લેખ.

એક, બે, ત્રણ મંગળ વર્તાયાં, એવામાં ભાગોળેથી રાડો નાખતો ભરવાડ શહેરમાં આવ્યો મદદ માટે બુમો પાડી રહ્યો છે. અરે કોઈનું લશ્કર આવ્યું છે. તે ધુમલીમાં ધણ વાળી જાય છે. કોઈ રજપૂત ગાયોની વ્હાર કરો જેટવા રજપૂતની ધુમલીમાંથી દુશ્મન ગાયો લઇ

જાય છે. શૂરવીર કોઇ છે એ પ્રમાણે, ધા નાખતો ભરવાડ રાજદર-બારે પહોંચ્યો. ત્યાં કોઇને નહિ જોસથી કંસારાવાડમાં લગ્ન મંડપમાં દોડતો આવ્યો. અરે કોઈ શૂરો ક્ષત્રી હોય તો ગાયોની વ્હાર કરો એવી બૂમો પાડવા માંડી. અહીં ચોથું મંગળ વર્તાવવાની તૈયારી હતી. ભરવાડની બૂમ રાખાયતના કાન પર પડી. તે બોલ્યા અલ્યા શું છે? કેમ બુમો પાડે છે? અરે મા બાપ ધુમલીનું ધણ કોઇનું લશ્કર વાળી જાય છે. આટલા બધામાં કોઇ રજપુત બચ્યો નથી. મારી બૂમો કોઇ સાંભળતું નથી. ગાયોની વ્હાર કરો. રાખાયત માટે ભરવાડના શબ્દો બસ હતા. તેનું વીર લોહી ઉછળી આવ્યું "ગોર મહારાજ લગ્ન ક્રિયા બંધ રાખો" રાખાયતે કહ્યું.

"હવે ઘણી વાર નથી આ ચોથો ફેરો ફરી કંસાર જમી ગોત્રજને પગે લાગ્યા બાદ આપને જવું હોય તો સુખેથી પધારજો." ગોર મહારાજે સમયની ગણત્રી કહી સંભળાવી. રાખાયત કંઇ એટલી વાર થોભે! એને તો ઘડીએ યુગ જતા હતા. કમરમાંથી કટાર કાઢી વરમાળા કાપી નાખી ફડાક કરતો ઉભો થઇ ગયો. પાસે તરવાર પટા સાથે પડી હતી તેને ખભે લટકાવી દીધી. તે લગ્નમંડપ બહાર ગયો. વરઘોડામાં શણગારેલો ઘોડો હંસલો ત્યાં તૈયાર જ હતો. ઝટ કરતો પેગડામાં પગ ભરાવ્યો. પીઠ પર સ્વાર થયો.

હંસલાને દોડાવતો રાખાયત ભાગોળે આવ્યો. જુએ છે તો પોતાના જ એ ઓરમાનભાઈ ઓઢો અને જખરો માણસ સાથે ગાયોના ધણને રોકી ઉભા છે. "ભાઈ ઓઢા અને જખરા કઇ દાઝે આ કામ કર્યાં." રાખાયતે પ્રશ્ન કર્યો. રાખાયતને આવેલો ભાળી ઓઢો બોલ્યો. "કુલાંગાર અમે તારા ભાઇ નથી પણ દુશ્મન છીએ. કંસારી સાથે લગ્ન કરી બાબરીઆ કુળને કલંગ લગાડનાર

મરવાને તૈયાર થા. તને ઠાર કરી કુળને લાગતી એબ મટાડવી એ હોંશે અમે આવ્યા છીએ. આ સાંભળી બાબરીઆના જુથમાં રાખાયતે ઘોડો ફેંક્યો. સમશેર ચલાવવા માંડી દુશ્મનોના માથાં ધડપરથી ટપોટપ નીચે પડવા માંડયા. ઓઢાઇ રહેલો ગાયો ગામ તરફ નાસી ગઈ. ધીંગાણું બરાબર જામ્યું. રાખાયત ઉપર એકી સાથે સો તરવારો તોળાઇ રહી. તેણે હંસલાને ઘણો ફેરવ્યો પાંચ દશને કાપી નાખ્યા પરંતુ ઘણા આગળ એકનું શું ચાલે ? ઘાથી રાખાયતની કાયા વેતરાઈ ગઇ. હંસલાએ ઘણી તરવારો ઝીલી તેનું શરીર લોહીથી નીતરી રહ્યું હતું. રાખાયત બેભાન થયો ત્યાં સુધી લડયો. છેવટે ઘોડા પરથી ઢળી પડયો. રાખાયત પડયો તેના પગ આગળ ઢગલો થઇ હંસલોએ પડયો. તેની જીભ નીકળી પડી. પોતાના માલીકના મરતા પહેલાં તેણે દેહ છોડી દીધો. રાખાયતના માથામાં સખત ઘા લાગ્યા હતા. તેની ખોપરી ફાટી ગઈ. વીર નર ક્ષત્રિય ધર્મ બજાવતાં રણમાં પડયો. તેના આત્માને વરમાળા પહેરાવવા સ્વર્ગની અપ્સરા રાહ જોતી સ્વર્ગના બારણે ઉભી હતી. રાખાયતનો આત્મા સ્થૂળદેહ તજી સ્વર્ગમાં જઇ વસ્યો.

અધિરી થયેલી સોન ભાગોળના રસ્તા તરફ જોઇ રહી. ઘણી વાર થઇ ગાયો ગામમાં આવી ગઈ પણ રાખાયતના સમાચાર લઇ કોઇ પાછું વળ્યું નહિ. તેથી સોન ગભરાતી ગભરાતી ભાગોળ તરફ દોડી. તેની પાછળ તેની માતા રાણી સુરજદેવી અને બીજી સ્ત્રી દોડતી હતી. રસ્તામાં જે મળે તેને સોન પોતાના ભરથારના કુશળ સમાચાર પુછતી ભાગોળ તરફ દોડી જાયછે. ભાગોળે આવી રાખાયતને પડેલો જોઇ દોડતી સોન પતિના મૃત દેહ પર ઢળી પડી. પતિના શબને બાથ ભરાવી તે આક્રંદ કરવા લાગી. સોનના હાથ

જમીન પર પછડાયા લગ્ન માટે લાવેલા સૌભાગ્ય ચુડલાના ચારચાર કકડા થઇ ગયા. કંકણુ તૂટી ગયાં. જેના માટે તે ધારણુ કર્યાં હતા તે ગયો હવે ચુડલો કે કંકણુ શા કામનાં હતાં.

સોને લાંબા સાદે વિલાપ માંડયા અરે રે હે રાખાયત તેં મને દગો દીધો મને રઝળતી કરી. તારી સાથે મંગળ ફેરા ફરી કંસાર જમવાની મારી હોંશ મનમાંજ રહી ગઈ. જીવનના લ્હાવા ભોગવવાની મારી આશાઓ તેં કચરી નાંખી એ ભરવાડ મારા કયા જન્મનો દુશ્મન થઇ આવ્યો. મારો જીવનસાથી રણુમાં રોળાઇ ગયો.

સોન ફાટી જાય તેવા વિલાપ કરવા લાગી, સોનના વિલાપ સાંભળી લીલાં ઝાડ પણુ સુકાવાં લાગ્યાં. પત્થર પીગળવા માંડયા સોનને સત ચડયું. ચંદન કાષ્ટની ચિતા ખડકાઈ રાખાયાતના શબને તેમાં સુવાડયું.

સોન સતી થવા ચિતા પર ચઢવા જાય છે ત્યાં રાણા ભાંણુજી જેહવાએ તેને અટકાવી તે બોલ્યો. "સોન થંભી જા. તું જાતની કંસારી છે તને ક્ષત્રિપુત્ર સાથે સતિ થવાનો હક્ક નથી, ક્ષત્રિ સાથે ક્ષત્રાણીજ સતી થઇ શકે. તારે જીવતાં બળી મરવું હોય તો જુદી ચિતા ખડકાવી તેમાં દેહ ઝંપલાપી દે." આ સાંભળી સોનને માઠું લાગ્યું. તેને થયું કે રાણો મારી મશ્કરી કરે છે તે બોલી "ધુમલીના ધણી એ મારો પતિદેવ છે. તેની સાથે બળવાનો મને હક્ક છે. હું રજપુતની કન્યા ક્ષત્રાણી છું."

"તેની શી ખાત્રી!" રાણાએ કહ્યું.

"તેની ખાત્રી આ મારાં પાલક માતાપિતા આપશે." સોને જવાબ દીધો.

ભાણા કંસારાએ અને દિવાળીબાઇ કંસારણે આવી કહ્યું. "આ

અમારી પાલક કન્યા છે, તેનાં જન્મદાતા માતાપિતા રજપુત છે. બેટ શંખોદ્ધારના રાજા દુદનસિંહ વાઢેલની ત્યજાએલી પુત્રી છે.

રાણાને એથી સંતોષ ન થયો. તેણે વધારે પુરાવો માગ્યો. તેથી ભાણો કંસારો વધુ ખાત્રી માટે પેલુંમાદળીઉં લેવા દોડતો ઘેર ગયો.

રાણો ભાણુ જેટવો ખોટી હઠ કરે છે અને મારા નાથથી વધારે છેટુ પડે છે તેથી સોને રાણાને શ્રાપ આપ્યો.

"ઘુમલીના ધણી તને મારા વચનપર વિશ્વાસ આવતો નથી અને તું ખોટી હઠ કરે છે તો મારો તને શ્રાપ છે કે " તારી અક્ષય ઘુમલીનો નાશ થશે." એમ કહી સોન ચિતા પર ચઢી ગઇ. સ્વામી નાથનું શિષ ખોળામાં લઇ બેઠી.

આકાશ સામે બે હાથ જોડી બોલી.

હે અંતરયામી પ્રભુ આજસુધી હું મન વચન કર્મથી પવિત્ર હોઉં તો તેની સાક્ષીરૂપે આ ચિતા આપોઆપ સળગી ઉઠજો. સોનના મોઢમાંથી એટલા શબ્દો નીકળ્યા ત્યાં તો સતીના પ્રતાપે ચિતાનાં ચારે છેડે અગ્નિ ઝળકી ઉઠયો. લોકો જય અંબે, જય અંબે બોલતા સતીને પગે લાગવા માંડયા.

અગ્નિમાં આ પ્રેમી દંપતીનાં શરીરો બળી ખાખ થઇ ગયાં. બધાં શોક કરતાં શહેરમાં ગયાં. આ ઘુમલી શહેર આજે શોક સાગરમાંડુબી ગયું હતું. ઘુમલીમાં ઘેર ઘેર રાખાયત અને સોન પાછળ શોકનાં આંસુ વહી રહ્યાં હતાં રાજ્યમાં રાંધ્યાં ધાન રહ્યાં. રાખાયતનાં ફોઇબાના કલ્પાંતનો પાર રહ્યો ન હતો. રડી રડી શોક કરી તે બેભાન થઇ ગયાં હતાં, રાણાએ મહા શોક કર્યો, પાળી પોષી નાનેથી મોટી કરનાર સોનનાં માવતરને કેટલું દુઃખ થયું હશે જે ઠેકાણે થોડા સમય પહેલાં આનંદ

મંગળ વર્તાઈ રહ્યાં હતાં, ત્યાં અત્યારે ગાઢ અંધકાર રૂપ છવાઇ ગયો. કેવી અજબ માયા છે.

રાણાએ વીર અને સતીની રાખ પર એક નાનું દેવળ બંધાવ્યું અને તેમાં. એ બન્ને દીવ્ય પ્રેમીઓની મૂર્તિઓ પધરાવી યાદગીરી કાયમ રાખી.

સતી સોનના નામે બાધાઓ થતી તેની માનતાથી કેટલાંએ વાંઝીઆઓ ને ત્યાં પારણાં બંધાયાં, ધુમલીની પ્રજા વાર તહેવારે આ મૂર્તિઓને ધૂપ દીપ કરી જતી. અમર હો એવાં દીવ્ય દંપતીને.

સમય જતાં સતીનો શ્રાપ ફળ્યો ધુમલીનો નાશ થયો. દેવપતિ-એ વસાવેલી ધુમલી સતીના શ્રાપે દટાઈ ગઈ.

કાળની ગતિએ મનુષ્ય કૃતિઓને ભુઝાવી દીધી. ”

સમાપ્ત

Registerd No B. 1082

ભાગ્યોદય પ્રીન્ટીંગ પ્રેસ—**અમદાવાદ.**